# પુનરવતાર



# પુનરવતાર

સંપાદક : સુશીલ

પ્રકાશક :

"જૈન" કાર્યાલય

ભાવનગર.

# અનુક્રમ


| | | |
|---|---|---|
| શીલવતી : વેશ્યાકન્યા ... ... | (શ્રી સત્યભક્ત) | ૧ |
| રૂદ્રપુરનું ખંડિયેર ... ... | (સુશીલ) ... | ૧૯ |
| લીલાવતી ... ... ... | (શ્રી સત્યભક્ત) | ૩૩ |
| ચાંડાલ ... ... ... | ( ,, ) | ૪૨ |
| ભરત ચક્રવર્તી ... ... ... | (સુશીલ) ... | ૫૩ |
| બે ચાંડાલ કુમાર ... ... ... | ( ,, ) | ૬૬ |
| થોડાં જીવનચિત્રો... ... ... | (સત્યભક્ત) | ૭૭ |
| સિદ્ધિ અને સાધના ... ... | (શ્રી જૈનેંદ્ર) | ૮૭ |
| રૂધિરસ્નાન ... ... ... | (શ્રી ભગવંત જૈન) | ૧૦૩ |
| રાજર્ષિ પ્રસન્નચંદ્ર ... ... | (સુશીલ) | ૧૧૫ |
| સૌંદર્યમૂર્ત્તિ સનત્કુમાર ... ... | ( ,, ) | ૧૨૩ |
| શાસ્ત્રાર્થ સભા ... ... ... | ( ,, ) | ૧૩૧ |
| સુઘોષા ... ... ... | ( ,, ) | ૧૪૪ |
| મગધરાજની મુદ્રિકા ... ... | (શ્રી ભગવત્) | ૧૫૦ |

# નિવેદન

નવનિર્માણ કરતાં ય જીર્ણોદ્ધારમાં વધુ પુણ્ય છે એમ આપણે માનીએ છીએ અને એ જીર્ણોદ્ધાર વિષે રૂચી તથા શ્રદ્ધા છે એટલે જ તીર્થ-મંદિરો-પ્રાચીન પ્રતિમાઓ વિગેરે જળવાયાં છે. સૌને નવાં તીર્થ-મંદિરો નિર્માણ કરવાનો નાદ લાગે તો ઐતિહાસિક અવશેષો અને પુરાતન તીર્થો વિગેરેનું શું થાય?

પણ સાહિત્યમાં એ સૂત્રને વળગી ન રહેવાય. સાહિત્યમાં તો પ્રતિભાશાલીઓના હાથે રોજ રોજ નવું નિર્માણ થવું જોઇએ-યુગની ગતિ સાથે તાલ જળવાવો જોઇએ, છતાં સાહિત્યમાં યે પુનરૂદ્ધારનું મૂલ્ય ઓછું ન અંકાય. આપણા ગ્રંથભંડારોમાં સડતાં પુસ્તકો પુનરૂદ્ધાર માગે છે. પ્રાચીન સાહિત્યના અભ્યાસીઓ અને સંશોધકો એ પુનરૂદ્ધાર પાછળ પોતાના પ્રાણ ખરચી રહ્યા છે.

આ પુનરવતાર પણ પુનરૂદ્ધારનું નાનું-અતિ નાનું પુણ્ય કાર્ય છે. જે કેટલીક કથાઓ છેલ્લા થોડા વર્ષો દરમીયાન " **જૈન** " સાપ્તાહિકમાં કેદ પડી હતી તેનાં બંધનો ખોલી-સંશોધી આ નાના પુસ્તકમાં રજૂ

કરવામાં આવી છે. એ કથાઓ ક્યા સંયોગોમાં લખાઇ-અથવા તો ક્યાંથી આવી ચડી તે લગભગ ભૂલાઇ ગયું છે. કેટલીક તો આ પુસ્તકમાં પહેલી વાર જ દેખાવ દે છેઃ જેમકે સિદ્ધિ અને સાધના. હિંદી સાહિત્યમાં કથાશિલ્પી તરીકે પંકાએલ શ્રી જૈનેંદ્રકુમારજીની એ રચના છે અને "મગધરાજની મુદ્રિકા" તથા રુધિરસ્નાન શ્રી ભગવત્ જૈનની કથાઓના આધારે સ્વતંત્ર રીતે લખી છે. જૈન કથા સાહિત્ય કેટલું વિકાસ પામ્યું છે અથવા તો પ્રગતિ-શીલ છે તેનું અનુમાન એ ઉપરથી નીકળી શકશે. શ્રી જૈનેંદ્ર, શ્રી ભગવત્ અને શ્રી સત્યભક્તની લેખિની જૈન કથાઓને આધ્યાત્મિક આદર્શ અને લોકકલ્યાણનાં નવાં સ્વાંગ સજાવી રહી છે. સંપ્રદાયમાં ક્રિયાના કે માનીનતાના ગમે તેવા ભેદ હોય, પણ સાહિત્યમાં એ ભેદો ભૂલાઇ જાય છે. કથામાં-પાત્રનિરૂપણમાં ક્યાંઇ સાંપ્રદાયિક સંકીર્ણતા નહિ દેખાય. એ સાહિત્ય જ એક દિવસે જૈન સંઘને અખંડ-અવિભક્ત અને સંગઠિત નહિ બનાવે?

જેમની કથાઓ આ પુસ્તકમાં પુનરવતાર પામે છે તેમનો તેમજ જે નવા પ્રગતિશીલ લેખકોની પ્રસાદી પહેલી જ વાર ઉમેરાય છે તે સૌનો અમે અહીં અંતઃકરણ-પૂર્વક આભાર માનીએ છીએ.

**પ્રકાશક**

## શીલવતી : વેશ્યા કન્યા

પ્રચાર કરતો થકો હું બુંદેલખંડના એક શહેરમાં આવી ચડયો. બહુ બોલવું પડયું હતું અને એને લીધે થોડો થાક પણ લાગ્યો હતો એટલે જો સારો બગીચો અથવા જળાશય મળે તો ત્યાં એકાંતમાં બેસીને થોડો આરામ લેવો એવી મારી ઇચ્છા હતી. સ્થાનિક ભાઇઓએ મને સૂચવ્યું: "ચાલો, અહીં એક સરસ વિશાળ કુંડ છે અને કુંડની વચ્ચે એક મંદિર છે, આજુબાજુ નાનો બગીચો છે અને પુરાણા ખંડિયેરો પણ છે. જગ્યા ઘણી શાંત, સુંદર અને એકાંતમય છે."

ખંડિયેરની સાથે જો સુંદરતા અને એકાંત હોય તો મને બહુ ગમી જાય છે. દરેક ખંડિયેરને પોતાનો ઇતિહાસ હોય છે અને પોતાની મૂક ભાષામાં એ દરેક યાત્રિકને કંઇક કંઇક સંભળાવે છે. ખંડિયેરની વાત સાંભળતાં આપણે વર્તમાનને પાછળ રહેવા દઇ ભૂતકાળમાં સરી પડીએ છીએ. ખંડિયેરોમાં જવાથી માત્ર ક્ષેત્ર-વિહાર નથી થતો, કાળવિહાર પણ થાય છે.

જગ્યા મને બહુ જ ગમી. હું જે જગ્યાની વાત કહું છું તે એક કિલ્લાનો ભાગ હતો. કોઇ એક દિવસે રાજરાણીઓ અહીં આવી સ્નાન કરતી હશે. કુંડ પણ વિશાળ હતો અને ફરતી ઊંચી

દીવાલો હતી. ઉપર આકાશ, નીચે પાણી અને આસપાસ મોટી ભીંતો એ દશ્ય, ખરેખર જોવાલાયક હતું. બહારનું કોઈ દશ્ય, ત્યાંના એકાંતમાં અંતરાય નહોતું કરતું. કુંડ વચ્ચે એક શિવાલય હતું અને ત્યાં વિષ્ણુની મૂર્તિ હતી. દર્શન કર્યા પછી, સીઢીના પગથિયા ઉપર બેસી હું વાતે ચઢ્યો. વાતો બીજી કંઈ નહિ, સામાજિક સુધારણાની જ હતી.

એટલામાં એક છોકરી ત્યાં દેખાઈ, એની સાથે બે ત્રણ મોટી ઉમ્મરના નોકરો પણ હતા. આવી સ્વચ્છ—આવી સુંદર કન્યા આવા પોષાકમાં આ તરફ ભાગ્યે જ જોવામાં આવે છે. હું મુંબઈમાં રહેલો હોવાથી મને બહુ આશ્ચર્ય ન થયું. જે પિતાએ આ કન્યાને આવા સરસ સંસ્કાર આપ્યાં તેના પ્રત્યે મને આદર ઉત્પન્ન થયો. મને લાગ્યું કે આ ગામના સારા સંસ્કારી શ્રીમંતની પુત્રી, સાસરેથી હમણા જ બાપને ઘેર આવી હશે અને ઘરના નોકરોની સાથે આ કુંડ અથવા મંદિરના દર્શને આવી ચડી હશે.

દર્શન કરીને વળતી વખતે એ કન્યાએ મને પ્રણામ કર્યા. મેં પણ સાધારણપણે માથું ઝુકાવીને એનો સ્વીકાર કર્યો. કન્યા થોડી વાર ત્યાં જ ઊભી રહી. માત્ર ઊભી જ ન રહી, જાણે કે અમારી વાતોમાં એને રસ પડતો હોય તેમ તે સાંભળી રહી. મેં સ્નેહભર્યા સ્વરમાં એને કહ્યું: “ બેસો, બેટી ! ”

મારા સંબોધન માત્રથી એના ચહેરા ઉપર અપૂર્વ આનંદની લાગણીઓ છવાયેલી હું જોઈ શક્યો, પણ મેં એ તરફ બહુ લક્ષ ન આપ્યું. મેં મારી ચર્ચા ચાલવા દીધી. કન્યા બધું સમજતી હોય તેમ તે સાંભળવા લાગી.

મને એની સાંભળવાની રીત બહુ ગમી ગઈ. ખાનદાન ગણાતા ગૃહસ્થની પુત્રીઓ આવી સંસ્કારી અને શિક્ષિત હોય છે

એ જોઇને મને આશ્ચર્ય થયું. કયા કુટુંબમાં એ જનમી છે તે જાણી લેવું જોઇએ એમ ધારી મેં પૂછ્યું "કોની પુત્રી છો, બેટી!" મારો એ પ્રશ્ન સાંભળીને એનું મોં લેવાઇ ગયું. માથું નમાવીને એ થોડી વાર બેસી રહી. એના નોકરો પણ મૂછમાં એવું છૂપું અને લુચ્ચાઇભર્યું હાસ્ય હસ્યા કે જો કોઇ એમને પૂછે કે "શું જોઇને હસ્યા?" તો તેઓ એમ જ કહે "હસ્યું છે જ કોણ?"

મેં કહેવા માંડયું: "બેટી, અહીંની અભણ સ્ત્રીઓ પિતા કે પતિનું નામ લેતાં જરૂર શરમાય છે, પણ તમે તો ભણેલાં-ગણેલાં છો, સમજુ અને સંસ્કારી છો, તમારે શા માટે શરમાવું જોઇએ?" એનું મસ્તક સહેજ વિશેષ ઝૂકી પડયું.

મેં વિચાર કર્યો: "ભણતર ગમે તેટલું હોય પણ મૂળ સંસ્કારો મુદ્દલ ઢીલા નથી પડતા." મારી વિચારધારા વધુ આગળ દોડે તે પહેલાં જ એ બોલી ઊઠી: "મહારાજ! હું વેશ્યાની પુત્રી છું."

વેશ્યાની પુત્રી! હું ચમકયો. મારું સ્વપ્ન ઊડી ગયું.

"એક વેશ્યાની પુત્રીને બેટી કહેવા માટે હવે તમને પશ્ચાત્તાપ થતો હશે!"

"નહિં બેટી!" મેં તરત જ જવાબ વાળ્યો. "મને એ વાતનો લગીરે પસ્તાવો નથી થતો-પસ્તાવો તો એ વાતનો થાય છે કે તમારા જેવી સમજદાર બાળા શું જોઇને વેશ્યાનું જીવન વીતાવતી હશે?"

"વેશ્યાના ધંધાને આપ શું માનો છો?"

"નારીજાતિનું અપમાન છે-સમાજરૂપી ઇમારતમાં એ સુરંગનું કામ કરે છે."

"એ સુરંગ કોણ પાથરે છે? સ્ત્રી કે પુરુષ?"

"નર અને નારી બન્નેનો એમાં હિસ્સો છે."

" વધુ જવાબદાર કોણુ લાગે છે ? "

" પુરુષ, પણુ એથી સ્ત્રી સાવ નિરપરાધ નથી બની શકતી. "

" ઠીક છે, મહારાજ ! જે કમજોર હોય તે પોતાને નિર્દોષ સાબિત ન કરી શકે ? "

" એમ નહિ બેટી ! કમજોર હોય તે નિર્દોષતાનો બદલો ન મેળવી શકે, એટલું બહુબહુ તો કહી શકાય; બાકી નિર્દોષતા પુરવાર કરવી એ મુશ્કેલ વાત નથી. "

" પણુ નિષ્ફળ સિદ્ધિ અને અસિદ્ધિમાં કંઈ લાંબો તફાવત નથી. "

" બાહ્ય ફળ ઉપર નજર ઠરી હોય તો તમે કહો છો તેમ બને, પણુ જો આત્મસંતોષ પૂરતી વાત હોય તો નિષ્ફળ સિદ્ધિ અને સફળ સિદ્ધિમાં બહુ તફાવત નથી રહેતો. "

" પણુ નિષ્ફળતા આત્મસંતોષને ય તાણી જાય છે. મહારાજ ! મેં આત્મસંતોષ તો બહુ સેવ્યો, પણુ આખર સુધી અડગ ન રહી શકી. એ ગયો અને હું હતી તેવી જ વેશ્યાની પુત્રી રહી ગઇ—નહિ નહિ, વેશ્યા જ છું. "

મને વિચાર થયો: વેશ્યાની પુત્રીમાં આટલી વિદ્વત્તા અને આવી દાર્શનિકતા ક્યાંથી આવી ? વાચાળપણું તો હરકોઈ સ્થળે મળી શકે છે, પણુ જે પ્રકારની વિદ્વત્તા સાથે એણે ચર્ચા કરી એને એકલું વાચાળપણું ન કહી શકાય.

એવા જ વિચારમાં હું તણુાતો હતો એટલામાં એ કહેવા લાગી: " ઠીક મહારાજ ! મને માફ કરજો. આપનો સમય મે નકામો બગાડ્યો. ભૂલેચૂકે પણ તમે મને એક વાર બેટી કહીને બોલાવી એ આપનો ઉપકાર હું કદી નહિ ભૂલું. "

" થોડીવાર નહિ બેસી શકો ? તમારા જેવી વિદુષી કન્યા મેં બહુ ઓછી જોઈ છે. તમારું જીવન, મારે માટે એક સમસ્યારૂપ

બની ગયું છે. એ જ બાબતમાં હું તમારી સાથે થોડી ચર્ચા કરી લેવા માગું છું."

"થોડી વાર શા માટે ? જ્યાં સુધી તમે જાકારો ન ભણો ત્યાં સુધી બેસવાને તૈયાર છું."

"ભલે, પહેલાં તમારી રામકહાણી સંભળાવો !"

"મારી રામકહાણીને એકલી કહાણી કહો એ જ ઠીક છે. એક વેશ્યાની કહાણી સાથે રામજીનું પવિત્ર નામ શા સારુ જોડવું જોઈએ ? અને મારી કહાણી પણ લાંબી નથી. હું કહી ચૂકી છું કે હું એક વેશ્યા પુત્રી છું. હિંદુ વેશ્યાની પુત્રી છું. મારી મા કેમ વેશ્યા બની તે બધું કહેવું નકામું છે. હિન્દુ સમાજમાં વિધવાઓની જે દુર્દશા હોય છે અને ખાસ કરીને એવા વિભાગોમાં–કે જ્યાં એને ફરી લગ્ન કરવાની છૂટ નથી તે બધું યાદ કરશો તો મારી કહેવાની મતલબ આપ સહેજે સમજી શકશો. વેશ્યાજીવનમાં મારી માતાને જે કડવા અનુભવો થયા અને એ પ્રકારના પાપમય જીવનની જે સુગ ચડી તેને લીધે તેણે મને આ ખાઈમાંથી બહાર કાઢવાનો અને પવિત્ર જીવન વીતાવી શકું એવો પ્રબંધ કરવાનો પ્રયત્ન કર્યો. પ્રારંભનું શિક્ષણ ખતમ થયું એટલે એણે મને અંગ્રેજી ભણાવવાનો અને પોતાનાથી અલગ રાખવાનો નિરધાર કર્યો. પરંતુ એનો અમલ ન થઈ શકયો, કારણ કે કોઈ સંસ્થા મને સંઘરવા તૈયાર નહોતી. આખરે ઇસાઈઓની એક બોર્ડીંગમાં મને સ્થાન મળી ગયું. મારી માને દુ:ખ તો બહુ થયું; કારણ કે એ ચુસ્ત હિન્દુ હતી. પણ શું કરે ? બીજો ઇલાજ નહોતો.

"સામાન્ય માણસો એમ માનતા હોય છે કે વેશ્યાઓને તે વળી ધર્મ–કર્મ જેવું શું હોય ? વેશ્યા–પછી તે હિંદુ હોય, મુસલમાન હોય કે ઇસાઇ હોય–બધી સરખી ! એક રીતે એ ઠીક છે; પણ ધર્મ નામથી ઓળખાતી વસ્તુનો સંબંધ જો માત્ર ચામડીની

સાથે નહિ, મનની સાથે હોય તો વેશ્યાઓમાં પણ એ જરૂર મળી આવે. એક દુકાનદારને આપણે એમ કહીએ કે તારે મન તો હિંદુ, મુસલમાન, ઇસાઇ બધા એક સમાન છે, કારણ કે તું બધાને માલ વેચે છે એટલે તારે પોતાનો ધર્મ ન હોઈ શકે. એ જ રીતે વેશ્યાને પણ એમ કહી શકાય, પણ ખરું પૂછો તો વેશ્યાના દિલમાં ધર્મ નામની એક અધિકી વસ્તુ હોય છે. એને પળે પળે ઇશ્વર સાંભરે છે. કારણ એટલું જ કે એના જેવું દુ:ખી પ્રાણી સંસારમાં બીજું કોઇ ભાગ્યે જ હશે.

"વેશ્યા એક એવું પ્રાણી છે કે જે રોવા માગતું હોય તો પણ એને ફરજીયાત હસવું પડે છે. આના જેવું બીજું કોઇ મહાદુ:ખ હોઇ શકે ખરું ? દુ:ખમાં માણસને ઇશ્વર યાદ આવે છે: ધર્મનો આશ્રય શોધવાની ઉત્સુકતા જનમે છે એટલે પણ વેશ્યાઓની વૃત્તિ ધર્મ તરફ વિશેષે કરીને વળે છે. કુટુંબમાં, સમાજમાં આપણે એક બીજાની ઓથે વસીએ છીએ, પણ આ વિરાટ સંસારમાં વેશ્યા તો એકલી જ હોય છે. સંસારમાં એના શીકારીઓ ભટકતા હોય છે તેમ એ પોતે પણ પોતાના શીકારની શોધમાં રહે છે. શિકારી, શિકાર અને હરિફાઇ સિવાય, એમને પોતાનાં આપ્તજન જેવું કંઇ જ નથી હોતું. આવી અવસ્થામાં ઇશ્વર સિવાય એને બીજું કયું અવલંબન સંભવે ?"

મેં કહ્યું: "વેશ્યાઓ ઇશ્વર ઉપર બહુ આસ્થા ધરાવે છે એમ હું કબૂલ કરું છું. પણ ધર્મ એ કોઈ જુદી જ વસ્તુ છે. ઇશ્વર વિષે આસ્થા ન હોય તો પણ ધર્મ સંભવે છે અને ઇશ્વર ઉપર આસ્થા હોય છતાં ધર્મ ન હોય એમ પણ બને."

જવાબ મળ્યો: "અમે લોકો ઇશ્વર અને ધર્મના એવા ઊંડા ભેદો નથી સમજતા. ઇષ્ટદેવની ભક્તિ એ જ ધર્મની કસોટી એમ

દુનિયા માને છે. વેશ્યાઓમાં એવી ભક્તિ કંઈક વધુ પ્રમાણમાં હોય છે; ઓછી તો નથી જ હોતી. આવી સ્થિતિમાં મારે એક ઇસાઈ–સંસ્થામાં દાખલ થવું પડે તો મારી માતાને આંચકો લાગે એ સ્વાભાવિક છે. એને દુઃખ તો બહુ લાગ્યું, પણ શું કરે? બીજો ઉપાય નહોતો. ખેર. મેં ત્યાં રહીને મેટ્રિકનો અભ્યાસ પૂરો કર્યો; અને એ લાંબા ગાળા દરમીયાન, મારી મા એક–બે વાર માંદી પડી તે અપવાદો બાદ કરતા, ઘેરે બીલકુલ ગઈ નહોતી. મેટ્રિક પછી મારી માતાએ મને કોલેજમાં દાખલ કરી દીધી, પણ હું પહેલા વર્ષમાં હતી તે જ વખતે મારી મા મરી પરવારી. મારી આંખ આગળ નર્યો અંધકાર છવાઇ ગયો. મારું એકનું એક અવલંબન તૂટી પડયું. કોલેજ છોડ્યા વિના છૂટકો નહોતો, પણ ગુજરાન શી રીતે ચલાવવું એ એક મોટો પ્રશ્ન ઊભો થયો.

" કન્યાશાળામાં નોકરી કદાચ મળી જાય, પણ મારા જેવી એક વેશ્યાપુત્રીને માબાપો પોતાની કન્યાઓ થોડા જ સોંપે? એટલે કેળવણીખાતું મારા માટે નકામું હતું. જ્યાં કંઇક આશા જેવું હતું, ત્યાં લોકોએ મારી સામે વિરોધ જાહેર કર્યો.

" વિવાહ કરું તો ઠીક એમ મને લાગતું હતું અને એ દિશામાં થોડા પ્રયત્નો પણ કરી જોયા. કોલેજમાં ભણતી ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ મારી તરફ ખેંચાયા હતા, પણ મારી સાથે વિધિપૂર્વક વિવાહ કરી શકે એવો હિમ્મતવાન તથા સાચો પ્રેમિક એક પણ ન નીકળ્યો. આડી આંખે નીરખનારની ખોટ નહોતી. ખરી રીતે તો મને એ બધા બાયલા જ લાગ્યા.

" વિવાહ અને નોકરી એ બન્નેમાં નિષ્ફળતા મળવા છતાં મેં એક વરસ તો ગમે તેમ કરીને કાઢી નાખ્યું. માતાનો સરસામાન હતો તેમાંથી વેચીને પેટનો ગુજારો કર્યો. પણ આખી જિંદગી

આમ પવિત્રતાથી કાઢી શકાય એવો સંભવ ન લાગ્યો. અલબત્ત, લોકોની દૃષ્ટિએ તો એ વખતે પણ હું એક વેશ્યા જ હતી, પણ મેં એ સ્થિતિનો લાભ નહોતો ઉઠાવ્યો. વગર કારણે લોકોએ મને બદનામ કરી હતી.

"મહારાજ ! સમાજે મારા પ્રત્યે જે દુષ્ટતા દાખવી, મારી સાથે જે દુશ્મનાવટ બતાવી તેના જ પરિણામે મારે શિરે પતિતાનું કલંક ચોંટ્યું."

મેં કહ્યું: "બેશક, અજ્ઞાનતાને લીધે સમાજે તમારી અવગણના જરૂર કરી."

"એને તમે દુષ્ટતા કે વૈર નથી માનતા ?"

"નહિ."

"એક કેળવાયેલી, સદાચારિણી કન્યાનું પાણિગ્રહણ કરનારું કોઈ ન મળે અને કેળવણીખાતાની નાની નોકરી પણ ન મળે એને તમે વૈર કે જુલમ નથી કહેતા ?"

"વૈર કે જુલમ તમે કહેતા હો તો ભલે, પણ એનું પ્રમાણ બહુ નજીવું છે. જો તમારી માતાએ, તમારી પવિત્રતાનું રક્ષણ કરવા, પોતાનાથી અલગ રાખી હોય તો સમાજ પોતાની પુત્રીઓની પવિત્રતા જાળવવા તમારાથી અલગ રહે એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ?"

"પણ માતા તો ધંધો કરતી હતી: હું સાવ નિર્લિપ્ત હતી."

મેં કહેવા માંડ્યું: "એ સત્ય એટલું સૂક્ષ્મ છે કે જ્યાં સુધી એ નરી આંખે જોઈ શકાય એવું જાડું ન બને ત્યાં સુધી સમાજનો વાંક કાઢવો નકામો છે. સમાજ તો એમ માનવાને સ્વતંત્ર છે કે વેશ્યાની પુત્રીના સંસ્કાર વેશ્યા સરીખા જ હોવા જોઈએ. તમે જ કહો કે જો તમે વેશ્યાને ત્યાં જન્મ ન લીધો હોત તો અનાયાસે તમે આ ધંધો સ્વીકાર્યો હોત ? એમાં તમે મોટો અપ-

રાધ કર્યો છે એમ હું નથી કહેતો. ભૂખની પીડાથી રીબાતો માનવી ગમે તેવું ભારે અપકૃત્ય કરી શકે છે. દુનિયાએ તો માત્ર એટલું જ જોઇ લીધું કે સંતાનો માતાપિતાનું અનુકરણ કરવાને સહેજે તૈયાર થઇ જાય છે."

મારી આ વાતથી એને ઝટકો વાગ્યો હોય તેમ હું બરાબર જોઇ શક્યો. દુઃખ તથા શરમને લીધે એણે પોતાનું મસ્તક નમાવી દીધું. થોડીવાર સુધી અમારામાંથી કોઈ કંઇ જ ન બોલ્યું. વસ્તુતઃ તાત્ત્વિક વિવેચન કરવા જતાં, મારા મોંમાંથી એક અપ્રિય અને કઠોર સત્ય સરકી પડયું હતું.

ઘડીક રહીને એ બોલી: "મહારાજ! સમાજ જો સાચે જ અમારી સૂગ ધરાવતો હોય તો પછી નાચ-ગાન માટે અમને શા સારુ આમંત્રે છે? એક તરફ અમારે વિષે ધિક્કાર બતાવવો અને બીજી તરફ અમારી સાથે આ પ્રકારનો સંસર્ગ રાખવો એનો શું અર્થ છે?"

મેં કહ્યું: "સિંહ અને વાઘના ખેલ જોવા માટે લોકો પૈસા ખરચીને સરકસ જોવા જાય છે, પણ એ ઉપરથી સિંહ કે વાઘને ઘરમાં રાખવા એ લોકો રાજી છે એમ ન કહેવાય. ઘણી એવી વસ્તુઓ છે કે જે ઘરની બહાર સારી લાગે છે, પણ ઘરમાં હોય તો આપણને ન ગમે. વેશ્યાનો પણ ઉપયોગ છે, પરંતુ જેનો જેવો ઉપયોગ તેવો જ તેની સાથે વહેવાર રાખવો જોઇએ."

વેશ્યાકન્યા બોલી: "આપે જ હમણા કહેલું કે વેશ્યા, સમાજના પાયામાં સુરંગ છે, અને પાછા આપ જ કહો છો કે એનો અમુક ઉપયોગ છે."

"વેશ્યાનો ઉપયોગ છે, પણ આજે મર્યાદાનું અતિક્રમણ થયેલું હોવાથી સમાજને માટે એ ઘાતક બની ગઇ છે, એટલે તો

હું એને સુરંગ તરીકે ઓળખાવું છું. વેશ્યાઓ પણ જો શીલવતી હોય, સદાચારિણી હોય, મદ્ય-માંસથી પરહેજ રહેતી હોય તો એની સેવા સમાજને ઉપયોગી બની શકે છે. પછી એને સુરંગ ન કહેવાય."

"શિયલવતી અને વેશ્યા એ બે વસ્તુઓનો મેળ શી રીતે બેસે? શિયલવતી હોય તે વેશ્યા શા સારુ બને? અને વેશ્યા જો શિયલવતી બને તો એનો ઉપયોગ પણ શું રહે?"

"બેટી, વેશ્યાને બે કામ કરવાના હોય છે. એક તો લલિત-કળાઓને વ્યવસ્થિત રૂપમાં જીવતી રાખવી અને બીજું, જે જુવાન પુરુષો અવિવાહિત અથવા વિધુર હોય તેમને એવી રીતે વશમાં રાખવા કે જેથી તેઓ સમાજની પુત્રીઓ અને બહેનો ઉપર બૂરી નજર ન કરે-સમાજને સડતો બચાવી લે. આ બન્ને કામોને પહોંચી વળે તો વેશ્યાની એટલે અંશે ઉપયોગિતા છે."

"તો શું વેશ્યાઓ આજે એ બન્ને કામો નથી કરતી?"

"બહુ ઓછા પ્રમાણમાં કરે છે, અને અનર્થ તો સૌથી અધિક પ્રમાણમાં ફેલાવે છે. લલિતકળાઓ આજે ગૌણ બની ગઈ છે-એ કળાઓ જ વ્યભિચાર તરફ લલચાવવાના કારણરૂપ બની છે: વ્યભિચાર મુખ્ય ધંધો બની ગયો છે. હું તો એમ માનું છું કે વેશ્યાએ પણ કદી વ્યભિચારિણી નહિ બનવું જોઇએ."

"તો પછી એ પુરુષોને શી રીતે વશમાં રાખી શકે? બીજી વાત એ પણ છે કે વેશ્યા પણ સ્ત્રી છે-એને પોતાની વાસનાઓ હોય છે. લલિત કળાઓનો સંપર્ક રાખે, પુરુષોની સાથે છૂટથી હળેમળે અને છતાં એ બ્રહ્મચર્ય પાળે એ કેમ બની શકે?"

મેં ખુલાસો કર્યો: "બેટી, વિવાહિતોને માટે શિયલની જે વ્યાખ્યા છે તે વેશ્યાઓને માટે બંધબેસતી ન થાય એ હું જાણું

છું. જે પુરુષ વિવાહિત છે તેની સાથે વેશ્યા સંબંધ ન રાખે તો તેમાં એનું શીલ અને ઈમાન સુરક્ષિત રહી શકે છે. અજાણતાં, કોઈ છેતરી જાય એ જુદી વાત. પણ વેશ્યાઓ જો સાવચેતી સાથે એ નિયમની રક્ષા કરે, પુરુષની પરીક્ષા કરે તો હું માનું છું કે વેશ્યા જીવનનું ઝેર ધોવાય. વિવાહિત પુરુષોની સાથે સંબંધ રાખવામાં વેશ્યાઓ એક પ્રકારનું નૈતિક પાપ કરે છે. એનું પરિણામ એ આવે છે કે દાંપત્યજીવન ધૂળ ભેગું મળી જાય છેઃ એક નારી બીજી નારી ઉપર અત્યાચાર કરે છે. આને જ હું સમાજરૂપી મહેલની સુરંગ કહું છું.

"તમે જાણો છો કે પતિપત્નીમાંથી કોઈ વ્યભિચાર સેવે તો ન્યાયની દૃષ્ટિએ છૂટાછેડા થઈ શકે છે. એનો અર્થ એ કે વ્યભિચાર એક ગુન્હો છે, અને વ્યભિચાર એવી વસ્તુ છે કે જે એકલાથી નથી બનતી. એમાં સ્ત્રી અને પુરુષ બન્ને ભાગીદાર રહે છે અર્થાત્ વ્યભિચારના ગુન્હામાં બન્ને જવાબદાર ઠરે છે. વિવાહિતા નારી પાસે, જેમ એનો વ્યભિચારી પતિ ગુન્હેગાર ઠરે છે તે જ પ્રમાણે વેશ્યા પણ અપરાધી બને છે. હવે જો વેશ્યાઓ એવી દૃઢ પ્રતિજ્ઞા કરે કે વિવાહિત કોઈ પણ પુરુષ સાથે સંબંધ ન રાખવો તો તેટલા પ્રમાણમાં એ વેશ્યાને શિયલવતી કહી શકાય."

વેશ્યાકન્યા બોલીઃ "મહારાજ! શિયલવતીની આપે જે વ્યાખ્યા વેશ્યાને માટે બાંધી તે કેટલી કઠણ છે તેની આપને કદાચ કલ્પના નહિ આવે. પહેલી વાત તો એ જ છે કે વેશ્યાની પાસે જે પુરુષો આવે છે તે સત્યવાદી નથી હોતા. વિવાહિત હોય અને પોતાને વિવાહિત તરીકે ઓળખાવે એવો બહુ ઓછો સંભવ છે. બીજી વાત એ છે કે વેશ્યાઓ મોટે ભાગે ગ્રાહકો નહિ મળવાથી ભૂખે મરે છે; માંડ માંડ ગ્રાહક આવી ચડે તેને એવી રીતે રજા આપવાનું શક્ય નથી."

મેં કહ્યું: "મુંબઇ કલકત્તા જેવાં મોટાં શહેરમાં ઘણી ઘણી જાતના અજાણ્યા ગ્રાહકો આવે છે. એવે સ્થળે વિવાહિત કે અવિવાહિતનો ભેદ પારખવો જરૂર મુશ્કેલ છે. પણ નાના ગામને માટે એટલી મુશ્કેલી નથી નડતી. પછી, એક જ ગ્રાહક જ્યારે અવારનવાર આવ્યા કરે ત્યારે એના સંબંધમાં ચોકસાઇ ખુશીથી કરી શકાય. ગમે તેમ; પણ એના વિષે માહિતી મેળવવાનો પ્રયત્ન તો ચાલુ જ રાખવો જોઇએ અને જેવા ખબર મળે કે એ વિવાહિત છે કે તરત જ તેની સાથેના સઘળા સંબંધો તોડી નાખવા જોઇએ. કાળક્રમે લોકોમાં એ વાતનો પ્રચાર થઇ જશે કે વેશ્યાઓ વિવાહિતોને પોતાના આંગણે ઊભા નથી રાખતી, એમની પત્નીઓને એથી ખૂબ સંતોષ થશે એટલું જ નહિ પણ પોતાના પતિ વિષે થોડી શંકા થતાં જ તે પોતે પેલી વેશ્યાને કહેવરાવશે કે અમુક આદમી વિવાહિત છે. આ રીતે વેશ્યા જ્યારે પોતાની બીજી બહેનોને આફતમાંથી બચાવવા લાગશે ત્યારે પતિતા ગણાતી વેશ્યાઓનું સ્થાન પણ થોડું ઉચ્ચ નહિ બને એમ કેમ કહેવાય?

"હા, શરૂઆતમાં થોડી આર્થિક હાનિ વેઠવી પડશે, પણ વેશ્યાઓએ જો પોતાના સામાજિક જીવનમાં ક્રાંતિ પ્રકટાવવી હોય તો થોડી આર્થિક હાનિ વેઠ્યા સિવાય કેમ ચાલે? વ્યભિચારના પરિણામે આજે એવી સ્થિતિ આવીને ઊભી રહી છે કે સારો માણસ કેવળ કળાની ખાતર પણ વેશ્યાની પાસે નથી જઇ શકતો. કળા મરવા પડી છે, અને કળા-કસબમાં કુશળ ગણાતી વેશ્યાની સંસ્થા પણ પોતાના આરોગ્યને બરબાદ કરી ખુવાર થઇ રહી છે—શરીરનો વિક્રય કરવા સિવાયક એમને સારુ બીજો કોઇ ધંધો જ નથી રહ્યો. અગર વેશ્યા પોતાની મર્યાદામાં રહી શિયલ પાળવા માગે તો એનું સ્થાન આટલું હલકું ન રહે. કદાચ વ્યભિચારી

ગ્રાહકો ઘટી જાય, પરંતુ કળાના ઉપાસકોની ગ્રાહકસંખ્યા વધી જાય. એ રીતે એમનું આરોગ્ય જળવાશે અને કળાને પણ સંજીવિની મળી જશે. હું તો કહું છું કે દરેક વેશ્યાના બારણે એવું એક પાટિયું લાગી જવું જોઈએ કે: "વિવાહિત પુરુષો અને નાની ઉંમરના કુમારોને અહીં આવવાની સખત મનાઈ છે."

કન્યા: "મહારાજ ! એથી તો શિયલવતી વેશ્યાઓની મુશ્કેલીઓ ઘટવાને બદલે વધવાની. બનશે એવું કે વિવાહિતો જે અમારા ગ્રાહકો છે તે વ્યભિચારિણી સ્ત્રીઓનો સાથ શોધશે અને અમે રઝળી પડશું. એ પુરુષો તો સુધરવાના જ નથી, ઉલટાના બીજી સ્ત્રીઓને બગાડશે."

મેં કહ્યું: "શરૂઆતમાં એવું બનશે, પણ તમારા શિયલથી તમારું આરોગ્ય સુધરશે અને આરોગ્ય એ જ ખરું સૌંદર્ય છે. જ્યાં સ્વાસ્થ્ય, સૌંદર્યની સાથે કળાનો યોગ હશે અને તે સાથે સમાજમાં તમારું સ્થાન ઉન્નત બનશે એટલે ધીરે ધીરે શીલવતીઓનો એક સન્માનિત વર્ગ બની જશે. આજે પણ સાધારણ વેશ્યા અને સિનેમાની અભિનેત્રી વચ્ચે મોટું અંતર આપણે જોઈ શકીએ છીએ. એવું જ, બલ્કે એથી વધારે અંતર વ્યભિચારિણી વેશ્યા અને શિયલવતી વેશ્યા વચ્ચે પડી જશે. તમે જ હમણાં નહોતું કહ્યું કે-ધાર્મિક ભાવના અને ઇશ્વર ઉપરની આસ્થા વેશ્યાઓમાં પણ હોય છે ? તો વેશ્યાએ પણ શિયલ પાળવાની પોતાના ઇષ્ટદેવ સન્મુખ પ્રતિજ્ઞા લેવી-શીલની દીક્ષા સ્વીકારવી, એ નિમિત્તે નાનો સરખો ઉત્સવ કરવો અને ઉત્સવને અંગે કળાનું એક પ્રદર્શન પણ ભરવું અને એ પ્રસંગે શીલવતી વેશ્યાઓને, હાજર રહેલા સ્નેહી સંબંધીઓ તરફથી થોડી ભેટો મળે. એવું કંઈક થાય તો વેશ્યાસંસાર અને અન્ય સમાજ ઉપર પણ તેની સારી અસર પડ્યા વિના ન રહે.

" શીલવતી વેશ્યાઓનો જો એક ખાસો વર્ગ ઊભો થાય અને એમનો પોતાનો વ્યવસ્થિત–સંગઠિત સંઘ બને–કોઈ શીલભંગ કરે તો એનો ન્યાય તોળાય, દંડ યા તો પ્રાયશ્ચિત્તની સજા થાય, અને છતાં ન માને તો સંઘમાંથી એનો બહિષ્કાર કરવામાં આવે, તથા શીલવતી જો કોઇ વાર મુશ્કેલીમાં આવી પડે તો આર્થિક મદદ એ સંઘ તરફથી મળે એવી ગોઠવણ કરવામાં આવે અથવા તો ઘડપણ જેવા અવસરે સઘ સહાય કરે અને શીલવતી વેશ્યાઓને સમાજમાં બીજાં સારાં કામધંધા મળી શકે એવી ચળવળ ચલાવે, સામાજિક અધિકારો મેળવવા પ્રયત્ન કરે, એવું બધું થવું જોઇએ. આ પ્રમાણે આભ્યંતર શુદ્ધિ અને બાહ્ય ગૌરવ સાથે આર્થિક લાભની દૃષ્ટિએ જો સંગઠન સાધવામાં આવે તો વેશ્યાઓનો ઉદ્ધાર થાય અને સમાજને પણ બચાવી શકાય. અને ધારો કે કોઇની આર્થિક દશા ન સુધરે તો પછી ગૃહઉદ્યોગ–ગૃહશિલ્પમાં થોડી શક્તિ ખરચી હોય તો જરૂર બે–ચાર પૈસાની પ્રાપ્તિ થઇ શકે. શૃંગાર–વિલાસ ઓછા થાય અને આંતરસ્વચ્છતા તરફ વધુ ધ્યાન જાય એવો પ્રબંધ કરવો જોઇએ. જે શીલવતી વેશ્યાઓ વિષે હું વિવેચન કરી રહ્યો છું તે જો પોતાના શિયલમાં અડગ રહે અને સમાજની શુદ્ધિ તથા સંરક્ષણમાં સહયોગ આપે તો આજે નહીં તો આવતી કાલે સમાજની સહાનુભૂતિ વેશ્યાઓ તરફ વળ્યા વિના ન રહે. વિવાહિત નારીસમાજ પણ એની કદર કરે–ગુણગાન પણ કરે. એ રીતે વેશ્યાઓના માર્ગમાં જે સામાજિક મુશ્કેલીઓ રહેલી છે તેનો નિકાલ આવી જાય."

લાંબા ભાષણ સરીખા મારા કથનની એ કન્યા ઉપર એટલી ઊંડી અસર પડી કે એ આંખો મીંચીને વિચાર કરવા લાગી, અચાનક એની આંખોમાંથી દડદડ કરતી આંસુઓની ધારા વહી

નીકળી. આખરે મારી સામે, ધરતી ઉપર માથું નમાવી મને કહેવા લાગી: "આપ મને બેટી માનો યા ન માનો પણ હું તો આપને મારા પિતા સમાન સમજું છું-આપ જ મારા ગુરુદેવ છો. આપે બતાવેલી યોજના પ્રમાણે હું શીલવતી બનવાનો પ્રયત્ન કરીશ."

મેં કહ્યું "બસ બેટી, હું પણ એ જ ઇચ્છું છું. વેશ્યા પણ માણસ છે પણ સભ્ય સમાજને માટે આજે એ ભયંકર બની બેઠી છે. એ પોતે પતિત બની છે, અપમાનિત બની છે તેની સાથે એ બીજાનાં પતન અને અપમાનમાં પણ ભાગીદાર થઈ છે. વેશ્યા જો પોતાની મર્યાદા એક વાર સમજી લે તો બધું ઠીક થઇ જાય. કળાનો ઉપયોગ લોકોને વ્યભિચારમાં ફસાવવા માટે નહીં પણ કળાદ્વારા માનવતાની બની શકે એટલી સેવા કરવાનો અને આનંદ બહલાવવાનો હોવો જોઇએ.

"મુજરામાં રહી શૃંગારી ગીતો નહીં જોઇએ, કરુણારસ, વીરરસ અને ભક્તિરસની છોળો જ એમાં ઊડવી જોઇએ. નાચ મુજરાના ગીતોમાં પણ પીડિતો અને દલિતોના આર્ત્તનાદ સંભળાવા જોઇએ, કર્મયોગના રણકાર ઉઠવા જોઇએ. માતૃભૂમિની સેવા અને બલિદાનની તૈયારી એમાં ગુંજી ઉઠવી જોઇએ. અંદર અંદર લડતા ઝગડતા મૂઢ માનવસમાજને પ્રેમ અને એકતાના સંદેશ સંભળાવો. લોકો માત્ર શૃંગારનાં ગીતો સાંભળવા માગે છે એમ ન માનતા. તેઓ હસવાને બદલે આંખમાંથી આંસુ વહાવવાને વધુ તૈયાર થઇને બેઠા હોય છે. વસ્તુતઃ દરેક મનુષ્ય અંતરમાં દુઃખી હોય છે અને દુઃખીઓનાં સ્મરણ માત્રથી એનું હૈયું પીગળી જાય છે. છતાં કોઇને ગંદો શૃંગાર જ જોઇતો હોય તો બીજે સ્થળે જઇને ભલે મેળવે. તમારા જેવી શીલવતીના કળાના ઉંબરે ચઢવાનો એમને અધિકાર નથી. બેચાર એવા અસભ્ય ગ્રાહકો બીજે ચાલ્યા જશે તેથી તમારે મુંઝાવાનું નથી. એને બદલે દસ-વીસ

કળાપ્રિય–સંસ્કારી ગ્રાહકો તમને મળી જશે. એ પ્રકારની દ્રઢતા જેમ જેમ વેશ્યાસમાજમાં ફેલાતી જશે તેમ તેમ વેશ્યાના નામ સાથે સંકળાએલી ભયંકરતા ઓછી થશે અને સમાજમાં એમને ઉચ્ચ સ્થાન મળશે."

વેશ્યાકન્યા–"મને આપની યોજના ગમે છે. હું આપના ચરણનો સ્પર્શ કરીને એવી પ્રતિજ્ઞા લઉં છું કે મારા શીલનું હું બરાબર પાલન કરીશ અને વેશ્યાસમાજમાં આ નવી યોજનાનો પ્રચાર કરવા જીવનભર પ્રયત્ન કરીશ. થોડા વખત પછી હું આપની પાસે આવીશ. પણ એ પહેલાં, બહારથી અને ભીતરથી મારામાં ઘણું પરિવર્તન થએલું આપ જોઈ શકશો."

આટલું બોલીને એ કંઇક ઊંડા વિચારમાં પડી ગઈ. બોલી: "પણ મને આપના આંગણે આવવાની અનુમતિ મળી શકશે?"

મેં કહ્યું: "બેટી, મારે ઘર–આંગણા જેવી કોઈ વસ્તુ નથી. આકાશ એ મારું છાપરું છે અને જમીનની સપાટી મારું ઘર છે. બેશક, જરૂરીયાતને અંગે મેં મારો એક આશ્રમ ઊભો કર્યો છે અને ત્યાં દરેક માણસ વગરસંકોચે આવી શકે છે. સાધારણપણે અમારે ત્યાં કોઈ વેશ્યા નથી આવી શકતી પણ જો તે પૂર્ણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરે તો અતિથિ તરીકે રહેવામાં હરકત નથી. મને આશા છે કે તમારાથી એ બની શકશે અને એ શક્ય હોય તો તમે પણ ખુશીથી આવી શકો છો."

"વારુ, મહારાજ! હું રજા લઉં છું, પણ જતાં પહેલાં આપને એક વાત પૂછી લઉં અને વિનંતિ પણ કરી લઉં."

મેં કહ્યું: "ખુશીથી"

વેશ્યાકન્યા: "આજકાલ નાની નાની વાતો પણ વાદના નામથી ઓળખાય છે. આપની યોજના તો મહાન્ છે. વિશાળ છે.

( ખાસ કરીને અમારા માટે. ) તો પછી આપ એને કયા વાદના નામથી ઓળખાવશો ?"

મેં કહ્યું: " બેટી, એને સ્વતંત્ર નામ આપવાની જરૂર નથી. જગતના બધા વાદો ઘણું કરીને બે ભાગમાં વહેંચાયેલા છે. (૧) અતિવાદ અને (૨) નિરતિવાદ. વસ્તુ દરેક સારી છે, માત્ર એની અતિશયતા બૂરી છે. જે વાદ આ અતિશયતાનો પ્રચાર કરે તે એક બાજુ રહે છે અને જે મધ્યમ માર્ગનો પ્રચાર કરે તે બીજી બાજુર હે છે. આજની મારી યોજનાને નિરતિવાદ કહી શકાય."

" નામ તો મજાનું છે, ગુરુદેવ ! આપની આ યોજના એવી છે કે ધંધાદારી વેશ્યાઓને બહુ બોજારૂપ કે મોટા ત્યાગસ્વરૂપ ન લાગે, તેમ અસંભવિત કે અશક્ય પણ ન લાગે. અને બીજી રીતે એ જ વાતને મૂકું તો વિલાસના ફાંદામાંથી એવી રીતે એ બચાવી લે છે કે ઘોર પાપના માર્ગમાં પડતી એ બચી જાય. સાચે જ એ નિરતિવાદ છે. હવે, મારી એક વિનતિ સાંભળો. અત્યારસુધી મને " તમે " કહીને સંબોધતા તેને બદલે હવે " તું " કહીને સંબોધો એવી મારી પ્રાર્થના છે. અલબત્ત, મેં હજી એટલી ઘનિષ્ટતા આપની સાથે નથી કેળવી તો પણ હું આપને ખાત્રી આપું છું કે એને યોગ્ય તો હું જરૂર બની શકીશ. એક વાર મને " તું " કહીને બોલાવો."

મેં હસતાં હસતાં કહ્યું: " બેટી ! ' તું ' કહેવું એ સામાન્ય વાત નથી. એ સમજાવવા મારે થોડું વિશેષ વિવેચન કરવું પડશે. એક તો મેં હજી તારું નામ પણ નથી પૂછ્યું અને તું જવાને તૈયાર થઇ છે છતાં હું નથી પૂછતો. પહેલાનું તારું નામ ગમે તે હોય, આજથી હું તને શીલવતીના નામથી ઓળખીશ. મને ઉમેદ છે કે તું એ નામને નહિ લજાવે."

૨

ત્રણ વાર એણે મારા પગને સ્પર્શ કર્યો અને વસ્ત્રના છેડાથી આંસુ લૂછતી ત્યાંથી ચાલી નીકળી.

ફરીને ઉતારે આવ્યા પછી મારે પ્રવચન કરવું પડ્યું. મોડી રાત સુધી ઘણી ચર્ચાઓ ચાલી તેથી શીલવતી વિષે વધુ વિચાર ન કરી શકયો. બીજે દિવસે મને ખબર પડી કે એનો જે એક મુજરો થવાનો હતો તે બંધ રહ્યો. આઠ વાગ્યાની ગાડીમાં તે રવાના થઇ ગઇ. તે દિવસે માત્ર મુજરો જ થવાનો હતો, છતાં એ કેમ ચાલી ગઇ તે ન સમજાયું. હવે જ્યારે એ આશ્રમમાં આવશે ત્યારે પૂછી જોઇશ.

## રૂદ્રપુરનું ખંડિયેર

### એક યક્ષકથા

**મોગલ** શહેનશાહત જે વખતે તૂટતી હતી, એનાં સંધાયેલાં પાટિયાં એક પછી એક છૂટાં પડતાં જતાં હતાં તે વખતે કંપની સરકારનું નાવડું ધીમું ધીમું ધપતું જતું હતું. રૂદ્રપુરનું રાજકુટુંબ મોગલ શહેનશાહની સનંદ ધરાવતું. રૈયતમાંથી તો કોઈની તાકાત નહોતી કે એ સનંદમાં કયા કયા હક્ક કે અધિકાર રાજવીને મળ્યા હતા તે વિષે પ્રશ્ન સરખો પણ ઉઠાવી શકે. ખરૂં જોતાં રૂદ્રપુરનું રાજ્ય ખંડણી ભરતું અને ખેડૂત પાસેથી મહેસુલ ઉઘરાવતું.

રાજ્ય જેમ નાનું તેમ એની જોહુકમી પણ એટલી જ પ્રચંડ. આવક ઓછી પણ શહેનશાહ કરતાં પણ એનો દોરદમામ હજારગણો વધારે. રૂદ્રપુરનો રાજવી પોતાને ચૌહાણ વંશનો ગણાવતો: પણ અમે જે વખતની વાત કરીએ છીએ તે વખતે એમ કહેવાતું કે એના જેવો તુમાખી અને જુલ્મગાર રાજા પૃથ્વીના આ પડ ઉપર બીજો કોઈ નહિ થયો હોય. અહિંસક યોગીવરોની પાસે બકરૂં અને વાઘ પોતાના જન્મવૈર ભૂલી જાય તેમ આ જુલ્મગાર જાગીરદારની ધાકથી ગાય અને વાઘ એક આરે પાણી પીતાં.

રાજસત્તાનો જુલમ બાદ કરતાં, બીજી કેટલીક રીતે રૈયત સુખી હતી. ચોરી કે લૂંટફાટ જેવું આ ચાલીસ ગાઉની સીમમાં કદી નહોતું બનતું. ચીભડાના ચોરને શૂળીની સજા ભોગવવી પડતી.

રાજાને પોતાને કુસ્તીબાજ મલ્લ અને તિરંદાજોનો ભારે શોખ હતો. એની પાસે લડાઈમાં કામ આવે એવું થોડું લશ્કર પણ હતું. રૈયતને માથે જ એનો ઘણોખરો બોજો પડતો.

પુણ્યદાનમાં પણ રૂદ્રપુરનું રાજકુટુંબ પહેલાં નંબરનું ગણાતું. કોઈ બ્રાહ્મણ કે યાચક ભાગ્યે જ ખાલી હાથે પાછો વળતો. વાર–તહેવારે યજ્ઞ–યાગ અને બ્રહ્મભોજનની છાકમછોળો ઊડતી. રાજકુટુંબ શક્તિમાર્ગી હતું એટલે ઘણી વાર બલિદાન માટે આણેલાં નિર્દોષ પશુઓનાં રક્તથી દેવીમંદિરનાં આંગણા લાલચોળ બની જતાં. મદિરા અને માંસની ઉજાણીઓ ચાલતી. પૈસાની તંગી જેવી કોઈ મુશ્કેલી ભાગ્યે જ ઊભી થતી અને મુશ્કેલી જેવું જણાય તો રંક રૈયતને ઉઘાડી રીતે લૂંટવી એ તો એમનો જન્મસિદ્ધ હક્ક છે એમ આ રાજવંશીઓ માનતા.

ટૂંકામાં પ્રજાજનોમાં એમણે ભય અને ભક્તિ ભરી દીધાં હતાં. રાજાને રૈયતનો મુદ્દલ ભય ન હોતો, કારણ કે ગમે તેવા જુલમ ખમી લેવાની શક્તિ રૈયતમાં હતી અને રાજાને પોતાની પ્રજા પ્રત્યે મમતા કે ભક્તિ જેવું કંઈ હોવું જોઈએ એવી તો રાજકુટુંબને કલ્પના સરખી પણ નહોતી. આવી સ્થિતિમાં એમના હુંપદ અને અભિમાન રાજા રાવણની સાથે હરિફાઈમાં ઊતરે એમાં આશ્ચર્ય નથી. બધા પ્રકારના મદનું એ રાજકુટુંબ એક સંગ્રહસ્થાન બન્યું હતું.

એટલામાં કંપની સરકારનું શાસન આવ્યું. અંધાધૂંધી વખતે પાડોશના રાજ્યોમાં લૂંટફાટ કરવાની, ધાડ પાડવાની સગવડ મળતી બંધ થઈ. વ્યસનો અને વિલાસો વધ્યાં તેમ આવકના સાધનો ઓછાં થતાં ગયા. નવાબના અમલમાં વાર્ષિક ખંડણી બે ચાર મહિના વહેલી–મોડી થાય તો ચાલે, પણ કંપની સરકાર શા સારુ નભાવી લે ? કંપનીને સુલેહ વ્યવસ્થા સ્થાપવી હતી. રૂદ્રપુર–રાજ્યને માથે કુંપનીના કોરડા વીંઝાઈ રહ્યા. એક તો વ્યસનો–વિલાસો

અને અંદરઅંદરના કલહ-કંકાસથી રાજકુટુંબ નબળું પડયું હતું, તેમાં વખત જતાં ભાગલા પડવા માંડયા અને વખતસર ખંડણી ન ભરી શકવાથી, આખી જાગીર એક શાહુકારને ચોપડે ચડી ગઇ.

એ શાહુકારનું નામ કુબેર શેઠ. કંપની સરકારનાં કારસ્થાનો એ શેઠ સાહેબ બરાબર સમજતા, અને કંપનીના કારકુનો વિગેરે સાથે પણ એમને સારી ઓળખાણ હતી. પ્રસંગોપાત એ પૈસા મળે એમ હોય તો કંપનીના કારસ્થાનમાં-કાવતરામાં પણ એ ભાગ લેતા. પૈસો એમનો પરમેશ્વર હતો. કંપનીના કાયદા-કાનૂન અને નાની મોટી આંટીઘુંટીઓનો એમને ખૂબ અનુભવ મળી ચૂકયો હતો અને ધીરધારના ધંધામાં જ, લોકો કહેતા એ વાત ખરી હોય તો, એમણે દશેક લાખ રૂપિયાની મૂડી પેદા કરી વાળી હતી. લોકવાયકામાં કદાચ અતિશયોક્તિ હોય તો પણ એ ચાર લાખ તો જરૂર હોવા જોઇએ.

રૂદ્રપુરની જાગીર એમણે ખરીદી લીધી; પણ કુબેર શેઠ પોતે એ ગામમાં પગ મૂકવાની હિમ્મત કરી શકતા નહિ. જાગીરના વારસ, ઉગ્રનારાયણ ચૌહાણ હજી હૈયાત હતા અને એમણે મહા-કાળની સમક્ષ ઊભા રહીને એવી પ્રતિજ્ઞા કરેલી કે જેણે રૂદ્રપુર જાગીર લીલામ ખરીદી છે તે કુબેર શેઠ જો પોતાની સીમમાં આવે તો એમનું ખૂન કર્યા વિના ન રહું. કુબેર શેઠ, ઉગ્રનારાયણ જીવ્યા ત્યાંસુધી શાંતિથી રાહ જોતા બેસી રહ્યા-રૂદ્રપુરમાં પગ ન મૂકયો.

ઉગ્રનારાયણના અવસાન સાથે રૂદ્રપુરના રાજકુટુંબનો છેલ્લો સીતારો આથમી ગયો. હવે કુબેર શેઠને ગામમાં આવવાની સરળતા થઇ. આવવાની સાથે જ જાગીરદારના મહેલ અને જમીન ઉપર પૂરો કબજો કરી વાળ્યો, પણ એ વખતે ઉગ્રનારાયણની જે એક વિધવા પુત્રી એક ખંડમાં રહેતી હતી તેને એણે મકાન ખાલી કરીને જવાની ફરજ ન પાડી. જાગીરના મૂળ અધિકારીઓ જો કે

આજે નામશેષ બન્યાં હતાં, પણ એમની લાગવગ હજી છેક ભૂંસાઇ ગઇ નહોતી. કુબેર શેઠને એવી બીક રહેતી કે જાગીરદારના જૂના નોકર-ચાકરોમાંથી જો કોઇ ટંટો-ફીસાદ, કરે તો ખૂનામરકી થયા વિના ન રહે. કુબેર શેઠ શાંતિથી સમાધાન કરવા માગતા હતા. ઉગ્રનારાયણની વિધવા પુત્રીનું નામ રત્નવતી હતું. રત્નવતી એકલી, મહેલની એક કોરે પડી રહે તેથી આ કુબેર શેઠને કંઇ હાનિ વેઠવી પડે એમ નહોતું.

અને કુબેરશેઠને પણ બહુ લાંબી-પહોળી જગ્યાની જરુર નહોતી. એમને માત્ર એક પુત્રી હતી અને જમાઇની સાથે પુત્રી પણ પોતાને ઘેર રહેતી. પુત્રીનું નામ રંગિણી અને જમાઇનું નામ રતિલાલ હતું.

કુબેર શેઠ હવે વૃદ્ધ થયા હતા. શરીરે સુખી અને નિર્વાહની ચિંતાથી સાવ મુક્ત હતા. પાસે પુષ્કળ પૈસો હતો અને જાગીરની આવક પણ ઠીક ઠીક હતી. પુણ્યદાનમાં બહોળે હાથે ખર્ચ કરી શકે અને ધનના સદુપયોગની દિશા બીજા ધનવાનોને સુઝાડી શકે એવી એમની સ્થિતિ હતી.

પણ લોભ અને વૃદ્ધાવસ્થાને બહુ નજીકનું સગપણ હોય છે. પ્રારંભમાં તો માણસ જરુરિયાતોને પહોંચી વળવા ધન કમાય છે. એ પછી તેને સંગ્રહ કરવાની લાલચ થઇ આવે છે-સાજે માંદે કામ આવે એમ ધારી મૂડી ભેગી કરવા પ્રેરાય છે-પોતે હયાત ન હોય તો પાછળનાં બાળબચ્ચાંઓનું શું થાય એમ કહીને પોતાની લોભવૃત્તિને થોડો પરોપકારનો રંગ આપે છે. ખરી વાત એ છે કે ધનસંચયના ચક્રને એક વાર ગતિ મળી એટલે એ બમણા-ચારગણા વેગથી ફરવા માંડે છે. પોતે એમાંથી છૂટવા માગે તો પણ પેલો જૂનો-રગેરગમાં પ્રવેશેલો આવેગ એને જંપવા દેતો નથી. કુબેર શેઠ પણ એ લોભના ચકાવે ચડયા.

કુબેર શેઠના ધનભંડાર ભરાતા ગયા તેમ તેમ એમને સંરક્ષણની ચિંતા સતાવવા લાગી. ભેગું કરેલું ધન પેઢી દર પેઢી જળવાઈ રહે એવી કોઇ તરકીબ અજમાવવા એમણે ઉજાગરા વેઠવા માંડયાં.

એ વખતે 'યક્ષ'ની માન્યતા અને શ્રદ્ધા છૂપી રીતે ખૂબ બળવાન બની ચૂકી હતી. ચોકીદારો કે રખેવાળો કરતાં પણ ગામના પાદરે પોઢેલા યક્ષ નામના દેવો ગામ અને સંપત્તિનું સારામાં સારું રક્ષણ કરી શકે એવી જડએસલાખ માન્યતા રૂઢ થઇ ગઇ હતી. યક્ષની ચોકી ન ગોઠવી હોય તો રૂદ્રપુરના મૂળ રાજવીઓ, અખૂટ ધનસામગ્રી હોવા છતાં કેવા બરબાદ થઇ ગયા તેનું જીવતુંજાગતું ઉદાહરણ આ કુબેર શેઠ પોતાની સગી નજરે જોઈ ચૂકયા હતા.

પોતાનો ધનભંડાર સાચવવા કુબેર શેઠે એક ખાસ યક્ષ સ્થાપવાનો નિશ્ચય કર્યો. એકાદ બ્રાહ્મણ કે ક્ષત્રિયના નાના બાળકને, ધનભંડારવાળા ઓરડામાં ભૂખ્યો-તરસ્યો મરવા દીધો હોય તો એ બાળક 'યક્ષ' થાય અને રાતદિવસ રખેવાળી કરે.

ભગવાન મહાવીરના જીવનચરિત્રમાં આવો એક પ્રસંગ આવે છે. અસ્થિક ગ્રામમાં એક યક્ષના મંદિરમાં ભગવાન રાતવાસો રહ્યા. ગામ લોકોએ એમને બહુબહુ સમજાવ્યા કે આ યક્ષ ભલભલાને રાતમાં ને રાતમાં જ ચૂસીને, હાડકાં-પાંસળા ફેંકી દે છે, માટે બીજે કયાંય જઇને રાત નિર્ગમો. પણ ભગવાને એ ભયની દરકાર ન કરી. યક્ષે જીવતા માણસોને ચૂસીને, દેહના હાડપિંજર ફેંકી દીધેલા તેનો એટલો મોટો ગંજ ખડકાઇ ગયો હતો કે લોકોમાં એ ગામનું નામ અસ્થિકગામ તરીકે પંકાઈ ગયું.

કુબેર શેઠે યક્ષના પ્રભાવની આવી વાતો નાનપણમાં ખૂબ સાંભળેલી. ધનરક્ષા માટે, તે ગમે તેવું અઘોર પાપ કરવાને તૈયાર હતા.

રંગિણિએ એ વાત જાણી અને એના પેટમાં ઊનું તેલ રેડાયું. પોતાના થોડા સ્વાર્થ ખાતર એક નિર્દોષ બાળકનું ક્રૂરપણે બલિદાન દઇ દેવું એ તેને અસહ્ય અને અમાનુષી લાગ્યું.

રંગિણી, કુબેર શેઠની વહાલામાં વહાલી અને એકની એક જ પુત્રી હતી. છ–સાત સંતાનો મરી પરવાર્યાં પછી આ એક પુત્રી જ ઘડપણના એક વિસામા તરીકે, આંધળાની એક લાકડીરૂપે જીવતી રહી હતી. પહાડના કઠણ પત્થરને ભેદીને વૃક્ષ–લતા ઊગી નીકળે છે, તેમ કુબેર શેઠના લોભી–પ્રપંચી હૈયામાં આ કન્યા પ્રત્યેનું વાત્સલ્ય ઉભરાતું હતું.

(૨)

દરબાર ઉગ્રનારાયણની વિધવા પુત્રી રત્નવતી ત્યાં–રૂદ્રપુરમાં, દરબારગઢની અંદર રહેતી હતી. એને ત્રણ વરસનો એક નાનો પુત્ર હતો, નામ કિરીટચંદ્ર.

રત્નવતીના દિવસો, કિરીટની સાથે ખેલવામાં અને તેના લાડકોડ પૂરા કરવામાં વ્યતીત થતા હતા. દરબારગઢ અને રત્નવતીને એક રીતે ગામ લોકો ભૂલી ગયા હતા. એમનો સત્તાસૂર્ય ક્યારનોયે આથમી ગયો હતો. એક તો દરબારગઢની અંદર કોઇ જઇ શકતું નહિ અને એકલી વિધવા બાઇને, બહારના માણસો સાથે બહુ સંપર્ક રાખવાની જરૂર પણ શી હોય ?

દિવસમાં માત્ર એક વાર મહાકાલીના દર્શને એ જતી. બે પગી જેવા માણસો એની પાછળ ચાલતા. એક દિવસે પાલખીમાં બેસીને, નોકર–ચાકરોના ઠાઠમાઠ સાથે દેવદર્શને નીકળનારી આ ક્ષત્રિયાણી, વૈભવ, સત્તા, સંપત્તિ અને આડંબરના છેલ્લા અવશેષ જેવી લાગતી: જાણે કે ઓલવાઇ ગએલી આગનો છેલ્લો તણખો.

ઉમર વીસ–એકવીસ વર્ષથી વધારે નહિ હોય. અંતઃપુરમાં વસતા છતાં એના રૂપની કીર્ત્તિ, આખા પ્રાંતમાં ફરી વળી હતી.

ખાસ કરીને એ જ્યારે તાજું સ્નાન કરીને, સિંહવાહિની મહાકાળીની મૂર્ત્તિ સામે બેસતી ત્યારે સાચી દેવીપ્રતિમા કઇ હશે તેની ભ્રાંતિ થયા વિના ન રહે. પ્રતિમાની જેમ જ એની કાનના મૂળ સુધી પહોંચેલી આંખોમાંથી તેજની ધારાઓ છૂટતી–મહાકાળીની સગી બહેન હોય એમ એની સ્થિર અને નિશ્ચળ દૃષ્ટિ ઉપરથી લાગે.

સંસારનાં સામાન્ય સ્ત્રી–પુરુષો તરફથી થએલી એની અવગણના અને પોતાનાં રૂપ, કુલ વિષેની અહંતા, એના પ્રત્યેક વહેવારમાં દેખાઈ આવતી. આ અવગણના અને આ અહંતા કંઈ એક દિવસની કે એક જમાનાની પેદાશ નહોતી–ત્રણુસો વર્ષથી ઉતરી આવતા વારસાનો એ એક પ્રકાર હતો. આવા સૌંદર્યનો અધિકાર એક માત્ર રાજકુળમાં જન્મેલાં સ્ત્રી–પુરુષોને હોઇ શકે એમ તે માનતી. જે રૂપમાં આકર્ષણ હોય તે ગરીબોમાં જ હોય, બાકી રત્નવતી જેવી ક્ષત્રિયાણીનું સૌંદર્ય તો લોકોનો તિરસ્કાર કરવા માટે જ હોય એમ એ પોતે ભલે ન માનતી હોય, પણ લોકોના દિલ ઉપર તો એવી જ છાપ પડી હતી. એટલે તો રત્નવતીને આઘેથી આવતી જોઇને રાહદારીઓ વગર કહ્યે રસ્તામાંથી ખસી જતા.

રાજરાજેશ્વરી જેવી રત્નવતી, રસ્તામાં આડુંઅવળું જોયા વગર પોતાના રસ્તે સીધી ચાલી જતી. વિજળીની રેખા જેવો એનો દેહ મહેલમાંથી મંદિરમાં અને મંદિરમાંથી મહેલમાં સડસડાટ ઝબકી જતો. રંગિણી, ઘણીવાર પોતાના મકાનની બારીમાં બેસી આ દૃશ્ય જોઇ રહેતી. ઇર્ષાથી એ વખતે તે બળુંબળું થઇ જતી. ખરું જોતાં રંગિણીને આ રત્નવતીની અદેખાઇ કરવાની જરૂર નહોતી–એક તો એ અનાથ અને આશ્રિત હતી–અને સમાજ કે દુનિયા સાથેનો એનો સંપર્ક તૂટી ગયો હતો. પણ રત્નવતીના રૂપ–સૌંદર્યની સરખામણીમાં રંગિણી દાસી તરીકે પણ ઊભી ન રહે એમ એને લાગતું અને તેથી જ રત્નવતીની છટા જોઇને રંગિણી બળી મરતી.

રંગિણીએ ધાર્યું હોત તો બીજી રીતે થોડો દિલાસો લઇ શકત. એનો સ્વામી રતિલાલ સુરૂપ પુરુષ હતો, રત્નવતી વિધવા હતી. પણ પોતાના પતિના રૂપની કલ્પના આવતાં રંગિણી વધુ ઊંડી બળતરા અનુભવતી. એ પછી જ્યારે એણે સાંભળ્યું કે રતિલાલ પણ કોઈ કોઇ વાર રત્નવતીની ડેલીએ જાય છે, એના કિરીટકુમારને રમાડે છે ત્યારે તો એના મોં ઉપરનું બધું નૂર ઊડી ગયું.

કુબેર શેઠ અને એમની પુત્રી રંગિણીમાં સ્વભાવનો જેટલો અ–મેળ હતો તેટલો જ એક વિષયમાં પૂરેપૂરો મેળ હતો. કુબેર શેઠને પોતાની સંપત્તિ ઉપર જેટલી મમતા હતી તેટલું જ આ રંગિણીને પોતાના પતિ વિષે મમત્વ હતું. કુબેર શેઠ જેમ પોતાની દોલતમાંથી એક પાઈ ખરચવા તૈયાર નહોતા તેમ રંગિણી પોતાના પતિનો બીજી કોઇ સ્ત્રી સાથેનો સંસર્ગ સાંખી લેવા તૈયાર નહોતી. એક રીતે બન્ને ખૂબ ભૂખાળવા હતાં. એકને ધનની ભૂખ હતી. તો બીજાને વર્ચસ્વની ભૂખ હતી. કુબેર શેઠ ધનની ખાતર જેટલા નિષ્ઠુર, નિર્દય, નિર્મમ બની શકતા તેટલીજ રંગિણી પતિની ખાતર ક્રૂર તેમજ ભયંકર બની શકતી. પતિને એ પોતાની મીલ્કત જ માનતી.

રંગિણીને પોતાના પતિ વિષે વહેમાવાનું કોઇ કારણ નહોતું. રતિલાલ રત્નવતીને મળવા માગે તો પણ તે અંતઃપુરમાં જઇ શકે એવી સ્થિતિ નહોતી. ચાર–પાંચ જૂના પગી–પસાયતા એ દરબારની ડેલીએ કાયમ રાતદિવસ બેસી રહેતા. ડેલીની અંદર કોઇથી જઇ શકાતું નહિ, છતાં રંગિણીનો વહેમ દિવસે દિવસે વધુ મજબૂત બનતો ગયો. એને થયું કે રત્નવતી પોતાનો સુરૂપ પતિ ઝુંટવી લેવા માગે છે. કાલ્પનિક વહેમનો બદલો લેવા રંગિણીએ કિરીટ જેવા બાળકનો ભોગ લેવાનો નિશ્ચય કર્યો.

કુબેર શેઠને એક યક્ષની તો જરૂર હતી જ. રંગિણીએ એમાં પોતાનો સંપૂર્ણ સહકાર આપવાની તત્પરતા બતાવી. એક દિવસે

એણે પોતે જ કુબેર શેઠને કહ્યું: “ બાપુ ! યક્ષ સ્થાપવો હોય તો મારી ના નથી. હું પોતે એને માટે એક બાળક શોધી કાઢીશ.”

પણ કોઈનો બત્રીશલક્ષણો પુત્ર ઝુંટવી લેવો એ રમતવાત નથી. અને આ તો બલિદાનમાં દઈ દેવાનો હતો એટલે ‘યક્ષ’ બનાવવાનો વિધિ ખૂબ ખાનગી રીતે-ખૂબ ખબરદારી સાથે જ થવો જોઈએ. રંગિણી પણ એ જ ચિંતામાં હતી.

રંગિણીનો સહકાર મળવાથી કુબેર શેઠને અડધી ફત્તેહ મળ્યા જેટલો આનંદ થયો. રંગિણીના ઓરડા પાસે જ જે એક નાની ઓરડી હતી તેના બારીબારણાં, જાળીયાં, ઈંટ-ચૂનાથી, બે-ત્રણ દિવસની અંદર જ છાંદી દીધાં. ક્યાંઈથી પણ એની અંદર હવા કે પ્રકાશનો છાંટો સરખો પણ ન આવવા પામે એવી ગોઠવણ કરી વાળી. એ અંધારી ઓરડીની અંદર જ, રૂપાનાણું અને ત્રાંબાના મોટા ચરૂ અને ચરૂની અંદર જેટલું સોનું-રૂપું હતું તે બધું ભરી દીધું. રૂપાનાણું અને સોનાનાણું પણ એ ચરૂની અંદર ઠાંસી-ઠાંસીને ભર્યું.

આ પ્રમાણે પ્રાથમિક ભૂમિકા તૈયાર થઈ એટલે રંગિણીએ એક દિવસે લાગ જોઇને રતિલાલને કહ્યું: “ કિરીટ છોકરો કેટલો સુંદર છે? એક દિવસે એને આપણે ત્યાં લઇ આવો તો મારે એને રમાડવો છે ! ”

રતિલાલે પહેલાં તો આનાકાની કરી. એ જાણતો હતો કે કિરીટને એની માતાની આંખથી અળગો કરવો એ સામાન્ય વાત નથી. પણ જ્યારે રંગિણીનો વધારે પડતો આગ્રહ જોયો ત્યારે એણે કિરીટને એક દિવસ લઈ આવવા કેડ કસી, અને બન્યું એવું કે એ જ દિવસે-સાંજે કિરીટ-ડેલી પાસે રમતો હતો ત્યાંથી એને સમજાવી પટાવીને પોતાની સાથે ઘેર લઇ આવ્યો. કિરીટને જોતાં જ રંગિણી જાણે ગાંડી બની ગઇ હોય તેમ એને લેવા સામે દોડી ગઇ. કિરીટને વહાલથી તેડી લીધો અને ભારે હેત ઉભરાઈ જતું

હોય તેમ એ બાળકને ઉપરાઉપરી ચૂમીઓ લેતી, કાલી ઘેલી વાતો કરવા લાગી ગઇ.

થોડીવારે એ ઘરમાં જઇને, કિરીટને માટે એક લાલ રંગની નાની અંગરખી, ગળામાં પહેરાવવા માટે એક ફૂલની માળા, સોનાનાં કડાં વિગેરે સામગ્રી લઈ આવી. કપાળે કંકુનો નાનો શો ચાંલ્લો પણ કર્યો. રતિલાલે રંગિણીનો આવો સ્નેહાવેશ પૂર્વે કદિ નહોતો જોયો. એને થયું કે ગમે તેમ પણ આ માતૃત્વનો જ એક પ્રકાર છે–કિરીટ જેવા કોમળ અને સુંદર કુમારને જોઇને કોઈ પણ માતાનું હૈયું હેતથી ઉભરાઇ નીકળવું જ જોઇએ.

રંગિણી આજે ડાકિણી બનવા માગતી હતી, અને ડાકિણીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા સવાઇ માતાનો સ્વાંગ ભજવવો પડે છે. રંગિણી આજે માતાના સ્નેહનું માત્ર નાટક જ ભજવતી હતી.

ઘડીક રહીને રંગિણી, શણગારેલા બાળકને લઇને પેલી અંધારી ઓરડીમાં ગઇ અને ત્યાંથી તરત જ એકલી પાછી વળીને ઓરડીનું બારણું બંધ કરી–સાંકળે મોટું તાળું લગાવી સૂવાના ઓરડા બહાર નીકળી ગઈ. અંધારા ઘરમાં આક્રંદ કરતા કિરીટની ચીસ સાંભળી રતિલાલ તે તરફ દોડયો પણ એણે ઓરડીનાં બારણાં બંધ કરેલાં જોયાં. કિરિટ અંદર રહ્યો રહ્યો કારમી ચીસો પાડતો હતો.

'કિરીટ! બારણું ઊઘાડું છું હો, ગભરાઇશ મા' એમ બોલતો, પોતે જ ગભરાએલા જેવો રતિલાલ રંગિણી પાસેથી તાળાની ચાવી લેવા દોડયો. પણ તરત જ એનો ભ્રમ ભાંગી ગયો. રંગિણીના હાથથી પોતે પણ બંદીવાન બન્યો હતો. રતિલાલને અંદર પૂરી રંગિણી ત્યાંથી ભાગી છૂટી હતી.

માથા ઉપર અચાનક ઘણના ઘા પડતા હોય એમ એને લાગ્યું. કિરીટની એક એક ચીંસ એને કાનમાં ખીલા વાગતા

હોય તેવી લાગી. ઘડીએ ઘડીએ અંધારી ઓરડીના બારણાં પાસે જઈને એ કહેઃ 'બેટા! મૂંઝાઈશ મા! હું તારી પાસે જ છું.' અને ઘડીએ ને પળે પોતાના મોટા ઓરડાના બારણાં પાસે જઈ બારણાં જોસથી ખખડાવે. ગાંડાની જેમ અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં દોડતો રતિલાલ હમણા જ મૂર્ચ્છિત થઈને પડી જશે એમ એને પોતાને લાગ્યું.

રંગિણી પોતાના પતિની સાથે દગો રમી ગઈ છે એ વિષે એને મુદ્દલ શક ન રહ્યો. આ દગામાં એનો સસરો–કુબેર શેઠ અને ઘરનાં બીજાં નોકર–ચાકર પણ સામેલ હોવાં જ જોઈએ. નહિંતર આટઆટલા ધમપછાડા મારવા છતાં કોઈ સાંભળે જ નહિ–મદદે દોડી આવે નહિ એમ ન બને.

બે–ત્રણ કલાક સુધી કિરીટનું હૈયાફાટ આક્રંદ ચાલ્યું. એ પછી એના કંઠે શોષ પડયો હોય કે અશક્તિના કારણે અવાજ નીકળી શકતો જ ન હોય, ગમે તેમ થયું હોય, પણ રતિલાલે માન્યું કે કિરીટ થાકીને સૂઈ ગયો છે. આખી રાત રતિલાલને ઊંઘ ન આવી. અંધારી ઓરડીના બારણા તોડવા એણે પોતાની બનતી તમામ શક્તિ ખરચી નાખી, પણ જે બારણાં કુહાડાના પ્રહાર સામે પણ ટક્કર ઝીલી શકે એવાં મજબૂત હતાં તેને રતિલાલ તોડી કે ખેસવી શકયો નહિ.

વચ્ચે કિરીટના ડૂસકાનો અવાજ રતિલાલના કાને અથડાતો. બેબાકળો એ બારણા પાસે જઈને કિરીટને હિમ્મત આપતો હોય તેમ કહેતોઃ " ભાઈ મૂંઝાઈશ મા! અહીં હું તારી પાસે જ છું!"

ઓછામાં ઓછો એક રાતમાં હજારેક વાર રતિલાલ બે તરફનાં બારણાં વચ્ચે ઘૂમી વળ્યો હશે. કિરીટના આક્રંદથી અને પત્નીના કાવતરાથી એની બુદ્ધિ પણ અત્યારે તો જાણે બહેર મારી ગઈ હતી. કિરીટને બચાવવાનો બીજો કોઈ ઉપાય છે કે નહિ તેનો એ મુદ્દલ વિચાર કરી શકયો નહિ.

ત્રણ દિવસ ને ત્રણ રાત સુધી કિરીટનું આક્રંદ ચાલ્યું-ક્ષીણ અતિ ક્ષીણ બનતો કંઠસ્વર ચોથે દિવસે સંભળાતો બંધ થયો. રતિલાલને ખાત્રી થઇ કે કિરીટ ચિરનિદ્રામાં પોઢી ગયો.

હવે જ એને પોતાના ઉદ્ધારનો વિચાર સ્ફુર્યો. અત્યાર સુધી એ કિરીટમય જ હતો-કિરીટને બચાવવા અને હિમ્મત આપવા સિવાય એને બીજો કોઇ વિચાર નહોતો સૂઝતો. કિરીટ મોટી ઉંઘમાં પડયો એટલે રતિલાલે, હરકોઇ ઉપાયે આ બંદિખાનામાંથી છૂટવાનો નિર્ણય કર્યો.

ઓરડાની ઊંચી દિવાલને માથે એક નાનું જાળીયું હતું તે ધીરજથી ખેડવીને, રતિલાલ બહાર જમીન ઉપર કુદી પડયો. ત્રણ દિવસનો ભૂખ્યો-તરસ્યો, પ્રેત જેવો લાગતો એ રતિલાલ સીધો રત્નવતીની ડેલી તરફ દોડયો.

ડેલીએ જઇને જોયું તો કોઈ પગી, પસાયતો કે પહેરગીર નહોતો. રત્નવતીના નોકરો અને રૈયતના બીજા પુરુષો, કિરીટની શોધ કરવા દૂર-દૂર નીકળી ગયા હતા. રતિલાલને આજે રત્નવતી પાસે પહોંચતા કોઇ અટકાવી શકે એમ નહોતું. રતિલાલે એક પળનો ય વિલંબ કર્યા વિના રત્નવતી પાસે જઇને, કિરીટની ઘટના કહી સંભળાવી.

છેલ્લા ત્રણ વરસ દરમિયાન રત્નવતી, કહે છે કે, કોઇ દિવસ પણ હસી નથી. કિરીટના નિષ્ઠુર ખૂનની હકીકત સાંભળી, રત્નવતીના આંખ-મોં ઉપર એવું અસ્વાભાવિક તેજ છવાયું કે એનું રૂદન જાણે કે અટ્ટહાસ્યમાં પલટાઇ ગયું હોય એમ જ લાગે. રતિલાલની આંખ એ તેજ સહન કરી શકી નહીં. બળુંબળું થતો થતો રતિલાલ ત્યાંથી નીકળીને કયાં ચાલ્યો ગયો તેની કોઈને ખબર ન પડી.

તે જ દિવસે-બરાબર મધ્યરાત્રીએ, જ્યારે સૌ કોઇ મીઠી

નિદ્રાની ગોદમાં નિરાંતે સૂતાં હતાં તે વખતે રત્નવતીએ પોતાના ઘરમાં આગ મૂકી દીધી. એ જ્યાં રહેતી હતી તે કુબેર શેઠના મકાનનો જ એક તરફનો ભાગ હતો એટલે એકાદ કલાકની અંદર જ દૈવી પ્રકોપના પ્રતીક સમી એ આગ કુબેર શેઠના મહેલની આસપાસ ફરી વળી. એ વખતે આગ ઓલવવાનું કંઇ સાધન નહોતું. કુબેર શેઠ અને રંગિણીએ બચવું હોય તો મહેલ મૂકીને નીકળી જવું જ જોઈએ.

ગામ આખું, આગ ઓલવવા એકત્ર થયું, કારણ કે એ આગ ધીમે ધીમે સમસ્ત ગામને ભરખી જવાની તાકાત ધરાવતી હતી. કુબેર શેઠ અને રંગિણી, જેવા મહેલની બહાર નીકળ્યાં કે તે જ વખતે સો-એક જેટલા માણસો હાથમાં ધારીઆ લઇ એની સામે ખડા થઇ ગયા; શેઠ અને તેમની પુત્રી ફરતાં આ માણસો વીંટળાઇ ગયા.

ઊગતા ફુલ જેવા કિરીટનો ભોગ લેનારાં આ પિતા-પુત્રી જ છે એ હકીકત આ ગામલોકોથી હવે છૂપી નહોતી રહી. નિર્દોષ બાળકની હત્યામાંથી જ આ દૈવી કોપ ફાટી નીકળ્યો હતો એવી એમની પાકી ખાત્રી થઇ ચૂકી હતી. ગામ આ આગની જ્વાળાઓમાંથી બચે એવું તો હતું જ નહિ, તો પછી ગામધણી જેવા શેઠ અને એમની પુત્રી સહિસલામત નાશી જાય એ રૈયતના ટોળાને અસહ્ય લાગ્યું. જોતજોતામાં પચાસેક જેટલા માણસો આ પરિવાર ઉપર ટૂટી પડ્યા.

કુબેર શેઠના નોકરો અને ગામ લોકો વચ્ચે ઝપાઝપી થઇ ગઇ. એક તરફ આગની જ્વાળાઓ આકાશને અડવા મથતી હતી. બીજી તરફ અંદર-અંદરની કાપાકાપીએ લોહીની નદી વહેતી કરી દીધી.

એક બાજુ આ રાક્ષસી લીલા ભજવાતી હતી તે જ વખતે આઘેથી કોઇના ખડખડાટ હાસ્યનો કર્ણકઠોર ધ્વનિ સંભળાયો. એ

હાસ્ય રત્નવતીનું હતું. આજે જાણે કે એ કૃતકૃત્ય થઈ ચૂકી હતી. આખરે વેરની શાંતિ થઇ હોય તેમ રત્નવતીએ પોતાનો દેહ અગ્નિદેવના ખોળામાં સુપ્રત કરી દીધો.

આજે પણ; આટઆટલા વર્ષો પછી એ ભસ્મીભૂત બનેલા રૂદ્રપુરના ખંડિયેરોમાંથી કિરીટ કુમારના આક્રંદ અને રત્નવતીના અટ્ટહાસ્યના ધ્વનિ કોઇ કોઇ વાર ઉઠે છે; આગ અને રક્તપાતથી ખુવાર થઈ ગએલા એ ગામના ટીંબા પાસેથી જતો-આવતો મુસાફર ભયની ઓચીંતી કંપારી અનુભવે છે. ઝાડના ઊભા ઠૂંઠા પણ; હજી આગથી સળગતા ઊભા હોય એમ આઘેથી જોનારને લાગે છે. રૂદ્રપુરના ખંડિયેરોમાં અચાનક આવી ચડેલો રાહદારી જાણે કે કોઇ દાવાનળમાં સપડાયો હોય-આખે અંગે બળતરા અનુભવતો હોય એવી અકળામણ અનુભવે છે; માત્ર અક્ષરોથી જ ઇતિહાસો નથી આલેખાતા. તેમ માત્ર વર્ણનોથી જ પ્રલય કે ઉપદ્રવોના દ્રશ્યો નથી કથાતાં. રાખના ઢગલા અને સૂકા-સળગતા જેવા લાગતા શૂષ્ક તરુઓ પણ ઇતિહાસની ઘટનાઓ, લોભની પૈશાચિક કહાણીઓ સંભળાવે છે. રૂદ્રપુરનું ખંડિયેર પણ જોનારને ઇતિહાસના પ્રકરણ જેવું જ દેખાય છે.

# લીલાવતી

સાંઝનો વખત હતો અને વરસીને ખાલી થઈ ગએલી વાદળીઓ સૂર્યનાં કિરણો ઝીલતી લાલરંગી દેખાતી હતી. એક વૃદ્ધ પુરુષ એ આકાશ સામે અનિમેષ મીટ માંડીને કંઇક અવલોકતા હતા. એમના ચહેરા ઉપર ચિન્તાની રેખાઓ અંકાઇ હતી. વચ્ચે વચ્ચે આકાશના અધ્યયનથી કંટાળી ગએલી દૃષ્ટિ ક્યાંઈ સુધી ધરતી સામે જોઇ રહેતી.

એટલામાં પંદરેક વર્ષની એક બાલિકાનો કંઠસ્વર રણક્યો: “બાપુજી! ઊઠોને! ક્યાં સુધી બેસી રહેશો? ગણિતનાં સરવાળા ને બાદબાકી સિવાય બીજું કંઇ સૂઝતું જ નથી?”

પુત્રીનો મીઠો ઠપકો સાંભળતાં, વૃદ્ધના થાકીને લોથ બની ગએલા મોં ઉપર આછી હાસ્યની સુરખી છવાઇ. ડોસાએ પોતાની મૂંઝવણ છુપાવવાનો વૃથા પ્રયત્ન કરતાં કહ્યું: “બેટી, ઊઠું છું હવે. પણ આજે મને ભૂખ નથી લાગી. વાળુ કરવાની મુદ્દલ ઇચ્છા નથી અને તારે ખાવું હોય તો ફળાહાર છે.” વૃદ્ધના અવાજમાં થાક તરતો હતો. દીકરીનું મોં લેવાઈ ગયું.

પણ એ બાપનો સ્વભાવ જાણતી હતી. તેઓ જ્યારે જ્યારે ચિંતનમાં ઊંડા ઊતરી જતા ત્યારે ત્યારે એમની ભૂખ અને ઊંઘ ઊડી જતી. દુનિયાની કોઇ વસ્તુને વિષે એમને રસ નહોતો રહેતો.

પુત્રી તો ઠીક, પણ પરિચિતો સઘળા જ વૃદ્ધના આ સ્વભાવને કળી ગયા હતા.

એક વાર એવું બનેલું કે વૃદ્ધ શીયાળાની ઋતુમાં સગડી પાસે બેસીને તાપતા હતા. રાત્રીનો વખત હતો. તેઓ ચિંતનમાં એટલા ઊંડા ઊતરી ગયા કે પોતે કયાં બેઠા છે તે ભૂલી ગયા. એટલામાં એમની ઉપરોકત પુત્રી આવીને એકદમ બોલી ઊઠી:

"બાપુજી! બાપુજી! ઊઠો! ઊઠો! લૂગડું બળે છે!"

"કયાં બળે છે? બેટી?"

"કયાં શું? આ તમારું જ બળે છે!"

ખરેખર વૃધ્ધે પહેરેલું કપડું બળતું હતું, પણ એમને ભાન નહોતું. ચિંતન કે મનન વખતે એમને દુનિયાની કોઇ વસ્તુનું ભાન રહેતું નહોતું. ધ્યાની, ચિંતક, તપસ્વી, જ્ઞાની તરીકે એમની નામના પણ ખૂબ હતી.

પુત્રી બનતાંલગી ખાસ જરૂરના કામ સિવાય એમને બોલાવતી નહોતી. આવી ડાહી અને સંસ્કારી પુત્રી માટે વૃદ્ધને પણ ખૂબ માન હતું. જિંદગીમાં કોઇ દિવસે એમણે પોતાની આ પુત્રીને ઊંચે સાદે નહોતી બોલાવી. પિતા હોવા છતાં વસ્તુત: પુત્રીની માતા રૂપે જ જીવતા હતા એમ કહીએ તો ચાલે. તેઓ ગમે તેટલા ઊંડા વિચારમાં હોય પણ પુત્રી પાસે આવે ને બોલાવે એટલે ચિંતનનો તાર તેઓ પોતાના હાથે તોડી નાખતા અને થોડો વિનોદ પણ કરી લેતા.

આજે પણ તેઓ વિનોદ કરવા માગતા હતા. પણ એમાં એમને સફળતા ન મળી. પિતાજીને ગંભીર જોઇને બાલિકા વિમાસણમાં પડી. અંતરની વ્યથા મુખ ઉપર અંકાઇ.

ડોસા પુત્રીનું દુઃખ કળી ગયા. ગદ્‌ગદ્‌ સ્વરે એમણે કહેવા

માંડયું: "આજે મારી તબીયત ઠીક નથી. એટલે મેં વાળુ કરવાની ના પાડી. છતાં તારે રાંધવું જ હોય તો મારી ના નથી. તારી સાથે હું પણ બે કોળિયા ખાઇશ."

બાપુજી જમશે એ વાત સાંભળીને બાલિકા આનંદથી કૂદતી હરિણીની જેમ ત્યાંથી ચાલી ગઈ.

એકાંત મળતાં વૃદ્ધ ફરી પાછા ચિંતનના મહાસાગર ડૂબી ગયા. પુત્રીનું નામ લીલા. ઉપર કહેવાયું તેમ તે લગભગ પંદરેક વર્ષની હશે. આવતી સાલ એના લગ્ન કરવાં છે. પણ વૃદ્ધ પિતાને ભય છે કે રખેને આ લાડીલી કન્યા લગ્ન પછી તરત જ વિધવા થાય, કારણ કે એના ગ્રહો બરાબર નથી. ગ્રહોની આ દશાએ વૃદ્ધને વ્યાકુળ બનાવી દીધા છે; એટલે તો એમને ખાવું પણ નથી ભાવતું. ચિંતામાં ને ચિંતામાં જ એનું શરીર સોષાઇ રહ્યું છે. શારીરિક સ્વાસ્થ્ય કરતાં માનસિક સ્વાસ્થ્ય તો વધુ બગડયું છે.

સાંઝ પહેલાં વૃદ્ધે ભોજન કર્યું તો ખરું પણ એમાં એને કશો સ્વાદ ન લાગ્યો. સવાર કરતાં અત્યારે પુત્રીએ વધુ કાળજી રાખી હતી, છતાં વૃદ્ધ ડોસાએ તો દીકરીને રાજી રાખવા માટે જ બે-ચાર કોળિયા લીધા.

(૨)

લીલાને વૈધવ્ય આવે જ નહિ એવા વરની સાથે લગ્ન કરવાનો ડોસાએ મનમાં પાકો નિશ્ચય કર્યો. સોળ વર્ષની ઉમરે લીલાના લગ્ન પણ એક તરુણ યુવાનની સાથે કરી વાળ્યા. દૈવયોગે ડોસાએ જે મુહૂર્ત નક્કી કર્યું હતું તેમાં મોટે અંતરાય નડયો. ઠીક પળો ન સચવાઇ. એ વખતે તો વૃદ્ધ બહુ ગભરાયા અને ભયથી વ્યાકુળ જેવા બની ગએલા પણ એ સ્થિતિ બીજાઓના કળવામાં ન આવી.

ભય એક એવી બલા છે કે જ્યાં આફત કે દુઃખનું નામ-

નિશાન પણ ન હોય છતાં ત્યાં પર્વતો ધ્રૂજતા અને કંપતા બતાવે છે. ભય જ આફતને આવવાના દરવાજા ખુલ્લા મૂકી દે છે. ભૂત દેખાય એ બહુ ભયંકર નથી પણ ભયને લીધે ભૂતનું દેખાવું બહુ ભયંકર બને છે. ભય માનવહૃદયની એક મોટામાં મોટી નબળાઇ છે. એ નબળાઇ ઘણી ખરી આફતોને આકર્ષી લાવે છે;

લગ્નના મુહૂર્તમાં થોડો ગોટાળો થયો તેથી ડોસાને ભય લાગ્યો કે રખેને લીલા વિધવા બને. રાતદિવસ એ જ ચિંતા એના કાળજાને કોરી ખાતી. જમાઇને એણે પોતાને ત્યાં જ રાખ્યો. બનતાં સુધી એને ઘરની બહાર જવા જ ન દે.

જમાઇ શૌચ કે સ્નાન માટે બહાર ગયો હોય અને કદાચ થોડી વાર લાગે તો વૃદ્ધનું હૈયું કંપી ઊઠતું. એનાથી ન રહેવાય ત્યારે જમાઇની શોધ કરવા જાતે જ ઘરબહાર નીકળી પડે અથવા તો લીલાને બોલાવીને કહે કે: " આજે કેમ વાર લાગી હશે ? "

સ્વાભાવિક રીતે જ આપણને જેને વિષે બહુજ મોહ–મમતા હોય તેને અંગે ઘણી શંકાઓ જાગે છે. વૃદ્ધમાં વાત્સલ્યનો અંશ વધુ પ્રમાણમાં હતો, અને તે ઉપરાંત લગ્નના મુહુર્તમાં થોડો ગોટાળો થએલો એ વાત એમનાથી કેમે ભૂલાતી નહોતી. શંકાઓથી એમનું હૃદય–ગગન છવાઈ ગયું હતું. આ સામાન્યમાં સામાન્ય બનાવ પણ એમને ઘડીભર દિગ્મૂઢ બનાવી દેતો.

બીચારા જમાઇરાજને આથી કેદખાનાની સજા જેવું લાગતું. આખો દિવસે ઘરમાં ભરાઇ રહેવું પડે તેથી તેનું આરોગ્ય ધીમે ધીમે બગડવા લાગ્યું. લીલા સિવાય બીજો કોઈ સહવાસ પણ નહોતો. એ જેવો માંદો પડ્યો કે તરતજ ડોસાને પેલો મુહુર્તનો ગોટાળો યાદ આવ્યો. રખેને લીલા વિધવા થાય એ ભયે તે બહાવરા જેવો બની ગયો.

નિરાશ બનેલા ડોસાને બીજી કોઇ દિશા ન સૂઝી. એની આંખ

આગળ ઘોર અંધકાર તરવરવા લાગ્યો. ભગવાનની દયા ઉપર એણે બધું છોડી દીધું. પણ ડોસાની કોઇ પ્રાર્થના ભગવાને ન સાંભળી. આખરે ડોસાનો ભય સાચો પડયો. લીલા વિધવા બની.

( ૩ )

આફત આઘી ઊભી હોય ત્યાં સુધી માણસને જેટલો ભય લાગે છે, જેટલો ઉદ્વેગ રહે છે અને જેટલી ગભરામણ છૂટે છે તેટલો ભય, તેટલો ઉદ્વેગ કે તેટલી ગભરામણ આફત આવ્યા પછી નથી રહેતી: આફત જેની ઉપર ઉતરે છે તેને ન-છૂટકે હિમ્મતવાન બનવું જ પડે છે. તેને આડાઅવળા વિચાર કરવાનો અવકાશ જ નથી રહેતો-આફતનો સામનો કરવાની શકિત એકઠી કરવા તે મંડી જાય છે. ' અરેરે ! શું થશે' એમ વિચારનારો માનવી, પછી તો આફતની સામે ઝૂઝવા મંડે છે. એને પોતાનું કર્ત્તવ્ય સમજાય છે. ડોસાએ હવે પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવાની હામ ભીડી.

કેટલીક વસ્તુઓ આગમાં પડયા પછી બળીને રાખ થઈ જાય છે-ઊડી જાય છે, પરંતુ બીજી કેટલીક વસ્તુઓ એવી હોય છે કે જે આગમાં તવાયા પછી મજબૂત બને છે. ઘાસ બળી જાય છે, પણ માટીની ઇંટો પાકીને લોઢા જેવી મજબૂત બને છે એ હકીકત કોણ નથી જાણતું? માનવસમાજમાં કેટલાક ખડ જેવા તો કેટલાક ઈંટ જેવા પણ હોય છે. આફત આવવાથી લમણે હાથ દઇને બેસનારા જેમ વિરલ નથી તેમ આફતની અંદરથી પોતાની ઉન્નતિ સાધનારા પણ મળી આવે છે. વૃદ્ધ છેલ્લી કોટીના પુરુષ હતા. એમણે વિચાર્યું કે વૈધવ્ય જેવી અવસ્થાનો પણ એવો સદુપયોગ કરી બતાવું કે દુનિયા એ ઘડી ચકિત બની જાય !

( ૪ )

થોડા જ વખતની અંદર લીલાના જીવનમાં એક મોટું પરિવર્ત્તન દેખાયું. એકાદ વરસ પહેલાં એ કુમારી હતી, ત્યારબાદ

પત્ની બની અને આજે એ ત્યાગમૂર્ત્તિ વિધવા છે. હિન્દુ વિધવા, દુનિયાની એક વિચિત્ર વસ્તુ છે. સંસારમાં રહેવા છતાં એ ઋષિ-મુનિના જીવનની સાથે સ્પર્ધા કરે છે. પાણીમાં રહેવા છતાં કોરું કેમ રહેવું એ જાણે છે. પાણીમાં તરસી પણ રહી શકે છે.

જૂના જમાનામાં ભારતવર્ષની ભૂમિ એવી વિધવાઓના પ્રતાપે પુણ્યભૂમિ ગણાતી હતી. એ વૈધવ્ય પણ જબરજસ્તીનું કે બળાત્કારનું નહોતું, સ્વેચ્છાપૂર્વક વૈધવ્યનું વ્રત અંગીકાર કરવામાં આવતું. આજે જેમ મનાય છે તેમ તે વખતે વૈધવ્યને સમાજના બંધન તરીકે અથવા સ્ત્રીત્વના દંડ તરીકે નહોતું લેખવામાં આવતું. એ સંયમ ત્યાગમાંથી સહેજે ઊગી નીકળતો. વિધવાઓ એટલે ગુલામડીઓ નહિ—પવિત્રતાની મૂર્તિઓ. વિધવાઓ સૌભાગ્યમૂર્ત્તિ કરતાં અધિક સન્માનનીય ગણાતી.

જે ઘરની અંદર એક પણ વિધવા હોય તે ઘરમાં કલુષતા કે કલહ રહી શકતો નહિ. ઘરના બધાં માણસો થોડો-ઘણો સંયમ પાળતાં. આજે તો ઘરમાં વહુ-દીકરી વિધવા હોય તો પણ બૂઢા બાપાઓ ત્રીજી-ચોથી વાર વિવાહ કરી શકે છે. સોળ વર્ષની વિધવા ઉપર એ લગનની કેવી અસર થતી હશે તે કહેવાની જરૂર નથી. આજે વૈધવ્યનું ગૌરવ લુપ્ત થયું છે. અમે અહીં જે જમાનાની વાત કહીએ છીએ તે વખતે વૈધવ્ય સુરક્ષિત અને શોભાનું કારણ હતું.

વૈધવ્યે લીલાના જીવનને પલટી નાખ્યું. એક વરસ પહેલાં મોં ઉપર સ્મિત સતત લહેરાયા કરતું—સરળતામિશ્રિત ચપલતામાંથી એક અજબ સૌંદર્ય ચોતરફ રેલાતું. આજે એ બધું ભૂતકાળમાં ભળી ગયું છે. સ્મિતના સ્થાને ગાંભીર્યનો અભિષેક થયો છે. ચપલતાના સ્થાને વિવેકે આસન જમાવ્યું છે. હવે આજે લીલા ભાગ્યે જ કોઈ ભૂલ કરે છે. પહેલાં તો લીલાનો ઘણોખરો સમય,

એની ઇચ્છાની વિરુદ્ધ, નકામો વેડફાઇ જતો; પણ હવે એક પળનો પણ સમય નકામો ન જાય તેની બરાબર કાળજી રાખે છે. લીલાના આ પ્રકારના જીવનપલટાથી વિજ્ઞાન ભલે રાજી થાય, પણ કવિત્વ તો રડતું જ રહ્યું.

## (૫)

વૃદ્ધ પિતાની જાણબહાર એ વાત નહોતી રહી. લીલાના કવિત્વમય જીવનનો એક ભાગ હવે પસાર થઇ ગયો હતો તે તેઓ જાણતા હતા. હવે એમણે લીલાના વિજ્ઞાનમય જીવનને વિકસાવવાનો નિશ્ચય કર્યો. લીલાના જીવનમાં પોતાનું જીવન સમાવી દેવા સિવાય એ બની શકે એમ નહોતું એ પણ તેઓ જાણતા હતા. એટલે જ પોતાના તપસ્વી જીવનને એમણે મહાન્તપસ્વી જીવન બનાવવાનો નિરધાર કર્યો.

લીલાએ ખાનપાન ઉપર સખત સંયમ મૂકયો. દિવસમાં એક જ વાર જમવાનું વ્રત લીધું. રસ તથા શાકપાનનો પણ પરિહાર કર્યો. ઘણી વાર ઉપવાસ પણ કરી વાળતી. નહાવા–ધોવા સિવાય તો ન ચાલે પણ શૃંગાર કે ટાપટીપને રૂખસદ દઇ દીધી. વૃધ્ધે પણ એ જ જીવનશૈલીનું અનુસરણ કર્યું. એમણે પોતાની પુત્રીથી ન ખાઇ શકાય એવી દરેક વસ્તુનો ત્યાગ કર્યો. પુત્રી ઉપવાસ કરે તે દિવસે વૃદ્ધ પણ ન જમે. પુત્રીની વૈધવ્યવેદનામાં એ રીતે તપશ્ચર્યાથી જ ભાગ લેવા સિવાય એમને માટે બીજો કોઇ રસ્તો નહોતો.

એક દિવસ એક ભકતે ફળનો એક કરંડિયો મોકલ્યો હતો. પણ લીલાએ ફળનો તો ત્યાગ કર્યો હતો. વૃધ્ધે પણ એકે ફળને હાથ ન અડાડ્યો. ફળો બધાં, ગરીબોમાં વહેંચી દીધાં. એક પાડોશીએ એનું કારણ પૂછ્યું ત્યારે વૃધ્ધે ભીની આંખે કહેલું કે :

“ મારી વિધવા પુત્રી જે ન ખાઈ શકે તે મારાથી કેમ ખવાય ? ”

જુવાનજોધ કન્યા સર્વ પ્રકારનો સંયમ પાળે અને વૃધ્ધ પિતા સ્વચ્છંદે ખાય-પીવે એ ઠીક લાગે ? આ પ્રમાણેની ડોસાની સહાનુભૂતિએ લીલાના વૈધવ્ય જીવનનો ક્રમે ક્રમે સદુપયોગ કરવા માંડ્યો.

(૬)

અમે જે વૃધ્ધ પુરુષની વાત કહી રહ્યા છીએ તેઓ પોતાના જમાનાના એક અતિસમર્થ ગણિતશાસ્ત્રી હતા. એમણે જ્યોતિષના વિષયમાં એવી એવી અપૂર્વ શોધો કરી છે કે આજનો વિજ્ઞાની પણ આશ્ચર્યચકિત થયા વિના ન રહે. વાચકોને અમે હજી એ પવિત્ર નામ નથી સંભળાવ્યું. તેઓ ભારતવર્ષના ઇતિહાસમાં ભાસ્કરાચાર્યના નામથી પ્રસિધ્ધ છે. ભારતવાસી આજે પણ એ નામમાં ચમત્કાર જુએ છે અને એમને ઉદ્દેશીને મસ્તક નમાવે છે.

ભાસ્કરાચાર્યે પોતાની પુત્રીને વિશ્વપ્રસિધ્ધ બનાવવાનો નિશ્ચય કર્યો. એમને ચિંતા એક જ વાતની હતી અને તે એ જ કે ગણિત જેવા સૂકા વિષયમાં લીલાને ક્યાં સુધી રસ પડશે?

એક દિવસે તે વૃધ્ધ એવી જ ચિંતામાં બેઠા હતા એટલામાં લીલા ત્યાં આવી ચડી. પિતાજીને ખિન્ન જોઇને બોલી: "બાપુજી, આજે કેમ કંઈક વધુ ઉદાસીન લાગો છો ?"

"બેટી ! શું કહું ?" ઘડીક રહીને વૃધ્ધ બોલવા લાગ્યા:

"તારું દુઃખ જો મારું થઇ શકતું હોત અને તું દુઃખમાંથી ઉગરી શકતી હોત તો મને પારાવાર આનંદ થાત, પણ એ કુદરતી નિયમ બદલી શકતો નથી. મારી ચિંતાનું એ જ એક માત્ર કારણ છે. તારા દુઃખે જ હું રાતદિવસ બળ્યા કરું છું."

"બાપુજી ! આપની આ શીતળ છાયામાં મને શું દુઃખ છે ? સેંકડો કુટુંબીઓ મારી ઉપર જે સ્નેહ ન વરસાવી શકે તેટલો આપ એકલા જ વરસાવી રહ્યા છો."

ડોસાની આંખોમાં આંસુ ઉભરાઇ આવ્યા. ગળગળા અવાજે એમણે કહેવા માંડ્યું:

"બેટી ! માત્ર સ્નેહનું પાન કરીને કોઇ સદા જીવી શકતું નથી. જે જીવનમાં કર્તવ્યનિષ્ઠા નથી તે જીવન ભારરૂપ બને છે. હું જો તારો એ ભાર હળવો કરી શકું તો મને આનંદ થાય."

"પિતાજી, આપ એ વિષયમાં જે કંઇ કહેશો તે હું નિઃસંકોચે કરીશ. આપની યોજનામાં જરા જેટલી પણ ખામી નહિ આવવા દઉં."

"તો, પુત્રી, તું ગણિત ભણશે ?"

"આપ કહેશો તો ગણિત પણ ભણીશ."

"પણ બેટી, ગણિત જેવો લુખ્ખો વિષય તને રુચશે ?"

"આપ શીખવશો તો એ લુખા વિષયમાં પણ મને રસ આવશે."

ડોસાના ચહેરા ઉપર પ્રસન્નતાની ઝલક છવાઇ. પુત્રી લીલાવતીના માથા ઉપર વાત્સલ્યભર્યો હાથ ફેરવતાં કહ્યું :

"તો તો બેટી તારું નામ અમર બની જશે."

લીલાએ લજ્જાથી માથું નમાવી દીધું.

(૭)

લીલાનું વૈધવ્ય દીપી નીકળ્યું. રાત-દિવસ જોયા વિના લીલાએ ખંતથી એવો અભ્યાસ કર્યો કે આર્યાવર્ત્તમાં લીલાનું નામ એક વિદુષી નારી તરીકે વિદ્વાનોની જીભ ઉપર નાચી ઉઠયું. પાણી ભરવાના દોરડાના ઘસારાથી જો કૂવાના કાળમીંઢ પત્થર પણ ઘસાય તો પછી સાચાં દિલની ખંત અને કાળજીથી બુદ્ધિનું તેજ ચમકયા વિના કેમ રહે ?

બાળવિધવા લીલા આજે લીલાવતીના નામથી વિશ્વપ્રસિદ્ધ છે.

---

(શ્રી સત્યભક્ત)

(સંગમ)

## ચાંડાલ

(૧)

"તું શું સમજે છે? દુષ્ટ! તારે મને અભડાવી મારવો છે? જાતનો ચાંડાલ હોવા છતાં મારી નજર સામે નદીમાં ન્હાવા આવ્યો છે? જોતો નથી તારું અડકેલું પાણી મારી આગળ આવે છે? યાદ રાખ, જો તારી જીવતા ચામડી ન ઉતરાવું તો થઇ રહ્યું છે!"

પંડિતજી શહેરના એક મોટા ધર્માત્મા હતા. પવિત્રતા અને અસ્પૃશ્યતાની બાબતમાં એમની સાથે હરિફાઇ કરવાની કોઇમાં હિમ્મત ન હતી. છૂતાછૂત પાછળ જ એમનો ઘણો વખત વહી જતો અને જીવનમાં એ જ સાચી કમાણી છે એમ તે પોતે માનતા.

એમના ઘર આગળ જે સરીયામ રસ્તો હતો તે રસ્તે ભૂલેચૂકે પણ જો કોઇ અસ્પૃશ્ય નીકળે તો તેના બાર જ વાગી ગયા એમ સમજી લેવું. એ માર્ગે કોઇ અછૂતને ચાલવાનો અધિકાર ન હતો. ધર્મશાસ્ત્રનું એકાદું વાકય ઉચ્ચારવાનો પણ અછૂતને હક્ક ન હોઇ ચકે તો પછી એમનાથી ધર્મક્રિયા તો થઇ જ કેમ શકે? તેઓ ઘણી વાર કહેતા પણ ખરા કે "જો અછૂત આપણી જેમ ધર્મ-ક્રિયા કરવા માંડે તો પછી આપણી વચ્ચે અને એમની વચ્ચે ફરક શું રહે?"

એ જ પંડિતજીની સગી નજર સામે એક અછૂત નદીમાં ન્હાય એ એક પ્રકારનો ઉલ્કાપાત નહીં તો બીજું શું? પંડિત-જીની રગે રગે ક્રોધની જવાળા સળગી ઉઠી. એમણે એ અછુતને

જીવતાં ચામડી ઉતારવાની ધમકી તો આપી, પણ અછૂત એમના માથાનો નીકળ્યો.

અછૂત મુદ્દલ ગુસ્સે ન થયો. ગુસ્સાને પી જવાની એને ઘણા જૂના વખતની ટેવ હતી. બહુ જ વિનયવાળી વાણીમાં એણે પંડિતજીને સંભળાવ્યું: "પંડિતજી! નદીમાં તો ઘણાં માછલાં ને મગરમચ્છ રહે છે. એમનાથી પાણી ડોળાઈ જતું નથી. માત્ર મારા ન્હાવાથી જ તમારું પાણી શી રીતે અપવિત્ર બની જાય છે? ત્યારે તો અમે નદીનાં જળચર કરતાં પણ હલકાં એમ જ ને?"

"એક વાર નહીં, હજાર વાર તમે જળચર કરતાં પણ હલકાં. બોલ! શું કહેવું છે તારે? તારા જેવો એક અછૂત, મારા જેવા પંડિતની સામે બોલવાની હામ ભીડે એ જ મને તો મોટી નવાઇ લાગે છે; પણ યાદ રાખજે, જો તારી જીભ ન ખેંચાવી કાઢું તો!" બળતા અગ્નિના તણખા જેવા શબ્દોમાં પંડિતજીએ એ વખતે પ્રસંગની પૂર્ણાહુતિ કરી.

ચાંડાળ કંઇ બોલ્યાચાલ્યા વિના ચૂપચાપ સાંભળી રહ્યો. એ વાદવિવાદ કરવા ન્હોતો આવ્યો. પોતાનું કામ પતાવી ત્યાંથી ચાલી નીકળ્યો.

ચાંડાલના જવા પછી પણ જાણે કે મંત્રોનો જાપ જપતા હોય તેમ પંડિતજીએ ગાળો દેવાનું ચાલુ રાખ્યું.

સ્નાનાદિ પતાવી જ્યારે પંડિતજી ઘર તરફ જવા નીકળ્યા ત્યારે માર્ગમાં એ જ ચાંડાલ, આસન જમાવી મનમાં ને મનમાં જ કોઇ એક મંત્રનો પાઠ ભણતો દેખાયો. પંડિતજીને ક્ષણભર તો આ બધું સ્વપ્ન હોય એમ જ લાગ્યું. ચાંડાલ અને તે મંત્રનો પાઠ ભણતો બેસે એવી તો એમને પૂર્વે કલ્પના સરખી પણ ભાગ્યેજ સ્ફુરી હશે. ક્યાંઇ સુધી પંડિતજી એ દ્રસ્ય આશ્ચર્યમુગ્ધ બની ઊભા ઊભા જોઇ રહ્યા.

એટલામાં દૂરથી મોટું ધાડીયું આવતું હોય એવો અવાજ પંડિતજીના કાને પડ્યો. એમની વિચારમાળા વીખરાઇ ગઇ. ધારીને જોયું તો સામેના વિશાળ મેદાન ઉપર દેવાંગનાઓના રૂપ–લાવણ્યને પણ લજ્જિત કરે એવી સ્ત્રીઓ અને પુરુષોનો મોટો સમુદાય આ તરફ જ ઉત્સાહપૂર્વક આવતો હતો. એમણે સૌએ આવીને ચાંડાળના ચરણમાં ભક્તિભાવે માથાં નમાવ્યાં. પંડિતજી અનિમેષ નજરે એ દેખાવ જોઇ રહ્યા. ચાંડાલના સદ્‌ભાગ્ય વિષે એમને અદેખાઇ પણ આવી.

સંકોચાતા દિલે પંડિતજી ચાંડાળની પાસે પહોંચ્યા. એક સુંદર તરૂણી ચાંડાલથી થોડે જ દૂર બેઠી હતી. પંડિતજીએ પોતાના જન્મારામાં આવું નિતરતું સૌંદર્ય કદિ ન્હોતું નીહાળ્યું. જાણ્યે–અજાણ્યે સંસ્કૃત શ્લોકની એક પંક્તિ એમની જીભ ઉપર રમી રહી.

**अवनीतलमेव साधुमन्ये, शयनीये यदि लभ्यते कदाचित् ।**

ભક્તવર્ગમાં અંદર અંદર ઇસારા થવા લાગ્યા. આ માણસ કોણ હશે એ જાણવાની એમની ઉત્કંઠા ચાંડાલે એમના ચ્હેરા ઉપર વાંચી લીધી. એમણે બહુ જ શાંતિ અને ગંભીરતા સાથે કહેવા માંડયું:

" આ ભાઇ આ નગરના એક મહાપંડિત છે, ધર્માત્મા તરીકે પણ એમની ભારે ખ્યાતિ છે. અસ્પૃશ્યતાના એક અવતારરૂપ છે. હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર અને વિશ્વાસઘાત કરતાં પણ અસ્પૃશ્યતાને એ બહુ મહત્વ આપે છે. અછૂતને અડવા જેવું ભયંકર પાપ બીજું નથી, એવી એમની માન્યતા છે. એમના સિદ્ધાંત પ્રમાણે ધર્મ આત્મામાં નહીં, પણ હાડ–માંસમાં છે. અસ્પૃશ્યતા જ એમને મન સંસારમાં સારરૂપ લાગે છે, અને અસ્પૃશ્યતાના એ આગ્રહને અંગે જ એમણે પ્રસિદ્ધિ મેળવી છે."

પીરસેલા થાળમાં કૂતરૂં મ્હોં નાંખે અને ભોજન કરનાર, થાળને ઠેલી આઘે જઇને ઉભો રહે તેમ પંડિતની ઓળખાણ પૂરી

થતાં જ ભક્તો ચમકીને ઉભા થઇ ગયાં અને ચાંડાળને પ્રણામ કરી પોતાના માર્ગે રવાના થયા.

પંડિતજી પેલી સુંદરી તરફ મીટ માંડી, ત્યાંના ત્યાં જ બેસી રહ્યા. એ અદૃશ્ય થઇ ત્યાં સુધી એની પાછળ જોયા કર્યું:

" शयनीये यदि लभ्यते कदाचित् "

એ મંત્રજાપ પણ હૈયામાં રમી રહ્યો.

આખરે પંડિતજીએ એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો અને ચાંડાળ તરફ નજર ફેરવી. ચાંડાળ પણ એ પંડિતજીના મનોભાવ ઉકેલવાની મૂંઝવણમાં પડયો હતો.

" કહો, પંડિતજી, કેમ છે ? " ચાંડાલે પોતે વાર્તાલાપનો આરંભ કર્યો. "

" બીજું તો ઠીક. પણ આ બધાં કોણ હતાં ? " પંડિતે હૃદયને વલોવી નાખતા કોયડાનો અર્થ જાણવા પૂછયું.

" વસ્તુતઃ એ કંઈ જ નથી. "

" એટલે ? "

" એટલે કે એ બધી માયા છે. "

" માયા ? "

" હા. માયા. "

પંડિતજીને બોલવાની બારી જ હાથ ન આવી. એમણે આંખો તાણીને દૂર દૂર સુધી જોયું તો મેદાનમાં એકકે માણુસ ન દેખાયો. થોડી વારમાં જ બધું નિર્જન બની ગયું હતું. પંડિતજીએ નિશ્ચિન્તપણે ચાંડાળના ખોળામાં માથું મૂકયું અને નદી-કાંઠે એમણે જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે બદલ ક્ષમા માગી.

એ વિધિ પૂરો થતાં જ પંડિતજીએ આ પ્રકારની અલૌકિક વિદ્યા પોતાને શીખવવા ચાંડાળને પ્રાર્થના કરી.

ચાંડાળે જવાબ આપ્યો: " વિદ્યા શીખવવામાં મને પોતાને કોઇ પ્રકારનો વાંધો કે વિરોધ નથી, પણ હું પોતે ચાંડાળ છું

અને તમે શૌચધર્મના અવતાર જેવા છો. આપણી વચ્ચે શી રીતે મેળ જામે? વિનય વિના વિદ્યાની પ્રાપ્તિ સંભવતી નથી. ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ વિનયથી જ જળવાય છે. તમે મારો વિનય નહીં રાખી શકો અને વિનય વગર વિદ્યા શીખવાની બધી મહેનત વ્યર્થ જવાની. તમે જો એક સરત સ્વીકારો તો આ વિદ્યા શીખવું."

"શી સરત?" પંડિતે આતુરતાથી પૂછ્યું.

"સરત માત્ર એટલી જ કે જ્યાં જ્યાં આપણે ભેટીએ ત્યાં ત્યાં તમારે મારા પગમાં ઝૂકીને એમ કહેવું કે: "ગુરુદેવ! આ બધો પ્રતાપ આપનો છે. કહો, આટલું બની શકશે? બની શકે તો પછી એ વિદ્યા તમારી જ છે."

પંડિતજીએ એ સરત સ્વીકારી અને કૃતકાર્ય બની પાછા પોતાના ઘર તરફ રવાના થયા,

(૨)

પંડિતજી હવે પંડિતજીના નામથી નથી ઓળખાતા. એ જગદ્‌ગુરુ બની બેઠા છે. હજારો ભક્તો એમની સેવામાં ખડેપગે હાજર રહે છે. પંડિતજીના પ્રભાવની વાત ધીમે ધીમે રાજાના કાન સુધી પહોંચી. રાજાજીએ ખૂબ વાજતેગાજતે એમનું રાજસભામાં સ્વાગત કર્યું. અને એક દિવસે પંડિતજીએ પોતાની વિદ્યાનો પ્રભાવ ખુલ્લી રીતે બતાવવાનું રાજાને વચન પણ આપ્યું.

એ દિવસે આસપાસના શહેરો અને ગામડામાંથી હજારો માણસો આ પ્રભાવ જોવા એકઠાં થયાં. પંડિતજીની કીર્તિ અત્યારસુધીમાં ઘણે દૂર સુધી ફેલાઇ ચૂકી હતી. પંડિતજી તો દેવતાઓને વશ કરીને બેઠા છે. દેવતાઓ પંડિતજીની પૂજા કરવા આવે છે. પંડિતજી દેવતાઓના પણ ગુરુ છે અને પંડિતજી ધારે તો આ સંસાર જેવો જ બીજો પોતાનો સંસાર રચી શકે એવી તાકાત

ધરાવે છે. આવી આવી અનેક વાતો લોકજીભે પ્રચાર પામી ચૂકી હતી.

રાજા પોતે પોતાના કુટુંબીઓ તથા દરબારીઓ સાથે સભામાં હાજર થયા. ગામ આખું પંડિતજીના ચમત્કારો જોવા રાજસભા તરફ ઉલટયું.

જગદ્ગુરુ બિરૂદધારી પંડિતજી, સોને મઢેલી ચાખડી પહેરી ગજેંદ્રગતિએ સભામાં પધાર્યા. સૌએ ઊભા થઇને પંડિતજીનું સ્વાગત કર્યું. એમને સારુ ખાસ ગોઠવેલા ચંદનના સિંહાસન ઉપર એ બેઠા.

સૌ અનિમેષ નજરે પંડિતજી તરફ જોઇ રહ્યા. શાન્ત સરોવરની જેમ માનવમેદનીનો કોળાહળ શમી ગયો.

એટલામાં સભાના એક ખૂણામાં સ્હેજ ખળભળાટ થયો. સભાજનોની વચમાંથી માર્ગ કરતો એક ચાંડાળ નિર્ભયપણે પંડિજીના આસન તરફ જ આવતો હોય એવો દેખાવ નજરે પડ્યો. પંડિતજીએ ચાંડાલને ઓળખ્યો અને ચાંડાલે પણ પંડિતજીને ઓળખી લીધા.

ચાંડાલને જોતાં જ પંડિતજીનાં મ્હોં ઉપર અમાસના અંધકારની શ્યામ રેખાઓ અંકાઈ. એમના પગ નીચેની પૃથ્વી સરકવા લાગી. મહામહેનતે એમણે પોતાના મનોભાવને છુપાવ્યા.

"આવા એક ચાંડાલની મારે શા સારુ પરવા રાખવી જોઇએ? હવે તો મને વિદ્યા વરી ચૂકી છે. લોકો મને જગદ્ગુરુ માને છે. માનવકુલકમલદિવાકર જેવી પદવીઓ મારા પગ આગળ આળોટે છે. આ ચાંડાલ મને શું કરી શકવાનો હતો?" પંડિતજીની બુદ્ધિએ પંડિતજીની ગભરામણ ટાળવા દલીલો આપવા માંડી.

અને ખરેખર પંડિતજીની બુદ્ધિ કંઈ અતિશયોક્તિ કરતી હોય એમ પણ શી રીતે કહી શકાય? પંડિતજીનો સ્હેજ ઇસારો થતાં જ હજારો માણસો એમને મદદ કરવા તૈયાર હતા. પંડિતજી ધારે તો અત્યારે ચાંડાલને ઉખેડીને ફેંકી દઈ શકે. ચાંડાલની હાજ—

રીની ચિંતા સરખી પણ એમણે શા સારુ રાખવી જોઇએ ?

પંડિતજીએ નિર્ણય કરી વાળ્યો. ચાંડાલની હાજરીની લેશ-માત્ર પણ પરવા નહીં કરતાં એમણે પોતાના પ્રયોગો શરૂ કરી દીધા. મંત્રજાપથી એનો આરંભ થવો જોઇએ. પંડિતજીએ મંત્ર ભણવા માંડયા. પણ આ શું ? એક વાર, બે વાર, ત્રણ–ત્રણ વાર મંત્ર ભણવા છતાં કેમ કંઇ પણ ચમત્કાર નથી દેખાતો ? મંત્રબળ ક્યાં ઊડી ગયું ? પ્રેક્ષકો પહેલાં તો નિરાશ થયા પણ એ નિરાશા ધીમે ધીમે ક્રોધના રૂપમાં પલટાઇ ગઇ. સેંકડો કંઠમાંથી એકીસાથે અવાજ ઉઠ્યાઃ "એ દગાખોર છે ! બદમાશ છે ! ઠગ છે !"

પંડિતજી ક્રોધને લીધે લાલચોળ જેવા બની ગયા; પણ એમનું જાદુઇબળ અત્યારે નાશ પામ્યું હતું. એમણે ચાંડાળ તરફ એક ક્રૂર નજર નાંખી. એ પછી મહારાજા તરફ જોઇ પંડિતજીએ કહ્યું:–

" મહારાજ, આ ચાંડાળને અહીંથી કાઢવો જોઇએ. ચાંડાલ જ્યાં સુધી અહીં બેઠો હોય ત્યાં સુધી મારા દેવતાઓ અહીં આવી શકે નહીં. " મહારાજા પોતે કંઇ બોલે તે પહેલાં જ ચાંડાલ પોતાની મેળે ઊભો થઇ, મંદ હાસ્ય વેરતો પ્રેક્ષકોની વચ્ચેથી બ્હાર ચાલ્યો ગયો.

પંડિતજીએ કલાકો સુધી માથાકૂટ કરી; પણ એનું કંઈ જ પરિણામ ન આવ્યું. દેવતાઓ રીંસાઈ બેઠા. પંડિતજી નખશીખ સળગી ઉઠ્યા. ઊંચું મ્હોં કરવાની પણ એમની હિમ્મત ન ચાલી. ફરી પ્રેક્ષકો ગર્જી ઉઠ્યા—" ખરેખર આ માણસ ધૂર્ત છે ! "

પંડિતજીને પોતાને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી. એ એકદમ પોતાના આસન ઉપરથી ઉઠ્યા અને ખુલ્લા પગે, ચાંડાલ જે તરફ ગયો હતો તે જ તરફ દોટ કાઢી. પ્રેક્ષકો આનો અર્થ સમજી શક્યા નહીં. એમને થયું કે " બિચારા પંડિતજીને બુદ્ધિભ્રમ થઇ ગયો છે. "

મહારાજા પોતે મોટી મૂંઝવણમાં પડયા. આ ચાંડાળ કોણ ? પંડિતજીને ચાંડાળના આવવાથી શી અડચણ પડી? પંડિતની વિદ્યા ખરે

વખતે કેમ મ્હોં ફેરવી બેઠી? આ બધા પ્રશ્નો એકી સાથે મહારાજાના મન ઉપર ચડી બેઠા. પંડિતને ખરેખર જ શું બુદ્ધિભ્રમ થયો હશે? મહારાજાએ ઘણી તપાસ કરાવી પણ પંડિતનો પત્તો ન મળ્યો.

શિયાળાની કડકડતી ઠંડીમાં એક રાત્રિએ મહારાજા નગરચર્યા જોવા–સાંભળવા પોતાના મહેલની બ્હાર નીકળ્યા. રાત્રિના અંધકારમાં,તદ્દન સાદા વેશમાં નગરના દૂર દૂરના ખૂણામાં પહોંચી વળવું અને પ્રજાનાં સુખદુ:ખથી પરિચિત રહેવું એ એમની રાજનીતિનું મુખ્ય સૂત્ર હતું. નોકરો ઉપર આધાર નહીં રાખતાં મહારાજા હંમેશાં પોતે જાતે જ છૂપે વેશે નાગરિકોમાં ભળતા અને જયાં જયાં અન્યાય, અનાચાર જેવું લાગે ત્યાં ત્યાં એનો પોતાના હાથે પ્રતિકાર કરતા.

નગરચર્યા જોતાં જોતાં, મહારાજા લગભગ નગરના દરવાજાની બ્હાર નીકળી ગયા. એટલામાં એક વૃક્ષ નીચે, જમીન ઉપર કંઈક પડયું હોય એવો ભાસ થયો. મહારાજાએ "કોણ છે એ?" એમ પૂછયું પણ ખરું; પરંતુ કઈ જવાબ ન મળ્યો.

"અરેરે! ભગવાન્!" કોઇ નિરાધાર મનુષ્ય રીબાતો હોય અને છેલ્લા નિ:શ્વાસ નાખતો હોય એવો અવાજ મહારાજાના કાને આવ્યો. ધીમે ધીમે તે મનુષ્યાકૃતિ પાસે મહારાજા પહોંચ્યા.

એમણે જોયું તો શિયાળાની અતિશય ટાઢને લીધે એ માણસનાં ગાત્રો ઠુંઠવાઇ ગયાં હતાં. ઓઢવામાં એક ફાટલા–પાતળા વસ્ત્ર સિવાય બીજું કઈ જ ન હતું. મહારાજાનું હૈયું આ દૃશ્યથી ભીંજાયું. એમની આંખમાં આંસુ આવ્યાં: "મારી રૈયતમાં આટલા દુ:ખી માણસો છે?" એમના મુખમાંથી અજાણતાં ઉદ્દગાર નીકળ્યા.

મહારાજાએ બીમાર–ટાઢથી ધ્રુજતા એ માણસ પાસે બેસી

તેના માથા ઉપર હાથ મૂકયો. થોડી વારે એ માણુસને શુદ્ધિ આવી. માંડ માંડ એની આંખ ઉઘડી.

"અરે, પણુ આપ આ શું કરો છો ? હું જાતનો ચાંડાલ છું." મહારાજાને પોતાની પાસે બેઠેલા જોઇ એ માણુસ ગભરાઇ ગયો હોય તેમ બોલ્યો અને સંકોચાઇને સ્હેજ પાછો હઠ્યો.

"ત્યારે શું તમે માણુસ નથી ?" મહારાજાએ પૂછ્યું.

"માણુસ તો છું."

"ત્યારે શું તમે ચોર, હરામખોર, વ્યભિચારી કે વિશ્વાસઘાતી છો ?"

"નહીં, મેં મારા જન્મારામાં એવું પાપ નથી કર્યું."

"તો પછી તમે અછૂત શી રીતે ?"

"કારણુ એક જ છે. હું નીચ કુળમાં જન્મ્યો છું. અલબત્ત, હું અત્યારે તો માણુસ છું, પણુ જો મને કોઈ શાપ આપીને પશુ બનાવી દે તો હું અત્યારના કરતાં વધારે સુખી બનું—ગમે એવો પાપી, વિશ્વાસઘાતી કે ગમે તેવો ભયંકર અત્યાચારી હોય તો પણુ એ માણુસ અછૂત નથી ગણાતો. બ્રાહ્મણુ માંસ–મદિરા ખાયપીવે તો પણુ એ અસ્પૃશ્ય ન ગણાય, ઠગારી બીલાડી ઉંદરને ઓહીયાં કરી જાય છતાં એ અસ્પૃશ્ય નથી ગણાતી, વિષ્ટા ખાનારી ગાય અને સર્વભક્ષી શ્વાન પણુ અછૂત નથી લેખાતાં; માત્ર નીચ કૂળમાં જન્મનારા માણુસો જ અછૂત ગણાય છે. અમે ભલે સદાચારી રહીએ, પણુ સમાજમાં અમારું કંઇ સ્થાન નથી."

વળી થોડી વાર રહીને એણે કહેવા માંડયું: "અમે માણુસ તરીકે જન્મ્યા એ જ અમારૂં દુર્દૈવ છે. આના કરતાં જંગલી જનાવર જન્મ્યા હોત તો સુખથી વિચરી શકત. જંગલી હિંસક ગણાતા સિંહ, વાઘ કે વરૂ પોતાના જાતભાઇને મારીને ખાઇ જતાં નથી, પરંતુ માણુસ પોતાના માનવબંધુને મારવામાં પોતાની

મોટાઈ માને છે. સિંહ માણુસને પળવારમાં મારી નાખી શકે છે; માણુસ પોતાના માનવબંધુને રીબાવી રીબાવીને મારે છે–સિંહ, વાઘ તો માણુસનું ખોળીયું ખાઇને તૃપ્ત થાય છે...પણુ માણુસ તો હૃદય અને આત્માને પણુ ચૂસી જવા છતાં સદા અતૃપ્ત જ રહે છે."

સંસારમાં આવા રાક્ષસી અત્યાચારો છડેચોક ચાલી રહ્યા છે એ જોઈ મહારાજાનું કોમળ હૈયું કંપી ઉઠ્યું. માનવજાતિના પાપનું પોતે એકલા પ્રાયશ્ચિત્ત કરવા માગતા હોય તેમ એમણે પોતાનું ઉત્તરીય વસ્ત્ર કાઢી ચાંડાળને ઓઢાડ્યું.

મહારાજાના આગ્રહને માન આપી, ચાંડાળે મહારાજાની અતિથિશાળા તરફ જવા પગ ઉપાડ્યો. જતાં જતાં ચાંડાળથી ન રહેવાયું. એણે પૂછ્યું: "ખરેખર, શું તમે માણુસ છો?"

"તમને હું કોણુ લાગું છું?" મહારાજાએ પ્રતિપ્રશ્ન પૂછ્યો.

"તમે મને દેવતા લાગો છો." મહારાજાએ આ જવાબ સાંભળી એક નિશ્વાસ નાખ્યો. એમને થયું કે "આજે માનવ જાતિનો એટલો બધો અધઃપાત થયો છે કે એક સાધારણુ માણુસ-મનુષ્યોચિત કર્તવ્ય બજાવનાર માણુસ–પણુ આ લોકોને દેવતા-સ્વરૂપ લાગે છે."

થોડીવાર સુધી મહારાજા મૌન જાળવી રહ્યા. એમણે ચાંડાળનો હાથ પકડી પોતની સાથે આવવાનો આગ્રહ કર્યો.

"પણુ હું પોતે નીચ જાતિમાં જન્મેલો ચાંડાળ છું. મારી સંગાથે ચાલતાં તમને સૂગ નથી ચડતી?"

"ચાંડાળ પણુ સમાજનું એક અંગ છે, આવશ્યક અંગ છે. સમાજના એક અંગ પ્રત્યેની સૂગ એ પોતાના પ્રત્યેની જ સૂગ નહીં તો બીજું શું છે? પાપ પ્રત્યે મને જરૂર તિરસ્કાર છે અને પાપનું પોષણુ કરનારાઓ તરફ પણુ મને એવી જ ઘૃણા છે. એમને

ખરેખરા નીચ માનું છું. આજીવિકા કે ધંધાને અંગે કોઈ ઉચ્ચ યા નીચ હોય એમ હું નથી માનતો."

ચાંડાળની આંખમાં નવું તેજ ચમક્યું. મહારાજા એ તેજનો અંબાર સહી શક્યા નહીં. તેમણે ધરતી તરફ નજર નમાવી. બીજી પળે એમણે જોયું તો ચાંડાળની જગ્યાએ એક તેજસ્વી પુરુષ ઊભો હતો. મહારાજા ચમક્યા. પૂછ્યું:

"આપ કોણ છો?"

"હું વિદ્યાધર શ્રેણીનો સમ્રાટ વિદ્યુતપ્રભ છું. એક ખાસ કારણને લીધે મારે આ પરીક્ષા લેવી પડી છે. મેં એક વખતે પેલા દંભી અને પરસ્ત્રીલંપટ પંડિતની ફજેતી કરી હતી અને મેં જ રાજસભામાં એની વિદ્યાનું અપહરણ કરી જાતિમદના ઘોર પાપની સજા કરી છે. આજે એ વિદ્યા હું આપને સોંપું છું. માત્ર હું આપની પાસેથી જાણવા માગું છું કે આપ એક મહારાજા હોવા છતાં આટલી ધાર્મિકતા, આટલી ઉદારતા શી રીતે મેળવી શક્યા?"

મહારાજાએ કહ્યું: "એમાં આશ્ચર્ય પામવા જેવું કંઇ જ નથી. મારા માટે તો એ તદ્દન સ્વાભાવિક છે."

"કારણ?"

"કારણ કે હું પોતે જૈન છું."

# ભરત ચક્રવર્તી

રે ! રાજનીતિ ! રે ! રાજ્યતૃષ્ણા !

મોટાઓ નાનાને ગળી ન જાય, સબળ કોઈ દુર્બળને ખાઈ ન જાય એટલા સારુ તો શ્રી ઋષભદેવે સૌપ્રથમ રાજનીતિ શીખવી. પછી પોતે જ્યારે સંયમનો માર્ગ લીધો ત્યારે પણ એમણે પોતાના સૌથી મોટા પુત્ર ભરતને બોલાવીને કહેલું કે 'બેટા ! પૃથ્વીના વાસીઓને રાજા વિના નહીં ચાલે. રાજનીતિનો દંડ રાજા નહીં ધરી રાખે તો મોટા નાનાઓને ગળી જશે–સમુદ્રમાં નાનાં માછલાંને મોટાં માછલાં ગળી જાય તેમ. બળવાન દુર્બળને જીવવા નહીં દે; માટે પૃથ્વીનું યથાયોગ્ય પાલન કરવા તું રાજા બન અને તારા બીજા નવાણું ભાઈઓની સાથે હળીમળીને નીતિ ન્યાયથી રાજશાસન ચલાવ !'

ભરતે વિનયને લીધે એ આજ્ઞા માની. ભરતને તથા બાહુબલી અને બીજા ૯૮ ભાઈઓને શ્રી આદિનાથે એમની યોગ્યતા પ્રમાણે દેશ વહેંચી આપ્યા.

ભરત કે જેણે માત્ર વિનયની ખાતર રાજદંડ ગ્રહણ કર્યો હતો તેને રાજ્યતૃષ્ણાનો રોગ લાગુ પડ્યો. વ્યસની જ્યારે વ્યસનનો આરંભ કરે છે ત્યારે અફીણ તેને કડવું ઝેર જેવું લાગે છે, પણ ક્રમે ક્રમે અફીણની કડવાશ ઊડી જાય છે–અફીણના સેવનમાં જ સઘળા રસ સમાઈ જતા હોય એવો આહ્લાદ અનુભવે છે. પછી તો એ વ્યસનને મૂકવા માગે તો પણ વ્યસન વિદાય લેવાની સાફ

ના પાડે છે. મહારાજા ભરતને પણ રાજ્યવિસ્તારનું ભૂરું વ્યસન વળગ્યું.

જે રાજનીતિ લોકોની સુખશાંતિ માટે હતી, જે રાજનીતિ સુખથી જીવવા અને જીવાડવા માટે હતી તે જ રાજનીતિએ પ્રલય-કાળની આંધી ઉપજાવી. ચક્રવર્તીપણાના મોહે ભરતે પોતાનાં ભૂખ્યા વરુ જેવાં સૈન્યો પૃથ્વી ઉપર છૂટાં મૂકી દીધાં.

પોતાના સહોદર બંધુઓને પણ ભરત મહારાજાએ ગળી જવાની યોજના અમલમાં મૂકી. ભાઈઓ સમજી ગયા કે ભરતની કુટીલ દ્રષ્ટિ પોતાનાં નાનાં નાનાં રાજ્યો ઉપર પડી છે. ભરત બળવાન હતો, ભાગ્યશાળી હતો; નજર સામે દેખાતા પરાજયોને પણ યુક્તિ–પ્રયુક્તિથી વિજયના રૂપમાં પલટાવી શકતો.

એટલે જ એક દિવસે મહારાજા ભરતના દૂતે આવીને સમાચાર આપ્યા કેઃ 'આપને મોટા ભાઈ ભરત મળવા બોલાવે છે' ત્યારે એક સાથે અઠાણું ભાઈઓનાં કુમળાં કાળજાંમાં ઉનું ધગધગતું તેલ રેડાયું. શાંતિમાં રહેવાને ટેવાયેલા એ નાના ભાઈઓનાં હૈયાં ફફડી ઉઠયાં

ભરતને રાજતૃષ્ણાના વ્યસને ઘેરી લીધો ન હોત–ભરત કેવળ ભરત અથવા તો મોટો ભાઈ જ રહ્યો હોત તો ભરતનું આમંત્રણ મળતાં અઠાણું ભાઈઓનાં અંતર આનંદના આવેશથી નાચી ઉઠ્યાં હોત. દૂતના અડધાં વચને તેમણે મોટા ભાઈને ભેટવા પ્રયાણ આદરી દીધું હોત

પણ જ્યારથી એણે દેશ ઉપર દેશ જીતવાની બાજી રચી છે ત્યારથી ભરતનું નામ સાંભળતાં એના પોતાના જ ભાઈઓ કંપી ઉઠે છે. ભરત હવે ભરત જ નહોતો રહ્યો. એને ચક્રવર્તી બનવાના કોડ જાગ્યા હતા. ચક્રવર્તીપણાની વેદી ઉપર કદાચ ભાઈઓનાં બલિદાન દઈ દેવાં પડે તો પણ શું થયું? રાજ્યતૃષ્ણા અને સંસારના સ્નેહ–સંબંધ એ બંને એક સાથે રહી શકે નહીં.

ભરતના આમંત્રણનો ઉહાપોહ કરવા અઠાણું ભાઇઓ એક સ્થાને એકત્ર થયા. અઠાણું ભાઇઓમાંથી ભરતના મનોભાવ વિષે કોઇને કંઇ જ સંદેહ નહોતો. આમંત્રણ સ્વીકારવું, અર્થાત્ જવું કે ન જવું એ પ્રશ્ન જ નહોતો. ગયા પછી ભરત શું કહેશે તે વિષે પણ સૌ એકમત હતા. ભરત મહારાજાને પૃથ્વી પેટે બાંધીને લઇ જવી છે એમ પણ કોઇ નહોતું માનતું. એ માત્ર પોતાની તાબેદારી સ્વીકારવા અઠાણું ભાઇઓને આગ્રહ કરશે; એ રીતે તાબેદારી સ્વીકારી લેવી કે નહીં એ જ મુખ્ય પ્રશ્ન હતો.

મોટા ભાઈ તરીકે ભરત, બધા ભાઇઓને વંદનીય–માનનીય હતા. પણ પોતે ચક્રવર્તી હોવાના કારણે પોતાના સહોદરોને તાબેદાર બનવાની ફરજ પાડે એ કોઈ ભાઈ કેમ જીરવે? સ્વતંત્રતા અને આત્મસમ્માન ભરતને ચરણે ધરીને જીવતા રહેવામાં–રાજ્ય-ઋદ્ધિ ભોગવવામાં એમને શો સ્વાદ રહે? ભાઇઓને તાબેદાર બનાવી ચક્રવર્તી બને એ કરતાં ભાઇઓના આત્મસમ્માનની ખાતર, ભરત એટલા અધૂરા વિજયથી જ સંતોષ માની બેસી રહે તો, એની વિજયકલગી વધુ યશસ્વી ન બને?

'તાબેદારી તો કોઇ પણ ભોગે ન સ્વીકારવી' એવો અઠાણું ભાઇઓએ નિશ્ચય કર્યો. પણ એ નિશ્ચય કર્યા પછી ભરત આક્રમણ કરે તો શું કરવું? ભરતને શરણે જવું કે સૌએ સાથે યુદ્ધક્ષેત્રમાં જ મરી ફીટવું?

કાં તો યુદ્ધમેદાનમાં સામનો કરવો અને નહીં તો શરણું સ્વીકારવું–એ સિવાય આ ભાઇઓને કોઇ ત્રીજો માર્ગ ન દેખાયો. ભાઇઓ–ભાઇઓ વચ્ચેના યુદ્ધમાં બંને પક્ષની કેટલી બરબાદી થાય તેનું માપ તેમણે કાઢી જોયું. યુદ્ધની ભયંકર ખુવારીની કલ્પના માત્રથી એમને કંપારી છૂટી.

'પિતાજી હજી હૈયાત છે. એમની સલાહ પૂછીએ તો જરૂર નવો માર્ગ મળી આવે.' એક ભાઇએ તોડ કાઢ્યો. અને સમા-

ધાનીનો બીજો કોઈ રાહ નહીં સૂઝવાથી સૌ સહોદરોએ પ્રસ્તાવ સ્વીકાર્યો.

બધા ભાઇઓ ભગવાન ઋષભદેવ પાસે પહોંચ્યા. પ્રભુએ એમને સંયમની અબાધ સુખસંપત્તિ સમજાવી. જ્યાં કોઇ પ્રતિસ્પર્ધી નથી, જ્યાં યુદ્ધ કે તાબેદારી નથી, શત્રુ નથી, મિત્ર નથી, એવો ચારિત્રનો રાજમાર્ગ એ ભાઇઓએ એકી સાથે સ્વીકાર્યો. ભરતને જે જોઇતું હતું તે અનાયાસે જ મળી ગયું.

પણ જ્યાં સુધી બાહુબલી ન જીતાય. ત્યાંસુધી ભરત પૂરો ચક્રવર્ત્તી ન ગણાય. બાહુબલી એકલો ભરત જેવા ચાર ચક્રવર્તીઓની સામે ઊભવા સમર્થ હતો. એ વખતે બાહુ એટલે કે ભુજાના બળમાં બાહુબલી અજોડ—બિનહરિફ હતો. બાળવયથી જ એણે ભુજબળનો એવો પરચો બતાવ્યો હતો કે બાહુબલીના નામ માત્રથી બીજા બળવાન રાજાઓ ભય પામતા. એક વાર નાનપણમાં રમતાં રમતાં એણે ભરતને એવો તો અદ્ધર ઉડાડ્યો હતો, અને પાછો એવી ખૂબીથી ઝીલી લીધો હતો કે જાણે માણસને બદલે દડાની સાથે જ કાં ગેલ ન કરતો હોય? ભરતના જીવન સંભારણાંમાંથી એ પ્રસંગ હજી નહોતો ભૂલાયો. એ પછી તો બાહુબલીએ પોતાનું બળ ખૂબ ખૂબ ખીલવ્યું હતું.

એ બળશાળી હતો એટલું જ નહોતું. બાહુબલી પ્રજારંજન અને પ્રજાહિતમાં પણ માનતો. બાહુબલીના રાજતંત્રમાં કોઇ પ્રજાજનને ફરિયાદનું નાનું સરખું પણ કારણ નહોતું મળતું.

ભરત અયોધ્યાનો સ્વામી હતો. બાહુબલીની આણ તક્ષશિલામાં પ્રવર્તતી હતી. બાહુબલી પોતાની મર્યાદા સમજતો હતો. સામ્રાજ્યવિસ્તારનાં સ્વપ્ન તો એને પણ આવતાં, પરંતુ તે સ્વપ્નોનો પણ સ્વામી હતો. મોહક સ્વપ્ન એને ચળાવી શકતાં નહિ.

જે પુરુષ પોતાની શક્તિની મર્યાદા સમજી, એ શક્તિનો ઉપયોગ પ્રજાની કુશળતા સાધવામાં કરે છે તેને પોતાનું નાનું રાજ્ય પણ ઇન્દ્રની સમૃદ્ધિ કરતાં વધુ સ્વાદવાળું લાગે છે. બાહુબલીએ

તક્ષશિલાને વિદ્યા-કળા અને સંપ-સૌહાર્દવડે, આસપાસનાં બીજાં રાજ્યોથી છેક સ્વતંત્ર અને સુખમય બનાવ્યું હતું. બાહુબલીનું રાજસિંહાસન વસ્તુતઃ પ્રજાના હૈયાં ઉપર જ સ્થપાયું હતું.

ભરતેશ્વરના દૂતે તક્ષશિલાની એ સ્થિતિ પગલે પગલે અનુભવી. ભરત જેવા ચક્રવર્તીને પણ તક્ષશિલાની પ્રજા હજી ઓળખી શકી ન હતી. દૂતે ઠેકઠેકાણે એક જ વાત સાંભળીઃ 'ભરત ગમે તે હોય, ગમે તેટલો મહાન ચક્રવર્તી હોય, પણ તક્ષશિલા તો બાહુબલીને જ ઓળખે છે. તક્ષશિલાની રૈયત રોજ સવારે ઉઠીને બાહુબલીને સંભારી બે હાથ જોડે છે. સાચેસાચ એ શક્તિનો સ્વામી છે અને છતાં શક્તિને સંયમમાં રાખી શકે છે.'

પ્રજાનો જે રાજા ઉપર આટલો ગંભીર ચાહ હોય તેની સામે બીજી કોઇ દુન્યવી સત્તા ફાવી શકે નહિ. ભરતનો ડાહ્યો દૂત એ સમજ્યો; પણ યુદ્ધ કે સંધીની વાતમાં એ પરતંત્ર હતો.

એણે ભરત મહારાજા પાસે આવી બાહુબલીના લોકપ્રિય બનેલા રાજતંત્રની મુખ્ય મુખ્ય હકીકત નિવેદી. ભરત મહારાજા એ વિગત સાંભળી વિચારમાં પડ્યા. થોડી વાર મહારાજાના મંત્રીમંડળમાં નિરાશામિશ્રિત અમગીની છવાઇ.

સુષેણ નામના સેનાપતિએ એ શાંતિનો ભંગ કરતાં કહ્યુંઃ 'ભરત મહારાજાનું ચક્રવર્તીપણું એ કોઇ એક પામર માનવીનું વિધાન નથી, વિધિનું જ એ વિધાન છે. બાહુબલી લોકપ્રિય હોય, મહારાજાનો પોતાનો સહોદર હોય-ગમે તે હોયઃ એણે પોતે આપણા દિગ્વિજયના માર્ગમાંથી ખસી જવું જોઇએ. રાજનીતિ પાસે ભાઈ-ભાઇનાં સગપણ-સંબંધ કોઇ ચીજ નથી. રાજનીતિ, સામા પક્ષનાં બળ કે સ્નેહ પ્રત્યે પહેલેથી જ અંધ રહી છે અને રહેવાની. હું કહું છું કે મહારાજા ભરતે બાહુબલીની સાથે યુદ્ધ કરવું કે નહીં એ સવાલ જ નથી. એ કેટલો લોકપ્રિય છે અથવા કેટલો બળવાન છે તે પણ એમણે જોવાનું નથી. ભરત મહારાજા કોના બંધુ અને કોના

પિતા થાય? નિરાધારના પણ એ આધારસ્તંભ છે. યુદ્ધમાં એમને આનંદ છે અથવા તો સામ્રાજ્યનો વિસ્તાર એ જ એમનું જીવનધ્યેય છે એમ જો કોઈ કહે તો હું એનો પ્રતિકાર કરવા તૈયાર છું. જેટલો વૈરાગ્ય રંગ આપણા મહારાજાના હૃદયમાં છે તેટલો દુનિયાના બીજા કોઈ મહારાજામાં નહિ મળે. પણ આજે તો એમને માથે ચક્રવર્તીની બધી જવાબદારીઓ આવી પડી છે. મેં કહ્યું તેમ વિધિનો જ એ સંકેત છે. મહારાજાની ઇચ્છાઅનિચ્છા, મહારાજાના વૈરાગ્ય કે બંધુપ્રેમ એ બધું એ સંકેતમાં સમાઇ જાય છે.'

સંસારના પ્રથમ ચક્રવર્તીની ભૂલાઇ ગએલી જવાબદારીનું ભરત મહારાજાને ફરી ભાન થયું. સુષેણ માત્ર યુદ્ધવિશારદ નહોતો રાજનીતિનો જ્ઞાતા હતો. એ જાણતો હતો કે મહારાજાના દિલની સાચી ખટક ક્યાં છે. ભ્રાતૃપ્રેમના પડદા પાછળ ભરત મહારાજાની પોતાની કેટલીક નબળાઇઓ છૂપાઇને બેઠી હતી. સુષેણે પ્રકારાંતરે, મહારથી શ્રીકૃષ્ણે મહાભારતમાં જે ભાગ ભજવ્યો હતો તે જ ભાગ ભજવવો શરૂ કર્યો.

સુષેણની યુક્તિ ફળીભૂત થઇ. બાહુબલીની સાથે યુદ્ધમાં ઉતરવાનો તે દિવસે નિર્ણય કરવામાં આવ્યો.

× × ×

પૃથ્વીએ કદી નહીં જોયેલું, ઇતિહાસે કદી નહીં નોંધેલું, એવું આ બે સમર્થ ભાઇઓ વચ્ચે યુદ્ધ થયું. બાર બાર વરસ લગી એ યુદ્ધ ચાલ્યું. લાખો યોદ્ધાઓ એ યુદ્ધના દાવાનલમાં હોમાઈ ગયા.

મૃત સૈનિકોના ઢગ નીહાળી બંને ભાઇઓના અંતરમાં સહજ સ્ફુરણા જાગીઃ 'એક રાજા કે મહારાજાની મહત્વાકાંક્ષા અર્થે આટઆટલાં માનવીના બલિદાન દેવાં એ ખરેખર અનુચિત છે.' આખરે ભરત બાહુબલીએ જાતે યુદ્ધમાં ઉતરી પોતાના ભાગ્યનો પોતે જ ફડચો કરી નાખવાનો નિરધાર કર્યો.

એ સમે પાંચ પ્રકારનાં યુદ્ધ પ્રચલિત હતાં. દ્રષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ,

બાહુયુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને છેલ્લું મલ્લયુદ્ધ. ભરત અને બાહુબલી, અનુક્રમે ચાર પ્રકારનાં યુદ્ધ લડયાં અને એ બધામાં બાહુબલીનો જ વિજય થયો.

બાહુબલી યુદ્ધની ખાતર યુદ્ધ કરતો હતોઃ યુદ્ધ જ્યારે અનિવાર્ય કર્તવ્ય બને ત્યારે ક્ષત્રીય સંતાને સામે ચાલીને એનો ભેટો કરવો જોઈએ એ પ્રકારની કર્તવ્યબુદ્ધિથી લડતો હતો. યુદ્ધમાં પણ એ શાંત અને ઉલ્લાસયુક્ત દેખાતો.

ભરતમાં અભિમાન અને હુંપદ ભર્યાં હતાં. એક એક પરાજય એના અંતરમાં અસહ્ય સંતાપ પ્રકટાવતો હતો. નાના ભાઈના બળ તેમજ વિજયને માટે, વડીલ ભાઈને, ખરૂં જોતાં ખૂબ પ્રમોદ ઉપજવો જોઈએ. ચારે યુદ્ધમાં પરાભવ પામેલા ભરતે જો એ જ વખતે એમ કહ્યું હોત કે: 'ભાઈ, હું તારી પાસે ન્યાયની નજરે હારી ચૂકયો છું: આ ચક્રવર્તીનો મુકુટ ભલે તારા મસ્તકે રહ્યો. હું હવે નિવૃતિ લઉં છું. ખુશીથી, ચક્રવર્તીની સમૃદ્ધિ ભોગવ. મારો દાવો હું પાછો ખેંચી લઉં છું.' તો ભરત શકિતના એક સાચા ઉપાસક તરીકે પોતાની નામના અમર કરી જાત.

ભરતને એ ન સૂઝયું—ન સમજાયું. પરાજય પામતી વેળા, સામાન્ય માનવી જેમ પોતાની પ્રતિજ્ઞાનું ભાન ભૂલી જાય છે તેમ ભરત ન્યાયનું યુદ્ધ ભૂલ્યો: તેણે છેલ્લા મલ્લયુદ્ધમાં ચક્ર હાથમાં લીધું અને યાંત્રિક ગતિ આરોપી ચક્રને બાહુબલી તરફ વહેતું મૂકી દીધું.

ચક્રવર્તીનું ચક્ર એક અમોઘ અસ્ત્ર ગણાય છે. ધાર્યું સિદ્ધ કર્યાં વિના એ પાછું જ ન ફરે. ભરતે માન્યું કે આ ચક્રવડે હમણાં જ બાહુબલીનું શિર છેદાઈને પૃથ્વી ઉપર પડશે. મહારાજા ભરતનો એ છેલ્લો દાવ હતો, દેખીતી રીતે જ એ અન્યાય હતો.

બાહુબલીની શાંત નિર્મળ આંખમાં લોહીની લાલાશ

દેખાઇ. મોટા ભાઈ આવો અન્યાય ખેલશે એમ તેણે નહોતું કલ્પ્યું. જે પુરુષ અન્યાયનો આશ્રય ગ્રહણ કરી પૃથ્વીનો ભોક્તા થવા માગે છે, યુદ્ધનીતિને નેવે મૂકી પ્રપંચથી જ વિજય મેળવવા મથે છે તેને તો એક વાર બતાવી આપવું જોઇએ, એવો વિચાર કરી આવેગથી ધમધમતો બાહુબલી એ ચક્રની સામે દોડયો. ચક્રને એક હાથે પકડી એના ચૂરા કરી, ભરત ઉપર સીધો હુમલો લઈ જવાને તેણે પગ ઉપાડયો.

સૌની અજાયબી વચ્ચે, ચક્રવર્તીનું ચક્ર, બાહુબલીનો શિરચ્છેદ કરવાને બદલે, ત્રણ પ્રદક્ષિણા આપી ત્યાંથી પાછું ફર્યું. ભરત નાસીપાસી સાથે એ દ્રશ્ય જોઇ રહ્યો. એક જ ગોત્રમાં ચક્રની કારી નથી ફાવતી એ વાત તેને એ વખતે પહેલવહેલી સમજાઇ. બાહુબલી એક હાથ ઊંચો કરી, પોતાના ભાઇ તરફ ધસી જતો હતો તે પણ વધુ આગળ ન જતાં અધવચ્ચે જ થંભીને ઊભો થઇ રહ્યો.

ભરતના આવેશનો જવાબ વાળવા પોતે અધીરો થયો હતો અને પોતે પણ મોટા ભાઇની મર્યાદા પાળવાનું ભૂલી ગયો હતો એમ તેને અધવચ્ચે યાદ આવ્યું.

રાગ-દ્વેષાદિ પણ ઝેરી અને ચેપી જંતુ જેવાં હોય છે. એક જણ રાગદશામાં કે દ્વેષદશામાં સપડાય એટલે તેના સમોવડીયાને પણ થોડેઘણે અંશે એવી લાગણી થયા વિના ન રહે. ક્રોધ ક્રોધને જન્માવે છે, વેર વેરને જન્માવે છે એમ કહેવામાં એ જ હેતુ છે. ક્રોધની સામે સમતા અને વેરની સામે ક્ષમાની કિલ્લેબંધી બાંધનાર કોઇ વિરલ, કોઇ ભાગ્યશાળી જ હોય છે.

બાહુબલી, મોટા ભાઈનો આવેશ જોઇ પોતે આવેશના જવરથી ઘેરાયો હતો એ ભાન થતાં જ મુષ્ટિબદ્ધ હાથને અદ્ધર આકાશમાં જ રહેવા દઇ ઊભો રહી ગયો. તે વિચારવા લાગ્યો: 'મોટા ભાઈ ભલે મર્યાદા ભૂલ્યા; પણ જો હું એમની સામે એવો વહેવાર રાખું તો મારું પોતાપણું ક્યાં રહ્યું ?'

પોતે ભૂલ કરી હતી. હવે શું કરવું? આ ઉગામેલી મૂઠી શું પાછી વળશે? મારો કોઇ ઘા ખાલી નથી ગયો, નથી જતો, તો આ લાંછન શું મારે જિંદગીના અંત સુધી વેંઢારી લેવું? ભાઈના ભૂક્કા કરી નાખવા ઉગામેલી આ મૂઠી શું દરિદ્રના મનોરથની જેમ પાછી વળશે?'

બાહુબલીને, ઊંચે હાથે, એક ઠેકાણે થંભી ગયેલો જોઇ, ભરત તેની પાસે આવ્યો. અત્યારે બાહુબલીના વદન ઉપર કોઇ અનેરા દૈવીભાવ વિલસતા એણે જોયા. એના હૃદયનો આવેશ એક ક્ષણમાં ઊડી ગયો.

ક્ષણ પહેલાંનો બાહુબલી અત્યારે છેક બદલાઈ ગયો હતો. મોટા ભાઇને પ્રસન્ન રાખવા, તુચ્છ રાજ્યનો પોતે ભોગ ન આપી શકયો, અને વિશેષમાં લાખો સૈનિકોનો સંહાર કરાવ્યો તે બદલ તેને બહુ જ લાગી આવ્યું.

ભરતને સામે ઉભેલો નીહાળી બાહુબલી બોલી ઉઠ્યોઃ 'ભાઇ, આ રાજ્ય અને મારું સર્વસ્વ હવે આપને ભળે છેઃ હું તમારા માર્ગમાંથી–સંસારના સામાન્ય રાહમાંથી ખસી જાઉં છું.' એટલું કહેતામાં તો તેણે જે મુષ્ટિ અદ્ધર–હવામાં ઉગામી હતી તે જ મુષ્ટિવડે, પોતાના માથા ઉપરના વાળનો પંચમુષ્ટિ લોચ કર્યો અને સ્વયમેવ ચારિત્ર ગ્રહણ કર્યું.

ભરત એ દેખાવ જોઇ ગળગળો બન્યો. તેણે કહ્યુંઃ 'ભાઈ બાહુબલી, ખરી રીતે તમે જ આ યુદ્ધના વિજેતા છો. ચક્રવર્તી-પણું તમે જ શોભાવી શકશો. તમે કહેશો તો હું તમારી સાથે રહી તમને રાજકાજમાં સંપૂર્ણ સહાય કરીશ, પરંતુ આ ત્યાગનો માર્ગ લેવાનું હમણા મુલતવી રાખો.'

'ભાઇ ભરત,' બાહુબલીએ સ્નેહભીના સ્વર છેડયાઃ 'આપ વડીલ છો. આપની સિદ્ધિમાં કંટકરૂપે રહેવાની હવે મારી મુદ્દલ ઇચ્છા નથી. મને ત્યાગના માર્ગે સંચરવાની અનુમતિ આપો.'

બાહુબલી યુદ્ધના મેદાનમાંથી સીધા વૈરાગ્યના તપોવનમાં ચાલી નીકળ્યા. એમણે આત્મશુદ્ધિ અર્થે ઘોર તપશ્ચર્યા આદરી. મહારાજા ભરત આ વિજયને પરાજય જેવો માની બાહુબલીને સ્થાને એમના જ જયેષ્ઠ પુત્ર સોમયશાને સ્થાપી, પોતે રાજધાની તરફ પાછા વળ્યા.

એ વાતને એક વરસ વીતી ગયું. આ એક વરસમાં બાહુબલીએ જુદી જુદી જાતની એવી તો ઉગ્ર તપશ્ચર્યાઓ કરી કે એમનો વટવૃક્ષ જેવો કદાવર દેહ, હીમથી બળી ગયેલા ઠુંઠા જેવો બની ગયો. અતિ કઠોર તપે એમના દેહની કાંતિ અને શક્તિને પણ શોષી લીધી.

ધ્યાનાવસ્થામાં સ્થિત એવા એ બાહુબલીના દેહને વેલાઓ વીંટળાઇ જતા, એમના પગમાં દર્ભની શૂળો ઊગી નીકળતી અને દાઢી વિગેરેના કેશગુચ્છમાં પંખીઓ માળા પણ નાખતા. એટલું છતાં બાહુબલી પત્થરની પ્રતિમાની જેમ ધ્યાનમાં અડગ રહેતા.

બાહુબલીની તપશ્ચર્યાની કીર્તિકથા દૂર દૂરના પ્રદેશોમાં ફરી વળી. કામદેવ જેવી કાંતિવાળા પણ તપને લીધે માટીની મૂર્તિ જેવા લાગતા એ તપસ્વી પુરુષના દર્શને રોજ રોજ હજારો ભક્તોના જુથ જામવા લાગ્યા.

લોકો આશ્ચર્ય પામવા લાગ્યા. આટઆટલી ઘોર તપશ્ચર્યા કરવા છતાં, બાહુબલી જેવા પુરુષને હજી કેવળજ્ઞાન કાં નહીં વરતું હોય?

સામાન્ય માણસો શું સમજે કે દર્દનું મૂળ ક્યાં છે? કેટલાક કાંટા એવા હોય છે કે જે બહારથી ન દેખાય પણ ઊંડે ઊંડે ખુંચ્યા કરે. એને જેમ જેમ બહાર કાઢવા મથીએ તેમ તેમ તે ઊંડા ઉતરતા જાય. હાથમાં, પકડમાં આવવા છતાં બહાર ખેંચવામાં અસાધારણ ધૈર્ય અને જાગૃતિની જરૂર રહે.

સ્થૂલ આંખ ઘોર તપશ્ચર્યા જુવે છે અને જીભથી એના ગુણ ગાય છે. જ્ઞાનીજન એ જ આચરણા અંતરની આંખથી નીહાળે છે અને શૂળની જેમ ખુંચતો કંટક ક્યાં છે તે શોધી કાઢે છે. એ કંટક કાઢી નાખવાનો માર્ગ પણ બતાવે છે. કેવળજ્ઞાનીને ભવરોગના વૈદ્ય કહેવામાં આવે છે તેનો એ જ અર્થ છે.

ભગવાન શ્રી ઋષભદેવને જ્યારે પૂછવામાં આવ્યું, 'ભગવન, બાહુબલીની આટઆટલી ઘોર તપશ્ચર્યાનું પરિણામ કેમ કંઈ નથી દેખાતું ? એમને કેવળજ્ઞાન કાં નથી થતું ?'

ભવરોગના વૈદ્ય એવા ભગવાને જવાબ આપ્યો. 'બાહુબલી ખરેખર મહાતપસ્વી છે પણ હજી એના મનમાંથી જે મેલ જવો જોઈએ તે નથી ગયો. જે કાંટો નીકળી જવો જોઈએ તે નથી નીકળ્યો.'

'બાહુબલી જેવા તપસ્વીના મનમાં પણ હજી મેલ છે–હજી પણ કાંટો રહી જવા પામ્યો છે?' બાહુબલીની બે બહેનો–બ્રાહ્મી અને સુંદરીને એ વાત સાંભળી બહુ આશ્ચર્ય થયું.

'બાહુબલીના અંતરમાં હજી અભિમાનનાં અવશેષ રહી ગયાં છે. એક તો એને એમ લાગે છે કે પોતે આવો સમર્થ હોવા છતાં એને ભરત મહારાજાની ભૂમિનો આશ્રય લેવો પડે છે અને બીજું પોતાના નાના ભાઈઓ જેઓ દીક્ષાની દ્રષ્ટિએ એમનાથી મોટા ગણાય તેમની પાસે જવામાં અને એમને વાંદવામાં બાહુબલીને માન નડે છે. આ બે અતિ નાના કંટક એમના દિલમાં ખટકી રહ્યા છે.' ભગવાન ઋષભદેવે બાહુબલીના દર્દનું નિદાન કર્યું.

'ભગવન્! એ કંટક કાઢવાનો કોઈ ઇલાજ સૂચવશો ?' બ્રાહ્મી અને સુંદરીનો બંધુપ્રેમ નિતર્યો.

'તમે બાહુબલીની પાસે જાઓ ત્યારે માત્ર આટલું જ કહેજો કે, 'વીરા, હાથીની અંબાડી ઉપર બેઠા છો ત્યાંથી જરા હેઠા

ઉતરો' એટલામાં એ બધું સમજી જશે." ભગવાને કંટક છેદવાની યુક્તિ બતાવી.

ભાઈનું સતત હિત ચિંતવતી બંને બેનો ત્યાંથી તત્કાળ બાહુબલી પાસે પહોંચી. બાહુબલી એ વખત ધ્યાનસ્થ હતા. બ્રાહ્મી અને સુંદરીએ બાહુબલીના ચરણને ઉદ્દેશી મસ્તક નમાવી, વીણામાંથી છૂટતા સ્વરો જેવા શબ્દોમાં કહ્યું 'વીરા! ગજથકી હેઠા ઉતરો !'

બાહુબલીએ એ સ્વર ઓળખ્યા. પોતાની બંને બેનો હાથી ઉપરથી હેઠે ઉતરવા વિનવતી હોય એમ એમને લાગ્યું.

પહેલાં તો આ બેનો શું કહે છે તે ન સમજાયું. પોતે એક પ્રખર તપસ્વી છે અને હાથી, ઘોડા, પાલખી સર્વ પ્રકારના વૈભવ તજીને વનવાસ સ્વીકાર્યો છે. આવી દીવા જેવી દેખીતી વાત પણ આ બેનો કાં નહીં સમજી શકતી હોય એવી શંકાથી બાહુબલીએ નયન ખોલી, બ્રાહ્મી તથા સુંદરી સામે સ્નેહભીની મીટી માંડી.

'બહુ થયું ભાઈ, હવે તો હાથીની અંબાડી ઉપરથી હેઠા ઉતરો !' પુનઃ એના એ જ સ્વર બાહુબલીના કાન સાથે અથડાયા.

તપોવનના રમતીયાળ વૃક્ષપત્રો પણ એ બેનોના સંગીતમાં સ્વર ઉમેરતા હોય તેમ 'હાથી–હાથી' અને 'ઉતરો–ઉતરો 'નો મધુર ગુંજારવ કરી રહ્યા. આસપાસના નિસ્તબ્ધ આકાશમાં એ જ શબ્દોના પડઘા બાહુબલીએ સાંભળ્યા.

હાથી એટલે ઉન્નત-ઊંચામાં ઊંચું આસન અને પોતે અભિમાનના ઊંચા આસન પર બેઠા હતા એ વાત સમજવામાં એમને બહુ વિલંબ ન લાગ્યો. ઘોર તપશ્ચર્યાની આગથી એમના ઘણાં આવરણ બળી ગયાં હતાં. માત્ર અભિમાનના અતિ ઉન્નત આસન આગળ એ અગ્નિ નહોતો પહોંચ્યો. પવનનો એક ઝપાટો લાગતાં જ્વાળા અધિક ઉગ્ર બની આગળ ધપે તેમ બેનોના શબ્દોએ આત્મશુદ્ધિની આગને સ્હેજ વધુ ગતિમાન બનાવી.

બાહુબલીનું અભિમાન એ જ વખતે ઓગળી ગયું. એમણે પોતાના નાના ભાઈઓને વાંદવા અને ભરતેશ્વરને ખમાવવા જેવો એક પગ ઉપાડ્યો કે તરત જ દેવદુંદુભીના ધ્વનિથી આખુંયે આકાશ રણઝણી ઉઠ્યું. બાહુબલી અભિમાનના હાથી ઉપરથી નીચે ઉતર્યા અને એ જ ક્ષણે કેવળજ્ઞાનના ઝળહળતા પ્રકાશથી એમની મુખમુદ્રા જાણે સહસ્રસૂર્યની પ્રભા સાથે સ્પર્ધા કરતી હોય તેમ દીપી નીકળી.

# બે ચાંડાલ કુમાર

૬૭–૭ પૂર્વભવની પ્રીતિ બે બાળકનું રૂપ ધરી આવી હોય એવા આ બે ભાઈઓ વચ્ચે અટૂટ પ્રેમ હતો–સુમેળ પણ હતો. એક વીણાસ્વરૂપ હતો તો બીજો વીણાના સ્વરસ્વરૂપ હતો. એક પોતાની કરાંગુલીવતી મૂંગી વીણાને વાચા આપતો તો બીજો અંતરની વેદનાઓને ભાષાના સ્વાંગ સજાવતો. એક જ આત્મા જાણે બે દેહમાં વાસો કરી રહ્યો હોય તેમ આ ભાઇઓ સાથે જ રહેતા–સાથે જ ફરતા; દુનિયાનાં સુખદુઃખ સમભાવે વહેંચી લેતા.

એ બે ભાઇઓ જ્યારે હસ્તિનાપુરમાં આવી ચડ્યા ત્યારે એમને કોઇ ઓળખતું નહોતું. શેરીએ શેરીએ આશ્રય માટે ભમ્યા ત્યારે એમની સામે નજર માંડવાની પણ કોઇને ફુરસદ ન હતી. પણ એ બે ભાઇઓએ જ્યારે બજારના ચોક વચ્ચે બેસી વીણાના તાર ઝણઝણાવ્યા અને સ્વરગંગા વહાવી ત્યારે જાણે કે કોઇએ હસ્તિનાપુર ઉપર જાદુ કર્યું હોય તેમ લોકજિહ્વા ઉપર આ બે ભાઇઓનાં નામ રમી રહ્યાં. જેમને કોઇ ઓળખતું નહોતું, જેમને માથું મૂકવાને કોઈ આશ્રયસ્થાન નહોતું તેમને સમસ્ત હસ્તિનાપુરનિવાસીઓએ સ્નેહથી નવરાવી નાખ્યા.

બે ભાઈઓમાં એકનું નામ ચિત્ર અને બીજાનું નામ સંભૂતિ હતું. હસ્તિનાપુરમાં આજ સુધી ઘણા ગાયકો આવી ગયા હતા, પણ ચિત્ર અને સંભૂતિએ સંગીતની જે અપાર્થિવતા સારાયે હસ્તિનાપુરના આકાશમાં પાથરી દીધી હતી તે તો અતુલનીય

અને અદ્વિતીય હતી. ચિત્ર અને સંભૂતિએ, માનવહૃદયના ગૂઢ ભાવોને એવી અજબ રીતે વ્યક્ત કર્યા–સાવ સાદી રીતે એવી મીઠી વેદના જગાવી કે અંતઃપુરની અંદર બંદિવાન બની બેઠેલી કુળવધૂઓ પણ અકળાઈ ઉઠી. બાળકોને રોતાં મૂકી, આ ચોકમાં આવી ચિત્ર અને સંભૂતિનું સંગીત સાંભળવા બેસી ગઈ. પુરુષો, જેમને ધંધારોજગારમાંથી ઊંચું માથું કરવાની ફુરસદ નહોતી તેઓ પણ દુકાનનાં બારણાં વાસ્યા વિના અહીં આવી પહોંચ્યાં. કુતુહળી જુવાનો તો જાણે કોઈ મદારીએ સાપને મંત્રબળથી બાંધી રાખ્યો હોય તેમ મુગ્ધભાવે આવીને આ સંગીતસભામાં બેસી ગયા. સ્ત્રી–પુરુષના ભેદ ભૂલાઈ જવાયા–કાળ પણ ઘડીભર થંભી ગયો. ચિત્ર અને સંભૂતિની સ્વરલહરીમાં જાણે મંત્રવિદ્યા ભરી ન હોય !

જનસમુદાયે ચિત્ર અને સંભૂતિને ખૂબ ખૂબ સન્માન્યા. એમની ગીતકળાના પ્યાલા હસ્તિનાપુરે ધરાઈ–ધરાઈને પીધા. હસ્તિનાપુરના મહારાજાને પણ ઘડીભર ઇર્ષ્યા આવે એવી આ બે ભાઈઓએ જનહૃદયમાં પોતાની પ્રતિષ્ઠા જમાવી. સંગીતની માધુરી સાથે એમના સ્વભાવની મધુરતાએ જનહૃદયમાં ઊંડી છાપ આંકી.

જનસમુદાયનો પ્રેમ દરિયાની લ્હેર જેવો હોય છે: એમની પ્રીતિ અને શ્રદ્ધા નિરંતર ભરતી અને ઓટ અનુભવે છે. એક વાર માનવમેદની જેના પગ પખાળે છે તેને જ પાછો પોતાની અંદર ગુંગળાવી મારે છે અને વિસ્મૃતિમાં ડૂબાડી, કિનારાની એક બાજુએ ફેંકી દે છે.

બે ચાર દિવસ બાદ હસ્તિનાપુરના નાગરિકો જ્યારે જાણવા પામ્યા કે તેમણે સ્નેહથી અભિષેકેલા બે કુમારો કોઈ કુલીન વંશના નહિ, પણ એક ચાંડાલના પુત્રો છે ત્યારે તેમણે ચિત્ર અને સંભૂતિને નગરમાંથી ધૂત્કારી કહાડ્યા. હસ્તિનાપુરની જનતા જાણે પોતાનાં પાપનું પ્રાયશ્ચિત કરતી હોય તેમ આ બન્ને ભાઈઓને માથે સીતમનો

ઝડી વરસાવી. ચાંડાલને ઘેરે જન્મવું એ તે જમાનામાં એક અક્ષમ્ય અપરાધ મનાતો.

ચિત્ર અને સંભૂતિ ભલેને સ્વભાવે સુશીલ અને મધુર હોય, પણ એમણે ચાંડાલના કુળમાં જન્મ શા સારૂ લીધો ? ભલેને એ બે ભાઇઓને સ્વરની દેવી વરી હોય, પણ એથી એમના કુળનું કલંક થોડું જ ધોવાય ? નીચ કુળમાં જન્મેલા કુમારો સ્નેહ, શ્રદ્ધા કે સ્વમાનના અધિકારી હોઈ જ કેમ શકે ? એમને માણસ તરીકે માનવા પણ એ યુગ તૈયાર ન હતો. ચિત્ર અને સંભૂતિએ ચાંડાલ કુળમાં જન્મવાની ભૂલ ન કરી હોત—કોઇ ક્ષત્રીય કે બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હોત તો એક ચક્રવર્તી કરતાં પણ સદાને માટે અધિક સ્નેહ-શ્રદ્ધાને યોગ્ય ગણાઇ જાત. એ ભૂલ એવી હતી—નહિ, નહિ, અપરાધ એવો હતો કે જે કોઇ કુલિન માફ કરી શકે નહિ—માફ કરવાની એમને સત્તા જ ન હતી.

ચિત્ર અને સંભૂતિને હસ્તિનાપુરમાંથી ધૂત્કારી કાઢવામાં સૌથી આગળ પડતો ભાગ નમુચીએ લીધો. નમુચીએ એ રહસ્ય ન ખોલ્યું હોત તો થોડા દિવસ પછી ચિત્ર અને સંભુતિ, જેવા આવ્યા તેવા જ પાછા ચાલ્યા જાત—એમને શિરે આવાં દુઃખનાં ઝાડ ન ઊગત. કોઇને શંકા સરખી પણ ન થાત કે આવા ઊગતાં ફૂલ જેવા કુમારો ચાંડાલ કુળમાં અવતર્યા હશે.

નમુચીએ શા માટે રહસ્ય ખોલ્યું ? નમુચી પોતે હસ્તિનાપુરના મહારાજાનો મહામંત્રી હતો. એને આ બે નિર્દોષ કુમારો ઉપર એવું કેવુંક વેર હતું ?

કુલીન કુળમાં પણ ચાંડાલ પાકે છે તેનો નમૂનો આ નમુચી પોતે હતો. એ બુદ્ધિમાન હતો, કુળવાન હતો પણ ઘણા જ શિથિલ ચારિત્રવાળો માણસ હતો. એક વખત તે કાશીના મહારાજાનો વિશ્વાસપાત્ર હતો પણ એનાં કાળાં કામાં પ્રકટ થતાં જ મહારાજાએ એને જલ્લાદના હાથમાં સોંપી દીધેલો. જલ્લાદનું હૃદય ગળ્યું અને નમુચી-

ને પોતાને ઘેર છાની રીતે કેટલાય દિવસ સુધી છૂપાવી રાખ્યો. જે જલ્લાદે એને આશ્રય આપ્યો હતો તેને જ એણે છેહ દીધો. પછી તો દયાર્દ્ર જલ્લાદનો પણ કોપ એણે વહોરી લીધો. જલ્લાદે પોતાના બે પુત્રોને આજ્ઞા કરી કેઃ "દૂર અરણ્યમાં લઇ જઇને આ નમુચીનો શિરચ્છેદ કરી નાખો." પિતાની આજ્ઞા માની પુત્રો નમુચીને એકાંત અરણ્યમાં તો લઇ ગયા, પણ જે નમુચીએ પોતાને ભણાવ્યા છે, જે નમુચીએ વિદ્યાદાન આપ્યું છે તેનો વધ કરતાં એમનો હાથ ન ઉપડ્યો. બબ્બે વાર નમુચી જલ્લાદની છુરીમાંથી બચી ગયો. ફરી પોતાની બુદ્ધિના બળે હસ્તિનાપુરનો મંત્રી બન્યો. એ જ મંત્રી નમુચીએ આ બે ભાઇઓનો ભેદ ખુલ્લો કરી નાખ્યો. ચાંડાલ કુળમાં જન્મવા છતાં, જગત્ જેને ખાનદાની કહે છે તે આ બંને ભાઇઓના લોહીમાં ભળી હતી, તેથી જ તો પિતાએ જે નમુચીનો શિરચ્છેદ કરવાની આજ્ઞા આપી હતી તે નમુચીને જીવતો જવા દેવા અને પિતાની આજ્ઞાનો અનાદર કરવા બદલ પોતે પોતાની મેળે આ અજ્ઞાતવાસ સ્વીકાર્યો હતો. નમુચીની ખાતર જ એમણે માતપિતાની શીતળ છાંયા છોડી હતી. નમુચીને બચાવવા બદલ એમણે શહેર કે ગામડાની શેરીઓમાં ભટકવાનું-ભિક્ષાનાં ટૂકડા ઉપર નભવાનું રાજીખુશીથી સ્વીકાર્યું હતું. નમુચીમાં જો થોડો પણ ખાનદાનીનો અંશ હોત તો પોતાને જીવતદાન આપનાર બે ભાઇઓને સારૂ પોતાની ચામડીનાં જોડાં શીવડાવી આપતાં પણ એને આનંદ જ થાત. નમુચીની કુટીલતા જોયા પછી જો કોઈ પરશુરામ જન્મ્યો હોત તો આ કુલીન કહેવાતા કુળનો એક હજાર વાર વિનાશ કરવાનું ભયંકર વ્રત લેત.

અને જે કુલીન વંશજોએ, ચિત્ર અને સંભુતિને હડધૂત કરી હસ્તિનાપુરમાંથી ધકેલી કાઢ્યા તેમને વિશે પણ શું કહેવું? કુલિનતાના એમની આંખે એવા ઊંધાં પાટા બાંધી દીધા હતા કે બે અનાથ ભાઇઓ માટે મમતાનું કે સમતાનું એક ટીપું સરખું પણ

ન પડવા દીધું. ભલે, એ ચાંડાળ કુળમાં જન્મ્યા હોય, પણ એમણે સંગીતકળાને સાધવા જે તપ કર્યું હતું તે તપ અને તે કળાને અર્થે એમણે થોડું સન્માન જાળવ્યું હોત–નિરુપદ્રવપણે એમને હસ્તિનાપુરની હદ બહાર ચાલ્યા જવાનું કહ્યું હોત તો એમનાં કયાં ગામ કે ગરાસ લૂંટાઈ જાત ?

હસ્તિનાપૂરના સ્નેહવડે એક વાર સન્માન પામેલા અને પાછા હસ્તિનાપુરની લોકનિંદાથી ખરડાએલા બે ભાઈઓ હસ્તિનાપુરમાંથી નીકળી બહાર અરણ્ય તરફ ચાલી નીકળ્યા. કોઈ પણ વસતિમાં હવે આશ્રય મળી શકે એવો સંભવ ન હતો. આશ્રય મળે, વિદ્યાની કદર થાય તો પણ બેચાર દિવસે એમના કુળની વાત ખુલતાં આખી આલમનો કોપાગ્નિ વહોરી લેવો પડે એ વિષે હવે એમને મુદ્દલ સંશય ન રહ્યો. આવી સ્થિતિમાં કયાં જવું ? આશ્રય પણ કોણ આપે ? સમસ્ત વિશ્વ પ્રલયના ગાઢ અંધારા વચ્ચે જાણે લુપ્ત થઈ જતું હોય એમ એ ભાઈઓને લાગ્યું.

સુખ–શાંતિની બધી બારીઓ જ્યારે બંધ થતી દેખાય છે તે જ વખતે કલ્યાણનું એક અકલ્પિત મંગળદ્વાર ઉઘડતું હોય છે. ચિત્ર અને સંભૂતિએ એક સૂના સ્થાનમાં અકસ્માત માંગલ્ય મંદિર જેવા એક તપસ્વી મુનિને બેઠેલા જોયા. એ ભાઈઓના પગ તે તરફ વળ્યા. પ્રભાત ઉઘડતાં પહેલાં આકાશમાં જેવી રમણીય રંગછટા છવાય તેવી જ પ્રફુલ્લતા, મુનિના દર્શન થતાં, આ ભાઈઓની મુખમુદ્રા ઉપર રેલાઈ.

મુનિની પાસે પહોંચતાં, પોતે ચાંડાલના પુત્રો છે એવું સ્મરણ થયું અને પ્રફુલ્લતાનું સ્થાન દીનતાની મલિનતાએ પડાવી લીધું.

બે ભાઈઓ એકબીજા સામે ઘડીભર જોઈ રહ્યા. મુનિરાજે થોડે દૂરથી એ ભાઈઓના મનોભાવ વાંચ્યા. એમણે ઉચ્ચાર્યું.

‘ મહાનુભાવ, નિર્ભય રહો; અહીં અમારી પાસે રાજા કે

રંકના ભેદભાવ નથી. તમે ગમે તે હો. અહીં આવવાનો, પૂછવાનો, ચર્ચા કરવાનો તમને દરેક અધિકાર છે.'

તપસ્વીઓ અને ધ્યાનીઓ તો વળી શુદ્ધિની વધુ ખેવના રાખે. ચાંડાલ કે શીકારીની હાજરી એમની તપસ્યા તથા ધ્યાન–ધારણાને પણ ધોઇ નાખે. એમની વાણી ભલે મીઠી લાગે પણ જો એમને જાણ થાય કે આપણે અસ્પૃશ્ય જાતિના અતિ નીચ કુળના સંતાન છીએ તો આ મીઠી વાણીની ઠંડી લાગતી ભસ્મમાંથી મહા દારૂણ કોપનો અગ્નિ ભભૂકી નીકળ્યા વિના ન રહે. આવી કંઇક મૂંઝવણને વ્યક્ત કરવા એક ભાઈ બોલ્યો:

'પણ કૃપાનાથ, અમે ચાંડાલના પુત્રો છીએ; અમે આપની પાસે શી રીતે આવી શકીએ ?'

'ચાંડાલ શું મનુષ્ય નથી ? કુલીન-જેવી જ માટીથી એ ઘડાયા નથી ? આખી દુનિયાથી અપમાનિત થયેલા, અમારી વધુ નજીક આવવાના અધિકારી છે.' મુનિરાજે, એમની શાંતિને શોભે એવા અભયવચન ઉચ્ચાર્યાં.

સંકોચ અનુભવતા બે ભાઇઓ મુનિરાજ પાસે આવ્યા. એમને લાગ્યું કે આવો અભયવાણીવડે આશ્વાસન આપનાર, આ લોકના મનુષ્ય ન હોઇ શકે. આ લોકનો માનવી–આજની હવા અને આજના અન્નથી જીવતો માનવી, આજના ધોરણોથી શી રીતે ઊંચે જઇ શકે ? ખરેખર, આ મુનિ દેવતાના કોઇ સંઘમાંથી છૂટા પડી અહીં આવી બેસી ગયા હશે.

ચિત્ર અને સભૂતિએ પોતાની દુઃખભરી કથની મુનિરાજને સંભળાવી. વિશ્વમાત્રના મિત્ર એવા મુનિરાજે એ કથા પૂરેપૂરી સમવેદના સાથે સાંભળી લીધી. કુલીનતાની ભાવનાએ જે હાહાકાર વર્તાવ્યો હતો, એક જ માનવ-કુટુંબ વચ્ચે ભેદભાવના જે અંતરાયો ઊભા કર્યાં હતાં તેમાંનું કશું જ આ સંસારત્યાગીથી અજાણ્યું ન હતું.

એમણે એક કુશળ વૈદ્યની જેમ ચિત્ર અને સંભુતિના આત્માનો રોગ પારખ્યો. સંસારનાં અસંખ્ય દુઃખ-દર્દ અને ભવનાં બંધનોથી છૂટવાનો રાજમાર્ગ બતાવ્યો.

"સંસાર અને સંસારીઓના ઉપદ્રવ સહતાં, આત્માને ઉચ્ચ શ્રેણી ઉપર આરૂઢ કરવાનું સદ્ભાગ્ય કોઇ વિરલને જ સાંપડે છે. તમારા ભાગ્યે તમને એ અનુકૂળ તક મળી છે. અનંતકાળના હિસાબે આ દુઃખ અને આ ટૂંકું જીવન શી બિસાતમાં છે? વીરતાથી દુઃખ, કષ્ટ માત્રનો સામનો કરો, આફતને આમંત્રણ આપો અને એ રીતે સંસારના સુખ-દુઃખને પણ તમારા દાસાનુદાસ જેવા બનાવી દો."

ચિત્ર અને સંભૂતિને એ ઉપદેશ રૂચ્યો. દીક્ષાના દ્વારમાં થઇને એમણે પારલૌકિક કલ્યાણના ગર્ભાગારમાં પ્રવેશ કર્યો. મુનિપણાના અંગીકારે ચાંડાલપણાનો મેલ ધોઇ નાખ્યો. બે ભાઇઓએ જાણે ફરી એક વાર સદેહે પુનર્જન્મ લીધો હોય તેમ નિર્ભયપણે પૃથ્વી ઉપર વિચરવા માંડયું. રખેને કયાંઇ ક્રોધ, મોહ, માન કે માયાની કલુષિત હવા લાગી જાય એટલા સારૂ પ્રાયઃ વનની વૃક્ષછાયા નીચે કે ગિરિની ગુફાના આશ્રયે તેઓ રાતદિવસ નિર્ગમે છે. મહિને મહિને દિવસે એક વાર વસતિમાં આહારની આશાએ આવે છે. દેહના નિભાવ સિવાય, બાકીની બધી ફીકર તજી દીધી છે. અશુદ્ધિના દ્વાર આગળ નિગ્રહની મોટી મણ-મણની શિલાઓ ગોઠવી છે.

મુનિ સંભૂતિ માટે એક દુર્ભાગી દિવસ ઊગ્યો. સંયમમાં સહાય કરતી એક શિલા તે દિવસે અચાનક ઉખડી પડી. નાનું છિદ્ર મળતાં જ પાણીનો ધોધમાર પ્રવાહ જેમ બહાર નીકળી છૂટે તેમ સંભૂતિ મુનિનો વાસના-વેગ બંધનોને તોડી બહાર ધસી આવ્યો.

હસ્તિનાપુરમાં આવી ચડેલા મુનિ સંભૂતિને, *મહામંત્રી નમુચીએ માર્ગે જતાં ઓળખ્યાઃ સંભૂતિ-મુનિ મહિનાભરના ઉપવાસને અંતે આજે વિશુદ્ધ આહાર મેળવવા વસતિમાં આવ્યા હતા.

એમની દૃષ્ટિ ભૂમિ ઉપર સંચરતા નાના સરખા પ્રાણીને પણ દુઃખ ન ઉપજે એવી ભાવનાથી ધરતી ઉપર જ જડાયેલી હતી. એટલામાં નમુચીએ પાછળથી આવીને એમની ગરદન પકડીઃ

'તપસ્વીનો વેશ પહેરી લોકોને છેતરે છે? ચાલ્યો જા, અહીંથી.' એવાં આક્રોશના વચનો ઉચ્ચારી મુનિ સંભૂતિને એક સખત આંચકો માર્યો. સંભૂતિ મુનિ પડતાં પડતાં બચી ગયા.

શરીરથી બચવા છતાં એમનો આત્મા ઢગી પડ્યો. તપ અને ક્રોધને ઘણું જૂનું સગપણ છે. તપસ્વીઓની આંખમાંથી એકાએક પ્રગટતાં અગ્નિકુંડે કંઇ કંઇ અકસ્માતો અને ઉત્પાતો ઉપજાવ્યાં છે. તપસ્વીઓનાં એવાં પતનો જળપ્રલય કે ભૂમિકંપ કરતાં ઓછાં ભયંકર નથી.

સંભૂતિ મુનિ જો આ કસોટીની ક્ષણોમાં સહેજ સાવચેત રહ્યા હોત, વિરોધી પ્રત્યે પણ સમતા કે કરુણાનું અમી છાંટી શકયા હોત તો એમનો સ્વાભાવિક ક્રોધ થોડી વારે શમી જાત-પત્થરવાળી ભૂમિ ઉપર પડેલા તણખાની જેમ જ ઓલાઇ જાત. કોણ જાણે કેમ પણ તપસ્વી સંભૂતિ આ અપમાનનું ઝેર પચાવી શકયા નહિ. ઘાસમાંના તણખાની જેમ એમનો પ્રકોપ જોતજોતામાં સળગી ઊઠયો.

લાંબી તપસ્યાના પ્રતાપે એમણે જે છુપી શક્તિ મેળવી હતી તેનો તેમણે નમુચીની સામે પ્રયોગ કર્યો. અપમાનનું વેર લેવા એમણે નમુચી ઉપર તેજોલેશ્યા છોડી. નમુચી બળું બળું થઇ રહ્યો એટલું જ નહિ પણ સારા યે હસ્તિનાપુરમાં જાણે આગ લાગી હોય એવો સંક્ષોભ જાગ્યો. મહારાજાના મહેલમાં જેવા એ સમાચાર પહોંચ્યા કે તરત જ સનુત્કુમાર ચક્રી પોતે ત્યાં દોડી આવ્યા અને તેમણે તપસ્વીને બે હાથ જોડી વિનવ્યા.

એટલામાં ચિત્ર મુનિ પણ ત્યાં આવી પહોંચ્યા. એમણે

સંભૂતિ મુનિની ક્રોધજ્વાળા ઉપર શાંત સુધારસનું અમી સીંચ્યું. સૌને શાંત કર્યાં. નમુચી પણ, પછી તો, એ સૂરિજીના પગે પડ્યો અને પોતાના દુષ્કૃત્યની ક્ષમા યાચી.

એ રીતે બધું પતી ગયું. પણ તે દિવસ પછી સાધનામાર્ગથી સંભૂતિ મુનિ એવા પડ્યા કે ફરી માર્ગ ઉપર આવી શકયા નહિ. પતનને પણ પોતાની પરંપરા હોય છે. એટલા સારુ જ સાધકો નજીવા સ્ખલનથી પણ બહુ સંભાળી-સંભાળીને ચાલે છે. કોઈ પણ સ્ખલન નાનું નથી. સાધનાની સીઢી એ રીતે તો એટલી સુંવાળી છે કે એક વાર લપટ્યા પછી સરતો સરતો નીચે જ આવીને ઊભો રહે.

ચિત્ર મુનિએ સંભૂતિને ઘણી ઘણી રીતે સમજાવ્યાઃ 'પાપની આલોયણા કરી ફરી એક વાર નિર્મલ થઇ જાઓ.' પણ સિદ્ધિનું જેને ઘેન ચડયું છે એવા સંભૂતિ મુનિને એ સલાહ મામુલી લાગી.

વીણા અને વાણી જેવા આ બે બંધુઓની સંગતિ, એકમયતા ધીમે ધીમે ભુંસાતી ચાલી. મુનિઓના આચાર અને વ્રતનું પાલન તો બંને એક સરખી જ રીતે કરે છે, પણ બંનેની આંતરદૃષ્ટિ અલગ અલગ છે. બહારથી જોતાં, બંને એક જ પથના પથિક લાગે, પરંતુ એમની આખરી નેમ બદલાઇ ગઇ છે. એક લોકોત્તર સુખ પ્રાપ્તિની નેમથી સઘળાં વ્રતાચરણ કરે છે તો બીજો લૌકિક સુખની કામનાથી સંયમનાં કષ્ટ સહે છે.

છેલ્લે છેલ્લે, ગુલામોની જેમ દબાયેલી વાસનાઓએ સંભૂતિ મુનિ ઉપરનું વેર વાળ્યું. તે દિવસે, બીજા હજારો નાગરિકોની સાથે સનત્કુમાર ચક્રવર્તીની સૌથી અધિક સુંદર ગણાતી રાણી સુનંદા, એ મુનિની ઉગ્ર તપશ્ચર્યા અને સંયમની પ્રશંસા સાંભળી વંદન કરવા આવી હતી. સંભૂતિ મુનિનો સંયમનો કિલ્લો તે દિવસે ઘણુંઘણી ઉછ્યો અને જે પળે સુનંદાના, સુગંધથી બહેકતાં કાજળશ્યામ કેશકલાપનો સંભૂતિ મુનિના ચરણ સાથે સહેજ

સંસ્પર્શ થયો - તે પળે, જીવનને મથીમથીને જે કંઇ શુદ્ધિનો સંચય કર્યો હતો તે પણ ઓગળી ગયો. વાસનાનાં છુપા વહેણે એવો તો ધસારો કર્યો કે સંભૂતિ મુનિના પગ નીચેની ધરતી ખસી ગઇ. એ જ વખતે એમણે નિશ્ચય કર્યો કે ' મારાં તપનાં ફળરૂપે મને આ ભવમાં નહિ તો પરભવમાં પણ સુનંદા જેવી સ્ત્રી જ પ્રાપ્ત થજો.'

ચિત્ર મુનિએ એ વાત જાણી ત્યારે એમને બહુ બહુ સમજાવ્યા કે ' એક કાચની ખાતર, તપસ્યાનો મહામૂલો ભંડાર આમ ન લૂંટાવી દ્યો: તમે કેવા ઉચ્ચ આશયથી સંયમનો માર્ગ ગ્રહણ કર્યો હતો તેનું ફરી એક વાર સ્મરણ કરો-ફરી એક વાર આત્મશુદ્ધિ તરફ વળો.' પણ સંભૂતિ મુનિ ઉપર એ ઉપદેશની કંઇ અસર ન થઇ. એમણે જે નિશ્ચય કર્યો હતો તેમાં તેઓ કશો ફેરફાર કરી શકયા નહિ.

એ નિશ્ચયના પરિણામે સંભૂતિ મુનિ, બીજે ભવે કાંપિલ્યપુર નગરમાં બ્રહ્મદત્ત નામના બારમા ચક્રવર્તી થયા. ચિત્ર મુનિ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિ પામ્યા. એક જ આશયથી સંયમને શરણે ગએલા, એક જ ધ્યેય ધરાવતા બે ભાઇઓમાંના એક સંભૂતિ મુનિ, દુર્લભબોધિપણાને લીધે જુદા જ ચીલે ચઢી ગયા.

ચિત્ર મુનિ સુલભબોધિ હતા. સંભૂતિ દુર્લભબોધિ હતા. એક જ ગુરુનાં ઉપદેશ પામેલાં બે ભાઇઓમાંના એકે એ ઉપદેશનું જીવનપર્યંત પાલન કર્યું અને તેનું ફળ પણ મેળવ્યું. સંભૂતિ મુનિ છેવટ સુધી તેને અનુસરી શકયા નહિ. સામ્રાજ્ય અને સુંદરીનો મોહ એમને સંસારના વમળમાં ખેંચી ગયો.

# થોડાં જીવનચિત્રો

## (૧)

એક પૈસાપાત્ર ભાઈ હતા. સમાજસુધારાની વાતો ખૂબ છૂટથી કરી શકતા. સ્ત્રીઓ અને પુરૂષોના સમાન હક્ક તથા સ્વાતંત્ર્ય વિષે કાયદાની ભાષામાં ચર્ચા કરતા. એક વાર એક લાખ રૂપીયા સમાજશ્રેયને માટે વાપરવાનું વચન પણ આપી ચૂકયા હતા. સામાજિક ક્રાંતિ થવી જ જોઈએ એમ વારંવાર કહ્યા કરતા. ક્રાંતિનો વિરોધ કરનારાઓને તેઓ ગાળોથી નવાજ્યા વિના પણ રહી શકતા નહોતા.

પણ એકવાર બન્યું એવું કે પોતાના નજીકના એક સગાની દુઃખીયારી વિધવાને એવી સફાઈથી લૂંટી લીધી કે એની પાસે એક પાઈ પણ રહેવા ન પામી. એ રોતી, કકળતી ધા નાખતી આવી પરંતુ એમનું હૃદય ન પીગળ્યું.

અને જ્યારે સમાજમાં સુધારો કરી બતાવવાનો વખત આવ્યો ત્યારે ઘરના ખૂણામાં એવા તો સંતાઈ ગયા કે ગોતવા છતાં બહાર ન દેખાયા.

જે એક લાખ રૂપીયાનું વચન આપ્યું હતું તેમાંથી એક કોડી પણ ખરચી શકયા નહિ. લોકોએ એમની સાથે બેસવું-ઉઠવું-વાતચીત બધું માંડી વાળ્યું. લોકોએ એમનો સાથ છોડી દીધો.

રસ્તેથી હું એક દિવસે જતો હતો ત્યારે મને એમણે સાદ કરીને બોલવ્યો: " પાંચ મિનિટ આવી જાઓ. ! "

પણ એમની ખાતર પાંચ મિનિટ ખરચી નાખવાની મારી

હિમ્મત ન ચાલી. તેઓ ધનવાન હતા, વયોવૃદ્ધ હતા, પંડિતાઈનો દેખાવ પણ કરી શકતા હતા; પણ બીમાર હોવાથી જેમ પોતાના ધનનો પોતાને માટે ઉપયોગ કરી શકયા નહિ તેમ લોકોપકાર પણ સાધી શકયા નહિ. ધનિક હોવા છતાં એક ભીખારી જેટલી પણ એમની આબરૂ ન હતી.

મોહ, છેતરપીંડી અને બીકને લીધે એમણે પોતાનું આખું જીવનચિત્ર કાળું મશ જેવું કરી વાળ્યું.

વાતો ઓછી કરી હોત, કામ કંઇકે કરી બતાવ્યું હોત, પોતાના સિદ્ધાંત ઉપર દૃઢ રહ્યા હોત, લાખ રૂપીયા ખરચવાની દંભી જાહેરાત કરવાને બદલે પાંચ પૈસા સાફ દિલથી ખરચ્યા હોત અને પોતાની નબળાઇનો એકરાર કરીને એ નબળાઈ ધોઈ નાખવાની તત્પરતા રાખી હોત તો એમનું જીવનચિત્ર આટલું બેહુંદું ન બનત.

( ૨ )

એક બાઇ હતી. કામ પણ ઘણું કરતી. પરંતુ એનામાં બે ખામી હતી ( ૧ ) થોડું પણ કોઇનું કામ કર્યું હોય તો પાંચ–પચીશ વાર પોતાની જીભે કહી ન બતાવે ત્યાંસુધી એને ચેન ન પડે અને ( ૨ ) પોતાના કરતાં વધુ સુખી કોઇ બીજાને જોઇ શકતી નહિ. એટલે સુધી કે કોઇ પતિ પોતાની પત્નીને સ્નેહથી સંબોધી, માંદગીમાં સારી સેવા–ચાકરી કરે તો પણ એનું નાકનું ટેરવું ચડી જાય.

નિંદા કરવાની એની ટેવને લીધે, ઘણું કામ કરવા છતાં, કામના બદલામાં એને અપજશ અને ખાસડાં જ મળતાં. એ બાઇનાં માબાપ પણ એનાથી થાકી ગયાં. એને જીવતાં જ ન આવડયું. જીવવાની કળાથી એ બેનસીબ રહી તેથી એનું જીવન જેવું જોઇએ તેવું ચમકી શકયું નહિ.

( ૩ )

એક ભાઈ શેઠને ત્યાં મુનિમની નોકરી કરતા. પોતાના કામમાં ખૂબ હોંશિયાર હતા. જેને ચોરી કહી શકાય એવી ચોરી નહોતા કરતા, પણ પ્રામાણિકતા કે સંયમને લીધે એમનું વર્તન શુદ્ધ રહ્યું હતું એમ નહિ, પકડાઇ જવાની બીકે અથવા તો નોકરી-માંથી ગડગડીયું મળશે એવી બીકે તે બહુ સાવચેત રહેતા. અસં-યમને તે જીતી શકયા નહોતા.

પોતાના ઘર માટે શાક-પાન બજારમાંથી લઇ આવે તો શેઠજીના ખાતે લખી નાખે. કોઇ ચીજ વસ્તુની જરૂર જણાય તો શેઠને કહ્યા વિના ઉપાડી જાય અને પછી જ્યારે તેની જરૂર પડે અને ગોતાગોત થાય ત્યારે મુનિમજી મૌન રહે અને છતાં એમની પાસેથી એ વસ્તુ મળી આવે તો કહે: "કોણ જાણે એ શી રીતે મારી પાસે આવી?"

મહેમાન માટે શેઠને ઘેર જે ચીજો આવી હોય તે પોતાના મિત્રોને છૂટથી ખવરાવી દે. શેઠ હાજર ન હોય અને કોઈ મળવા આવ્યું હોય તો પોતે જ શેઠ છે એવો ડોળ કરવામાં જરાય કચાશ ન રાખે. આવો ડોળ-દમામ રાખવાથી એમને થોડો પોરસ રહેતો અને રૂપીયા-આઠ આનાનો ફાયદો પણ થઈ જતો.

આવા નજીવા લાભની ખાતર એમને ઘણી ચાલાકી કરવી પડતી, છતાં શેઠનીં નજરે તો એમની કિંમત પૂરેપૂરી અંકાઇ ગઇ. એમનો પગારવધારો અટકી પડયો: ભેટ-સોગાદો મળતી તે પણ બંધ થઇ ગઇ. એકંદરે ઘણું માન ઘટી ગયું.

આવું બધું અનુભવવા છતાં એમને સુધારતા ન આવડયું-જુઠાણાથી અને છેતરપીંડીથી પોતાનું ગાડું ધપાવવા માંડયું. આખરે એમની બધી આબરૂ ધૂળભેગી મળી ગઇ. પૈ-પૈસો લૂંટવા જતાં આનો-રૂપીયો પણ ખોઇ બેઠા. આખરે એમને રૂખસદ મળી. અણસમજથી એમણે પોતાનું જીવનચિત્ર બરબાદ કરી વાળ્યું.

(૪)

એક ભાઇ હતા. જગતની સેવા કરવા માટે એમણે પોતાનું સર્વસ્વનું બલિદાન દઇ દીધું હતું. દુઃખો પણ ઘણાં વેઠયાં હતાં. એક દિવસ એવો પણ હતો કે જ્યારે તેઓ દેવની જેમ પૂજાતા.

પણ અહંકાર, અવિશ્વાસ અને અનૈતિકતાએ એમને પછાડયા. લોકોમાં આંખના પાટા જેવા અપ્રિય બની ગયા. થોડી વિચાર-શક્તિ વાપરીને, એમણે ધાર્યું હોત તો, પોતાના જીવનચિત્રને ઊજળા રંગોથી ભરી દઇ શકત. પણ એ એમને ન સૂઝયું. આવેશ-માં ને આવેશમાં ચિત્રમાં ઠેકઠેકાણે લપેડા કરી નાંખ્યાં.

પહેલાનાં પુણ્ય માટે એમને પશ્ચાત્તાપ થવા માંડયો. જગતની ખાતર ભીખારી બનવા છતાં, જગતની દ્રષ્ટિએ એ પતિત જેવા જ બની રહ્યા. પોતાનું જીવન બરબાદ કર્યું: પોતે ડુબ્યા અને બીજાને પણ ડુબાડ્યા.

(૫)

એક વિધવા બાઈ હતી. ભણેલી અને સુંદર હતી, પણ યૌવનના વેગ સામે ન ટકી શકી. એક સુધારકે એને લગ્ન કરી વાળવાની સલાહ આપી. એ સલાહ વિધવાને ન રૂચી. સુધારકને ગાળો ભાંડવા લાગી.

દિવસ જતા એ આડે માર્ગે ઉતરી પડી, કોઇની સલાહ ન સાંભળી. હિતશિખામણ કહે તેને પણ એ તરછોડવા લાગી. ક્રમે-ક્રમે એ સગર્ભા બની. પુરુષ તો એનાથી કંટાળી ગયો હતો અને બંધન જેવું કંઇ નહોતું, તેથી તે પેલી વિધવાને રઝળાવીને નાસી ગયો. અંતે એ વિધવાને આત્મહત્યા કરવી પડી. બ્રહ્મચર્ય પાળી શકી હોત અથવા લગ્ન કરી વાળ્યું હોત તો જીવનચિત્ર આટલું બધું ન બગડત.

(૬)

એક નવવધૂ હતી. સાસુ–સસરાનું અપાર વાત્સલ્ય એની

ઉપર વરસતું, છતાં અભિમાની એવી કે ઘરનાં નોકર-ચાકર બધાં મને જ ઘરની મોટી શેઠાણી માને-સમજે એવી ઉત્કંઠા એને રહ્યા કરતી.

સાસુ આળસુ નહોતી. ઘરનાં ઘણાંખરાં કામકાજ પોતે જ પતાવી નાખતી. વહુને માટે થોડું નાનું કામ રાખી મૂકતી. પરંતુ વહુને એટલું કામ પણ આકરું લાગતું. સાસુજી અડધાં કામ ન ઉકેલે ત્યાં સુધી એકે કામને હાથ ન અડાડે. વહુનાં અધૂરાં કામ-કાજ સાસુ પૂરાં કરી વાળતી. છતાં વહુને, રખેને હું નોકરડી જેવી છું એમ કોઇ માની લેશે એવી દહેશત રહેતી.

કામ ન કરે એ જ ખરી શેઠાણી એવું ભુંસું એના ભેજામાં ભરાઈ ગયું હતું. એટલે એ ઘરમાં એનાથી સુખ-સંતોષથી રહી શકાયું નહિ. પતિ પાસે પણ એવી વધારી-વધારીને વાતો કરે કે જાણે કે આ ઘરમાં પગલે-પગલે એનું અપમાન થતું હોય એમ એને લાગે. પતિ પણ જીવનકળાથી અજાણ્યો હતો.

વહુ પોતાને પિયર ચાલી ગઇ, અને પોતાના પતિને પણ પાછળથી બોલાવી લીધો. વહુની આવી રીતભાતથી સાસુ-સસરા કંટાળી ગયા હતાં. એમણે પોતાની મીલ્કત પોતાના કોઇ સગાને સોંપી અને થોડીઘણી રોકડ રકમ લઇને તીર્થયાત્રા કરવા નીકળી પડયા.

પાછળથી વહુને ગરીબાઇને લીધે ઘણાં દુઃખ, અપમાન, કલહકંકાસ વેઠવાં પડયાં. સાસુ સસરાના ફરી વાર દર્શન કરી શકી નહિ. જીવન નરકાગાર જેવું બની ગયું. આખું કૌટુંબિક ચિત્ર બગડી ગયું.

( ૭ )

એક અનાથ બાળકને, એક સદ્‌ગૃહસ્થે પાળી-પોષી, ઉછેરીને મોટો કર્યો હતો. તે ઘણો જ પ્રામાણિક, ઉદ્યોગી અને વિનયી હતો. કોઇ પણ કામ ચીંધો તો એ તરત જ કર્યા વિના ન રહે. બહાનું કાઢીને બેસી રહેવાની એને મુદ્દલ ટેવ

નહોતી. વગરપૂછયે એક પાઇ પણ ન લે અને ભૂલેચૂકે કંઈ દોષ થઇ જાય તો એટલો બધો પશ્ચાત્તાપ થાય કે એના મોં ઉપર આંસુની ધાર વહ્યા જ કરે. કોઇ કામ પોતાનાથી ન થાય એવી ખોટી શરમ પણ એને નહોતી.

એ સદ્‌ગૃહસ્થને ત્યાં કોઇ અજાણ્યા ભાઈ આવી ચડે તો એમને એમ જ લાગે કે શેઠના આ પુત્ર હશે. પણ જો કોઇ આ અનાથ બાળકને પૂછે કે તમે કોણ છો તો તે પોતાને અનાથ તરીકે જ ઓળખાવે અને શેઠની મહેરબાનીથી જ પોતે આવી સારી સ્થિતિએ પહોંચ્યો છે એવું કબૂલવામાં એને સંકોચ ન થાય.

શેઠ–શેઠાણીને એ પોતાના માબાપ સમજતો. એમને રાજા–રાણી સમજીને એમનાથી હમેશાં ડરતો રહેતો. દેવ-દેવી માનીને એમની પાસે પોતાના અપરાધ કબૂલતો. અભિમાન અને અહંકારનો તો એનામાં છાંટો પણ નહોતો. કોઇ પણ પ્રકારની સેવા–ચાકરી ઉઠાવવા તે તૈયાર રહેતો. વિદ્યાર્થીની જેમ નવી વાત શીખવા ઉમંગ ધરાવતો.

આવા સદ્‌ગુણોને લીધે એને વગરમાગ્યે જોઇએ તે કરતાં પણ વધુ મળી જતું.

કમનસીબે શેઠ-શેઠાણી ઇન્ફ્લ્યુએંઝામાં ગુજરી ગયાં. અનાથ બાળક એકલો પડી ગયો. હવે કયાં જવું ? શું કરવું ? બાળકની નજર આગળ અંધકાર વીંટાઈ વળ્યો. નોકરી કરવી–કયાં શોધવી એ એક મહામૂંઝવણ થઇ પડી.

શેઠ–શેઠાણીનાં સગાં–વહાલાંઓ શેઠની મીલ્કતનો કબજો લઇ આ છોકરાને કાઢી મૂકવાની પેરવીમાં હતા. એટલામાં એક વકીલ આવ્યો. એણે સ્વર્ગસ્થ શેઠનું વસીયતનામું સૌને બતાવ્યું. એ વસી-યતનામા પ્રમાણે શેઠ-શેઠાણીએ પોતાની તમામ મીલ્કત આ બાળકને નામે ચડાવી દીધી હતી. અનાથ બાળકને જીતતાં આવડતું હતું. કુદરતે એની કળાનો એને પૂરેપૂરો બદલો વાળી આપ્યો.

× × ×

( ૮ )

એક શ્રીમંત દંપતી (પતિપત્ની) ઉતરતી અવસ્થાએ, પોતાના બે મુનિમોને બધો કારભાર સોંપી બદરિકાશ્રમમાં જઇને રહ્યાં. બન્ને મુનિમોએ વ્યવસ્થા બરાબર સંભાળી લીધી. થોડા દિવસ ગયા એટલે એક માણસ શેઠનો પત્ર લઇને આ મુનિમો પાસે આવ્યો. પત્રમાં શેઠજીએ પોતાના મૃત્યુ પહેલાં થોડીક સૂચનાઓ લખી રાખી હતી. એમાં એક કલમ એવી હતી કે મારી બધી સંપત્તિ હરદ્વારની અમુક કેળવણીની સંસ્થાને મારા મૃત્યુ બાદ સોંપી દેવી. વધુમાં એમણે એવી સૂચના પણ ઉમેરી હતી કે જો બન્ને મુનિમો સંભાળીને–સંપીને પ્રામાણિકપણે સ્થાવર મીલ્કતનો વહીવટ ચલાવી શકે તો તેમણે એમાંથી જે આવક થાય તે એ સંસ્થાને મોકલી આપવી. બાકી જે જંગમ માલ હોય તે તો બધો જ હરદ્વારની ઉપરોક્ત સંસ્થાના કુલપતિ પાસે રજૂ કરી દેવો.

એક મુનિમને પોતાના શેઠના અવસાન બદલ ઊંડો ખેદ થયો અને તેણે પોતાના માલિકની આજ્ઞા પ્રમાણે હરદ્વાર મોકલવા જેવી વસ્તુઓ એકઠી કરવા માંડી.

બીજા મુનિમે કહ્યું : તમે તો બેવકુફ છો ? માલેક ગુજરી ગયા છે તે હવે કંઈ પાછા આવવાના નથી. હરદ્વારની સંસ્થાને માલમીલ્કત સોંપી દેવી તેના કરતાં આપણે જ એ વહેંચી લઇએ તો કોઇ આપણને શું કરવાનું હતું ?

પ્રથમના મુનિમે તે દરખાસ્ત સામે વાંધો ઉઠાવ્યો, પણ બીજાએ તે ન ગણકાર્યો. એણે તો શેઠના મકાન ઉપર પોતાના નામનું પાટીયું પણ ચડાવી દીધુ. પોતે જ ધણીરણી બનીને બેસી ગયો. એને એમ જ થયું કે હવે આપણને કોણ પૂછનાર છે ?

થોડા દિવસ પછી, જ્યારે પોતાના શેઠ–શેઠાણી અમાવાસ્યાની એક રાત્રિએ પોતાની સામે જીવતા–જાગતા આવીને ઊભા રહ્યાં

ત્યારે આ બીજો મુનિમ તો બાઘા જેવો જ બની ગયો. પહેલો મુનીમ આનંદથી નાચી ઉઠ્યો.

બીજા મુનિમને એમ જ થયું કે આ શેઠ-શેઠાણી, ખરેખર ભૂત થઇને મને પજવવા જ આવ્યાં છે. એ ગાંડા જેવો થઇ ગયો. શેઠ એની ઉપર વિશ્વાસઘાતનો આરોપ મૂકી ફોજદારી મુકદમો ચલાવવાનો વિચાર કરતા હતા તે પહેલાં જ એનું ગાંડપણ એટલી હદે પહોંચ્યું કે એ પોતે જ કૂવામાં પડીને મરી ગયો.

શેઠે પોતાના બીજા મુનિમને, પોતાની મીલ્કતમાંથી અડધો ભાગ કાઢી આપ્યો.

પ્રમાણિકતાએ એકના જીવનમાં સોનેરી રંગ ભરી દીધો, બીજાનું જીવન કાળું મેંશ જેવું બની ગયું.

× × ×

( ૯ )

એક હતી વેશ્યા. એની પાસે સૌંદર્ય હતું, યૌવન હતું અને વૈભવ પણ હતો. એના એક ઇસારા ઉપર ભલભલા યુવાનો નાચી ઉઠતા. એટલું છતાં એનાં દિલમાં સાચી શાંતિ નહોતી.

એ દુનિયાનો શીકાર કરતી, દુનિયા એનો શીકાર કરતી.

કંટાળીને એણે પોતાનો ધંધો મૂકી દીધો. સાદાઇથી રહેવાની શરૂઆત કરી. યાત્રિકોને માટે કૂવા, વાવ બંધાવવામાં અને પવિત્રપણે જીવન ગુજારનારી બાઇઓના ભરણપોષણમાં એણે પોતાની દોલતનો સદુપયોગ કરવા માંડ્યો.

ગરીબો તો પોતાની જરૂરીયાત પ્રમાણે એની પાસેથી મદદ મેળવતા, પણ સામાન્ય સ્થિતિના સ્ત્રી-પુરુષો જેઓ ખાનદાનીને લીધે હાથ લાંબો કરી શકતા નહિ-ખુલ્લી રીતે ભીખ માગી શકતા નહિ તેમને તે ઘેરબેઠાં ખાનગી મદદો પહોંચાડતી. અને એ વિષે એક હરફ સરખો પણ ન ઉચ્ચારતી.

એક વખતની આ વેશ્યાની કીર્તિ ઘેર ઘેર ફેલાઈ ગઈ. એનું

જીવન જે એક વાર ડામરના રંગ જેવું કાળું હતું તેની ઉપર પાકા સફેદાનો એવો પટ લાગી ગયો કે એનું કલંક પણ જીવનચિત્રના અંગભૂત બનીને એની શોભા વિસ્તારી રહ્યું.

બૌદ્ધ સાહિત્યમાં, અંબપાલી વેશ્યાનું જીવનચિત્ર પણ આવું જ મનોહર છે. બુદ્ધના ચરણમાં એણે પોતાની સમસ્ત સંપત્તિ ધરી દીધી હતી. એ રીતે પોતાનું જીવન એણે સફળ કર્યું અને અમરતા પણ મેળવી લીધી.

× × ×

મહર્ષિ સાત્યકિ વિધ્યાચળની તળેટીમાં એક આશ્રમ બાંધીને રહેતા હતા. આશ્રમ પાસે થઈને એક નદી વહેતી હતી. બાગ માટે થોડી જમીન હતી અને થોડી ગાયો પણ હતી. વિદ્યાર્થીઓ સાથે મહર્ષિ સુખ અને આનંદથી જીવન વીતાવતા હતા.

ખરી રીતે અહીં ગરીબી પાર વગરની હતી. કોઈ વાર એકલા ફળ–ફૂલ ખાઈને જ રહેવું પડતું. છતાં ગરીબીની સાથે પ્રસન્નતા પણ પારવગરની હતી. કોઈના દિલમાં ઉદ્વેગ કે સંતાપનો છાંટો સરખો પણ નહોતો. ખૂબ મજૂરી કરવી, સૌની સેવા કરવી અને વિનયથી રહેવું એ આશ્રમવાસીઓનો મૂળ મંત્ર હતો. જ્ઞાનોપાર્જન અને સંયમ સાધના એ એમનું જીવનધ્યેય હતું.

એક દિવસે બનારસનો રાજવી વિક્રમદેવ પોતાની રાણી અને નોકરો સાથે વનક્રીડા ખેલતો ખેલતો આ આશ્રમ પાસે આવી ચડ્યો અને મહર્ષિ સાત્યકિના આશ્રમમાં જ ઉતર્યો.

રાજાએ એક જ દિવસના અનુભવ ઉપરથી જોઈ લીધું કે આ લોકો બહુ જ ગરીબાઈથી રહે છે, છતાં ખુબીની વાત એ છે કે કોઈના ચહેરા ઉપર દીનતા કે પામરતાની એક નાની સરખી પણ રેખા નથી દેખાતી. ગરીબાઈ હોવા છતાં કોઈમાં યાચકતા નથી. ગરીબાઈ એ જ જાણે એમની અદ્દભુત સંપત્તિ હોય તેમ એમના દરેક વહેવારમાં ખુમારી દેખાઈ આવે છે.

એક વાર રાજાએ એક વિદ્યાર્થીને બોલાવીને થોડી મીઠાઇ આપવા માંડી. વિદ્યાર્થીએ નમ્રભાવે કહ્યું: "મારાથી ન લઇ શકાય. જે કંઇ આપવું હોય તે અમારા ગુરુદેવ અગર માતાજી પાસે ધરી દો." વિદ્યાર્થીના એકે એક શબ્દમાં આત્મગૌરવ ગુંજતું હતું. રાજાના આશ્ચર્યની સીમા જ ન રહી. એ વિચારવા લાગ્યો: "હું મને ભરપૂર માનું છું, પણ ખરું જોતાં હું જ અધૂરો છું. આ અધૂરા દેખાય છે છતાં આત્મગૌરવથી છલકાઈ રહ્યા છે. કોણ સુખી? હું કે આ?

બીજે દિવસે રાજાની સવારી ઉપડી. એકાદ પડાવ આગળ નીકળ્યા પછી રાજાને જાણ થઇ કે રાણીનો એક હાર આશ્રમની નદીના કિનારા ઉપર ભૂલથી રહી ગયો છે. એ હાર ઘણો મૂલ્યવાન હતો. સૌના મોં ઉપર વિષાદની છાયા ફરી વળી.

હાર શોધવા કોને મોકલવો? જેને મોકલીએ તે જ એનો ધણી બની જાય અને આવીને કહે કે હાર તો ન મળ્યો તો શું કરવું?

રાજા-રાણી પોતે જાતે સરંજામ સાથે પાછાં વળ્યાં. કોઇને ખબર ન પડે તેમ ચૂપચાપ હારની શોધ થવા લાગી. પણ હાર ન મળ્યો. આખરે રાજાએ મહર્ષિ પાસે હકીકત રજૂ કરી.

મહર્ષિ બોલ્યા: "આપની અહીં રહી ગએલી તમામ વસ્તુઓ, જુઓ, ત્યાં ઝુંપડીની અંદર પડી છે."

જઇને જોયું તો હાર તો હતો જ, સોનાના બીજા દાગીના પણ પડ્યા હતા. એક દાસી તાંબૂલ ભૂલી ગઇ હતી તે પણ પડયું હતું. એક નાળીયેર રહી ગએલું તે પણ એની અંદર સામેલ હતું. લવીંગ, એલાયચી અને સોપારીના નાના મોટા કટકા પણ હતા.

રાજાએ વિચાર કર્યો: "મારા એક નોકરના પગારમાંથી આખા આશ્રમનો નીભાવ થઇ શકે. પણ અમારી ભૂખનો અંત નથી અને આ અર્ધા ભૂખ્યા હોવા છતાં એમના જેવા તૃપ્ત અને સંતોષી બીજા કોઈ નહિ હોય. મારા રાજમહેલમાં હાર તો

ઠીક, પણ એકાદ કોડી ખોવાઈ ગઈ હોય તો પણ તેનો પત્તો ન લાગે. ખોવાયેલી ચીજ પાછી મળે જ નહિ. ખરેખર, દુનિયાને લૂંટવા છતાં, ઘર–કોઠાર ભરવા છતાં અમે ભૂખાળવાં જ રહી ગયા છીએ, જ્યારે આ લોકો ભૂખ્યા રહીને પણ સંતોષથી અને શોખથી રહી શકે છે."

રાજાએ મહર્ષિને વંદના કરીને કહ્યું: "ગુરુદેવ! મને રાજ્ય નથી ગમતું. મને આપના ચરણમાં દીક્ષા આપો. આશ્રમમાં મને માથું મૂકવા જેટલું સ્થાન મળશે તો ગનીમત છે."

મહર્ષિએ જવાબ આપ્યો: "તમે અહીં આવીને રહેશો, તો તમારી જગ્યાએ બીજો કોઈ રાજા જરૂર આવવાનો. રાજાનું સ્થાન ખાલી તો થોડું જ રહેવાનું? બીજો જે આવશે તે પણ તૃષ્ણાની આગમાં ભુંજાવાનો. એના કરતાં તમે રાજા રહો અને તૃષ્ણા રહિત રહીને, સંતુષ્ટ કેમ રહી શકાય એ પાઠ બીજાઓને શીખવો."

તે દિવસથી રાજાનું જીવન બદલાઈ ગયું. નોકરો ઉપર પણ એની સરસ છાપ પડી. સત્યુગના સોનેરી દિવસો ધરતી ઉપર ઉતર્યા એમ લોકો કહેવા લાગ્યા.

નિષ્પાપ જીવનની સુંદરતા જોઈને લોકોને પોતાનાં જીવન સમજવાની અને સુધારવાની તક મળે છે. પવિત્ર જીવનનું એ એક મોટામાં મોટું આકર્ષણ છે. આપણા જીવનમાં જો એ ન્યાય, સેવા અને સમભાવ પ્રવેશે તો બહોળા જનસમુદાય ઉપર તેની છાયા પથરાયા વિના ન રહે. સંતુષ્ટ, લોકસેવક ન્યાયનિષ્ઠ હમેશાં ઉદાસીન અથવા ખિન્ન રહે એવો નિયમ નથી. વસ્તુતઃ પ્રસન્નતાના મોજાં એમના અંતરમાં ઉછળતા હોય છે. એમના ત્યાગબળ અને તપોબળ અને આનંદમયતા ઉપર જનતા આફરીન બને છે અને તેમનું અનુકરણ કરવાને લલચાય છે. એ જેમ આત્મસાધના છે તેમ લોકસાધના પણ છે.

# સિદ્ધિ અને સાધના

## ( ૧ )

શ્રી જિનરાજદાસ લગભગ પંચાવનમું વર્ષ પસાર કરી રહ્યા હતા. મોટો પુત્ર રળતો કમાતો થયો હતો-પિતાના ટેકાની હવે એને જરૂર નહોતી. પુત્રી પણ હવે માતા બની ચૂકી હતી અને સાસરામાં સુખી હતી. જે બે ટપકાંને નજરમાં રાખીને જિનરાજદાસ પોતાના જીવનને ધપાવી રહ્યા હતા તે ટપકાં તો ક્યારનાંયે ક્યાંના ક્યાં ચાલ્યાં ગયાં હતાં એમ હવે એમને પોતાને જ દેખાવા લાગ્યું. નાનપણ ભણતરમાં અને પરીક્ષાઓમાં વીતાવ્યું, એ પછી પૈસો અને પ્રતિષ્ઠા કમાવામાં તથા કૌટુમ્બિક ઉપાધિઓમાં બાકીનું જીવન ગયું. આજે જ્યારે એમણે ગત જીવનનો તાળો મેળવવા માંડ્યો ત્યારે બધું શૂન્યમાં પરિણમ્યું હોય એમ લાગ્યું. જે જ્ઞાનનું અભિમાન હતું તે વસ્તુતઃ અજ્ઞાન હતું અને જે સ્રીને અવલંબન ગણ્યું હતું તે બંધનરૂપ હતી તેમ જે દ્રવ્ય તથા પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં હતાં તે બધું ખરૂં જોતાં અહંકારનું જ રૂપાંતર હતું એમ હવે એમને ક્રમે ક્રમે કળાવા લાગ્યું. આજ લગી સંસાર ઘર જેવો લાગ્યો, હવે એ જ ઘર પરદેશ જેવું દૂર અને પરાયું લાગવા માંડ્યું. સ્નેહ અને સગપણના સંબંધો પણ મૃગજળ જેવા મિથ્યા પ્રતીત થવા લાગ્યા. જાણે કે મૂળ ઘર બહુ દૂર રહી ગયું હોય અને હજી ઘણી લાંબી તેમજ વિકટ મુસાફરી પૂરી કરવાની હોય એવી ફિકર ઉપજી. જે વસ્તુ પ્રત્યે એક વાર અસાધારણ અનુરાગ હતો-અમાપ મમતા હતી તે જ વસ્તુઓ ઉપર સૂગ આવવા લાગી. પહેલાં તો ૫૦વર્ષનું

આયુષ ખૂબ લાંબું લાગતું હતું, પણ અનંત હવે સાગરમાં એ માત્ર એક ટીપું જ હોય એમ લાગવા માંડયું. જાણે કે સાગરનો એક કિનારો મૃત્યુથી બાંધેલો છે. પેલે પાર—મૃત્યુ બાદ શું હશે તેની તો કલ્પના જ આવી શકતી નહોતી. માત્ર બધું શૂન્યમાં જ મળી જવાનું હોય—આ જીવનને અંતે બધું વિલય પામી જવાનું હોય એમ પણ નહોતું લાગતું. મૃત્યુ પછી પણ કંઈક અપરિમેય, કંઈક અસીમ રહી જવાનું.

મતલબ કે જિનરાજદાસના મનમાં વિહ્વળતા જાગી છે. વિરાગનો ઘેરો રંગ ઘુંટાવા લાગ્યો છે. આરંભો ને સમારંભો એના મનને મૂંઝવી શકતા નથી. અવસર જોઈને આ ફંદામાંથી નાસી છૂટવાના ભાવ જાગ્યા છે.

પ્રથમ તો એણે પોતાનો ઇલકાબ સરકારને પાછો પાઠવી દીધો. વસ્ત્રોમાં સાદાઇ દાખલ કરી. ભોંય ઉપર પથારી કરવાનું અને અઠવાડીયામાં એક દિવસ મૌન રાખવાનું વ્રત લીધું. કોઇના ઉપદેશ કે સલાહની એને જરૂર નહોતી. મનની અંદર જેમ જેમ ઊગતું ગયું તેમ તેમ એણે પોતાના આચારવ્યવહાર પલટાવવા માંડ્યા. લોકોને લાગ્યું કે આ પણ એક પ્રકારનો બુદ્ધિવિલાસ છે.

જિનરાજદાસ પોતે પ્રભાવશાલી વ્યક્તિત્વ ધરાવતા હતા. વ્યવહારમાં પણ એટલા જ દક્ષ અને સફલ નીવડ્યા હતા. એમનો અચળ આત્મવિશ્વાસ જોઇ સૌ કોઇ આશ્ચર્ય પામતા. તેઓ જ્યારે કોઇ પણ કામ હાથમાં લેતા ત્યારે અદમ્ય ઉત્સાહથી મંડયા રહેતા—એનો છેલ્લો તાગ લીધે જ રહેતા. માર્ગમાં વિઘ્નો કે અડચણો આવે તો તેઓ મુદ્દલ દરકાર નહોતા કરતા. ગમે તેમ કરીને પણ માર્ગ કાઢતા. કોઇ કામ કંટાળીને કે નિરાશ બનીને મૂકી દીધું હોય અથવા તો કોઇની પાસે રોદડાં રડવા બેઠાં હોય એવું એમના જીવનમાં કદિ નથી બન્યું.

રહીરહીને હવે એમના દિલમાં એક કાંટો ભોંકાયો છે. જાણે

કે જીવનમાં ક્યાંઈક કાણું પડયું છે અને આકાશમાં નિ:શંકપણે વિહરતું વિમાન ધરતી ઉપર રખે પછડાય એવી બીક લાગી છે. સંસારની નજરે જે એક વાર નિઃશંક અને નિર્ભય લાગતા તેઓ આજે ઉદ્વિગ્ન અને સશંક છે. ભરવસ્તીમાં ભૂલા પડેલા માનવી જેવી એમની દશા થઇ છે. ખરી વાત તો એ છે કે એમને અંદરથી ભૂખ લાગી છે, જે ભૂખ વિલાસ, વૈભવથી પરિતૃપ્ત ન થાય એવી ઉંડી વ્યાકૂળતા જાગી છે. ફરી એક વાર બાળક બનવાનું એમને મન થઇ આવે છે. સંપત્તિ અને સુખ–સામગ્રી એમને માટીના રમકડા જેવી લાગે છે. બધું ફેંકી દેવાતું હોય તો ફેંકી દઇને પણ આત્માની ભૂખને સંતોષવાની વૃત્તિ પ્રકટી છે.

શ્રીવરદાસ જે જિનરાજદાસનો પુત્ર હતો તેને પોતાના પિતા સાથે એક વાર નીચે પ્રમાણે વાત થઇ :

" બેટા, હવે તું બધો કારભાર સંભાળી લે અને મને છૂટો કરી દે."

" ખુશીથી, બાપુજી. હવે હું મારી આજીવિકા ચલાવી શકું એટલી શક્તિ મારામાં આવી ગઇ છે. મારી મુદ્દલ ચિંતા આપ ન કરશો. આપને જે કંઈ દાનપુણ્ય કરવું હોય તે ખુશીથી કરી શકો છો."

" નહિ ભાઇ. દાનપુણ્યની વાત હું નથી કરતો. ધનથી કે દાનથી કોઇનો ભારે ઉપકાર કરી શકીએ એમ હું નથી માનતો."

" તો આપ આ બધું મારા માટે જ રહેવા દો છો ? "

" તારે નિમિત્તે જ સંઘરાયું છે અને તારૂં જ છે. દાન દેવાનો અધિકાર હવે તારો પોતાનો છે."

શ્રીવરદાસની માતા, પાછળ બેસીને સાંભળતી હતી. તે બોલી: " ત્યારે મારે તો ઓશીઆળું જ રહેવું, એમ ને ? દીકરો અને દીકરાની વહુ બટકું રોટલો આપે એની ઉપર જ મારે જીવવું, ખરૂં ને ? ઘર તો તમે દીકરાના નામ ઉપર કરી દીધું છે, અને દીકરો તો વહુને પૂછયા વિના પાણી પણ નથી પીતો. મારી સ્થિ-

તેને તમે કંઈ વિચાર કર્યો ?"

જિનરાજદાસે ગંભીરભાવે પૂછયું: "તારે શું જોઇએ છે? બોલ!"

પત્નીએ કહ્યું: "બધું બરદાસ થશે: વહુની ગુલામી આપણાથી નહિ થાય."

"પણ તારે શું જોઇએ છે એ કહે ને?"

"તમારી જ મરજી હોય કે મારે દીકરાની વહુના ઓશીઆળા રહેવું તો પછી મારે તો ઉપર આભ ને નીચે ધરતી જેવું થયું."

"પણ હજી તો હું જીવતો બેઠો છું ને?"

"જીવો છો તેથી શું થયું? ઘડપણમાં આ દશા થશે એવું નહોતી જાણતી."

"બોલ, તારે શું જોઇએ છે? મને સીધો જવાબ દે!"

"તમે જ જ્યારે વિફર્યા ત્યારે ધન–દોલતથી મારૂં શું વળવાનું હતું?"

સ્ત્રી–હઠ જોઇને જિનરાજદાસ ક્યાંઈ સુધી મૌન બેસી રહ્યા. થોડી વારે બોલ્યા: "જો, શુભા! મારી વાત બરાબર સાંભળી લે. હું આજ લગી મારા સ્વાર્થની ખાતર જ જીવ્યો છું–નહિ તારા માટે કે નહિ પુત્ર પરિવાર માટે. સ્વાર્થ મને વહાલો હતો તેથી જ તમે બધા મને વહાલા લાગ્યા. મેં તમારા કોઇના ઉપર ઉપકાર કર્યો છે એમ ન માનતા. ઉપકાર કર્યાનું અભિમાન કરૂં તો એ અભિમાન મને પાતાળમાં નીચે ઘસડી જાય! આજે પણ મારા સ્વાર્થની વાત જ કરી રહ્યો છું. આ સ્વાર્થ, પહેલાના સ્વાર્થ કરતાં વધુ ઘેરો અને વધુ સૂક્ષ્મ છે. તમને કોઇને અંધારામાં રાખવા હું નથી માગતો."

જિનરાજદાસે પોતાના મનોમંથન સંબંધી જે થોડો ઇસારો કર્યો તે જોઇને તો એમની સ્ત્રીએ પણ છેલ્લી આશા તજી દીધી. એને કહેવું પડયું કે—"ભલે શ્રીવરદાસ બધું સંભાળતો."

ધીમે ધીમે જિનરાજદાસને પૂછવાનું કે સલાહ લેવાનું પણ ઘરવાળાઓએ માંડી વાળ્યું. સ્નેહ–મમતાનાં આસપાસ વહેતાં ઝરણાં આપોઆપ સૂકાવા લાગ્યાં. લોકોને જિનરાજદાસના આવા સ્વભાવ માટે દયા આવે એ સ્વાભાવિક છે.

આ જ જિનરાજદાસ એક વખત પોતાને સર્વજ્ઞ સમજતા. કેટલીયે સાર્વજનિક સંસ્થાઓના એ પ્રમુખ હતા. એમના વ્યાખ્યાનમાં દીપી નીકળતી આત્મશ્રદ્ધા જોઈને પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની જતા. ધર્મ અને વ્યવહારની સમતુલા રાખવાની કરામત તો માત્ર જિનરાજદાસને જ વરી છે એમ લોકો મુક્તકંઠે એમની પ્રશંસા કરતા. આજે એ બધું બદલાઈ ગયું છે. સર્વજ્ઞતાનું સ્થાન જિજ્ઞાસાએ લીધું છે–પાંડિત્યના સ્થાને વિનય ને નમ્રતાએ અધિકાર સંભાળી લીધો છે. સાર્વજનિક સન્માન અને પ્રતિષ્ઠાને બદલે પ્રાયશ્ચિત્ત અને આત્મનિગ્રહ આવીને બેસી ગયા છે. પહેલાં તો તેઓ કેટલાય અમલદારો, પંડિતો, પુસ્તકો અને પ્રતિનિધિઓથી ઘેરાએલા રહેતા. આજે એમની આસપાસ નરી શૂન્યતા વિલસી રહી છે.

વૃદ્ધાવસ્થાનું આ સ્વાભાવિક પરિણામ હશે? ઘડપણમાં જે નબળાઈ આવે છે તેને લીધે સમર્થ પુરૂષોની પણ આવી દીન દશા થતી હશે? થાકને લીધે વૃદ્ધપુરૂષ વધુ ચિંતનશીલ–ભાવનાશીલ બનતા હશે? આત્મવિશ્વાસ ઉઠી જાય ત્યારે જ આત્મદમન અને ધર્મપરાયણતા છુપે પગલે આવીને જામી જતા હશે? કારણ ગમે તે હોય: પણ લગભગ પંચાવનમા વર્ષે જિનરાજદાસના જીવનમાં આ પલટો આવ્યો એટલું અમે જાણીએ છીએ.

( ૨ )

ઉપવાસ અને મૌનથી, ભૂમિશય્યા અને સાદી રહેણીકરેણીથી અંતરની ભૂખ ભાંગવાને બદલે અધિક ઉગ્ર બનવા લાગી. અંતરની પુનિત જ્વાળા અંતઃપ્રદેશમાં ચોતરફ ફરી વળી. પહેલાના આદર્શ અને મનોરથો એ જ્વાળામાં બળી ગયા અથવા તો એણે જૂદા જ

આકાર ધારણ કર્યો. આરંભમાં એમ માનેલું કે બાહ્યવૃત્તિને સંકોચી લેવાથી અથવા તો અંતર્મુખ કરવાથી શાંતિ મળી જશે, પણ એક વખતની ચીણગારી અનુકૂળ સંયોગો પામીને જાણે દાવાનળનું સ્વરૂપ ધારણ કરી રહી. એ દાવાનળ સર્વસ્વ બાળશે—સર્વસ્વની ભસ્મ બનાવશે ત્યારે જ વિરમશે એમ લાગવા માંડયું.

એટલે જ એક દિવસે જિનરાજદાસે પત્ની અને પુત્ર-પુત્રીને બોલાવીને કહી દીધું : "હવે મારાથી ઘરમાં નહિ રહી શકાય. મારે નીકળી જવું જ જોઇએ."

પિતાની શાંત, સ્થિર, ગંભીર છતાં તેજોદિપ્ત મુખમુદ્રા જોઇને ત્રણે જણ લેવાઇ ગયાં. પુત્રે જ હિમ્મત લાવીને પૂછયું: "કયાં જશો, પિતાજી?"

"કયાં જવું છે એનો નિર્ણય કરીને નીકળું તો પછી નીકળવાનો કંઇ અર્થ જ નથી રહેતો. કયાંથી કયાં જવાનો છું તેની મને પોતાને પણ ખબર નથી. જવું છે—જવું પડશે એટલું મને સ્પષ્ટ દેખાય છે."

એ નિશ્ચયને અફર માનીને પુત્રે વિનતી કરી: "જો કોઈ તીર્થસ્થાનમાં રહેવું હોય તો આશ્રમ કે કુટીર જેવું બંધાવી દઉં. નોકરનો પણ બંદોબસ્ત થઇ શકશે. આપની સર્વ પ્રકારની અનુકૂળતા સાચવવા, આપ કહો તેમ કરવા તૈયાર છું."

જિનરાજદાસ કહે: "તમે મને નહિ સમજી શકો. એમાં તમારો દોષ નથી. આશ્રમ કે નોકરનું લફરૂં તમે વળગાડવા માગો છો એમાં તમારી ભાવનાનો નહિ પણ સંસ્કારનો વાંક છે. જુઓ, મને બરાબર સમજી લો. મને તરસ લાગી છે—પાણીની શોધમાં નીકળવાનો છું. એ પાણીનું ટીપું મને કયાં મળશે તે ચોક્કસ નથી. તરસની એ વેદના તમારાથી નહિ સમજાય : પ્રાણ અંદરથી પાણી પાણી પોકારી રહ્યા છે."

પુત્રના ચહેરા ઉપર નિરાશા વ્યાપી. અને જે પત્નીએ ચાલીશ

જેટલા વરસ સાથે ગાળ્યા હતા તે પણ સ્વામીના મોં તરફ મુગ્ધભાવે જોઈ રહી.

બન્ને બાળકોએ એક જ અર્થની વાણી ઉચ્ચારી : "બાપુજી! આજ સુધી અમે તમને કેવળ ત્રાસ જ આપ્યો છે. આપની સેવા કરવાથી એનું પ્રાયશ્ચિત થતું હોય તો અમારે આપની સેવાથી ધન્ય થવું છે. અમને આપની સેવા કરવાની તક તો મળવી જોઈએ ને ?"

"તમારી વાત બરાબર છે." જિનરાજદાસે કહેવા માંડયું: "જેમ તમારે પિતા છે તેમ પિતાને માથે પણ એક પિતા બેઠો છે— જે સર્વનો પિતા છે. આજ સુધી એને ભૂલીને જ ઘરને વળગી રહ્યો હતો, મને એનું પ્રાયશ્ચિત્ત નહિ કરવા દો ?"

સંતાનોની અર્થશૂન્ય દ્રષ્ટિ જિનરાજદાસ કળી ગયા. પોતાની વાત એમનાથી નથી સમજી શકાતી તે પણ એમણે જોઈ લીધું.

"આજે તમને નહિ સમજાય. તમારી મુશ્કેલી હું કલ્પી શકું છું. શ્રીવર! બુદ્ધિના પ્રદેશની હું વાત નથી કહેતો. બુદ્ધિએ તો મારી પાસેથી વિદાયગીરી લીધી છે. હું જ એક દિવસે તમને વિજ્ઞાનની મહત્તા સમજાવતો. આજે પણ હું તમને એ જ વાત કહેવા–સમજાવવા મથું છું. પણ એ નહિ સમજાય. જ્યારે તમે સંસારને તમારૂં સર્વસ્વ અર્પવા ઇચ્છશો અને અર્પવા છતાં હજી ઘણું બાકી રહી ગયું છે એમ લાગશે તે દિવસે તમે મારી વાત સમજશો–તે દિવસે તમે પણ મારી જેમ જ બેચેન બનશો. એ વખતે ભગવાનનું શરણું તમને સમજાશે. મારા છેલ્લા દિવસો ભગવાનને સમર્પણ થઈ ચૂકયા છે. પણ જવા દો એ વાત !" જિનરાજદાસ વધુ વિવેચન કરવા માગતા હતા, છતાં શબ્દના અધિકારબહારની એ વાત હોવાથી એમણે પોતે જ વચ્ચેથી વાતનો દોર તોડી નાખ્યો. પિતાજીના મૌનની બન્ને બાળકો ઉપર ઊંડી છાપ પડી.

ઘણીવાર લગી નિસ્તબ્ધતા છવાયેલી રહી. આખરે જિનરાજદાસે જ કહ્યું : "હવે તમે જઈ શકો છો."

સંતાનો ગયા એટલે જિનરાજદાસે પોતાની પત્નીને સંબોધીને કહ્યું: "તમારે કંઈ કહેવું છે?"

પત્નીએ ગળગળા અવાજે માત્ર એટલું જ કહ્યું: "મારો પણ ત્યાગ કરી જશો?"

"છેવટ લગી સાથ આપ્યો ક્યાંઈ સાંભળ્યો છે? છેવટે તો સૌને એકલા જ જવું પડે છે."

"તમે ન હો તો પછી મારે આ ઘર કે મીલ્કત પણ શું કામની?"

"કામની નથી એ તો હું પણ જાણું છું. છતાં સંસારમાં પરિગ્રહ વિના થોડું જ ચાલે છે?"

"સંપત્તિના સ્વીકારમાં પણ મને તો મારી અવગણના દેખાય છે."

"અવગણના લાગતી હોય તો ખુશીથી તમે તેનો ત્યાગ કરી શકો છો." ઘડીક રહીને જિનદાસજીએ જ બહુ શાંતિપૂર્વક કહેવા માંડયું:

"તે દિવસે મીલ્કતની વાત તમે જ કાઢી હતી. મનની વાત વાણીમાં આવે તેમાં કંઈ ભૂલ થતી હોય એમ હું નથી માનતો. દુનીયાદારીના આટલા લાંબા અનુભવ પછી તમને ધનની નિરર્થકતા સમજાઇ? પણ એ ભાવના લાંબો સમય નહિ ટકે. આખર એકલો પોતાની સંભાળ રાખે તો બસ છે. તમારો પતિ પોતે જ્યારે તમને છોડીને ચાલ્યો જાય છે ત્યારે બીજાની તો શી વાત કરવી? અહીં કોણ કોનું છે? એ પૈસા પાસે હશે તો કોક વાર કામ આવશે. કુંચીઓ અને કાગળીયાં સંભાળીને રાખો. બધું નક્કી થઇ ગયું છે. આ ઘર મેં તમારા નામે ચડાવી દીધું છે."

પત્નીની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા. "મારે એમાંનું કંઈ નથી જોતું. તમને આ ઘડપણમાં શું સૂઝયું?"

"તમારે પૈસાની જરૂર ન હોય તો કંઇ નહિ. પાસે રાખી મૂકજો. સાંસારિક ફરજો પૂરી ચૂકવ્યા પછી જ મારાથી નીકળી

શકાય. તમને બાળીને-તમને રઝળતા મૂકીને જઉં તો ત્યાં પણ મને ચેન ન પડે. મારી મીલ્કતને તમે માત્ર દાન ન માનતા-હું પોતે જ છું એમ માનજો."

મતલબ કે સૌને સમજાવી-સૌની વિદાય લઇને જિનરાજદાસ સંસારમાંથી ચાલી નીકળ્યા.

× × ×

( ૩ )

જંગલો, પહાડો, ગુફાઓ જિનરાજદાસ ખુંદી વળ્યા. બની શકે એટલા સંતો અને સાધુઓના સત્સંગ કર્યા. તત્ત્વજ્ઞ પુરૂષોની સેવા કરી. જેટલાં કષ્ટો સહી શકાય તેટલાં વેઠ્યાં. પણ અંતરની તરસ ન છીપી-રોજ રોજ વધતી ચાલી.

કાળા વાદળની ઘટા છવાઇ હોય એવા દૂરથી દેખાતા પર્વતો જોઇને જિનરાજદાસ દેહની દરકાર કર્યા વિના ત્યાં પહોંચ્યા. નીતરતા સૌંદર્યરસે એમને ઘડીભર અભિભૂત કર્યા. હૃદયને એથી અત્યંત આનંદ થયો. ઝરણાંનાં ગીત અને પક્ષીનાં કલરવ શાંતિથી ધરાઈ ધરાઇને માણ્યાં. પણ તેઓ કંઈ પ્રકૃતિનો આનંદ માણવા ઘેરથી નહોતા નીકળ્યા. અંતરની તરસ એકાદ ક્ષણ ભલે ભૂલાય, પણ એ સંતૃપ્ત તો ન જ થાય.

પ્રકૃતિના સૌંદર્યમાં રસ હતો-સમાધાન ન હતું. એમાં આસ્વાદ હતો તેમ છલના પણ હતી.

એટલે તો જિનરાજદાસ પગ વાળીને કયાંઇ ન બેઠા. ભૂખ, તરસ કે ટાઢ તડકાની પરવા કર્યા વિના-આપત્તિ કે વિપત્તિની ચિંતા કર્યા વિના એમણે ભમવા માંડયું. જે અતુલ વિલાસનાં સાધનો એમણે પોતાની આસપાસ વસાવ્યાં હતાં તેની પાઇએ પાઈ કીમત ચૂકવવા માંડી. થોડા વખતની અંદર એમને બારે કરજ ચૂકવવાનું હતું. એ જ ખ્યાલથી પ્રેરાઈ એમણે વનેચરની જેમ ફરી અરણ્યો-અટવીઓ વીંધવા માંડી.

આખરે દેહ થાક્યો. ઉઠતાં-ફરતાં થાક લાગવા માંડયો. કીનારો દેખાવા લાગ્યો. પણ કીનારે પહોંચવા માટે મૃત્યુના વાહન સિવાય બીજું કયું સાધન છે? મૃત્યુ માણસના અહંકારનું છેલ્લું ટીપું નીચોવી નાખે છે. એટલે જ સામા કિનારાની કોઇ કલ્પના કે અનુમાન પણ માણુસ નથી કરી શકતો. નીમકનો ગાંગડો સમુદ્રમાં પડીને ઓગળી જાય તેમ માનવીનું અભિમાન પણ મૃત્યુમાં ગળી જાય છે.

છેવટે એક પહાડની તળાટી પાસે-નદીના કીનારા ઉપર, જ્યાં પુષ્કળ વૃક્ષોની ઘટા જામી હતી ત્યાં એમણે સ્થિરતા કરી.

( ૪ )

પરિભ્રમણુ કરતાં કરતાં જિનદાસને સોબતી તરીકે એક કૂતરો મળી ગયો હતો એ વાત કહેવી રહી ગઇ છે. હકીકત એવી બનેલી કે કૂતરો રસ્તામાં ઘવાયેલો પડ્યો હતો. જિનરાજદાસે કુતરાની પીડા જોઇ અને એમના અંતરમાં એક આંચકો લાગ્યો. ઉતાવળ જેવું તો કંઇ એમને નહોતું. તેઓ ત્યાં રોકાયા અને કૂતરાની થોડી સારવાર કરી. પશુ એ ઉપકાર ન ભૂલ્યું. કૂતરો એમની સાથે સાથે ફરવા લાગ્યો, અને જિનરાજજીએ પણ એ તરફ ધ્યાન ન આપ્યું. પોતાને જે કંઈ ખાવાનું મળતું તેમાંથી થોડું કૂતરાને આપતા અને કૂતરું ગેલ કરતું ત્યારે તેઓ થોડી વાતચીત પણ એની સાથે કરી લેતા. ભાષા ન જાણે તેની સાથે વાર્તાલાપ કેમ થાય એવી કોઇને અહીં શંકા ઉઠશે. પણ ભાષા તો ગંભીર વાર્તાલાપની અંદર સહાયક બનવાને બદલે બાધક નીવડે છે એમ એમને કૂતરા સાથેના સંપર્કથી સમજાયું હતું. માનવી ઐક્ય સ્થાપવા માગે તો પણ ભાષાને લીધે જ ઐક્ય આડે મોટું આવરણ ઊભું કરે છે. એ ભાષાનું વિઘ્ન ટળી જાય છે ત્યારે માનવી પશુ સાથે પણ ચિરસ્થાયી પ્રીતિનો સંબંધ બાંધી શકે છે.

દેહ જો કે દુર્બળ બન્યો હતો, પણ માનસિક તન્મયતાને એ

નબળાઈ સાથે સંબંધ નહોતો. એક વાર બે દિવસ સુધી તેઓ માનસિક ચિંતનમાં એટલા ઊંડા ઉતરી ગયા કે ખાવા-પીવાની વાત સાવ માંડી વાળી. ક્રમે ક્રમે મન અને પ્રાણમાં એવી ખુમારી ઉભરાવા લાગી કે સૂવા-બેસવાનું, હરવા-ફરવાનું ભાન પણ ભૂલાતું ચાલ્યું. કલાકો સુધી તેઓ શૂન્યચિત્તે અનિમેષપણે કોઇ વસ્તુ તરફ જોઇ રહેતા. આંખમાંથી ચોધાર આંસુની ધારા વહેતી ત્યારે જ એમને પોતાને વિષે થોડું ભાન થતું

એક વાર એ પ્રમાણે શૂન્ય તરફ મીટ માંડતા બેઠા હતા એટલામાં આપોઆપ એમના મોંમાંથી શબ્દો સરી પડયા: "તું મને કયાં સુધી ભરમાવશે? હવે તો અહીં જતું બેસી રહેવાનો છું-ગમે તે થાય. મોત એટલે શું એ સમજાઇ ગયું છે. અરે કપટી! હું તને ન ઓળખું એટલા સારું જ તું અંધકારનો બુરખો પહેરીને મારી સામે આવે છે? તને બરાબર ઓળખી ગયો છું."

જાણ્યે-અજાણ્યે એમનાથી પૂછાઈ જતું: "તું છે કોણ? કયાં છો?" બસ. વચ્ચે વચ્ચે કોઈ વાર થોડું હસી લેતા તો કોઇ વાર રડી પણ પડતા.

પછી તો પ્રશ્ન પૂછવા જેવી સ્થિતિ યે ન રહી. વિશ્વવ્યાપી સમગ્રતામાં પોતે જ એક પ્રશ્ન રૂપ હોય એમ એમને લાગવા માંડયું. ઘણી વાર આકાશની સામે તાકી રહેતાં તે મૂંગા-સ્તબ્ધ પાષાણ જેવા બની જતા. દેહના રોમે રોમમાંથી દૃષ્ટિનું તેજ છૂટતું હોય તેમ શૂન્યમાં નીહાળતા.

કૂતરો પોતાના સંગાથીની આવી દશા જોઇ મૂંઝાવા માંડ્યો. ઘણી વાર એ પોતાના સાથીને સ્થિરાસને અડગ પ્રતિમાની જેમ બેઠેલો અને શાંત મુદ્રાવાળો જોતો. પહેલાં તો એ પોતાના સંગાથીને પ્રસન્ન કરવા ઝાડીઓમાં ઘૂસતો-દોડતો અને ભસતો પણ ખરો.

હવે એનો અભ્યાસ પણ બદલાવા લાગ્યો છે. એ છાનોમાનો આજુબાજુ ફરે છે–ન છૂટકે જ્યારે બહુ મૂંઝાય ત્યારે થોડું ભસે છે.

એક વાર કૂતરાના ભસવાથી જિનરાજદાસજીને જરા વિક્ષેપ પડતો લાગ્યો. એમણે કૂતરાને ધમકાવ્યો.

ધમકીથી કૂતરો ચાલ્યો ગયો તો ખરો પણ એની યે મુંઝવણ વધી પડી. કેટલાય દિવસનો ભૂખ્યો એ, ક્યાંઈથી એક માંસનો ટુકડો લઈ આવ્યો. થોડી વાર એ ટુકડો ચાખ્યો, પણ એને થયું કે મારો સાથી ઘણા દિવસનો ભૂખ્યો છે તેને માટે રાખી મૂકું. તે પછી જિનરાજદાસ જ્યારે ધ્યાનમાંથી જાગ્યા ત્યારે કૂતરાએ એ માંસનો ટુકડો એમની આગળ ધર્યો. ધન્યવાદની આશાએ આવેલો કૂતરો નિરાશ થયો. જિનદાસે ફરી એક વાર એને ધમકાવીને કાઢી મૂકયો.

કૂતરાના મનમાં એથી શું થયું હશે તે તો કોણ કહી શકે. પણ એના વર્ત્તન ઉપરથી આ બિચારો માનવી એક માત્ર ભૂખના દુઃખથી બહાવરો બન્યો છે, એમ એને સમજાયું હશે. ફરીવાર એ જ માંસનો લોચો મોંમાં લઈને ધીમે ધીમે જિનદાસની પીઠ પાછળ પહોંચ્યો. ત્યાં એ લોચો મૂકી દઈને પોતાના સાથી સામે આવીને ઊભો. જિનદાસે એ તરફ ધ્યાન ન આપ્યું. મુંઝાયેલો કૂતરો પોતાના આગલા બે પગ ઉપાડી જિનરાજદાસના ખંભા ઉપર મૂકી એમનું મોં ચાટવા પ્રયત્ન કરતો હોય એમ લાગ્યું. જિનદાસ આથી ખીજાયા અને એને ધક્કો મારીને દૂર હાંકી કાઢ્યો.

થોડી વાર તો એ કૂતરો એમ ને એમ પડી રહ્યો. ફરી પાછો ઉઠીને શ્રી જિનદાસજીના પગ પાસે બેસી ગયો. આળસમાં પડી રહેવું ન ગમતું હોય તેમ તે એમના પગના તળિયા ચાટવા લાગ્યો.

શ્રી જિનરાજદાસને આ પણ ન રુચ્યું. ધ્યાનમાં ઘડીએ ઘડીએ ભંગ થતો હોવાથી એમને આ ઉપાધિ ન ગમી. તેઓ ધીમે ધીમે આત્મસ્થિત થઈને મૃત્યુનો ભેટો કરવા અને જૈને સમાધિમરણ

કહે છે તે પ્રાપ્ત કરવા માગતા હતા. અકર્મી કૂતરો વચ્ચે એક મોટો વિક્ષેપ ઊભો કરતો હોય એમ એમને લાગ્યું. સહેજ રોષનો દેખાવ કરતાં એમણે કૂતરાને પગથી પાછો ઠેલ્યો.

કૂતરાને એ અપમાન ન ગમ્યું, પણ પોતાના જૂના સંગાથીને માફ કરતો હોય તેમ પૂંછડી પટપટાવવા મંડ્યો. એટલેથી પણ સંતોષ ન થયો હોય તેમ તે જિનરાજદાસના પગ પાસે ગરજુની જેમ આળોટી પડ્યો. થોડી વાર લગી પોતાના સાથી પ્રત્યે સમવેદના દર્શાવતો હોય તેમ બેસી રહ્યો. એટલામાં એને પોતાનો માંસનો ટુકડો યાદ આવ્યો. છુપાવી રાખેલા એ ટુકડાને બહાર કાઢી એની અંદર દાંત ભરાવવા લાગ્યો.

દાંતના કચકચાટથી જિનરાજદાસનું ધ્યાન તૂટી ગયું. હવે એમને આ કૂતરાની ઉપાધિ અસહ્ય જેવી જણાઈ. એમને પેલા માંસ પ્રત્યે થોડી સૂગ પણ ચડી.

ખીજાયેલા જિનરાજદાસે હવે પશુની સામે પાશવબળનો પ્રયોગ આદર્યો. એમણે જોરથી કુતરાને પાટુ મારી ત્યાંથી હડધૂત કર્યો.

કુતરો નાસી ગયો. જિનરાજદાસ પણ પોતાના સ્થાને આવીને બેઠા. હવે ધ્યાનમાં કોઈ રીતે ભંગ નહિ પડે એમ એમને લાગ્યું.

ઘડીક રહીને એમણે આંખ ઉઘાડીને આસપાસ નીહાળ્યું. પાછો હળેલો કુતરો આવી ગયો કે નહિ તે જોવા. પણ જિનરાજદાસને પોતાને જ એ ઠીક ન લાગ્યું. કુતરાની ખાતર ઘડીએ ઘડીએ આંખ ઉઘાડવી પડે અને એટલો વખત વીતાવવો પડે એ એમને નકામું લાગ્યું. એટલે ફરી આંખો બંધ કરી ધ્યાનમાં ઝુકાવ્યું.

પણ સ્વભાવ કેવો અવળચંડો છે? જેને તેઓ ભૂલવા માગતા હતા તે જ ધ્યાનમાં સામે આવીને ખડો થઈ ગયો. જે આકાશમાંના ટપકા ઉપર જિનરાજદાસ નજરને સ્થિર કરવા માગતા હતા ત્યાં જ એમને કોઈ દિવ્ય સ્વરૂપને બદલે કુતરાનો દેહ દેખાવા

લાગ્યો. એમણે આકાશ તરફની દ્રષ્ટિ પાછી વાળી અંતર તરફ નિહાળવાનો પ્રયત્ન આદર્યો. અહીં પણ વચ્ચે વચ્ચે કુતરો પૂંછડી પટપટાવતો દેખાવા લાગ્યો. આખી ધ્યાનની દિશા જ પલટાઇ ગએલી જોઇને એમને કંટાળો આવ્યો. આ કુતરાનું હવે કરવું શું ? માંડમાંડ ચીલે ચડેલું ગાડું, ઘડીએ ને પળે ચીલેથી ચાતરી જતું હોય એમ લાગ્યું.

કૂતરા પ્રત્યેનો અભાવ જેમ જેમ વૃદ્ધિ પામતો ગયો તેમ તેમ કૂતરો પણ હજારો સ્વરૂપ ધરી એમની સામે નૃત્યલીલા રચતો હોય એમ એમને સ્પષ્ટ દેખાવા માંડયું. હવે તો કૂતરાની ચિંતાએ-કૂતરા તરફના તિરસ્કારે એમના ધ્યાનને ધૂળભેગું કરી દીધું. બહુ બહુ અકળાયા ત્યારે એમણે નિર્ણય કર્યો કે આના કરતાં તો કૂતરો પાસે બેસે એ જ ઠીક છે.

કૂતરો બહુ દૂર નહોતો ગયો. પાસે જ એક સૂક્કો હાડકાનો ટૂકડો ચૂસતો બેઠો હતો. જિનરાજદાસ એની તરફ ચાલ્યા એટલે એ પણ હવે અકળાયો હોય તેમ ભસવા મંડયો.

જિનરાજદાસ કહે: "માફ કર, ભાઇ. મારી ભૂલ થઇ. ચાલ મારી સાથે. મારી પાસે બેસ."

કૂતરાએ જવાબમાં દાંતીયા કર્યાં. ઘણું કરીને તે એમ જ કહેવા માગતો હતો કે: "ખબરદાર ! મારી પાસે ન આવતો: નહિતર ફાડી ખાઇશ. આ હાડકા ઉપર મારો એકલાનો જ હક્ક છે."

જિનરાજદાસ કૂતરાની છેક પાસે પહોંચ્યા. એમના દિલમાં સ્નેહ અને પશ્ચાત્તાપની લાગણી ઉભરાતી હતી.

પણ માનવીની ખીજાએલી આકૃતિ જોવાને ટેવાયેલું કૂતરા જેવું પ્રાણી એ સ્નેહ કે પશ્ચાત્તાપને શી રીતે સમજે ? પોતાનો સંગાથી શાંતિ અને મમતાથી નજીક આવે એ તેને ન ગમતું હોય અથવા તો વિરોધી તરીકે પોતાનું બધું પાણી બતાવવાનો મનસૂબો કર્યો હોય તેમ તે અજાણ્યાને-અણઓળખીતાંને ભસે તેમ

એકદમ ઘુરકવા લાગ્યો. જાણે કે એ પોતાની ભાષામાં કહી રહ્યોઃ

"મારાથી આઘે રહેજે! નહિંતર મારા તીક્ષ્ણ દાંત જોયા છે? ફાડી ખાઇશ! હવે આપણે સંગાથી નથી રહ્યા!"

જિનરાજદાસ કહેવા લાગ્યાઃ "મને માફ કર, ભાઇ! મેં તારો તિરસ્કાર કર્યો એ ઠીક નથી કર્યું. હવે કોઇનો પણ તિરસ્કાર નહિ કરું; મને કોઈ પ્રત્યે દ્વેષ નથી–મારે તો સૌ પ્રત્યે સ્નેહ છે એ સૂત્ર ભૂલી ગયો હતો. હવે નહિ ભૂલું."

કહેવાનું પૂરું થાય એટલામાં તો હડકાયા જેવો બનેલો એ કૂતરો જિનરાજદાસ પાસે આવ્યો અને કરડી ખાવાનો માંડ લાગ મળ્યો હોય તેમ તેણે બે દાઢો જિનરાજદાસની પગની પીંડીમાં ભરાવી દીધી.

જિનરાજદાસ ત્યાં જ બેસી ગયા. ક્રોધથી ધૂંધવાતા કૂતરાએ ફરી બીજી વાર એ જ પગ ઉપર વડછકા ભરવા માંડયા. જિનરાજદાસે હવે શાંતિ અને ક્ષમાનો મંત્ર શીખી લીધો હતો. એમણે મનમાં જ કહ્યું: "તારી આ સજા માથે ચડાવું છું. મારી જ ભૂલ હતી."

એમણે કૂતરાના દેહને બાથમાં લેવાનો પ્રયત્ન કર્યો, પણ અત્યારે તો કૂતરો એક હિંસક પશુનું વિકરાળ સ્વરૂપ ધરી રહ્યો હતો. એણે પગને પડતા મૂકી હાથ ઉપર હૂમલો કર્યો. અને હાથને એવી રીતે બટકાં ભર્યાં કે હાથમાંથી લોહીની ધારા વહી નીકળી.

"ચાલો, એ પણ ઠીક થયું." જિનરાજદાસ મનમાં જ બબડયા. "પણ તું મારી પાસે તો આવ! હું તને મારા ખોળામાં બેસારું."

જમણા હાથની જેમ સ્નેહથી લંબાવેલો ડાબો હાથ પણ કૂતરાએ લોહીલુહાણ કરી નાખ્યો.

આટલું છતાં જિનરાજદાસના મોં ઉપર કોઇ સ્વર્ગીય સ્મિત છવાઇ ગયું. કૂતરો પોતાનો ક્રૂર સ્વભાવ ન છોડે તેથી શું થયું? સાધક પોતાની મૈત્રી અને મમતાને થોડા જ સંકેલી લે?

કૂતરાને પણ હવે સમજાયું કે આ ક્રોધ, ક્ષોભ કે પ્રતિકાર વગરના માનવીને કરડવામાં કંઈ મજા નથી. વસ્તુતઃ આ માણુસ જ નથી–પત્થરની પ્રતિમા જેવો છે. એની પાસે રહેવામાં કંઇ લાભ નથી. આવી જ કોઈ લાગણીને લીધે તે ત્યાંથી નાસી છૂટયો.

ખરી રીતે કૂતરાએ જિનરાજદાસના આખા અંગે ઉઝરડા કર્યાં હતા. એના નહોર અને દાંત ઠેકઠેકાણે ભરાયા હતા. જિનરાજ-દાસના ઘા જ્યારે ઠરવા માંડયા ત્યારે એમાં વેદના જણાવા લાગી. શરીરનો કોઇ ભાગ એવો નહોતો કે જે લોહીથી તરબોળ ન થયો હોય. રૂંવે રૂંવે વ્યથા થતી હતી, છતાં એમના અંતરમાં કૂતરા પ્રત્યે ધૃણા કે તિરસ્કારનો મુદ્દલ ભાવ નહોતો. સમતા સાગરમાં સ્નાન કરતા હોય એવી કોઇ ખુમારી એમની આંખોમાં દેખાતી હતી.

ઉઠવા જેટલી પણ શક્તિ ન રહી એટલે તે ત્યાં ને ત્યાં જ ખુલ્લી ધરતી ઉપર સૂઇ ગયા. સાક્ષાત્ મૃત્યુ આવે તો પણ એનું સ્વાગત કરવા તેઓ તૈયાર થઇ ગયા હતા. કોઇ વસ્તુ નવેસરથી પ્રાપ્ત કરવાની ઇચ્છા કે કામના સરખી પણ હવે નહોતી રહી. વિશ્વની સઘળી સિદ્ધિઓ એમના અંતરમાં આવી વસી હતી.

સંસારનો કોઇ પ્રશ્ન કે અધ્યાત્મની કોઈ સમસ્યા હવે એમને મૂંઝવી શકતી નથી. એક પ્રકારની કૃતકૃત્યતાનો સંતોષ એમના રક્તના અણુ અણુમાં સમાઇ ગયો છે. રક્તની ધારા સાથે વિશ્વમૈત્રી અને નિષ્કારણ કરૂણાની વાદળી જ આ પૃથ્વીતળ ઉપર વરસી ગઇ હતી એમ કહીએ તો ચાલે. છેવટે જિનરાજદાસ ઉન્નત ગિરિ-શૃંગો વટાવતા અદૃશ્ય થાય તેમ આ સંસારમાંથી વિદાય થયા.

મૃત્યુને આલિંગન આપતા આખરી સાધ્ય એમણે મેળવી લીધું–એક દિવ્ય અંતર્મૂહુર્ત્તમાં એમણે સિદ્ધિનું રહસ્ય હસ્તામલકવત્ જોઇ લીધું: સાધના અને સિદ્ધિ એ બે અલગ અલગ વસ્તુ ન રહી–બન્ને એકબીજામાં મળી ગઈ.

## રુધિરસ્નાન

### (૧)

નારકીય ગતિમાં જવાનો જ નિરધાર કરી રાખ્યો હોય તેને અહિંસા જેવી વસ્તુ જરાયે રુચતી નથી. અહિંસા પાવનકારી છે— કલ્યાણકારી છે એ તેને સમજાતું જ નથી. ક્રિયામાં તેમજ ભાવનામાં પણ તે હિંસાનો અગ્નિ જ ભારેલો રાખે છે. હિંસા એ જ એનો આનંદ બને છે. કાજળ જેવા કાળા અંતરમાં અહિંસાની જ્યોત પ્રવેશે પણ શી રીતે?

મહારાજા અરવિંદ નરકગામી પ્રાણીઓમાં પ્રધાન હતા. મૃત્યુ આડા થોડા દિવસ હતા એટલામાં એક ભયંકર રોગે એમની ઉપર આક્રમણ કર્યું. રોમે રોમમાં દાહ પ્રકટ્યો. દર્દ તો જોનારને પણ દયા આવે એવું થવા માડ્યું. રાત ગમે તેમ કરીને વીતે તો દિવસ વીતાવવો ભારે થઈ પડે: એવી અસહ્ય યંત્રણા કે સુશ્રૂષા કરનારાઓ પણ એમનો આર્ત્તનાદ સાંભળીને ત્રાસી જાય. વૈદ્યોએ ઔષધીઓ તો ઘણી અજમાવી પણ એકે કામ ન આવી. મહારાજાને ત્યાં વૈદ્યો કે ચિકિત્સકોનું તો શું પૂછવું? પૂરેપૂરી આશા અને શ્રધ્ધાથી રોગ મટાડવા આવેલા વૈદ્યો હાથ ખંખેરીને ચાલી નીકળ્યા. અમોઘ ગણાતી ઔષધી અહીં નકામી નીવડી.

જ્યારે વૈદ્યો અને ચિકિત્સકો પણ હિમ્મત હારી જાય ત્યારે પછી દર્દીનું તો પૂછવું જ શું? હજી મહારાજાનો જીવનનો મોહ નહોતો ટૂટ્યો. ભયંકર યંત્રણા વચ્ચે પણ જો આશાનું ઝીણું

સૂત્ર દેખાય તો માનવી જીવવા ઇચ્છે. મહારાજા આ તંતુદોરને હજી વળગી રહ્યા હતા. જીવવાની આશાએ જ આ દર્દની પીડા તેઓ ન છૂટકે સહન કરતા.

સત્તા અને વૈભવ તો એમણે પેટ ભરીને માણ્યાં હતાં. પણ આજે એમને પહેલી વાર સમજાયું કે "શરીરે સુખી તો સુખી સર્વ વાતે!"

જે મહારાજા એક દિવસે પ્રબળ પ્રતાપી હતા, જેમની સામે ઊભા રહેતા લોકોના પગ ધ્રૂજતા, તે જ આજે દીન–કંગાળ દેખાય છે. સૌની તરફ એ આશાભરી–દીનતાથી પરિપૂર્ણ મીટ માંડે છે અને જો બચી શકાતું હોય તો બચાવવા જાણે કે ભીખ માગે છે.

સમ્રાટ્ અને સામ્રાજ્ય પ્રજાને મન તો એક જ વસ્તુ હતી. આવતી કાલે સમ્રાટનો દેહ સ્મશાનભેગો થાય તો સામ્રાજ્ય પણ છિન્નભિન્ન થઇ જાય. એટલે અંધાધુંધીમાંથી બચવા પ્રજા સમ્રાટનું લાંબું જીવન વાંછતી. પ્રજાએ જયારે જાણ્યું કે મહારાજાનો રોગ અસાધ્ય કોટીએ પહોંચ્યો છે ત્યારે વિરાટ જનસમુદાય પણ ખિન્ન બન્યો. મહારાજા અને રૈયત બન્ને જાણે કે એક જ નૌકાના આરોહીઓ હતા.

(૨)

યુવરાજ હરિચંદ, પિતાની શય્યા પાસે ચૂપચાપ બેઠો છે. એનું ધૈર્ય પણ બરફ ઓગળે તેમ ઓગળવા લાગ્યું છે: આંખની પાંપણો આંસુભીની છે.

પિતાજીને બચાવવા ધરતી ઉપરના બધા ઇલાજ એણે વિચારી જોયા. પણ એકે ઉપાય હાથ ન લાગ્યો.

એટલામાં મહારાજાએ મૂર્છામાંથી જાગી આંખ ઉઘાડી અને યુવરાજને જોઇને બોલ્યા: "બેટા હું નહીં બચું. મારું રાજ્ય, મારો

વૈભવ, મારો પરિવાર એ બધું મિથ્યા બની જશે? મને તમે કોઈ રીતે નહિ બચાવો? મને હજી જીવવાના કોડ છે."

મહારાજાના શબ્દો બરાબર સમજાતા નહોતા–પણ એનો અર્થ અને ભાવ તો બરાબર કળાતા હતા. "મને બચાવો! મને બચાવો!" એ સિવાય મહારાજાનું બીજું રટણ નહોતું. યમરાજને સામે ઉભેલો ભાળતા હોય અને તેના પંજામાંથી બચવા–છૂટવા મથતા હોય એવી ગભરામણ એમના મોં ઉપર સ્પષ્ટ પ્રતીત થતી હતી.

હરિચંદ યુવરાજ નિરુપાય હતો: પિતાજીની અસહાયતાએ એને વ્યાકૂળ બનાવ્યો.

પુત્રને આંસુ સારતો જોઈ મહારાજાનું વાત્સલ્ય જાગી ઊઠયું: એમણે આશ્વાસન આપવા માંડયું: "બેટા! તમે તો જેટલું બની શકે તેટલું કરી છૂટયા છો–હજી પણ યથાશક્તિ સેવા કરો છો. મારી બળતરાને હળવી કરવા તમે મારા દેહને વીંટેલા આ કોમળ કમળપત્રોની દુર્દશા તો જુઓ! પરમ શીતળતા અર્પનારા ચંદનના આ લેપની દશા જોઈ? મારા દેહના તાપ પાસે એ જડ વસ્તુઓ પણ બળીને ભસ્મ થઈ જાય છે. આટઆટલો દાહ આ દેહમાં કયાં કોણે ભરી રાખ્યો હશે?"

"માનવીના હાથની વાત હવે નથી રહી. શું કરવું એ જ નથી સમજાતું." હરિચંદની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

"મને એક વાત સૂઝી છે. તને કહેવી કે નહિં તેની ગડમથલમાં આજ સુધી મૌન રહ્યો."

મહારાજ પૂરું બોલી રહે તે પહેલાં જ હરિચંદે આતૂરતાથી પૂછયું: "એવી કઈ વાત છે?"

"મારી વિદ્યાઓ પરવારી ચૂકી છે. બુદ્ધિની સાથે વિદ્યાઓ પણ ગુમાવી બેઠો છું. પણ જો તું મને તારી આકાશગામિની

વિદ્યાથી ભોગભૂમિમાં પહોંચાડે અને સીતા નદીમાં સ્નાન કરાવે તો કદાચ મારો આ દાહ શમે."

હરિચંદે પિતાનો એ છેલ્લો મનોરથ પાર પાડવાનો નિશ્ચય કર્યો.

( ૩ )

વિધાતાનું વિધાન અટલ જ રહ્યું. મહારાજા અરવિંદનો દાહ શમાવવામાં સીતા નદીનું સ્નાન પણ નિષ્ફળ નીવડ્યું.

બીમારી તો અનિવાર્ય બની : પણ ઘડીભર એ બીમારી ભૂલાય તે માટે હરિચંદે મહારાજાની સામે રોજ રોજ નવા નવા અભિનયો-નવા ખેલ તમાસા ભજવાય એવો પ્રબંધ કર્યો. એક પળ પણ મહારાજાનું મનોરંજન થઇ શકતું હોય તો એટલો પ્રયોગ અજમાવી જોવો.

યુવરાજની એ યોજના કંઈક ફળીભૂત થતી દેખાઈ. એક વાર એવું બન્યું કે મહારાજા પલંગમાં બેઠા હતા તેનાથી થોડે જ દૂર બે કોકિલાઓનું દ્વંદ્વ ચાલતું હતું. એક કોકિલા બીજીને મહાત કરવા-જમીનદોસ્ત કરવા પોતાનું બળ અજમાવતી હતી. જીવનનો ઘણો મોટો ભાગ યુદ્ધમાં વિતાવનાર મહારાજાને એ તમાસો બહુ ગમ્યો. યુદ્ધ-દ્વંદ્વ-સંહાર જગદ્‌વ્યાપી છે એ જોઇને એમને થોડું આશ્વાસન પણ મળ્યું!

કોકિલાઓ ખરા દિલથી લડતી હતી. માણસને મન ભલે તમાસો હોય પણ એ પંખીઓ તો જાણે કે વેર વાળવા જ લડતા હતા. થોડી વારે જબરી કોકિલાએ નબળીને લોહીલુહાણ કરી દીધી. ઘવાયા છતાં એ પોતાનું છેલ્લું બળ અજમાવતી હતી. પાંખોના ફફડાટ અને ચાંચના પ્રહાર શસ્ત્રાસ્ત્રના ઝણઝણાટ અને યોદ્ધાના આઘાત પ્રત્યાઘાત જેવા જ લાગતા હતા.

એટલામાં પેલી ઘવાયેલી કોકીલાના લોહીનું એક ટીપું ઉડીને મહારાજાના ઉઘાડા દેહ ઉપર પડ્યું.

મહારાજાના ચહેરા ઉપર અનંત આશાની એક દીપ્તિ ઝળકી ગઈ! પ્રેક્ષકોને થયું કે મહારાજા પોતાનો રોગ સાવ ભૂલી ગયા!

અને ખરેખર મહારાજા અત્યારે જેવા આનંદમાં દેખાયા તેવા તો કોઈ કાળે-સાજા હશે ત્યારે પણ નહિ દેખાયા હોય : તેઓ આનંદના અતિશય આવેશમાં બોલી ઉઠ્યા :

"બસ. દવા મળી ગઈ."

ચિકિત્સકે પાસે જઈને જોયું તો મહારાજાની છાતી ઉપર લોહીનું એક બિન્દુ પડ્યું હતું.

મહારાજાએ કહેવા માંડ્યું : "તમારા ચંદન, કર્પુર, ખસ બધાં નકામાં છે. મને લોહીના આ ટીપાથી જેટલી શાંતિ-જેટલી ટાઢક વળી છે તેટલી બીજી કોઈ વસ્તુથી નથી વળી."

(૪)

બીજે દિવસે મહારાજા પોતાના નાના પુત્ર કુરૂવિન્દને બોલાવવાનો વિચાર કરતા હતા તેટલામાં એ પોતે જ આવી ચડ્યો.

"બેટા! હું તને જ સંભારતો હતો." ઉત્સુકતાપૂર્વક મહારાજાએ કુરૂવિંદનું સ્વાગત કર્યું.

"પિતાજી! શી આજ્ઞા છે?" પલંગની એક કોર-મહારાજાના પગ પાસે બેસતાં કુરૂવિંદે પૂછ્યું.

"દવા-દારૂ મને બચાવી શકે એમ નથી અને હું રોજરોજ મૃત્યુ તરફ જ ધકેલાઈ રહ્યો છું એ વાત તો તમે સૌ દીવાની જેમ જોઈ શકયા છો. પણ ગઈ કાલે એક ચમત્કાર બની ગયો. એક જ વસ્તુ મારો દાહ ઠારી શકે એવી મને ખાત્રી થઈ છે. માત્ર એ વસ્તુ પૂરતા પ્રમાણમાં મેળવવી જોઈએ."

પિતાના આરોગ્ય ખાતર એવી કઈ વસ્તુ છે કે જે ન મેળવાય? પ્રફુલ્લિત બનેલા કુરૂવિંદે જાણવા માગ્યું : "એ કઈ વસ્તુ? પિતાજી!"

"લોહી" એક શબ્દમાં જ મહારાજાએ પતાવ્યું. પણ એ એક શબ્દે આકાશમાંથી વજ્ર પડયું હોય એવો ટંકાર કર્યો.

"લોહી? લોહીનું શું કરવાનું?" વિષાદ અને આશ્ચર્યથી મિશ્રિત સ્વરે નાના પુત્રે પૂછ્યું.

"લોહી એજ મારી દવા છે. મારો દાહ શમાવવાની એનામાં એકમાં જ તાકાત છે. મારી ખાત્રી થઇ ચૂકી છે કે એ સિવાય મારા માટે બીજી કોઇ દવા નથી. મને જીવાડવો હોય તો હવે એ એકજ ઉપાય બાકી છે. મારા માટે એક કુંડ લોહીથી ભરાવો. હું એમાં સ્નાન કરૂં. એમ કરીશ તો જ હું હતો એવો સાજો થઈ શકીશ."

"આખો હોજ ભરાય–આપ ડૂબકી મારી શકો એટલું લોહી ક્યાંથી કાઢવું?"

"ક્યાંથી કાઢવું? મરતા બાપની ખાતર એટલું પણ તમે ન કરી શકો?" પિતાનો અંગે અંગમાં વ્યાપી રહેલો દાહ સ્વરોમાં ભભૂકી નીકળ્યો.

કુરૂવિંદ ચૂપ રહ્યો. મહારાજાનો પ્રકોપ એ સમજી ગયો.

શામ–દામની નીતિ સમજનાર પિતાએ જ હવે જરા શાંતિથી કહેવા માંડયું: "લોહીમાં શી બીસાત છે, બેટા? માણુસ જેવો માણુસ એટલું લોહી ન મેળવી શકે?"

છતાં કુરૂવિંદની વાચા તો બંધ જ રહી.

"બાળક છો, હજી." મહારાજાએ ગળગળા અવાજે પોતાની વાત કહેવા માંડી: "જુઓ, આપણા શહેર ફરતા જંગલોમાં હજારો હરણો ફરે છે. શું કામના છે એ? હું જો સશક્ત હોઉં તો આવા એક તો શું, દસ હોજ એક સામટા ભરી દઉં."

કુરૂવિંદનું માથું ભમતું હતું. હજારો હરણોની હિંસાના ભયથી એને ચકરી આવતી હતી. માંડમાંડ એ બોલ્યો: "કેટલી હિંસા? કેટલું પાપ?"

હિંસા અને પાપની વાત સાંભળતાં જ મહારાજા અત્યાર સુધી સાચવેલી કૃત્રિમ શાંતિ ખોઇ બેઠા.

" હિંસા? પાપ? જાઓ અહીંથી નાલાયકો? છેલ્લો શ્વાસ ઘુંટતા બાપની આટલી છેલ્લી ઈચ્છા પણ તમે પાર પાડી શકતા નથી? અહિંસાના બાને તમે તમારા બાપને મારી નાખવા માગો છો એવો જ એનો અર્થ થયો ને? તમને મારી દયા નથી આવતી–પેલા પશુઓની દયા આવે છે! કુલાંગારો?"

કુરૂવિંદ તો ધરતી સામે નીહાળતો ચુપચુપ બેસી રહ્યો. એના મનમાં વિચારોના વાદળ ઘેરાઇ ચૂકયા હતા. પણ વાણી મારફત એકે બિંદુ પડવા ન દીધું: એને થયું કે પિતાજીને કહી દઉં: " પિતાજી! શરીર ઉપરની માયા તો માનવીને તેમજ પશુને પણ એકસરખી જ હોય! બીજાના પ્રાણ લઇને જીવવાનો આપણને શું અધિકાર છે?" પણ અત્યારે બોલવામાં માલ નથી એમ ધારીને મૌન રહ્યો.

કુરૂવિંદની દીન–લાચાર મુખમુદ્રા જોઇને મહારાજાએ એની નબળાઇ માપી લીધી. જેનામાં ચોખ્ખી ના પાડવાની હિમ્મત નથી તે વહેલો મોડો સમ્મત થયા વિના નહિ રહે, એમ પણ એમણે જોઇ લીધું.

સત્તાસૂચક સ્વરોમાં મહારાજા બોલ્યા: " યાદ રાખજે કે જો મારો દેહ દવા-દારૂ વિના પડ્યો તો તમે જ સૌએ જાણી જોઇને મારી હત્યા કરી એમ કહેવાશે. પિતાની હત્યા કરનારને આખી જીંદગી પસ્તાવું પડશે."

કુરૂવિંદ શું જવાબ આપે છે તે સાંભળવા મહારાજા જરા થોભ્યા. પણ કુરૂવિંદ તો જડવત્ બેસી જ રહ્યો.

" મારા ભાગ્યે જ એક ઉપાય આજે સુઝાડ્યો છે." આખી ચર્ચાનું તારણ કાઢતા હોય તેવી ઢબે મહારાજાએ કહેવા માંડ્યું: " સદ્ભાગ્યે મારી આશાને નવી સંજીવની મળી છે. મારામાં ઉઠવાની

શક્તિ હોત તો હું તમારી પાસે આટલો ન કરગતરત. હવે મારી બધી બાજી તમારા હાથમાં છે."

કાળજામાં સૂયા ભોંકાતા હોય એવી વ્યથા અત્યારે કુરૂવિંદ ભોગવી રહ્યો હતો. આ જ મહારાજાનો નાનો-લાડીલો કુંવર આજે મહિનાઓ થયાં, પિતાની બિમારીને લીધે પુરૂં ખાઈ શકતો નહોતો-પુરો આરામ પણ લઈ શકતો નહોતો. આજે અવાક્ બનોને પિતાની દીનતા નિહાળી રહ્યો છે. કિંકર્ત્તવ્યમૂઢ બની પોતાના અંતરને અને પિતાના નિષ્ઠુર આશાવાદને તોળી રહ્યા છે.

મહારાજા એની મુંઝવણ જોઈ શકયા. એમણે કુરૂવિંદની સહેજ પાસે આવી એના માથા ઉપર વાત્સલ્યભર્યો હાથ મૂકયો અને છેલ્લી ભીક્ષા માગતા હોય તેમ પૂછ્યું: " કહે, બેટા, મને જીવાડીશ ?"

કુરૂવિંદને હવે બોલ્યા સિવાય છૂટકો જ નહોતો. એની લાલચોળ બનેલી આંખો સહેજ ઉઘડી: મહામહેનતે માત્ર એટલું જ બોલ્યો: " જઉં છું, પિતાજી ! "

(૫)

દસ-વીસ ઘોડેસ્વારોને લઈને, ધનુષ-બાણ સાથે કુરૂવિંદ અરણ્યમાં રઝળે છે. એની દૃષ્ટિ હરણીયાંનો શીકાર શોધી રહી છે. આજે એ કુરૂવિંદ મટી ગયો હતો. એને ભાન જ નથી રહ્યું કે પોતે કોણ છે અને શું કરવા બહાર નીકળ્યો છે. ઘોડો જે તરફ લઈ જાય છે તે તરફ પોતે પણ ઘસડાય છે.

સૈનિકો પણ મુંગા મુંગા તેની પાછળ તણાય છે. એમને પૂછવાનું મન ઘણુંય થાય છે કે : " રાજકુમાર ! આપણે કયાં જઈએ છીએ ? " પણ કોઈની હિમ્મત પૂછવાની નથી ચાલતી. પેટની ખાતર નોકરી કરનારામાં એટલી હામ સંભવે પણ શી રીતે ?

એના મનમાં એક તુમુલ તોફાન ચાલી રહ્યું છે. પિતાજીની પ્રેરણા ! પિતાજીની આજ્ઞા ! પિતાજીનો આગ્રહ ! પિતાજીની

દીનતા ! પિતાજીની વિનવણી !

ત્યારે શું પિતાએ આજ્ઞા કરી એટલા માટે એ સ્વીકારી લેવી ? પિતાજીનો ઉપકાર છે એ ખરૂં, પણ એટલા જ માટે એમના અન્યાયી આગ્રહને મારે શરણે થવું ? પિતા જો મહાન્ છે તો ધર્મ શું એમનાથી મહાન્ નથી ? પિતાની પ્રેરણા સ્વીકાર્ય છે તો શું અંતરની આજ્ઞાને મારે તુચ્છ ગણવી ?

પિતાની ખાતર પોતે દેહનું બલિદાન આપવા તૈયાર છે. પણ પિતાના દેહ અર્થે નિર્દોષ હરણાનું લોહી વહાવતાં એનું હૈયું નથી ચાલતું. આ એક પ્રકારની નબળાઇ તો નહિ હોય ? અહીં સલાહ પણ કોની લેવી ? દીલ ખોલીને વાત પણ કોને કરવી ?

અરેરે ! જીવનનો મોહ કેવો ભયંકર છે ? પિતાજી જીવવા માગે છે—અને જીવન તો સૌને પ્રિય હોય છે. એક જીવનની ખાતર બીજાના જીવનનો નિષ્ઠુરતાપૂર્વક ભોગ લેવો એ શું માનવોચિત કાર્ય છે ?

બીમારીમાં માણસ પામર બને છે—બુદ્ધિ ઠેકાણે નથી રહેતી, જ્ઞાનતંતુઓ શિથિલ બને છે અને પોતાની ઉપરનો સંયમ ખોઇ બેસે છે. પિતાજી પણ સંયમ ખોઈ બેઠા છે—એમના અંતરમાં રહેલો શીકારી આજ રૂદ્ર સ્વરૂપ ધરી રહ્યો છે. મારા જેવા સંતાનોએ વગર વિચાર્યે એમાં સહાયક થવા સિવાય શું બીજો કોઇ ધર્મ નથી ?

મારામાં જો એટલી હિમ્મત નહોતી તો મેં સ્પષ્ટપણે એનો ઇનકાર કેમ ન કર્યો ? મેં એમ કેમ ન કહ્યું કે : “ પિતાજી ! હરણાંનો શીકાર મારાથી નહિ થઇ શકે. ” અલબત્ત, એથી પિતાજી કોપે ભરાત. કદાચ મને રાજ્યમાંથી કાઢી મૂકત. અંતરને અવગણીને—શીકારીને વેશે અરણ્યમાં રઝળવું એના કરતાં એ સજા હજારગણી હળવી ગણાત. પણ હું ચોકખી ના પાડી શકયો નહિ, કંપતા દીલે શીકારીના સ્વાંગમાં બહાર નીકળી પડ્યો એમાં શું

કોઈ દૈવી સંકેત નહિ હોય?

એટલામાં એક વૃક્ષ નીચે સૂકા સ્થાનમાં વૈરાગ્યની પ્રતિમા સમા એક તપસ્વી મુનિરાજને બેઠેલા કુરૂવિંદે જોયા. શંકા માત્રના નિરાકરણ અહીંથી જ મળી જશે એવો એના આત્મામાંથી મીઠો નાદ ઉઠયો. તરત જ એ પોતાના ઘોડાને છુટો મૂકી દઈ ઉતાવળો ઉતાવળો આવીને તપસ્વીના ચરણમાં નમી પડયો.

કુરૂવિંદ શીકારીના વેશમાં હતો. એટલે એ શીકાર માટે જ નીકળ્યો હશે એમ સૌ કોઈ સહેજે માને. પણ આ તપસ્વી તો અંતરના ગૂઢ ભાવો પણ ઉકેલી શકવા સમર્થ હતા. એમણે કહ્યું : "પિતાની ખાતર જ તમારે નીકળવું પડયું છે. પણ હિંસા તો ગમે તે સંયોગોમાં પણ હિંસા જ છે–પાપ છે–નરકમાં લઈ જનારી છે. અને તમે એ રીતે તમારા પિતાને બચાવી શકવાના તો નથી જ. રૂધીરસ્નાનની રૂચી જેને ઉપજે તેને માટે નરક સિવાય બીજું કયું સ્થાન સંભવે? તમે એ પાપથી બની શકે એટલા આઘા રહેજો."

એ પછી પણ મુનિરાજ અને કુરૂવિંદ વચ્ચે ઘણી ઘણી વાતો થઈ. કુરૂવિંદ પાછો પોતાના નગર તરફ જવા નીકળ્યો ત્યારે તેની સઘળી જ શંકાઓ–સઘળી જ દ્વિધાઓ શમી ગઇ હતી. એના ચહેરા ઉપર, તોફાન પછીની પરમ શાંતિ લહેરાતી હતી. રૂધીરનો હોજ ભરી શકાશે–પિતાને કદાચ બચાવી લેવાશે અને હિંસાના પાપથી પણ બચી જવાશે! મુનિરાજનો માર્ગનિર્દેશ કેટલો નિર્દોષ પ્રતીતિજનક હતો એના જ વિચારો કરતો કુરૂવિંદ પાછો ફર્યો.

(૬)

રૂધીરથી હોજ છલકાઈ રહ્યો છે અને મહારાજા અરવિંદ ગંગા જેવી ભરચક નદીમાં અવગાહન કરતા હોય તેમ સ્નાન કરી રહ્યા છે. જાણે કે મહારાજા અરવિંદ કદિ માંદા કે પીડાથી રીબાતા જ નહોતા. આનંદ અને સંતોષની છટા એમના મોં ઉપર તરવરી રહી છે. ઘણાને લોહીનું બિંદુ માત્ર જોવાથી સૂગ અથવા અરેરાટી

ઉપજે છે, પણ મહારાજાનું હૈયું જુદી જ માટીથી ઘડાયેલું હતું—રૂધિરનો એમને શોખ હતો. એમની સ્ફુર્ત્તિ અને ઉલ્લાસ જોતાં હવે કોઇને એમ લાગ્યા વિના ન રહે કે મહારાજાને જિંદગીનો નવો પટ્ટો મળી ગયો છે.

પ્રજાજનોને આ રૂધિરસ્નાન જોવા આવવાની છૂટ છે. તેઓ પણ મહારાજાની પ્રસન્નતા સાથે સહાનુભૂતિ દાખવી રહ્યા છે. મહારાજા હોજમાંથી બહાર આવે તો એમને અભિનંદવા એમના ખાસ પ્રીતિપાત્રો રાહ જોતા ઊભા છે. પણ મહારાજાને રુધિરસ્નાનથી તૃપ્તિ જ નથી થતી.

એટલામાં કોઇકનો ઝીણો અવાજ સંભળાયો :

" જુઠાણું કયાં સુધી ટકવાનું હતું ? આજે નહિ તો બે દિવસ પછી મહારાજા જયારે જાણુશે કે રૂધિરને બદલે લાખનો લાલ રંગ જ હોજમાં ભર્યો હતો ત્યારે એમનો ક્રોધરૂપી દાવાનળ સળગી ઉઠશે: કેટલાયને શૂળીએ ચડાવી દેશે !"

મહારાજાના કાને એ આખી વાત નહિ, પણ અડધી વાત ગઇ—આ રૂધિર નથી, પણ લાખનો રંગ છે–કૃત્રિમ રૂધિર છે એ હકીકત તેઓ જાણી ગયા અને જાણુતાંની સાથે જ તેઓ ક્રોધથી બળુંબળું થઇ રહ્યા.

" દગો ! મારી સાથે દગો ? મારા પોતાના કુમારોની પ્રપંચજાળ !" આગના ભડકા જેવા શબ્દો મહારાજાના મુખમાંથી નીકળ્યા.

હવે તો મહારાજામાં થોડી શક્તિ પણ આવી હતી. એમના હાથ દગાખોરને સજા કરવા સળવળતા હતા.

સ્નાન કરતાં કરતાં એકદમ હોજના કાંઠે આવ્યા અને દોડીને કુંવરનું ગળું પકડવા જતા હતા એટલામાં એમનો પગ લપસ્યો અને ધરતી ઉપર પછડાયા: લાખનો લીસો–ચીકણો રંગ એમના

મૃત્યુમાં નિમિત્ત બન્યો. મહારાજા પછડાયા અને બીજી જ પળે એમના પ્રાણ ઊડી ગયા.

આખું દૃશ્ય ગમગીનીમાં પલટાઈ ગયું. પાસે જઈને જોયું તો મહારાજાના માથામાંથી લોહીની ધારા વહેતી હતી : અને એ જ ધારા એમના રૂધિરતરસ્યા ઓઠ પાસે પહોંચી હતી. મોં ઉપર પ્રતિહિંસા અને રૂદ્રતાની ભયંકર રેખાઓ ઉપસી નીકળી હતી. રૂધિરે ભરેલો ઊંડો હોજ જેની રક્તપિપાસાને તૃપ્ત ન કરી શક્યો તે પોતાના માથામાંથી નીકળતા પરિમિત રૂધિરથી કદાચ શાંત થશે એવો કોઈ સંકેત એ લોહીની ધારામાં હોય તો કોણ જાણે?

# રાજર્ષિ પ્રસન્નચંદ્ર

પોતનપુરના મહારાજા પ્રસન્નચંદ્ર જેટલા નિપુણ તેટલા જ નીતિમાન હતા. પ્રજાને ન્યાય તથા રક્ષણ આપવામાં એમણે જીવનનાં ઘણાં વર્ષો વીતાવ્યાં હતાં. પ્રજા સુખી હતી અને મહારાજાને પોતાને પણ હવે કોઇ પ્રકારના અસંતોષ કે રાજલોભ જેવું નહોતું રહ્યું. પ્રકટપણે રાજવ્યવસ્થાની ધૂરા વહેવા છતાં અંતરમાં સંસાર પ્રત્યે લગભગ ઉદાસીન જેવા જ રહેતા.

એક દિવસે, પાકેલું ફળ પવનનો એક જ ઝપાટો લાગતાં ખરી પડે તેમ મહારાજા પ્રસન્નચંદ્રની પરિપાક પામેલી વિરાગવૃત્તિએ એવો અચાનક આંચકો માર્યો કે તેઓ તે જ ક્ષણે પોતાના બાળકુમારને રાજગાદીએ બેસારી, મુનિનો વેષ પહેરીને ચાલી નીકળ્યા.

એવું શું બન્યું કે મહારાજા પ્રસન્નચંદ્ર, પુત્ર ઉમરલાયક થાય ત્યાં સુધી પણ રાહ ન જોતાં, બાળરાજાને માથે રાજ્યનો ભાર નાખી સંસારનો ત્યાગ કરી ગયા? પ્રસંગ બહુ સામાન્ય હતો. સંસારના આનંદ અને વૈભવને ક્ષણિક સિદ્ધ કરતા કોણ જાણે કેટલા ય બનાવો આપણી નજર સામે બની જતા હશે. આપણે એના અર્થ કે સંદેશ સાંભળવાની ભાગ્યે જ દરકાર કરીએ છીએ. પ્રસન્નચંદ્ર મહારાજાના સંસ્કારી–સુવાસિત અંતરમાં વર્ષાઋતુની એક જ ઘટના, કદી ન ભૂંસાય એવી રેખા આંકતી ચાલી ગઇ.

આથમતા આકાશમાં અનેકવિધ રંગોની ઉજાણી ઉજવતાં વાદળાંઓ દોડધામ કરી રહ્યા હતા. છૂટે હાથે વાપરવા છતાં ન

ખૂટે એવા રંગના કુંડા ગગનપટ ઉપર રેડાતાં હતાં. ભાતભાતના રંગબેરંગી ચિત્રો એમાંથી જન્મતાં. એક ચિત્ર પૂરું થાય તે પહેલાં તો બીજો હરિફ આવી પોતાનું રંગકૌશલ્ય બતાવવા ખડો થઇ જતો. મહારાજા પ્રસન્નચંદ્ર આ રંગલીલા કયાંય સુધી જોતા, ઝરુખામાં બેસી રહ્યા. મહારાજાને રીઝવવા માટે ચિતારાઓએ સ્પર્ધા આદરી હોય તેમ એમણે અસંખ્ય ચિત્રો આલેખ્યાં અને ભૂંસી નાખ્યાં.

ચિત્રો ભૂંસાતાની સાથે જ પ્રસન્નચંદ્ર મહારાજાના દિલમાં અંકુરેલાં વિરાગનાં અંકુર વિકસ્યાં. સંધ્યા સમયે ગગનમાં અંકાતા ચિત્રપટમાં અને સંસારના ભોગવિલાસમાં એમને ઘણી સમાનતા દેખાઇ. વિજય અને સમૃદ્ધિના રંગ જોઇ માણુસ માની લે છે કે આ રંગ કોઇ દિવસ ભૂંસાવાનો નથી, પરંતુ સંધ્યાના રંગ જેમ સ્થાયી નથી તેમ સંસારીનાં સુખ કે સગવડ કદી સ્થાયી રહી શકે નહિ. પ્રસન્નચંદ્ર મહારાજાએ હવે મોહનિદ્રામાં પડી રહેવાનું યોગ્ય ન માન્યું. પુત્ર ઉમરલાયક બને ત્યાં સુધી રાહ જોતાં બેસી રહેવું એ એમને ન પાલવ્યું. એમ રાહ જોતાં બેસીએ તો કદાચ સાચી સાધનાનો અવસર પણ ન મળે !

મહારાજાને એમના નિશ્ચયથી કોઇ ડગાવી શકયું નહિં. સંસારનો ત્યાગ કરી, એમણે કર્મને ખપાવવા, ઉગ્ર તપસ્યા આદરી.

નિર્બંધપણે વિચરતા એ રાજર્ષિ એક દિવસે રાજગૃહીના ઉદ્યાનમાં આવી કાયોત્સર્ગ મુદ્રાથી ઊભા રહ્યા. કોઇ એક સમય પોતે રાજઐશ્વર્યના ભોક્તા હતા, સંપત્તિના સ્વામી હતા એ સંસ્કાર એમના હૃદયપટ ઉપરથી પ્રાયઃ ભૂંસાઇ ગયા છે. સંસારના સર્વ સુખ અને સંબંધોથી પોતાને પર માનતા થયા છે અને એમની તપશ્ચર્યા પણ ખરેખર એવી ઉગ્ર છે કે લોકો એમને રાજર્ષિના વિશેષણથી વધાવે એમાં કંઇ અતિશયોક્તિ નથી.

કેટલીક વાર માણુસ પોતે પોતાના દિલની ઊંડી ખટક જોઇ શકતો નથી, અને જુએ છે તો એ વખતે એવો આશાવાદી બને છે કે આજે નહિ તો બે દિવસ પછી, તપસ્યાની પવિત્ર આગમાં એ ખટક બળીને ભસ્મ થઇ જવી જોઇએ એમ માની લે છે.

રાજર્ષિના દિલમાં પણુ એક ખટક રહી જવા પામી હતી. અલબત્ત, એમને રાજ્ય તરફ મમતા ન હતી, સગાં સ્વજન પ્રત્યે પણુ આકર્ષણુ નહોતું, માત્ર કુમાર હજી ઉમરલાયક નથી થયો, પડોશી રાજ્યો કદાચ એની ઉપર આક્રમણુ કરશે, કુમારની નબળાઈનો લાભ લેશે એ એક જ ખટક ઊંડે ઊંડે-પોતે પણુ ન કળી શકે એવા સૂક્ષ્મ સ્વરૂપે-રહી ગઇ હતી.

એ યુગ અહોભાગી હતો. ભગવાન મહાવીર એ જમાનામાં પોતાની પદધૂલીવડે ભૂમિને તીર્થક્ષેત્ર બનાવી રહ્યા હતા. મહારાજા શ્રેણિક જેવા શ્રદ્ધાળુ રાજવી, ભગવાન મહાવીરની સેવામાં સદા હાજર રહેતા.

શ્રેણિક મહારાજા ભગવાન મહાવીરને વાંદવા એ જ ઉદ્યાન પાસે થઈને નીકળ્યા. એમણે અને એમના અનુચરોએ મહારાજા પ્રસન્નચંદ્રને કાયોત્સર્ગમાં ધ્યાનારૂઢ થએલા જોયા. 'ધન્ય છે આ પુરુષને ! જેણે રાજ્યનો ત્યાગ કરી આત્માનું શ્રેય સાધવા આવાં ઉગ્ર તપ આદર્યાં છે તે ખરેખર વંદનીય છે' ! મહારાજા શ્રેણિકના મુખમાંથી સ્વાભાવિક ઉદ્ગાર સરી પડ્યા.

શ્રેણિકે ભગવાન મહાવીર પાસે જઇ, વિધિપૂર્વક વંદન વિગેરે કરી, પ્રસન્નચંદ્ર રાજર્ષિની વાત કહેવી શરૂ કરી. એ રાજર્ષિનાં ત્યાગ, તપશ્ચર્યા, સહનશીલતાની રાજા શ્રેણિકે ખૂબ અનુમોદના કરી. ભગવાન પોતે શ્રેણિકની એ વાત મૌનભાવે સાંભળી રહ્યા.

'ભગવન્ ! મેં માર્ગમાં આવતાં રાજર્ષિને વંદના કરી તે વખતે જો તે કાળધર્મ પામે તો કઇ ગતિએ જાય ?" શ્રેણિકે જિજ્ઞાસા તથા ઉત્સુકતા દાખવી.

'એ વખતે તો રાજર્ષિ સાતમી નરકે જાય!' સાતમી નરક એટલે અધોગતિની છેલ્લી સીમા. ભગવાનના મુખમાંથી નીકળેલાં આ શબ્દો સાંભળી શ્રેણિક અવાક્ બની ગયા. ભગવાનની ગેર-સમજ થતી હશે એમ તો કેમ મનાય? પોતાના કાન કદાચ દગો દેતા હશે! રાજર્ષિ જેવો તપસ્વી સાતમી નરકે જાય, એ વાત મનાય જ શી રીતે? શ્રેણિકની વિમાસણ પારાવાર વધી પડી.

'ભગવન! હમણાં કાળ કરી જાય તો?'

'હમણાં તો છઠ્ઠી નરકે જાય!' ભગવાને ટૂંકામાં જવાબ વાળ્યો. રાજર્ષિને નરક મળે એ વાત હજી શ્રેણિકને ગળે નથી ઉતરતી. પણ બબ્બે વાર સાંભળેલી વાત—ભગવાનના મુખેથી નીસરેલા શબ્દો અર્થશૂન્ય હોય એમ કેમ મનાય?

શ્રેણિક આશ્ચર્યમુગ્ધ બની બેસી રહ્યા. વળી થોડીવારે પૂછ્યું.

'હવે રાજર્ષિ કાળ કરીને ક્યાં જાય?'

'પાંચમી નરકે.' ભગવાન જાણે આટલે આઘે રહ્યા થકા રાજર્ષિના અંતરને ઉકેલતા હોય તેમ બોલ્યા. એ પછી થોડી થોડી વારે જેમ જેમ શ્રેણિક પૂછતા ગયા તેમ તેમ ભગવાને, 'ચોથી, ત્રીજી, બીજી અને પહેલી' એ મતલબના જવાબ વાળ્યા.

ક્ષણે ક્ષણે ગતિના બંધ કેમ બદલાતા હશે તે શ્રેણિક ન સમજી શકયો. કોઈ પણ માણસને ભગવાનના આ ઉત્તર સાંભળી ગતિના ક્રમ કેટલા સ્વચ્છંદ છે એમ લાગે. પળે પળે આ રીતે ગતિના પ્રકાર બદલાતા રહે તો કર્મના સર્વોપરી ગણાતા રાજ-તંત્રમાં પણ અરાજકતા જ પ્રવર્તતી હોવી જોઇએ.

શ્રેણિક માત્ર વેષ અને મુદ્રા જ જોઇ આવ્યો હતો. ભગવાનની જ્ઞાનદ્રષ્ટિ, રાજર્ષિના અંતરમાં ચાલતા તુમુલ તોફાનને નીરખી રહી હતી. ગતિના બંધ અંતરના ભાવ ઉપર અવલંબે છે એ વાત જેટલી જ્ઞાની સમજી શકે તેટલી શ્રેણિક શી રીતે સમજે?

ભગવાનની નજર સામે ચાલતું યુદ્ધ બંધ પડ્યું એ જ વખતે

શ્રેણિકની પ્રશ્નપરંપરા પાછી ચાલુ થઇ. તેણે પૂછયું : 'ભગવન્! હવે રાજર્ષિ કાળ કરે તો કઇ ગતિએ પહોંચે?'

ભગવાને કહ્યું: 'પ્રથમ દેવલોકમાં જાય.'

થોડી વારે શ્રેણિકે એ જ પ્રશ્નની પુનરાવૃત્તિ કરી. ભગવાને ક્રમાનુસારે શ્રેણિકના પ્રશ્નના જવાબમાં બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠા, સાતમા, આઠમા, નવમા, દસમા, અગિયારમા, બારમા દેવલોક અને નવ ગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વિમાનો પર્યંત રાજર્ષિ જાય એમ કહ્યું.

એ વાર્તાલાપ પૂરો થાય તે પહેલાં તો જાણે દેવદુંદુભી ગડગડતા હોય એવો અવાજ આવ્યો. શ્રેણિકે પૂછયું: 'ભગવન્! આ નાદ શેનો?'

'પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન ઉપજ્યું એ માટે દેવતાઓ જે દુંદુભીનાદ કરી રહ્યા છે તેનો જ એ ધ્વનિ છે.' ભગવાને કહ્યું.

શ્રેણિક તો પહેલેથી જ અવાક્ બની બેઠો હતો. જે પુરુષ થોડીવાર પહેલાં સાતમી નરકનો અધિકારી હતો અને જે પુરૂષનાં વેષ તથા મુદ્રા જોતાં કોઇને પણ એની શુભ ગતિ સંબંધે લેશમાત્ર સંશય ન રહે તે પુરુષની ગતિનો ક્રમ આટલો અવ્યવસ્થિત અને આટલો વિચિત્ર કેમ એ શ્રેણિકને માટે એક વિષમ સમસ્યા બની રહી.

'ભગવન્! કંઇ જ સમજાતું નથી. કર્મના નિયમમાં આવી અવ્યવસ્થા તો આપે કોઇ દિવસ નથી કહી. આજે હું આપના મુખથી શું સાંભળી રહ્યો છું?' શ્રેણિકે સ્પષ્ટીકરણ કરવા પ્રાર્થના કરી.

ભગવાન મહાવીરે પહેલેથી વાત માંડી:

'શ્રેણિક, તું જ્યારે તારા સેવકો સાથે અહીં—આ તરફ આવતો હતો ત્યારે તારા કોઇએક સેવકના મુખમાંથી એવા શબ્દો નીકળ્યા કે: આ પ્રસન્નચંદ્ર રાજા અહીં ધ્યાન ધરીને ઊભો છે પણ એની પાછળ એના નાના—સુકુમાર બાળકને એના પાડોશી રાજ્યો કેવી રીતની કનડગત કરી રહ્યા છે તેની તેણે મુદ્દલ દરકાર નથી કરી

ધર્મધ્યાન કરવું હોય તો પાછલી અવસ્થામાં ક્યાં નથી થતું? બાળકને ઉમરલાયક તો થવા દેવો હતો. આટલી ઉતાવળ કરી ન હોત તો ન ચાલત ? ધ્યાનાવસ્થામાં ઊભેલા રાજર્ષિના કાનમાં એ શબ્દો પ્રવેશ્યા અને રાજર્ષિના અંતરમાં એક ભયંકર યુદ્ધનાં વાદળ ઉભરાયાં. રાજર્ષિના અતીવ સુકુમાર હૃદય ઉપર એ શબ્દો ધગધગતા લોહની જેમ ચંપાયા.

'શુક્લધ્યાનના માર્ગ ઉપરથી રાજર્ષિ નીચે ગબડી પડ્યા. એમની સામે જ જાણે કે પાડોશી રાજાઓ, અસહાય બાળરાજાના દુર્બળ હાથમાંથી પોતનપુરનું રાજ્ય ઝુંટવી લેતા હોય એમ લાગ્યું. જીવન જેણે યુદ્ધના વિચારોમાં જ ગાળ્યું છે તે આ દૃશ્ય જોઇ ક્યાં સુધી શાંત રહી શકે ? બાહ્ય દૃષ્ટિએ તો તેઓ કાઉસગ્ગ ધ્યાનમાં હતા, પણ અંતરમાં, અદૃશ્યપણે એમણે દુશ્મન રાજાઓ સામે યુદ્ધ આરંભી દીધું.

'તપોવન જેવી મહારાજાની નિર્મલ મનોભૂમિ જોતજોતામાં સંહારની લીલાભૂમિ જેવી બની ગઇ. હજારો સ્ત્રીઓ, બાળકો અને અકાળે મૃત્યુને ભેટતા પુરુષોની ચીચીયારીથી આખુંયે આકાશ છવાઇ ગયું. મહારાજા રૌદ્ર સ્વરૂપ ધરી એ સંહારલીલા ભજવી રહ્યા. પોતે સંસારત્યાગી છે, ધ્યાનાવસ્થામાં છે એ બધું ભૂલી ગયા.

'એક પછી એક દુશ્મનોનો વધ કરતા એ પ્રસન્નચંદ્ર મહારાજા, શ્રેણિકરાજ ? તમે જ કહો કે એવે સમયે કાળધર્મ પામે તો કઇ ગતિએ જાય ? એમના આર્ત્ત–રૌદ્ર ભાવ પહેલેથી માંડી સાતમી નરકે લઇ જાય એ વિષે કંઇ આશ્ચર્ય લાગે છે ? મનથી જ કર્મ બંધાય છે એ સિદ્ધાંત પ્રમાણે, ધ્યાની રાજર્ષિ એમની ભાવનાને અનુસરી નરકગતિએ જાય એમાં કર્મશાસન સંબંધી અરાજકતા કે સ્વચ્છંદતા ક્યાં છે ?'

'હા, પણ એ સંહારલીલામાંથી રાજર્ષિ શી રીતે પાછા વળ્યા ? એ કેવળજ્ઞાનના અધિકારી કઇ રીતે બન્યા ?' નવા પ્રકાશનું પાન કરતા હોય તેમ શ્રેણિક મહારાજ બોલ્યા.

'રાજર્ષિ રૌદ્ર ભાવવામાં ખૂબ આગળ નીકળી ગયા હતા. બાળપુત્રના અને રાજ્યના રક્ષણની જે એક ખટક એમના દિલમાં છુપી રહી જવા પામી હતી તેને લીધે તે રાજમાર્ગથી નીચે ઉતરી બહુ દૂર–આડે માર્ગે જઈ ચડ્યા હતા. સામાન્ય શક્તિવાળો તો કદાચ ત્યાંથી પાછો જ ન વળી શકે પરંતુ રાજર્ષિને માટે તો એ એક અકસ્માત હતો. અકસ્માતને લીધે નૌકા જેમ જુદા જ માર્ગે ચાલી નીકળે તેમ આ મહારાજાના સંબંધમાં પણ બન્યું હતું. સદ્ભાગ્યે અનુકૂળ પવન વહ્યો અને નાવ તીર તરફ ધકેલાયું.'

શ્રેણિક મૌનભાવે સાંભળી રહ્યો. ન ઉકેલાય એવી ગુંચો જાણે સ્વતઃ છૂટી પડી જતી હોય એવી તૃપ્તિ એના મોં ઉપર તરવરી રહી.

'વમળમાં સપડાયેલા વહાણને બચાવી લેવું એ સહજ વાત નથી. રાજર્ષિનું નાવ તોફાને ચઢયું હતું. બૂડવાની છેલ્લી ઘડીઓ ગણાતી હતી એટલામાં રાજર્ષિએ પોતાનો જમણો હાથ ઉંચકયો અને માથા પરનો મુકુટ ઉતારી શત્રુ સામે ફેંકવાનો છેલ્લો નિશ્ચય કરી વાળ્યો. માથા ઉપર હાથ પડતાં જ એમને પોતાની સ્થિતિનું ભાન થયું. મુકુટ કયાં ? રાજ્યાસન કયાં ? યુદ્ધ કયાં ? વૈરી કયાં ? આવા આવા અનેક પ્રશ્નો એક સામટા ઉભરાઈ નીકળ્યા.

'તત્કાળ પેલું દુઃસ્વપ્ન ઊડી ગયું ! ત્યાગદશામાં, ધ્યાનાવસ્થામાં પોતે જે દુર્ધ્યાન સેવ્યું હતું તે બદલ એમણે તીવ્ર પશ્ચાત્તાપ કર્યો. ગતિની સ્થિતિ પણ એ જ ક્ષણે બદલાતી ચાલી. પહેલા સ્વર્ગની, બીજા સ્વર્ગની એ પ્રમાણે જે મેં હકીકત કહી હતી તે આ જ નિર્મળ ભાવનાને આશ્રયી હતી.'

શ્રેણિક અધ્યવસાયનું બળ જોઈ આશ્ચર્ય પામ્યો. અંતરના અધ્યવસાયો કર્મનાં દલને કેવા છિન્નભિન્ન કરી વાળે છે એ તેને સમજાયું. અશુભ પરિણામની ધારા ભલભલા તપસ્વીને નારકીય ગતિ તરફ ખેંચી જાય અને શુભ અધ્યવસાયની પ્રબળધારા ઉજ્જ-

વળ કેવળજ્ઞાન તરફ લઇ જાય એ વિષે હવે તેને લેશમાત્ર શંકા ન રહી.

વેષ પહેરવાથી જ વૈરાગ્ય આવે એવો નિયમ નથી. વેષના આડંબર કરતાં આત્મસાક્ષીએ આચરેલું ધર્માચરણુ અતિ મહત્ત્વનું છે.

**वेसोवि अप्पमाणो, असंजमपहेसु वट्टमाणस्स ।**
**किं परियत्तियवेसं, विसं न मारेई खज्जंतं ॥**

અસંયમમાર્ગમાં વર્તતા મુનિનો વેષ પણુ અપ્રમાણુ છે. વેષ બદલાવવાથી, શું ઝેર ખાધું હોય તો એ ઝેર ખાનારને નથી મારતું?

# સૌંદર્યમૂર્તિ સનત્કુમાર

સનત્કુમાર ચક્રવર્તી હતા. પણ ચક્રવર્તી કરતાં યે એક સૌંદર્યશાળી પુરુષ તરીકે એમની ખૂબ ખ્યાતિ હતી. એ વખતે એમ કહેવાતું કે બુદ્ધિમાન, શક્તિવાન, કુળવાન બીજા ઘણા પુરુષો હશે પણ દેવની કાંતિને ઝાંખી પાડે એવું અનુપમ રૂપ ધરાવનાર એકલા સનત્કુમાર જ છે. ભારતવર્ષમાં એમના શરીર-સૌંદર્ય સાથે સ્પર્ધા કરી શકે એવો બીજો પુરુષ ન હતો.

દેવોનું અભિમાન પણ સનત્કુમાર આગળ ગળી જતું. એક સ્વચ્છ આરસપહાણમાંથી કોઈ કુશળ શિલ્પીએ નિરાંતે બેસીને મૂર્તિ ઘડી કાઢી હોય તેમ સનત્કુમારનું એકેએક અંગ પ્રમાણબદ્ધ અને કાંતિયુક્ત હતું. ચક્રવર્તીપણાના વૈભવે, ચક્રવર્તીપણાની અસ્મિતાએ, એ સ્વાભાવિક સુઘટિત દેહમાં દમામની કોઈક અનોખી ખુમારી ભરી હતી. ભરાવદાર ગાત્રોમાં વહેતું લાલ ચણોઠી જેવું લોહી સનત્કુમારના તાજા યૌવનની સાક્ષી ઉચ્ચારતું હતું.

સનત્કુમારના સૌંદર્યનો વિષય એક વાર દેવોની સભામાં ચર્ચાયો. મનુષ્યોએ દેવોની શક્તિ અને સુંદરતાનાં ઘણાં સ્તોત્રો રચ્યાં છે, પણ કોઈ દેવે મૃત્યુલોકના માનવી વિષે પ્રશંસાનું નાનું સરખું પણ ગીત ગાયું હોય એવું ક્વચિત જ બન્યું છે. તે દિવસે સનત્કુમારના વિષયમાં દેવોએ વહેલવહેલો પોતાનો અભિપ્રાય ઉચ્ચાર્યો. એમણે જાહેર કર્યું કે દેવના રૂપને પણ નિસ્તેજ બનાવે એવો એક પુરુષ ભારતવર્ષમાં છે અને તે સનત્કુમાર.

કેટલાકોને એ અભિપ્રાય ન રૂચ્યો. દેવોમાં કેટલાક એવા અભિમાનીઓ હોય છે કે જેઓ પોતાના કરતાં બીજા અધિક સૌંદર્યશાળી હોઇ શકે એ વાત સાંભળવા કે સ્વીકારવા તૈયાર નથી હોતા. દેવોનો રૂપવૈભવ છેક છેલ્લી કોટિનો હોવાનો તેઓ આગ્રહ રાખી રહ્યા હોય છે.

સૌંદર્ય કંઇ એક ભૂમિનો ઇજારો નથી. દેવભૂમિમાં જ સૌંદર્ય નીપજે અને મૃત્યુલોક સૌંદર્યની મરુભૂમિ બની રહે એવું કોઇ વિધાન નથી. સૌંદર્ય નીરખવાને કેળવાયેલી આંખ જ એનાં સાચાં મૂલ્ય આંકી શકે.

દેવ અને માનવીનાં સૌંદર્ય જુદી જુદી કોટિના હોય છે. દેવસભાના એક–બે દેવોને જ્યારે સનત્કુમારના સૌંદર્યની પ્રશંસા ન રુચી અને તેઓ પોતે જાતે એ સૌંદર્યની ખાત્રી કરવા સનત્કુમારની રાજધાનીમાં આવ્યા ત્યારે જ એમને એ વાત સમજાઇ. દેવો જ સૌંદર્યના ઇજારદાર છે એ ભ્રમણા ટળી.

સનત્કુમાર ખરેખર સુંદર હતો. દેવકુમારોનું સૌંદર્ય ફૂલની પાંખડી જેવું સુકુમાર હોય છે. મનુકુમારોનું રૂપ, ટાઢ–તડકો વેઠી વેઠીને પરિપાક પામતા ફળ જેવું રસભરપૂર હોય છે. એક સ્વાભાવિક છે તો બીજું શ્રમસાધ્ય છે. એકમાં નરી કોમળતા હોય છે તો બીજામાં કોમળતા અને કઠિનતાનું સુંદર સંમિશ્રણ હોય છે.

દેવો સનત્કુમાર પાસે પહોંચ્યા તે વખતે કેટલાક પહેલવાનો, સનત્કુમારના કદાવર દેહને સુગંધી તેલનું મર્દન કરી રહ્યા હતા. એક પહેલવાનનો વજ્ર જેવો કઠોર હાથ કોઇ દેવને સ્હેજ સ્પર્શી જાય તો પણ દેવને સોજો ચડી આવે. કુસ્તી કરી કરીને જેમના હાથ ખૂબ કઠણ બન્યા છે એવા ચાર–પાંચ પહેલવાનોના પોલા હાથની તેલભીની ઝાપટ સનત્કુમારના ઉઘાડા અંગ ઉપર પડતી હતી. એવા જ પહેલવાનોની બીજી એક ફોજ હુકમની રાહ જોતી પાસે ઊભી હતી. એમનું કામ સનત્કુમારના અંગ ઉપરથી વધારાનું તેલ

બાહુબળથી બહાર નીચોવી કાઢવાનું હતું. સનતકુમારનો સ્નાનવિધિ વસ્તુતઃ એક વૈભવ હતો.

દેવકુમારો આ સ્નાનવિધિ જોઈ આશ્ચર્ય પામ્યા અને એથી યે વિશેષ તો સનત્કુમારના ખુલ્લા દેહની શોભા નિહાળી તેઓ સ્તબ્ધ બન્યા. મનુષ્યનો દેહ આટલો સુકુમાર અને છતાં આવો કસાયેલો કેમ હોઇ શકે એ એમની સમજમાં ન આવ્યું.

સ્નાનવિધિમાં રોકાએલા સનત્કુમારે દેવોને એમના આગમનનો હેતુ પૂછયો. એ પ્રશ્નના જવાબમાં દેવોએ કહ્યું કે દેવસભામાં સનત્કુમારના રૂપની જે ચર્ચા થઇ હતી તેની ખાત્રી કરવા માટે જ પોતે આ પૃથ્વી ઉપર આવ્યા હતા.

રૂપની વાત સાંભળીને સનત્કુમારની આંખ અભિમાનના ઘેનથી ઘેરાઈ. દેવો પોતાનું રૂપ જોવા આવે એમાં એને પોતાની મહત્તાની પરાકાષ્ઠા લાગી. સનત્કુમારે કહ્યું: 'રૂપ જ જોવું હોય તો તમે રાજસભામાં આવજો. સ્નાનાદિથી પરવારી, જ્યારે વસ્ત્રાભૂષણો સજી લઉં ત્યારે સેવકોથી વીંટળાયેલા અને રાજસિંહાસન ઉપર ગોઠવાયેલા એવા મને નિહાળજો. અત્યારે તો એમાંનું કંઇ જ નથી.'

દેવોની કુતુહલવૃત્તિ વધુ સતેજ બની. તેઓ વખતસર સનત્કુમારની રાજસભામાં પહોંચ્યા. એ વખતે 'સનત્કુમારની દેહશોભા, દીપશિખાની જેમ આખા યે મંદિરને તેજથી ભરી દેતી હતી. દેવોને લાગ્યું કે સનત્કુમાર પૃથ્વીના પટ ઉપર વિહરતો એક માનવદેવ છે.

ધીમે ધીમે તેઓ રાજસભામાંથી માર્ગ કહાડતા સનત્કુમારના સિંહાસન પાસે પહોંચ્યા. તરસ્યા માણસની જેમ એમણે સનતકુમારના સૌંદર્ય તરફ મીટ માંડી. સનત્કુમારનાં એકેએક અંગ, આભૂષણ અને હલનચલન તરફ તેઓ ક્યાંઇ સુધી જોઇ રહ્યા.

થોડીવારે અજાણતાં એક દેવે લાંબો નીશ્વાસ નાંખ્યો. સૌંદર્યની આકર્ષકતા અને વૈભવની છાકમછોળ વિષે વિચારપરંપરામાં ગરકાવ બનેલો એ દેવ કયારે વૈરાગ્ય ભણી ખેંચાઇ ગયો

તેનું તેને પોતાને પણ ભાન ન રહ્યું. તર્ક અને કલ્પનાની ગહન અટવીમાં અથડાતાં પ્રાણીઓ કોણ જાણે કયાંના કયાં ઉતરી પડે છે?

પાસેના દેવે એ નીશ્વાસ સાંભળ્યો. પૂછ્યું : ' આમોદ-પ્રમોદના આ મહાસાગરમાં શોકનો નીશ્વાસ શી રીતે સ્પર્શી ગયો?'

જવાબમાં પેલા દેવે નાક ઉપર હાથ મૂકયો. એને કંઇક ઊંડે ઊંડેથી દુર્ગંધ આવતી હોય એમ તેણે મ્હોં સકોચ્યું અને કહ્યું : ' સુંદર મનુષ્ય પણ ભીતરમાં કેટલી ગંદકી ભરીને બેઠો હોય છે? સનત્કુમાર સુંદર છે, પણ ખરું જોતાં તો જેને જોતાં સુગ ચડે એવાં મળ-મૂત્ર ઉપર જ આ સુંદર દેહનો આધાર છે.'

' જે જોવાનું છે તે મૂકીને શા સારું આ દેવ ન જોવાનું જોતો હશે? સનતકુમારના આ બહારના રૂપવૈભવમાં એવી તે શી ખામી હતી કે તે નકામો ભીતરના મેલ જોવા મંડી ગયો.' બીજો દેવ કંઇક આવો જ વિચાર કરતો હતો. પણ એ બોલે તે પહેલાં જ પેલો દેવ કંટાળીને બોલી ઉઠ્યો :

' આ સનત્કુમારના શબ્દોમાં તમને દુર્ગંધ નથી આવતી?'

પ્રશ્નોત્તર અધૂરા રહ્યા. સનતકુમારે, આ અતિથિ જેવા દેવો કઇ ચર્ચામાં ગુંથાયા છે તે જાણવા માગ્યું. દેવો નિર્ભય હતા-સ્પષ્ટવક્તા હતા. એમને સનતકુમારની સત્તા કે હકુમત સ્પર્શી શકે એમ ન હતું.

' અમે માનવસૌંદર્યની મૂળ સામગ્રી વિષે વિચાર કરતા હતા.' કડવી લાગે એવી વાતને દેવે મીઠાશનો ઓપ આપ્યો.

માનવસૌન્દર્ય એટલે સનત્કુમાર. અને માનવસૌંદર્યની જ્યાં વાત થતી હોય ત્યાં સનત્કુમારનાં જ ગુણગાન હોય એવો તેનો આજ સુધીનો અનુભવ હતો. તેણે પૂરી બેદરકારીથી દેવોની સામે દષ્ટિપાત કર્યો અને પૂછયું :

' વારૂ, કઇ સામગ્રીમાંથી આ સૌંદર્ય પ્રકટયું? આપ શું માનો છો?'

'હું-એ જ વાત મારા સાથીને સમજાવતો હતો. તમારો દેહ જેટલો સુંદર છે તેટલી જ તમારી વાત કરવાની શૈલી પણ સુંદર છે. પણ જે શ્વાસ એ શબ્દોના સંદેશ લઇ આવે છે તે શ્વાસ પોતે મળના કેટલા અણુ–પરમાણુને બહાર ઠલવે છે ?' સનત્કુમારની પાસે બેઠેલા દેવે, સનત્કુમારના શ્વાસમાંથી છૂટતી દુર્ગંધનો પ્રકારાંતરે નિર્દેશ કર્યો. મનુષ્યો જે વાસથી લગભગ ટેવાઈ ગયા છે તે વાસ દેવો વધુ વખત સહી શકતા નથી. એટલે જ તેણે સનત્કુમારની વાત સાંભળીને શરૂઆતમાં જ મ્હોં સ્હેજ મરડયું હતું. એ દુર્ગંધે જ એને માનવસૌંદર્યની મૂળ સામગ્રી વિષે વિચાર કરવા પ્રેર્યો હતો.

સૌંદર્યમૂર્તિ સનત્કુમારમાં નિર્મલ સુંદરતા જેવી વસ્તુ કઈ રીતે સંભવે ? સનત્કુમારને એ વાત સાંભળી થોડો આઘાત પણ થયો.

'મનુષ્ય ખરેખર શક્તિસંપન્ન પ્રાણી છે. એ મળ–મેલમાંથી પણ સૌંદર્ય ખેંચી જાણે છે. જે ગંધાતા દ્રવ્યો સામે જોવા માત્રથી સૂગ ચડે તે જ દ્રવ્યોમાંથી મનુષ્ય પોતાના સૌંદર્યની દીપમાળ પ્રગટાવે છે. જ્યાં સુધી અંદરના અવયવો પોતપોતાની કામગીરી બરાબર બજાવતા હોય ત્યાં સુધી તો બધું ઠીક ઠીક ચાલે છે–સૌંદર્યની દીપમાળા ઝળહળી રહે છે, પણ જ્યારે એમાં થોડી શી વિકૃતિ થવા પામે છે તે જ ઘડીએ પેલું સૌંદર્ય પણ ખદબદી ઉઠે છે. માણસ જેને અમી કહે છે તે અમીને અડીને નીકળતો વાયુ પણ પછી તો વાસ મારે છે. એક રીતે માનવી જેટલો શક્તિસંપન્ન છે તેટલો જ બીજી રીતે પામર છે. એની સૌંદર્યજ્વાળા જોતજોતામાં રાખના ઢગલારૂપે પરિણમે છે.' દેવે પોતાની મધુર વાણીમાં સનત્કુમારને સૌંદર્યની બીજી બાજુ બતાવી.

સનત્કુમાર ભલે ચક્રવર્તી હોય, ભલેને સૌંદર્યની પ્રતિમા શો હોય; પરંતુ આખરે તો એ માનવી જ ને ?–ઝુંપડીમાં વસતા કોઇ પણ દીન–દરિદ્ર કે કદરૂપ માનવબાળના જેવાં જ ઉપકરણો

અને ઉપાદાનોથી એનો દેહ ઘડાયો છે. તેમ એના એક એક લોહીના બિંદુમાં વિકૃતિની પાર વગરની સામગ્રી ભરી છે અને તે એક દિવસે આ કહેવાતી સૌંદર્યપ્રતિમાને પણ પગથી ઠોકરે ચડતા પત્થર જેવી બનાવી મૂકવાની એ વાત પેલા દેવે સનત્કુમારને સમજાવી.

નિશ્ચિંતપણે ફૂલની શય્યામાં પડેલો માનવ જેમ પોતાની પથારીમાં સળવળતા સાપને જોઇને ઉદ્વિગ્ન બને તેમ સનત્કુમાર પોતે જેને માટે આટલું અભિમાન ધરાવે છે તે દેહની આવી અવશ્યંભાવી દુર્દશા કલ્પી બેચેન બન્યો. વિકૃતિ માત્રથી અજાણ્યા એવા ચક્રવર્તીએ વિકારના પડછંદા દૂર દૂરથી આવતા સાંભળ્યા.

વિકાર અને મૃત્યુની એક સામાન્ય વાતે સનત્કુમારના વિલાસનો બધો રસ ઝૂંટવી લીધો. એક દિવસે આ યૌવન વિદાય લેશે, આરોગ્ય ક્ષીણ થતાં જ વિવિધ દુઃખ–દર્દોની સેના ચડી આવશે, સૌંદર્યનો અણુ અણુ ગંધાઇ ઊઠશે અને બીજા હજારો–લાખો માનવીની જેમ પોતે પણ દુર્દશાગ્રસ્ત બનશે એ વિચારે એમના હૃદયમાં વિરાગનાં બીજ વાવ્યાં.

પછી તો, સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે તેમ સનત્કુમારે રાજ્યલક્ષ્મીનો ત્યાગ કર્યો. છ–છ મહિના સુધી એમની રાણી–સુનંદા અને રાજ્યના અધિકારીઓ એમની પાછળ સમજાવવા સારુ ફર્યા પણ સનત્કુમારે તજેલી રાજલક્ષ્મી સામે પાછું વાળીને પણ ન જોયું. સૌ આપ્તજન નિરાશ બનીને પાછા વળ્યા.

સૌંદર્યમૂર્તિ સનત્કુમારે ઉગ્ર દેહદમન આદર્યું. ઉપરાઉપરી ઉપવાસ અને આયંબિલના તપે સુંદર શરીરને શુષ્ક તથા જીર્ણ બનાવી મૂક્યું. સુવાળી સુખશય્યામાં ઉછરેલો દેહ ભયંકર રોગને આધીન બન્યો.

સનત્કુમારને દેહ તેમજ દેહના રોગની કંઈ જ પડી ન હતી. એમનું લક્ષ હવે દેહરોગ તરફ નહીં, કર્મરોગ તરફ વળ્યું હતું. પૂર્વકર્મની જે સેના આત્માને જન્મ–જરા–મૃત્યુના પ્રવાહમાં પુનઃ

પુનઃ પટકે છે તે સેના સામે જ છેલ્લું યુદ્ધ લડી લેવાનો એમણે નિશ્ચય કર્યો હતો. શરીર એટલે કે શરીરનું સૌંદર્ય એ સર્વ હવે સનત્કુમારને બાળચેષ્ટા જેવું લાગવા માંડયું.

એક દેવે સનત્કુમારનો રોગ નિહાળી, કંઈક ઉપચાર કરવાની સેવાભાવે તૈયારી બતાવી.

'શરીરનો વ્યાધિ તો તમે મટાડશો, પણ વ્યાધિમાત્રનું મૂળ-કર્મરોગ, તેને આપ કઈ રીતે મિટાવી શકવાના હતા?' સનત્કુમારે પૂછ્યું.

'કોઈ પણ વૈદ્ય પાસે કર્મરોગનો ઈલાજ નથી હોતો. બહુ બહુ તો દેહના દુઃખને થોડે દૂર ઠેલી શકે.' દેવે પોતાની નિરુપાયતા દર્શાવી.

'હું પણ ધારું તો ફરી એક વાર આ કૃશ બનેલા દેહમાં આરોગ્ય અને સૌંદર્યની જ્યોત પ્રકટાવી શકું. પણ દેહમાં જ સર્વસ્વ સમાઈ જતું હોવાની માન્યતા હું મારી પાછળ મૂકીને આવ્યો છું. દેહ કરતાં પણ આત્મા અધિક મૂલ્યવાન છે. દેહના આરોગ્ય કરતાં આત્માનું આરોગ્ય મને અનંતગણું આદરણીય લાગે છે.' સનત્કુમારે પોતાની સ્થિતિ સમજાવવા માંડી

'પણ જે માણસ દેહને નીરોગ રાખી શકતો નથી તે આત્માને શી રીતે નીરોગ કરવાનો હતો?' દેવે પ્રશ્ન કર્યો.

'દેહની નીરોગતા?' સનત્કુમારના કૃશ બનેલા કંઠમાંથી અવાજ આવ્યો. એમણે પોતાની એક આંગળી મ્હોંમાં નાખી અને થોડી વારે બહાર કાઢી, દેવને બતાવી. દેવ એ આંગળીનું રૂપ જોઈ દિગ્મૂઢ બન્યો. એ આખીયે આંગળી જાણે કે તપાવેલા શુદ્ધ કંચનમાંથી ઘડી કાઢી હોય તેટલી રૂપવાન બની ગઈ હતી.

સનત્કુમાર જો ઈચ્છે તો પોતાના દેહને, પહેલાં કરતાં પણ

વધુ દિપ્તીવાન બનાવી શકે એટલી સિદ્ધિ ધરાવતા હતા એમ તેમણે આથી સૂચવ્યું. દેવને લાગ્યું જેની પાસે આવું અદ્ભુત સામર્થ્ય હોય તે દેવની કે બીજા કોઇની સહાય શા સારૂ વાંછે? સનત્કુમારની ઉગ્ર તપશ્ચર્યાનો જ એ પ્રતાપ હતો. શરીરની એમણે ઉપેક્ષા કરી હતી. કર્મરોગની સાથે છેલ્લું યુદ્ધ લડી લેવાની એમણે જે પ્રતિજ્ઞા કરી હતી તેમાંથી એમને કોઇ ચળાવી શકે એમ ન હતું.

સાતસો-સાતસો વર્ષ લગી એમણે એ દેહના રોગની પરવા કર્યા વિના ઘોર તપશ્ચર્યા કરી. સિદ્ધિપદને યોગ્ય એવા પુરુષોની શ્રેણીમાં સૌંદર્યમૂર્તિ સનત્કુમારનું નામ પણ ઉમેરાયું.

# શાસ્ત્રાર્થ સભા

દક્ષિણમાં, જૂના જમાનામાં કર્ણસુવર્ણ નામની એક નગરી હતી. રાજાના પોતાના નામ ઉપરથી નગરીનું એ નામ પડ્યું હતું. અહીં ઘણા શ્રીમંતો વસતા. વેપાર પણ ઘણો ધીકતો ચાલતો. મલય પર્વતનાં ચંદનકાષ્ઠ એ અહિંની મુખ્ય પેદાશ હતી. ખાણોમાંથી સોનું અને હીરા પણ નીકળતા. એકંદરે લોકો સુખી અને સમૃદ્ધ હતા.

નગરીનો રાજા પોતે ખૂબ વિદ્યારસિક હતો. પંડિતોની સારી જેવી સેના એના આશ્રયે પોષાતી. મનોવિનોદને અર્થે રાજાએ પોતાના મહેલમાં એક શાસ્ત્રસભા યોજી હતી. વિદ્વાનો, પંડિતો, પારંગતો આ શાસ્ત્રસભામાં આવી પોતાની બુદ્ધિના ચમત્કાર બતાવતા. ન્યાય, દર્શન, કાવ્ય, સાહિત્ય અને શાસ્ત્રવાક્યની આપ્તતા સંબંધમાં ખૂબ મનોરંજક ચર્ચાઓ અહીં ચાલતી. યુક્તિઓ, અલંકારો અને શાસ્ત્રીય શ્લોકના ઉચ્ચારોથી હરહંમેશા આ સભા ગુંજી ઊઠતી.

વિદ્યાવિનોદની સાથે, મહારાજાને શાસ્ત્રાર્થનો પણ બહુ શોખ હતો. કોઈ એક વિષય કે સમસ્યાના સંબંધમાં બે પંડિતોને લડાવવામાં, એમની બુદ્ધિમત્તા, તર્કશક્તિ અને હાજરજવાબીની કસોટી કરાવવામાં મહારાજાને બહુ જ મોજ પડતી. જે પંડિત, શાસ્ત્રાર્થની ચર્ચામાં ફત્તેહ મેળવતો તેના નામનો :જયધ્વનિ, સમસ્ત મહેલમાં પ્રસરી જતો; એટલું જ નહીં પણ એક વિજયી પંડિત તરીકે તેને હાથી ઉપર બેસાડી, સારાયે શહેરમાં ફેરવવામાં આવતો. અને

મહારાજાની થોડી પણ મહેરબાની જેની ઉપર ઉતરે તે ન્યાલ થઇ જાય—એની વંશપરંપરાની ગરીબાઇ ટળી જાય એમાં તો પૂછવાપણું જ શું હોય ? પરાજય પામેલા પંડિતની દુર્દશા, બીજી તરફ, એટલી જ શોચનીય બનતી. એને આ શહેરમાં રહેવું આકરૂં થઇ પડતું. એક રીતે મહારાજા કર્ણસુવર્ણની આ નગરીમાં શાસ્ત્રાર્થને નામે જુગાર જ ખેલાતો. ભલભલા પંડિતો ભાગ્યદોષે પરાભવ પામી, આ ભૂમિને છેલ્લા નમસ્કાર કરી નીકળી જતા. જેમનો સીતારો એક દિવસે ચમકતો તેમને પણ પોતાનાં આસન હંમેશા ધ્રૂજતાં લાગતાં. કયારે બહારનો કોઇ સમર્થ પંડિત આવશે અને પોતાની કમાયેલી કીર્ત્તિને ધૂળભેળા કરશે તે કોઇ કળી શકતું નહીં. પંડિતો પોતાની પ્રતિષ્ઠા જાળવવાની ચિંતામાં રાતદિવસ ભયભીત રહેતા. જુગારી કરતાં એમની સ્થિતિ કોઇ રીતે વધુ સારી ન ગણાય. ભોગમાં રોગનો ભય રહ્યા જ કરે છે તેમ પાંડિત્યમાં પરાભવનો સતત ભય રહે છે એ સૂત્ર અહીં શબ્દશઃ યથાર્થ થતું દેખાતું.

રાજની શાસ્ત્રાર્થસભાના કેટલાય પંડિતો, પછી તો, કાશી જેવી દૂરની નગરીમાં ચાલ્યા ગયા. કેટલાકોએ બૌદ્ધ સાધુના વેશ પહેરી સંસારનો ત્યાગ કર્યો. કેટલાકો વનમાં કે નદીતીરે આશ્રમ બાંધી બેસી ગયા. કર્ણસુવર્ણ નગરી પંડિતોથી લગભગ ખાલી જેવી થઈ ગઇ.

શાસ્ત્રાર્થસભામાં પણ હવે, બે–ચાર પરંપરાગત પંડિત સિવાય ભાગ્યે જ કોઈ આવે છે. મહેલના મુખ્યદ્વાર પાસે એક મ્હોટું નગારૂં મૂકવામાં આવતું, તેની ઉપર ભાગ્યે જ કોઇની દાંડી પડે છે. અહીં એટલું કહી દેવું જોઇએ કે શાસ્ત્રાર્થસભામાં જે કોઈ નવો પંડિત શાસ્ત્રાર્થ કરવા માગતો હોય તેણે સૌ પહેલાં, પ્રવેશદ્વારના આ નગારા ઉપર દાંડી પીટવી જોઇએ. નગારાનો અવાજ થાય એટલે સૌ કોઇ સમજી લે કે કોઇ સમર્થ વાદી આ નગરીમાં આવ્યો છે અને થોડ જ દિવસોમાં ભારે શાસ્ત્રાર્થ થવો જોઇએ. હમણા હમણા એ નગારૂં વાગતું

નથી. બહારનો કોઈ પંડિત પણ નથી આવતો. શાસ્ત્રાર્થસભા નિર્જનવત્ બની છે.

આમ બધું સુમસામ ચાલતું હતું એટલામાં એક અસાધારણ પંડિત આ નગરીમાં આવી ચડયો. એના અસાધારણ બુદ્ધિસામર્થ્ય અને પ્રખર પ્રમાણવાદની વાતો લોકજીભ ઉપર રમી રહી. કોઇ કહે, આજ સુધીમાં જેટજેટલા શાસ્ત્રીઓ આવી ગયા એ બધા, આ નવા પંડિત પાસે પાણી ભરે. કોઇ કહેઃ પૃથ્વીના પડ ઉપર આવો વાદી બીજો કોઇ થયો નથી અને કદાચ થશે પણ નહિં. એની સામે એક સાદું વાકય બોલતાં ભલભલાને પસીનો છૂટે !

કર્ણસુવર્ણ નગરીમાં આવા દિગ્ગજ પંડિત સાથે શાસ્ત્રાર્થ કરવાનું બીડું કોણ ઝડપે ? એક રાજપંડિત હતો, પણ એ જીવાઇ ખાવા માટે જ રહ્યો હતો. બાપ-દાદા પંડિત હતા, એટલે તે પંડિતના નામે ઓળખાતો એટલું જ. એની શી તાકાત કે દુનિયાના એક સમર્થ વાદી સાથે શાસ્ત્રાર્થ કરી શકે ?

અને ખરેખર પેલો નવો વાદી, જયારે બજારની વચ્ચે થઇ, દરબાર તરફ જવા નીકળ્યો ત્યારે લોકો એનું સ્વરૂપ અને એનો રંગ-ઢંગ જોઇને મંત્રમુગ્ધ જેવા બની ગયા. એક તો એનો કદાવર દેહ અને ભરચક દાઢી તથા મૂછના વાળનો ઘટાટોપ જોયા પછી કાચો પોચો આદમી તો ગભરાઈ જ જાય.

લોકોના ટોળેટોળા એને જોવા સારૂ ઉલટ્યા. સંસારની બધી ચિંતાને ઘોળીને પી ગયો હોય એવું એનું કદાવર શરીર હતું. આંખમાંથી કાતીલ છૂરીના તેજ જેવો પ્રકાશ ચમકતો. એના પગલે પગલે દંભનો પડઘો પડતો. બીજી વિચિત્રતા એ હતી કે એણે હાથમાં એક મોટો દંડ ગ્રહણ કર્યો હતો. ગોળી જેવડા પેટ ઉપર તાંબાનું કવચ પહેર્યું હતું અને માથા ઉપર મુકુટ જેવા લાગતા એક ધાતુ-પાત્રમાં મશાલ સળગતી હતી. રૂપ અને વેશમાં એ ખરેખર અદ્ભૂત હતો-અજેય જેવો લાગતો હતો.

ધીમે ધીમે તે રાજસભાના મુખ્ય બારણા પાસે પહોંચ્યો અને પાસેના નગારા ઉપર ત્રણ વાર દાંડી પીટી. એનો અર્થ એટલો જ કે 'તાકાત હોય તે શાસ્ત્રાર્થ માટે આવી જાય!'

શાસ્ત્રાર્થનો ડંકો સાંભળી રાજા વિચારમાં પડ્યો: રાજપંડિતને બોલાવી પૂછ્યું: 'આ નવા પંડિત સાથે શાસ્ત્રાર્થ કોણ કરશે?'

રાજપંડિતે જે જવાબ વાળ્યો તે ઉપરથી રાજાને ખાત્રી થઇ કે હવે રાજ-દરબારમાં એક પણ પંડિત એવો નથી કે જે આ નવા વાદી સામે ઊભો રહે. શાસ્ત્રીઓ માન અને અપમાનથી કંટાળી એક પછી એક આ રાજ્યની હદ છોડી ચાલ્યા ગયા હતા. જેમને એક દિવસે હાથીની અંબાડી ઉપર બેસાડવામાં આવે તેમને જ પાછા વળતે દિવસે ગધેડા ઉપર બેસવાનો વખત આવે એ સ્થિતિ કોણ કેટલો કાળ નભાવી લે? આજે પહેલવહેલી રાજાની આંખ ઉઘડી. એણે શાસ્ત્રાર્થને નામે આજ સુધીમાં કેટકેટલા પંડિતોની દુર્દશા કરી હતી તે વાત તેને આજે સમજાઈ.

કર્ણસુવર્ણમાં લક્ષાધિપતિઓ અને કરોડપતિઓનો કંઈ તૂટો ન હતો. સુભટો અને યોદ્ધાઓ પણ એક કહેતાં એકવીસ હાજર થઈ જાય, માત્ર કોઇ શાસ્ત્રી કે પંડિત નહોતો રહ્યો. શાસ્ત્રાર્થ સાંભળી જેઓ કેવળ તાળીઓ પાડતા હતા અથવા તો જય જયના ધ્વનિથી દિશા ગજાવી શકતા હતા તેઓ જ રહી ગયા હતા. રાજા પોતે મોટી મૂંઝવણ અનુભવી રહ્યો. કર્ણસુવર્ણનું નાક કાપીને આ નવો વાદી ચાલ્યો જશે એવી તેને બીક લાગી.

ગુપ્તચરો અને દૂતોને બોલાવી મહારાજાએ આજ્ઞા કરી: 'ગમે ત્યાંથી સમર્થ શાસ્ત્રીને શોધી કાઢો. કર્ણસુવર્ણ જેવી વિદ્યાપીઠનું અપમાન થાય એ ઠીક નહીં.'

એક ગુપ્તચરે આખરે સંદેશ આપ્યો કે: 'મહારાજ! અહીંથી બહુ દૂર અરણ્યમાં એક તપસ્વી શ્રમણ રહે છે. ઉંમર તો બહુ

નથી, પણ પાંડિત્ય અને વિવાદમાં જબરજસ્ત છે. વિરાગી એટલા બધા છે કે આપણા દરબારમાં શાસ્ત્રાર્થ માટે આવે કે કેમ એ એક શંકા છે.'

'નહીં આવે તો હું પોતે એમની પાસે જઇ ચરણુમાં માથું ઢાળીશ અને કહીશ કે મારી લાજ આપના હાથમાં છે. કૃપા કરીને એક દિવસ શાસ્ત્રાર્થ સભામાં પધારો.' રાજાએ જવાબ આપ્યો.

અને ખરેખર, કર્ણસુવર્ણ નગરીનો રાજવી પોતે એ વિરાગી સંત આગળ પહોંચી ગયો. મહારાજાએ પોતાની સ્થિતિ સમજાવી, આજની આફતમાંથી બચાવવા આગ્રહભરી અરજ કરી.

શ્રમણરાજે કહ્યું: 'હું તો વનવાસી છું. મને વસતી સાથે કંઇ જ નીસ્બત નથી. પણ મારા સંયમનું રક્ષણ આપની સરહદમાં થતું હોવાથી મારે શિરે થોડી જવાબદારી તો રહે છે જ. હું જો કે હજી જુવાન છું, મને બહુ લાંબો અનુભવ નથી. તેમ મેં બહુ ગ્રંથો પણ નથી વાંચ્યાં છતાં ગુરુપ્રતાપે મહારાજનું ગૌરવ સંભાળવામાં મને બહુ અડચણ નહીં પડે.'

ભરયુવાવસ્થામાં પણ શ્રમણનો આવો વિનય અને સંયમ જોઇને મહારાજની ખાત્રી થઇ કે આ તપસ્વી ભલે પોતાને પંડિત ન માને, પણ પાંડિત્યને કેમ પચાવવું એ તો બરાબર જાણે છે. કર્ણસુવર્ણ નગરીની જતી આબરૂ, આ યુવાન શ્રમણ જરૂર બચાવશે.

આ બધી ખટપટ દરમ્યાન છ દિવસ નીકળી ગયા, નવો અભિમાની પંડિત છ દિવસ સુધી નગારા ઉપર દાંડી પીટી દરબારમાંથી મદઝરતા હાથીની જેમ ચાલ્યો ગયો. કોઇએ તેના પડકારનો જવાબ ન વાળ્યો.

સાતમે દિવસે જેવી દાંડી નગારા ઉપર પડી કે તરત જ રાજપંડિતે હાજર થઇને, બે હાથ જોડી પ્રાતઃપ્રણામ કર્યાં.

વાદીએ એની સામે અભિમાનભરી એક મીટ માંડી. પૂછ્યું: 'આપ કોણ છો?'

'છું તો રાજપંડિતઃ પણ નામનો જ પંડિત છું. પાંડિત્ય જેવું કંઈ મારામાં નથી.'

'એ તે તમારો ચ્હેરો જ કહી દે છે. સાત–સાત દિવસથી નગારા ઉપર દાંડી પીટું છું, પણ કોઈ સામે આવીને ઊભું રહેતું નથી. એ જ બતાવે છે કે પંડિતને નામે અહીં કેવળ મીંડુ જ મુકાયું છે.' દિગ્ગજ એવા પંડિતે ફુંફાડો માર્યો.

'આપની એ વાત સાચી છે. આવતી કાલે એમ નહીં બને. આવતી કાલે સૂર્યોદય થતાંની સાથે જ શાસ્ત્રાર્થસભા મંડાશે. આપને એ હકીકત કહેવા માટે આપની આગળ આવી ઊભો છું.' રાજપંડિતે આમંત્રણ આપ્યું.

'પણ શાસ્ત્રાર્થ કરશે કોણ ?'

'બધું કાલે જણાશે. મારે હજી શાસ્ત્રાર્થનો ઢંઢેરો પીટાવવો છે અને બીજી કેટલીક તૈયારીઓ કરવાની છે, એટલે આપની સાથે બહુ ચર્ચા કરી શકું એમ નથી.' એટલું કહીને રાજપંડિત ત્યાંથી ચાલી નીકળ્યો.

પેલા પંડિતજી પણ અચલ અભિમાન અને ગાંભીર્ય સાથે ત્યાંથી રવાના થઇ પોતાના ઉતારા ઉપર આવી પહોંચ્યા.

સાતમે દિવસે, શાસ્ત્રાર્થ સભાના હાડપિંજર જેવા બનેલા દેહમાં નવું લોહી ધબકવા લાગ્યું. મહેલને ફરતા બાંધેલા તોરણો આજે કોઇ મ્હોટો ઉત્સવ હોય તેમ ઉદ્દ્ઘોષણા કરી રહ્યાં. મહારાજા અને તેમનાં સ્વજનોને માટે શાસ્ત્રસભાની મધ્યમાં ઊંચા આસનો ગોઠવાયાં. વાદી અને પ્રતિવાદી માટે સામ–સામી બેઠકો ઊભી કરવામાં આવી. શહેરના શ્રીમંતો અને વિદ્યારસિકો, અધિકારીઓ અને દર્શકોને માટે પણ ઉચિત વ્યવસ્થા કરવામાં આવી.

શાસ્ત્રાર્થના સમય પહેલાં જ હજારો માણસોના ટોળા આ સભા તરફ ઉલટયાં. પ્રખર વાદી પંડિતના દર્શન કરવા એનો

વિચિત્ર વેષ નિહાળવા, ગોખ અને અટારીઓ ઉપર સ્ત્રીઓ તથા બાળકોમાં ઝુમખાં જામ્યાં.

શાસ્ત્રાર્થસજ્જ પંડિતે પણ તે દિવસે ઘટાટોપ કરવામાં કંઇ કચાશ ન રાખી. પોતાને નિરખવા માટે સારુંએ શહેર ઉલટયું છે એમ જાણ્યા પછી એણે પેટ ઉપર બાંધવાના બખ્તરને ખૂબ ઘસીભુંસીને સાફ–ચમકદાર બનાવ્યું. મુકુટ ઉપર બળતી મશાલમાં બમણું તેલ રેડયું.

પંડિતનો આવો વેષ જોઇ પ્રેક્ષકોને પણ ખુબ કુતૂહળ થયું. તેઓ આ વેષનો કંઇ અર્થ સમજી શકયા નહીં.

'આ તે માણસ હશે કે દૈત્ય ?' એક પ્રેક્ષક બીજા પ્રેક્ષકને પૂછવા લાગ્યો.

'માથા ઉપર મશાલ મૂકવાનો શું હેતુ હશે ?' ત્રીજાએ પડખે ઉભેલાને પૂછ્યું.

એક બુદ્ધિશાળી પ્રેક્ષકે જવાબ આપ્યો. 'સાપના માથામાં મણિ રહે છે તેમ આ પંડિતને માથે મશાલ બળે છે.'

બીજા બુદ્ધિશાળીએ ઉમેર્યું' 'એમ નહીં, ખરી વાત એ છે કે એ પંડિતની પોતાની જ બુદ્ધિ કયાંઈક ગૂમ થઈ ગઇ છે તેથી એ બિચારો ધોળે દિવસે, માથે મશાલ મૂકી ગોતવા નીકળ્યો છે.'

ત્રીજાએ કહ્યું: 'પંડિતજી પોતે તો એમ કહે છે કે જો શાસ્ત્રાર્થ કરતી વેળા કોઇ પ્રતિવાદી નાસી જાય તો તેને અંધારામાંથી ઢુંઢીને બ્હાર કાઢવા સારુ આ માથે મશાલ મૂકી છે.'

'મશાલ તો ઠીક; પણ આ પેટે આવડો મોટો પાટો કાં બાંધ્યો હશે?' બીજો એક શંકાશીલ પ્રેક્ષક બોલી ઉઠ્યો.

'પંડિતના પેટમાં વિદ્યા સમાતી નથી. પેટ ફાટું ફાટું થઇ રહ્યું છે તેથી એને ત્રાંબાનો પાટો બાંધવાની જરૂર પડી છે.' સ્હેજ કટાક્ષ કરતાં, ટોળામાંના એક પ્રેક્ષકે જવાબ આપ્યો.

'નગરને પણ ગઢ હોય છે ને? પંડિતનું પેટ એ એનું નગર

અને આ પાટો એ તેનો મઢ !' બીજા એક મસ્કરાએ કહ્યું. આખું ટોળું ખડખડાટ હસી પડયું.

આવી આવી અનેક ટીકાઓને પાત્ર બનેલા પંડિતજી, વચ્ચે વચ્ચે, સિંહનાદની જેમ સોહં-સોહંનો ઉચ્ચાર કરતા, વિજયના ઘેનથી ચકચૂર બનેલા નેત્રોવતી આસપાસ નજર ફેંકતાં, થોડીવારે સભાસ્થાને આવી ઊભા રહ્યા. રાજપંડિત અને બીજા કેટલાક અધિકારીઓએ, સભાના પ્રવેશદ્વાર પાસે પહોંચી એમનું યોગ્ય સ્વાગત કર્યું.

એટલામાં તો મહારાજા પણ પોતાના અશ્વને ખેલાવતા ત્યાં આવી ઊભા રહ્યા. મહારાજાના આગમનને સૂચવનારા તૂરીના નાદથી આસપાસનું વાતાવરણ હચમચી ઉઠયું. પંડિતોએ, શહેરીઓએ ઊભા થઇને મહારાજાને આવકાર આપ્યો.

શ્રમણ મહારાજ સૌથી છેલ્લે આવ્યા. સાવ નિર્દંભ, સાવ સાદા અને તપથી જેમની કાયા ક્ષીણ બની છે, છતાં જેમના પ્રત્યેક દ્રષ્ટિપાતમાં અને પદન્યાસમાં અદ્રશ્ય ભવ્યતા ઉભરાય છે એવા આ શ્રમણ, નીચે માર્ગ ઉપર દ્રષ્ટિ સ્થાપી, અતિ સંકોચપૂર્વક સભાગૃહમાં પ્રવેસ્યા. સભાગૃહના અધિકારીએ આદરપૂર્વક નમન કરી એમને યોગ્ય સ્થાને બેસાર્યા.

મહારાજાએ શાસ્ત્રાર્થસભાનો આરંભ કરતાં કહ્યું: 'પંડિતો અને નાગરિકો સૌ હાજર છે. હવે શાસ્ત્રાર્થનો આરંભ કરવાની હું અનુમતિ આપું છું.'

એ પછી રાજપંડિત બોલવા ઊભા થયા. એમણે વાદી અને પ્રતિવાદીનો પરિચય આપતાં કહેવા માંડયું: 'આજે આપણે આંગણે જે પ્રખર વાદી પધાર્યા છે તેમની ઓળખાણ આપતાં મારે કહેવું જોઇએ કે–'

રાજપંડિત આગળ બોલે તે પહેલાં જ મશાલધારી પંડિતે એમને અટકાવ્યા ને કહ્યું: 'મારો પરિચય હું પોતે આપીશ.'

રાજપંડિત રાજીખુશીથી બેસી ગયા.

વાદી પંડિતે પોતાનો પરિચય આપવા માંડ્યો: 'દેશભરમાં એવો કયો પંડિત છે, એવો કયો અભાગી માણસ છે કે જે દીપંકર શાસ્ત્રીનું નામ ન જાણતો હોય. એ દીપંકર હું પોતે. તમે જોઇ રહ્યા છો તેમ હું મસ્તકે દીપ ધારણ કરતો હોવાથી મારું નામ દીપંકર સાર્થક બને છે. કોઇને શંકા થશે કે આ દીપ હું શા સારૂ માથે ધારણ કરી રહ્યો છું? તો તેના જવાબમાં જણાવવાનું કે આખી દુનિયા, અજ્ઞાનરૂપી અંધકારમાં આથડી રહી છે. ઘણાં ઘણાં માણસો, પૂરતો પ્રકાશ ન મળવાથી આડે માર્ગે ઉતરી પડે છે. એમને બચાવી લેવાની બુદ્ધિથી મેં આ માથા ઉપર બળતી મશાલ મૂકી છે. મૂર્ખ સંસારીઓને સીધો–સાચો રાહ બતાવવો એ જ મારો શુભાશય છે. બીજી વાત એ પણ છે કે હું પેટે મજબૂત પાટો બાંધું છું. એ પાટો ધાતુનો બનેલો છે. શા સારુ મારે એમ કરવું પડે છે? તમને કલ્પના પણ ન આવે એટલો જ્ઞાનનો ભાર આ પેટમાં ભર્યો છે. રખેને જ્ઞાન બહાર ચાલ્યું જાય, નદી કે તળાવની ભેખડ ભાંગતાં પાણી નીકળી જાય છે તેમ જ્ઞાન, બુદ્ધિ, વિદ્યા આ પેટમાંથી બહાર નીકળવા જ ન પામે એટલા સારુ પહેલેથી જ આ મજબૂત પાળ બાંધી રાખી છે. મેં આજ સુધીમાં ઘણા પંડિતોને હરાવ્યા છે. શાસ્ત્રાર્થમાં અનેક સ્થળે દિગ્વિજયો મેળવ્યા છે. લોકો મને સર્વશાસ્ત્રજ્ઞ કહે છે. અહીં સાત સાત દિવસ થયા આવ્યો છું, છતાં શાસ્ત્રાર્થ કરવાની કોઇની હીમ્મત ન ચાલી એ જ બતાવે છે કે મારી સામે મેદાનમાં આવીને ઊભું રહેવું એ રમતવાત નથી. આજે પણ, જોઉં તો ખરો કે કોણ કમ્મર કસીને ઊભો રહે છે?"

શ્રમણનો બોલવાનો વારો આવ્યો ત્યારે માત્ર એક જ પંક્તિમાં, બેઠા બેઠા જ એમણે પતાવી નાખ્યું: 'મારે પોતાને પરિચય આપવા જેવું કંઇ જ નથી. હું પંડિત નથી. હું સંયમ-

માર્ગનો એક સામાન્ય પથિક છું. હું મને પોતાને ઓળખાવું તે કરતાં તમે પોતે જ મારી વાણી અને વહેવાર ઉપરથી ઓળખી લો એ વધુ ઠીક છે.”

પંડિત અને શ્રમણ વચ્ચેનો દેખીતો ભેદ દીવા જેટલો સ્પષ્ટ થયો. એકમાં દંભ અને અભિમાન છે તો બીજામાં નરી સરળતા અને નરી નમ્રતા ભરી છે. એકમાં ઉદ્ધતાઇ છે તો અન્યમાં એટલો જ વિનય છે. શ્રમણના થોડા શબ્દોની પણ સભાજનો ઉપર બહુ સારી છાપ પડી.

શાસ્ત્રાર્થ શરૂ કરતાં પંડિતે–દીપંકર શાસ્ત્રીએ અનેક અનેક શાસ્ત્રીય યુક્તિઓ અને પ્રમાણોની અવતારણા કરવા માંડી. પંક્તિઓના પ્રવાહ વહેવા લાગ્યા. એક ઉપર બીજું બાણ છૂટે તેમ દલીલોનો મારો શરૂ થયો. જીવ અને બ્રહ્મ, સ્વતંત્ર છે કે અભિન્ન? માયા એટલે શું? બીજમાંથી ઝાડ ઉપજ્યું કે ઝાડમાંથી બી નીપજ્યાં? દેવતામાંથી ધૂમાડો નીકળે છે કે ધૂમાડામાં દેવતા છુપાયેલો રહે છે? ભ્રાન્તિ કોને કહેવાય? રજ્જુ–સર્પ એટલે શું? હસ્તામલક, સ્થૂલ, સૂક્ષ્મ, ઇશ્વર, સિદ્ધિ, અનુલોમ, પ્રતિલોમ, સાકાર, નિરાકાર; કુંડલિની, પિંગલા, ધારણા, ધ્યાન, બંધન, મુકિત, સ્વર્ગ, નરક, દેવલોક અને એવી અસંખ્ય વાતોના સંબંધમાં એમણે વાક્ધારા વહેવડાવી. એ ધ્વનિધારાને શબ્દોમાં ઉતારી હોય તો સ્હેજે ત્રીશ હજાર જેટલી શ્લોક–સંખ્યા બની રહે.

સભાજનો આ પાંડિત્ય જોઈ છક થઇ ગયા. પાંડિત્યની મ્હોટામાં મ્હોટી ખૂબી જો કોઇ હોય તો તે એટલી જ કે સાંભળનાર ભલે કંઈ ન સમજે, પણ છક તો જરૂર બની જાય. પાંડિત્ય ઘણી વાર એવી ભૂરકી નાખે છે. જે વસ્તુ સમજાય નહીં તે ખૂબ ગહન હોવી જોઇએ એમ માની તેના પ્રતિપાદક તરફ સામાન્ય ભકતોની શ્રદ્ધા વળે છે. અહીં પણ એમજ થયું. પાંડિત્યના વશીકરણથી દીપંકરે સૌનાં ચિત્ત હરી લીધાં.

એ પછી શ્રમણે પોતાની શાંત-મધુર, ખળખળ નાદ કરતી વહેતી વાણીમાં એ બધાનો જવાબ વાળ્યો. શબ્દોનો આડંબર કર્યા વિના, હળવે હળવે એમણે એવી યુક્તિઓ આપી કે કરોળિઆની જાળ જેવી પંડિતની વાગ્જાળ, ટક્કર ઝીલી શકી નહીં. એક પછી એક યુક્તિ રજૂ કરી એમણે પંડિતના ભ્રમ ઉપર આછા-ઠંડા પ્રહાર કર્યા. એમણે કહ્યું: 'મતવાદનો તો કોઇ પાર જ નથી રહ્યો, છતાં સત્ય એક જ છે અને એક જ રહેવાનું. દૃષ્ટિભેદે કરીને વસ્તુસ્વરૂપ જૂજવાં લાગે છે. મતવાદીઓએ આ જૂજવાં સ્વરૂપોને અવલંબી તર્કની એવી ગીચ ઝાડી ઊભી કરી છે કે સામાન્ય પથિક ગભરાઇ જાય-એને સાચો રસ્તો ન જડે. અનેકાંતવાદનો આશ્રય એ જ સાચો ભોમિયો છે. સત્ય શોધવું એ સર્વ શાસ્ત્રોનો આદેશ છે. શાસ્ત્રોના વાક્યના અર્થ પલટાવવા એમાં સાચું પાંડિત્ય નથી. પાંડિત્યથી અથવા શાસ્ત્રાર્થથી કોઇને આત્મકલ્યાણનો મંત્ર થોડો જ મળી જવાનો હતો ?'

એ રીતે સરસ પ્રકારે પ્રફુલ્લિત કરેલી ભૂમિ ઉપર શ્રમણે ઉપસંહારના જે બીજ ઢોળ્યાં તેના અંકુર તરત જ ફુટી નીકળ્યાં. શ્રોતાઓના દિલમાં એ ઉપસંહારની અજબ અસર થઈ. પંડિત દીપંકરને અનુલક્ષી શ્રમણે કહ્યું—

'આપણા આજના પંડિત દીપંકરજીના પોતાના આચરણ ઉપરથી જ તેઓ કેટલી ભ્રમણા સેવી રહ્યા છે તે એક વાર જોઇ લો. ચંદ્ર-સૂર્ય જેવા તેજસ્વી નક્ષત્રોના પ્રકાશથી જે અંધકાર ન ટળ્યો તે તેઓ પોતાના મસ્તકે ધરી રાખેલી ન્હાની શી મશાલવતી ટાળવા માગે છે. સૂર્ય-ચંદ્ર કરતાં પણ શું મશાલનું તેજ વધારે છે ? વધુ સ્વાભાવિક છે ? એવા કૃત્રિમ પ્રકાશ તો આવતી કાલે આથમી જશે. એ પ્રકાશની એક કોડી જેટલી પણ કીંમત નથી.

'બીજી વાત: અજ્ઞાનરૂપી અંધકાર ક્યાં છે ? બ્હાર છે કે

અંતરમાં ? અજ્ઞાનરૂપી અંધકાર, માનવહૃદયમાં રહે છે. ત્યાં દુનિયાનો કોઈ કૃત્રિમ પ્રકાશ જઈ શકતો નથી. જ્ઞાનનો પ્રકાશ જ એક એવો પ્રકાશ છે કે જે હૃદયના છેલ્લા ખૂણામાં પહોંચી વળે છે. જ્ઞાનની આરાધના કરવી એ જ તરવાનો સાચો માર્ગ છે.

'શ્રમણ-ભગવાન મહાવીર કહી ગયા છે કે પ્રકાશ આપણા પોતાના અંતરમાં છે. આવરણો હટાવો એટલે એ જ્યોતિઃ સ્વતઃ પ્રકટશે. એને ઘટાટોપની, કૃત્રિમતાની કે દીપંકરજીની જેમ મશાલો માથે મૂકીને ફરવાની જરૂર નથી.

'વળી, વિદ્યાના ભારથી રખેને પોતાનું પેટ ફાટી જાય એવી આ પંડિતજીને બીક લાગે છે. એટલા સારું તેઓ તાંબાના પટ્ટા બાંધી રાખે છે. હું પૂછું છું કે વિદ્યા ક્યાં રહે છે ? પેટમાં જો વિદ્યા રહેતી હોય તો મોટાં પેટવાળા પ્રાણી વધુ વિદ્યાવાળા હોવાં જોઈએ. કોઈનું પેટ ફાટયા પછી એમાંથી વિદ્યાદેવી પ્રગટયા હોય એમ હજુ સુધી નથી બન્યું. ખરી રીતે આ પંડિતજીના પેટમાં વિદ્યા નથી, પણઃ વિદ્યાનું અજીર્ણ જ રહી જવા પામ્યું છે."

શ્રમણના આ ઉપસંહારે-ઉપસંહારના છેલ્લા વિનોદી વાક્યોએ –સભાજનોના હોઠ ઉપર ભીનું હાસ્ય વેર્યું. શાસ્ત્રીય શુષ્ક પંક્તિઓ સાંભળીને થાકી ગએલ સભાજનોના વદનમંડળ ઉપર પ્રસન્નતાની લાલાશ છવાઈ.

'વાહ ! વાહ !' અને શ્રમણ–મહારાજની જયના અવાજથી સભાસ્થાન ગર્જી ઉઠયું. છંછેડાયેલા નાગ જેવા દીપંકર પંડિતે, જાણે પોતાની ફેણ પછાડતા હોય તેમ પૂછયું:—

'મારી સામે કયો પ્રતિવાદી ઊભો છે તે મારે જાણવું પડશે.'

'મને લોકો શ્રમણ કહે છે.' શ્રમણ–તપસ્વીએ શાંતિથી ઉત્તર આપ્યો.

'શ્રમણ એટલે શું ?'

'શ્રમણ હું પોતે જ.'

'ત્યારે હું કોણ?'

'હું એટલે અજ્ઞાન.'

'પણ આ બોલનાર કોણ છે?'

'અજ્ઞાની.'

'અજ્ઞાની કોણ?'

'અજ્ઞાની–હું–તમે–આપણે–' પ્રશ્નોત્તર ચાલ્યા. દીપંકર જે દોરડાથી શ્રમણને બાંધવા જતા હતા તે જ દોરડાં એમની પોતાની આસપાસ વીંટાતા જોઇ ગભરાયા. શ્રમણને શબ્દજાળમાં બાંધવા જતાં પોતે જ બંધાવા લાગ્યા અને એમની નિરાશા તથા આવેશ જોઇ સભાજનો પણ ખડખડાટ હસી પડ્યા.

દીપંકરજીનું અભિમાન ઘવાયું. આજ સુધીના દિગ્વિજયો જાણે વરાળ થઇને ઊડી જતા હોય એમ એમને લાગ્યું. એક દુબળો–પાતળો તપસ્વી પોતાને મોટી રાજસભામાં હરાવી જાય છે એ જોઇ તે એકદમ ઊભા થયા અને છલંગ મારવા જાય છે એટલામાં જ પ્રતિહારીએ એમના બે હાથ પકડ્યા.

રાજાએ પોતે સિંહાસન ઉપરથી ઉતરી, શ્રમણની પાસે આવી વિનીતભાવે મસ્તક નમાવ્યું. શ્રમણના વિજયને સૂચવનારા તુરી–ભેરીના નાદ દશે દિગ્કુમારીઓએ અદ્ધરથી જ ઝીલી લીધા.

પરાભવ પામેલો દીપંકર પંડિત, પેટનો પાટો, માથાની મશાલ ત્યાં ને ત્યાં જ પડતી મૂકી, જંગલમાં નાશી ગયો.

મહારાજા કર્ણસુવર્ણે, શ્રમણને રહેવા માટે એક સુંદર સ્થાન આપ્યું. સંઘારામના નામથી એ સ્થાન પ્રસિદ્ધ થયું. ઇતિહાસનાં પાને, 'રક્તવિથિ સંઘારામ' ના નામે તે આજે પણ અંકાયેલું દેખાય છે. એમ કહેવાય છે કે અહીં એક દિવસે હજારો શ્રમણો–મુનિઓ–ભિખ્ખુઓ રહેતા.

# સુઘોષા

વિંધ્યાચળની અટવીમાં ન્હાની શી ટેકરી ઉપર એક ન્હાનું મંદિર હતું અને મંદિરની બ્હાર મંદિર કરતાં પણ ઉન્નત એવા એક શિખર ઉપર સુઘોષા ઘંટ ઝૂલતો. સૂર્યોદય વિખતે અને સૂર્યાસ્ત સમયેઃ દિવસમાં બે વાર એ સુઘોષા ઘંટ વાગતો. દૂર દૂરની પહાડીઓમાં, ખીણોમાં અને ગીચ ઝાડીઓમાં એનો નાદ પ્રસરી જતો-જાણે કે એક સાથે હજારો કિન્નરકંઠી દેવાંગનાઓ સુઘોષા ઘંટનો નાદ ઝીલતી હોય એવું સંગીત સવારે અને સાંજે વિંધ્યાચળના પહાડોમાં જામતું. હતો તો એ વિરાટ ઘંટઃ પણ એના એક જ નાદમાંથી સંગીતની અનંત સા, રી, ગ, મ, વર્ષતી. શિખરે શિખરે અથડાતી, પડછંદા પાડતી સુઘોષા ઘંટની સ્વરમાળા પહાડના પશુ-પ્રાણીઓ અને માનવીઓને પણ કોઇ અજબ સંદેશ આપતી.

સુઘોષાનું સ્થાન એક યાત્રાધામ બન્યું હતું. દેશના ખૂણે ખૂણામાંથી રોજ સંખ્યાબંધ યાત્રિકો એનું ગીત સાંભળવા આ વિકટ-એકાંત અરણ્યમાં આવતા. શ્રધ્ધાળુઓ સંસારનો આ કિનારો છોડી જતાં પહેલાં એક વાર આ સુઘોષાના નાદમાં સ્નાન કરી, કૃતાર્થ બનવાની ભાવના સેવતા.

અંતરના કદિ પણ ન રૂઝાય એવા ઘા આ સુઘોષાના શ્રવણ માત્રથી રૂઝાઈ જતા. વેર, કલેશના જે દાવાનળ, સેંકડો ઉપદેશોથી પણ ન શમતા તે સુઘોષાના શ્રવણથી શમી જતા. સુઘોષાના

સ્વરમાં એવી સાત્વિકતા હતી કે ગંગાસ્નાન અથવા તીર્થયાત્રાનાં પુણ્ય પણ એની તુલનામાં ઝાંખા પડી જાય.

સુઘોષા ઘંટની સ્થાપનાને લગભગ એક હજાર કરતાં પણ વધુ વર્ષ વીતી ગયાં હતાં. એની ફરતી ગોળ કિનારી ઉપર જે અક્ષરો આલેખવામાં આવ્યાં હતાં તે ઉપરથી સ્થાપનાના સમય વિષે કોઇને કંઇ જ શંકા નહોતી રહી. એક તો એની પૌરાણિકતા અને વિશેષમાં એની મોહક સ્વરશક્તિએ જનસમૂહના દિલમાં એક પ્રકારની જાદુઈ અસર જમાવી હતી.

સુઘોષા મુખ્યત્વે કઈ ધાતુમાંથી બનાવવામાં આવ્યો હતો તે કહેવું મુશ્કેલ છે. પણ તે એવો તો વિરાટકાય હતો કે બે–ત્રણ માણસો ખુશીથી એની અંદર સમાઇ જાય. એક તો એકાંત પહાડી –નિર્જન પ્રદેશમાં એની પ્રતિષ્ઠા, આકર્ષક સ્વરલહરી અને સુઘોષાની સાથે સંકળાયેલો અદ્ભૂત ઇતિહાસ એ બધાં સાથે મળીને અલૌકિક વાતાવરણ ઉપજાવતાં.

સુઘોષાના સંબંધમાં એવી એક લોકકથા સંભળાય છે કે: સાઠ–સાઠ વરસ સુધી દરિદ્ર– દીન અને પતિત સ્ત્રી–પુરુષોની સેવા કર્યા પછી વૃદ્ધ બૌદ્ધ તપસ્વીને પોતાના દેહનો ભરોંસો ન રહ્યો ત્યારે જીવનમાંથી નીચોવેલા નવનીત જેવો આ સુઘોષા ઘંટ એમણે સંસારને સમર્પ્યો. સાઠ વર્ષના ગાળામાં એ તપસ્વી પૃથ્વીના અનેક વિકટ પ્રદેશો ખુંદી વળ્યા હતા. હજારો રાજાઓ, શ્રીમંતો ગરીબોને એમણે ઘરેઘરે જઇ ધર્મના ઉપદેશનું અમૃત પાયું હતું. વિકટ વનમાર્ગ અને વિઘ્નબહુલ મહાસાગર ઓળંગી એમણે અહિંસા અને સેવાધર્મનો મહિમા ઉપદેશ્યો હતો. જે જંગલી ગણાતા પ્રદેશોમાં પગ મૂકતાં સામાન્ય માનવી ધ્રુજી ઊઠે ત્યાં પહોંચી તેમણે એ લોકોને માનવતાના પાઠ શીખવ્યા હતા. એક યોધ્ધો જેવી

રીતે સમરાંગણુમાં ઘૂમે તેજ પ્રમાણે એ તપસ્વી સાધુધર્મ અને ચારિત્રનું ખડગ હાથમાં ધારણ કરી દૂર દૂરના અરણ્યોમાં ફરી વળ્યો હતો. અનુરાગી શિષ્યોની મહાસેના એમના એક વચન અર્થે પોતાનું સર્વસ્વ અર્પવા તૈયાર થઇ રહેતી: ભારતવર્ષના અનેક સ્થાનોમાં એમનાં જ ઉપદેશથી આશ્રમો અને વિહારો અસ્તિત્વમાં આવ્યા હતા.

પછી જ્યારે તપસ્વી વૃદ્ધ બન્યા અને બીજા કોઇના ટેકા વિના ઝુંપડીની બ્હાર નીકળવાનું અશક્ય બન્યું ત્યારે તેમણે પોતાના તમામ અનુરાગીઓ, શિષ્ય વગેરેને કહેવરાવ્યું કે તમારી શકિતના પ્રમાણમાં સોના, રૂપા, ત્રાંબા જેવી ધાતુઓ છેલ્લી ગુરુદક્ષિણારૂપે અહીં આશ્રમમાં મોકલી આપો.

ગુરુની આજ્ઞા થતાં જ દૂર દૂરના પ્રદેશોમાંથી સોનારૂપાની એક રેલ આશ્રમ તરફ ધસી આવી. જે તપસ્વીએ, પોતાની ખાતર આજ સુધીમાં રાતી પાઇ પણ ન્હોતી માગી, જેમણે માનવહિત અર્થે જ પોતાનું લાંબું આયુષ ખર્ચ્યું હતું તેમની આજ્ઞા થતાં એમના અનુયાયીઓ શું ન કરે ? ઉત્તર હિંદમાંથી અને પંજાબમાંથી, નેપાલમાંથી તેમ જ દક્ષિણના સિંહલદ્વીપ, જાવા, સુમાત્રા અને ચીન–જાપાન જેવા દરિયાપારના મુલકોમાંથી પુષ્કળ કીમતી ધાતુઓનો એક મ્હોટો ગંજ ખડો થઇ ગયો.

તપસ્વીએ એક મ્હોટી ભઠ્ઠી તૈયાર કરાવી ધાતુઓ ગાળવાનું શરુ કર્યું. ભક્તોએ પ્રેમપૂર્વક મોકલેલી ભેટમાંથી તપસ્વીએ જાતે એક વિરાટ સુઘોષા ઘંટ ઢાળવાની પ્રક્રિયા આદરી.

જે દિવસે સઘળી ધાતુઓનો રસ તૈયાર થયો અને આગળથી તયાર રાખેલા બીબામાં રસ ઢાળવાની છેલ્લી ક્રિયા કરવાની હતી તે દિવસે વૃદ્ધ તપસ્વીએ પોતાના સંખ્યાબંધ શિષ્યોની હાજરીમાં એક સુંદર પ્રવચન આપી, દિવસો થયાં ધીક્તી આ ભઠ્ઠીમાં પોતાની જાતને હોમી દીધી: પ્રસન્ન વદને, માનવહિતની પ્રાર્થનાના છેલ્લા મંત્રો ઉચ્ચારતાં એમણે પોતાની નિરુપયોગી બનેલી કાયાનો છેલ્લો

ઉપયોગ કરી વાળ્યો. જે ભઠ્ઠી માત્ર કઠણ ધાતુઓને ઓગાળતી હતી તે ભઠ્ઠી એક તપસ્વી પુરુષના દેહ–હાડ–માંસનું ઇંધન પામી વધુ પવિત્ર અને પ્રાણવાન બની. વન કે જંગલના સુકાં લાકડાંવતી નહીં, પણ એક માનવરાજ ભિખ્ખુના સચેત દેહથી પ્રજ્વલિત બનેલા અગ્નિએ, સુઘોષા ઘંટના નાદમાં કરુણ અને સજીવ સ્વર ઉમેર્યા.

નિષ્પ્રાણ ભઠ્ઠીઓમાં તૈયાર થતાં ઘંટમાં અને એક વિશ્વવંદ્ય-પ્રાણીમાત્રના મિત્ર એવા પવિત્ર પુરુષના દેહની ભઠ્ઠીમાં તૈયાર થયેલા ઘંટમાં અને એમના અવાજમાં કેટલો ભેદ હોય છે તે આ સુઘોષા ઘંટથી સ્પષ્ટ સમજાતું. સુઘોષા ઘંટના નાદમાં એક વિશ્વ-હિતૈષી-માનવપ્રેમી વિશુદ્ધ આત્માનો મોહક અવાજ અદ્દ્ભુતપણે ગૂંજી ઉઠતો.

તપસ્વી મરીને અમર થઇ ગયા. એક જીભથી તેઓ જે કહી શકયા નહીં તે તેમણે જાણે કે સહસ્ર જીભવડે સંવાદી સ્વરોમાં જગતને કહેવા માંડયું. સુઘોષાના ગગનભેદી ધ્વનિમાં એ વૃદ્ધ તપ-સ્વીની જીવનભરની ભાવના અને સાધના મૂર્તિમંત બની, માનવી માત્રના અંતરદ્વાર ઉપર આઘાત કરી રહી.

એક દિવસે એક શ્રીમંત આ સુઘોષા–ઘંટના તીર્થસ્થાને આવ્યો. લોકો એ ગૃહસ્થને ઉદાર અને પરગજુ સમજતા. એણે જીવનમાં ઘણા ટાઢ-તડકા જોયાં હતાં.

જન્મથી તો એ ગરીબ હતો, પણ એ પછી એણે દરિયાપાર-ના મુલકોમાં જઇ અઢળક ધન-સંપત્તિ એકઠી કરી હતી. વખત જતાં એ ચંચળ લક્ષ્મી પણ એનો સાથ છોડી ગઇ હતી.

ઘણે વર્ષે એ પાછો પોતાના વતનમાં આવ્યો. અહીં એનો એક મ્હોટો ભાઇ પોતાનાં બલ, પરિશ્રમ અને પ્રામાણિકતાથી સારૂં જેવું ધન એકઠું કરી શકયો હતો. એ મ્હોટા ભાઇને આશ્રયે પોતાના દિવસો ગુજારવા લાગ્યો.

કોઇ કમનસીબ ક્ષણે ન્હાના ભાઇને પોતાના મ્હોટા ભાઇના

ભાગ્યની ઇર્ષા આવી: અને લાગ મળે તો મોટા ભાઇનું ખૂન કરી વગર પરિશ્રમે ધનવાન બનવાની દુર્બુદ્ધિ સૂઝી.

આખરે એક દિવસે, કોઈ ન જાણે તેમ તેણે ભાઇના લોહીમાં પોતાના હાથ રંગ્યા. ધનની ખાતર સગા ભાઇનું ખૂન કરતાં એને સંકોચ ન થયો.

ખૂનના બીજે જ દિવસે એ પોતાના ભાઇની સંપત્તિનો એક માત્ર અધિકારી બન્યો. દિલના ડંખને રૂઝવવા તેણે કેટલાંક પુણ્ય-કાર્ય કર્યાં. દિવસો વ્યતીત થયા તેમ તેમ એ પાપનો અનુતાપ પણ વિસરાવા લાગ્યો.

પણ જે દિવસે એણે સુઘોષાનો ધ્વનિ પહેલવહેલો સાંભળ્યો તે જ વખતે એને પોતાનાં ભૂતકાળનાં પાપ યાદ આવ્યાં. જે પાપ અને પશ્ચાત્તાપ ભૂલવા અહીં એકાંતવાસમાં-તીર્થક્ષેત્રમાં આવ્યો હતો તે પાપ અને પશ્ચાત્તાપે એના દિલને અંદરથી હચમચાવી મૂક્યું. જેમ જેમ દિવસો વ્યતીત થતા ગયા તેમ તેમ એ અંતરના પશ્ચાત્તાપની જ્વાળા વધુ ને વધુ તીવ્રતમ બનતી ચાલી. મનુષ્ય દુનિયાનાં ગમે તેવા ઘોર સંતાપ-ઉપસર્ગ સહી શકે; માત્ર અંતરનો ઉકળાટ તે સહી શકતો નથી. એવે વખતે તે દીન, પામર, લાચાર બની જાય છે.

પોતાના સગાભાઇનું ખૂન કરનાર, ધનની ખાતર ધર્મ કે કુળગૌરવને તિલાંજલી આપનાર, સુઘોષા ઘંટનો સવાર-સાંજનો રણકાર સાંભળી ગરીબ ગાય જેવો બની ગયો.

સુઘોષાના સ્વરમાં કંઈ એવી મોહકતા હતી કે માણસ પોતાની મુંઝવણને ટાળવા ત્યાંથી નાસી જવા માગે તો પણ જતાં તેનો પગ ન ઊપડે. એ સ્વરો રમણીય વેદના જગવતા. વેદના આછો દાહ પ્રકટાવે, છતાં એ દાહ તજવાની કે આઘે જવાની હિમ્મત ન ચાલે.

યાત્રિક વિચારવા લાગ્યો: " આ દાહમાંથી, વડવાનળ જેવી ભીતરમાંથી સ્વતઃ ઉપજેલી આગમાંથી શી રીતે બચવું ? " કોઈ ગુરૂ ન હતો. કોઈ સ્વજન ન હતું. કોઈ પૂછવા ઠામ પણ ન હતું.

દિવસે અને રાત્રે ઉંઘમાં પોતાના સગાભાઇનું પ્રેત તેની નજર સામે આવી ઉભી રહેતું. એ પ્રેત અદૃશ્ય થાય ન થાય એટલામાં એના સ્નેહાળ માતાપિતા જાણે આઘે ઉભા રહી એનો તિરસ્કાર કરતા હોય એવાં દૃશ્યો તેની નજર આગળ ખડાં થઇ જતાં

આખરે સુઘોષાના સ્વરે એને સદ્‌બુદ્ધિ સુઝાડી. એ પોતાના ભાઇના પરિવારને સઘળી સંપત્તિ સોંપી, સંસાર તજી દઇ, પશ્ચાત્તાપ અને લોકકલ્યાણની તપશ્ચર્યામાં પૂર્વનાં પાપને બાળવા દૂર–અતિ દૂર નીકળી ગયો.

સુઘોષાના સ્વરે કોણ જાણે આવા કેટલાય પાપીઓ ઉદ્ધર્યાં છે. એ એક જીવંત તીર્થક્ષેત્ર ગણાતું હતું.

આજે એ સુઘોષાના સ્થાનનો કે આશ્રમનો પણ કંઇજ પત્તો નથી લાધતો. જે વૃદ્ધ ભિક્ષુએ, સાઠ સાઠ વરસ સુધી લોકસેવા કરી અંતે પોતાના હાડ અને ચામડી સમર્પી, સુઘોષાના સ્વરમાં સ્વર્ગીય પાવનકારી રણકાર પ્રકટાવ્યો તે વૃદ્ધ ભીક્ષુનું નામ પણ લગભગ ભુલાઇ ગયું છે. એમ કહેવાય છે કે જે વખતે ભિક્ષુઓનાં ટોળે–ટોળાં આ ભૂમિ છોડી ગયાં તે વખતે મહાપરિશ્રમે તેઓ પોતાની સાથે આ સુઘોષા પણ લઇ ગયા હતા. ચીનમાં–ડુંગરની ખીણોમાં હજી એક સ્થળે આવો ઘંટ છે.

## મગધરાજની મુદ્રિકા

સૂર્યમિત્રના ઘરમાં આજે રાંધ્યાં ધાન રખડી પડ્યાં છે. જે ઘરે રોજ આનંદ-ઉત્સવની શરણાઇઓ વાગતી તે આજે ખાવા ધાય તેવું બની ગયું છે. અને સૂર્યમિત્રના ચહેરા ઉપરની બધી તાઝગી જાણે કે કોઇ રાક્ષસી પળવારમાં ભરખી ગઈ છે. રાજગૃહના મહારાજાનો એ મિત્ર અને રાજપુરોહિત સૂર્યમિત્ર ભલાભલા શ્રીમંતો-શ્રેષ્ઠીઓ અને અધિકારીઓની ઇર્ષાનો વિષય બન્યો હતો તે આજે એટલો ઉદાસીન—સંતપ્ત અને હતાશ દેખાય છે કે જાણે ગઇ કાલનો એ સૂર્યમિત્ર જ નહિ.

એક રાતમાં એવું શું બની ગયું ? હકીકત તો બહુ સામાન્ય છે. સૂર્યમિત્રની એક વીંટી ખોવાઇ છે. જ્યાં જ્યાં શંકા જેવું લાગ્યું ત્યાં ત્યાં બધે તપાસ કરી—જ્યોતિષીઓને અને સામુદ્રિકો વિગેરેને બોલાવીને પૂછ્યું પણ એ વીંટીનો પત્તો નથી મળતો. કોઇ કહે છે કે વીંટી ઘરમાં ને ઘરમાં જ છે, કોઇ કહે છે કે પૂર્વ દિશામાંથી હાથ લાગવી જોઇએ, તો કોઈ કહે છે કે ચમત્કારિક રીતે વીંટી ખોવાયેલી હોવાથી એ સમસ્યા ઉકેલી શકાય એવી નથી રહી. વીંટીમાં એવું તે શું હતું ? એની તો સૂર્યમિત્રને પોતાને પણ ખબર નથી. વાત એવી છે કે ગઇ કાલે બપોરે રાજગૃહીના મહારાજાએ, નવી ઘડાઇને આવેલી અને મહારાજાની પસંદગી પામેલી આ વીંટી સૂર્યમિત્રને જોવા આપેલી. કુતુહળને લીધે સૂર્યમિત્રે એ આંગળીમાં પહેરી અને એની કારીગરી વિષે થોડી ચર્ચા

પણ કરી. પરંતુ એ પછી અચાનક બીજું કોઇ કામ આવી પડવાથી મહારાજા બીજી વાતે વળગ્યા અને વીંટીની વાત સાવ ભૂલાઇ ગઇ. સૂર્યમિત્રને ઘેર આવ્યા પછી એક–બે વાર વીંટી પાછી આપવી રહી ગએલી તેનું સ્મરણ થઇ આવેલું: પણ કાલે દરબાર ભરાશે ત્યારે રૂબરૂમાં આપી દઇશ એમ નક્કી કરી રાખેલું. એ પછી વીંટી તો આંગળીમાં ને આંગળીમાં જ હતી, પણ બીજે દિવસે બપોરે જ્યારે રાજસભામાં જવાનો વખત થયો અને હાથ સામે જોયું ત્યારે ત્યાં વીંટી ન મળે! હવે મહારાજા પોતાની પ્રિય મુદ્રિકા માગે અને સૂર્યમિત્ર પાછી ન આપી શકે તો તેનું શું પરિણામ આવે? મહારાજા માફ કરે કે ત્યાંથી સીધો શૂળીએ જ ચડાવી દે? સૂર્યમિત્રના જીવનમાં એક મોટું કાળું ધાબું કાયમને માટે પડી જાય એ તો જૂદું જ.

ઘરનાં બધાં માણસો ઉદ્વિગ્ન છે. ચારે કોર માણસો વીંટી શોધવા મંડી પડયા છે. પણ વીંટીનો પત્તો નથી મળતો. ઘણું યે સંભારી જોયું–જ્યાં જ્યાં એ ગયો હતો–ઊભો હતો–બેઠો હતો ત્યાં ત્યાં વીંટીની શોધખોળ કરી. પણ હાથ ન આવી.

સાક્ષાત ભય કરતાં ભયની કલ્પના ઘણી વિકરાળ હોય છે. મહારાજા કદાચ સૂર્યમિત્રની વાત સાંભળીને એની ઉપર પડદો નાખી દે અથવા તો કંઈક દગો છે એમ માની સજા પણ કરે અથવા તો સૂર્યમિત્રનો સદાને માટે ત્યાગ કરે: આવું કંઈક બને. પણ ભય એ સંભવિતતામાં એવા કાબરચિતરા રંગો પૂરે છે કે સુજ્ઞો અને વીરો પણ એવે ટાણે મૂઢ જેવા બની જાય છે. સૂર્યમિત્રની પણ આજે એવી જ સ્થિતિ હતી.

આખો દિવસ ચિંતામાં વ્યતીત કર્યો. ચિંતાને લીધે ખાવું–પીવું તો ભાવે જ શી રીતે? માથું પણ ચડયું હતું.

કંઇક સ્વસ્થ બનવા સૂર્યમિત્ર સાંઝે પોતાના મહેલની અગાસી ઉપર ગયો. આસપાસના વૃક્ષો અને કુદરતના ખોળે કલ્લોલતા પક્ષીઓ

જોવાથી ચિંતા થોડી ભૂલાશે અને થોડીક સ્વસ્થતા મળવાથી સ્મૃતિ-શક્તિ તાજી થશે અને કદાચ વીંટી ક્યાં મૂકાઈ છે તે યાદ આવશે, એવી આશાએ તે પ્રાસાદની અગાસીમાં આવીને ઊભો.

અહીં પણ એના એ જ વિચારો અંતરને ફોલી રહ્યા: "વાંક કબૂલ કરી લેવો અને જે દંડ અથવા સજા કરે તે સહી લેવી અથવા તો એ વીંટી કરતાં પણ બે-ચાર ગણી વધુ કીમત આપવી પડે તો એટલી કીમત આપીને એવી જ બીજી વીંટી તૈયાર કરાવી, મહારાજાને સુપ્રત કરી દેવી."

એટલામાં પોતાના મકાન પાસેથી લોકોનું એક મોટું ટોળું ઉદ્યાન તરફ જતું એણે જોયું. એ ટોળું થોડું દૂર ગયું એટલામાં બીજું ટોળું એ જ દિશામાં જતું જણાયું! પછી થોડીવારે તો જાણે ગામ આખું ઉદ્યાન તરફ જવાને ઉલટ્યું હોય તેમ લોકોનાં ટોળેટોળાં એક જ દિશામાં ધસમસતા પૂરની જેમ જતા એણે જોયાં. એમાં સ્ત્રીઓ-પુરુષો-બાળકો-યુવાનો-વૃદ્ધોઃ તથા શેઠો અને રંક મજૂરો પણ હતા.

સૂર્યમિત્રની વીંટીની ચિંતાએ ઘડીભર વિદાયગીરી લીધી. એને થયું: "ક્યાં જતા હશે આ લોકો? શા માટે જતા હશે?"

રાજગૃહ વૈભવી શહેર હતું. કુતૂહળી માણસોની અહીં ખોટ નહોતી. નગરનિવાસીઓ જેટલા ઉત્સવપ્રિય હતા તેટલા જ ધર્મ-પરાયણ પણ હતા. આજે કોઈ ઉત્સવ હશે એમ સૂર્યમિત્રને લાગ્યું.

તપાસ કરતાં કોઈ પરમ તપસ્વી શ્રમણ રાજગૃહના ઉદ્યાનમાં પધાર્યા હોય એમ જાણવા મળ્યું. આ શ્રમણો સમર્થ ત્યાગીઓ હોય છે—સંસાર-જીવનના તારણહાર હોય છે એમ તો સૂર્યમિત્ર પોતે પણ જાણતો હતો. રાજગૃહ શ્રમણ-તપસ્વીઓના પ્રતાપે આર્યાવર્તમાં એક પુણ્યધામ બન્યું હતું. મહારાજા પોતે અને બીજા અઢળક સંપત્તિના સ્વામી એવા શ્રેષ્ઠીવરો એ શ્રમણોના ચર-

ણોમાં મસ્તક નમાવતા અને એમની પાસેથી જ સાચું માર્ગદર્શન મેળવતા.

સૂર્યમિત્રને થયું : " આ તપસ્વી પધાર્યા છે એમને જ જઈને વીંટીની વાત પૂછું તો ?"

વળી વિચાર થયો : " આવી નમાલી વાતમાં શું જવું ? પૂછવું પણ શું ? અને એવા સંસારત્યાગી તરફથી એનો યથાર્થ ઉત્તર પણ શું મળે ?"

ભલે હસી કાઢે અથવા ઉડાવી દે : પણ એ શ્રમણને વિનયપૂર્વક પૂછવું તો ખરૂં જ એવો સૂર્યમિત્રે નિરધાર કર્યો. સાચો જવાબ નહિ આપી શકે તો મૌન રહેશે અથવા બીજો ઉપદેશ આપશે એવી કલ્પના પણ પોતે કરી રાખી.

થોડી વારે એને પોતાનો મોભો યાદ આવ્યો : " હું કોણ ? મહારાજાની સંગાથે શોભનારો હું, એક ભિક્ષુ પાસે જઉં ? શ્રમણો શું અમ-બ્રાહ્મણો કરતાં વિદ્યા-કળા-જ્ઞાનમાં ચઢીઆતા હોય છે ? હાથે કરીને હું બ્રાહ્મણોને માઠું લગાડું ? "

શ્રમણો અને બ્રાહ્મણોની શક્તિની તુલના કરવા જતાં ફરી પાછું વીંટીનું સ્મરણ થયું ! વીંટી એ અત્યારે માત્ર નજીવી કે નમાલી વસ્તુ નહોતી-જીવનમૃત્યુના પ્રશ્ન સાથે એ ગુમાવેલી વીંટી સંકળાયેલી હતી-મહારાજાનો કોપ જો વરસી પડે તો કુળનું સત્યાનાશ નીકળી જાય !

ગમે તેમ, પણ શ્રમણ પાસે જવું તો ખરૂં જ ! બહુ લોકો ન ભાળે એવી રીતે આછા અંધારામાં-સમી સાંઝે જવું એવો સૂર્યમિત્રે નિશ્ચય કરી વાળ્યો.

(૨)

સૂર્યમિત્રના પગ પાછા પડે છે, પણ સ્વાર્થ ધકેલે છે. તપસ્વી શ્રમણને દૂરથી જોવા છતાં પાસે જવું કે નહિ અને ગયા પછી પણ પ્રશ્ન પૂછતાં પહેલાં કેવી રીતે ભૂમિકા બાંધવી તેની ગડમથલ મનમાં

ચાલી રહી છે. એકાદ વાર પાછા વળવાનો તરંગ સ્પર્શી ગયો, પણ આટલે દૂર આવ્યા પછી પાછા ફરવાની કલ્પના ન ગમી.

તપસ્વી શ્રમણે પુરોહિતપુત્રને દૂરથી આવતો જોયો–ભવી જીવ છે એમ લાગ્યું. થોડો નજીક આવ્યો એટલે તપસ્વીએ પોતે જ સૂર્યમિત્રને સ્નેહભીની વાણીમાં સંબોધ્યો–સત્કાર્યો.

તપસ્વીના એક સામાન્ય સંબોધને સૂર્યમિત્રના સેંકડો મનોમંથન પળવારમાં શમાવી દીધા. સૂર્યમિત્ર કંઇ બોલે તે પહેલાં જ તપસ્વી બોલી ઉઠયા: "વીંટીની વાત પૂછવા આવ્યા છો ને?"

સૂર્યમિત્રના આશ્ચર્યનો પાર ન રહ્યો. એને એમ થયું કે આ મુનિ કાં સર્વજ્ઞ છે–અંતર્યામી છે અથવા જબરા ચમત્કારિક પુરુષ છે.

"જી. મહારાજ!" સૂર્યમિત્રે ભક્તિભાવપૂર્વક બે હાથની અંજલી કરી અને સહેજ શિર નમાવ્યું.

"કાલે સાંઝે તળાવ ઉપર સ્નાન કરવા ગયા ત્યારે સાંધ્યતર્પણ કર્યું હતું?" સૂર્યમિત્રના સ્મૃતિપૃષ્ઠ વાંચતા હોય તેમ શ્રમણે કહેવા માંડયું.

"હા: જી."

"એ સંધ્યા તર્પણ કરતી વખતે જ તમારા હાથની વીંટી આંગલીમાંથી સરકી કમળપત્ર ઉપર જઇ પડી છે." હાથમાંના આંબળાને નીહાળતો હોય તેમ શ્રમણે વીંટીનો ઇતિહાસ કહી દીધો.

"ત્યાં પણ મેં તપાસ તો કરી છે. મને ન મળી." સૂર્યમિત્રે વધુ ખાત્રી કરવા શંકા દર્શાવી.

"એ વખતે સાંજ પડી ગઈ હતી અને કમળપત્રો બીડાતાં હતાં એટલે તમને વીંટીની ભાળ ન લાગી. હવે તપાસ કરજો."

હળવો ફૂલ જેવો બનેલો સૂર્યમિત્ર શ્રમણને નમી પોતાને ઘેર આવ્યો. બીજે દિવસે તળાવ ઉપર તપાસ કરતાં શ્રમણે કહ્યું હતું તેમ કમળપત્રની વચ્ચે સૂર્યકિરણ સાથે સ્મિત કરતી વીંટી સૂર્યમિત્રને

મળી ગઇ. ચિંતા માત્ર શમી ગઇ. ચિંતાના સ્થાને એક આશ્ચર્ય વિરાટ સ્વરૂપ ધરી રહ્યું: "શ્રમણ આ બધું કેવી રીતે જાણી શક્યા? એ વિદ્યા મને ન મળે?"

વીંટી જડયા પછી પણ સૂર્યમિત્ર સુખી નથી. વીંટી નહોતી જડી ત્યાં સુધી એની જ ચિંતા—એનું જ રટણ હતું: હવે પેલી તપસ્વીની વિદ્યા મેળવવાની ઝંખના જાગી છે. સૂતા–બેસતા એને એક જ વિચાર આવે છે કે મુનિજી એ વિદ્યા મને ન શીખવે? એકલી એ વિદ્યા મને મળે તો હું લોકોનો કેટલો ઉપકાર કરી શકું? મુનિજીને એ શા કામની છે? એમના કરતાં હું એનો વધારે સારો ઉપયોગ કરી શકું એવી સ્થિતિમાં છું—વસ્તુતઃ સંસારીઓને માટે જ એ હોવી જોઇએ. મુનિજી મને ન શીખવે? એમની પાસેથી મારે વિદ્યા ઝુંટવી લેવી નથી. એક દીવાની મદદથી બીજો દીવો પેટાય તેમ એમની વિદ્યા તો એમની પાસે જ રહેશે—હું મારો દીવો મારી જાતે સળગાવી લઇશ. એથી મુનિજીને કંઇ ખોટ નથી આવવાની અને વસ્તુતઃ સંસારત્યાગીને એવી કોઈ ખોટ સંભવતી જ નથી.

પોતાને એ વિદ્યા મળે તો કેટલી પ્રતિષ્ઠા વધે એવા શેખચલ્લીના તરંગે સૂર્યમિત્ર ચડી ગયો. વીંટી ખોવાયેલી હતી ત્યારે એ જેટલો સંતપ્ત હતો, જેટલો દુઃખી હતો તે કરતાં પણ વધુ સંતાપે—વધુ દુઃખે પોતે ઘેરાએલો હોય એમ એને લાગવા માંડયું. સંસારની સમૃદ્ધિ એને તુચ્છ લાગવા માંડી. કોઇપણ ભોગે મુનિજી પાસેની વિદ્યા મળે તો જ ચેન પડે એવી તાલાવેલી જાગી પડી.

(૩)

પહેલાં તો મુનિજી પાસે જતાં એને સંકોચ લાગતો હતો—પુરોહિત તરીકેની મર્યાદામાં મોટું ભંગાણ પડશે—પોતાનું નાક કપાશે એવી બીક લાગતી હતી. પણ વિદ્યાની આશાએ એ બીક અને પ્રતિષ્ઠાના ભૂતને પણ એણે દફનાવી દીધું છે. ભરપૂર આશાએ તે મુનિજી પાસે પહોંચ્યો. આજે એના મોં ઉપરની દીપ્ત અને

ઉલ્લાસ જુઓ તો એ પુરોહિતોના સમાજથી છુપો–ચોરની જેમ આવ્યો છે એમ ન લાગે–જાણે મુનિજીનો આજન્મભક્ત હોય–મુનિજી કહે ત્યાં પોતાના પ્રાણ પાથરવા તૈયાર હોય તેટલી પરિચિતતા અને શ્રધ્ધા એના મોં ઉપર તરવરતી હતી.

"ધર્મલાભ !" સૂર્યમિત્ર વંદન કરીને જેવો બેઠો કે તરતજ મુનિજીએ એને સત્કાર્યો. ધર્મલાભમાં એને ગહન આશીર્વાદની પ્રતીતિ મળી ગઈ.

"વીંટી મળી ગઇને ?" મુનિજીએ ઉમેર્યું અને સૂર્યમિત્રના અંતરમાં એક સાથે સહસ્ર દીપમાળ પ્રકટી.

પણ પેલી વિદ્યા માગવી શી રીતે એની એને સમજણ ન પડી. એક ત્યાગી–તપસ્વી પાસે પોતાના સ્વાર્થની લાલચ રજૂ કરતાં સ્વાભાવિક ક્ષોભ થયો.

થોડી વાર પછી મુનિજીએ પોતે જ કહેવા માડયું: "કંઇ કહેવું–પૂછવું હોય તો ખુશીથી બોલો–સંકોચ રાખશો મા !"

આટલી પરિચિતતા પછી ક્ષોભ કે સંકોચ રાખવા નકામાં છે એમ માની સૂર્યમિત્રે હિમ્મતભેર કહેવા માંડયું: "ગુરુદેવ ! જે વિદ્યાના પ્રતાપે વીંટીની ભાળ લાગી એ વિદ્યા મને ન મળે ?"

ઘડીભર શ્રમણ મુનિના તપથી દીપતા વદન ઉપર આછા સ્મિતની સુરખી છવાઈ ગઇ. એમને થયું કે "આ પુરોહિતનો જીવ કેટલો ભદ્રિક છે ? વિદ્યા જાણે કે વેપાર કે વિનિમયની વસ્તુ હોય એમ માગવા આવ્યો છે. વિદ્યા–કળા માત્ર આત્માની અંદર જ રહેલી છે એ વાત નથી સમજતો–પોતે જ્ઞાન અને સામર્થ્યનો ભંડાર હોવા છતાં માન મૂકીને બીજાની પાસે હાથ લંબાવે છે !" શ્રમણને વિચારમાં ગુંચવાયેલા તથા આછું સ્મિત કરતા જોઇને સૂર્યમિત્ર જરા ગભરાયો તો ખરો–રખેને નિરાશ થઈશ એવી શંકા થઇ.

એટલામાં મુનિજીએ ઉચ્ચાર્યું: "ખરેખર તમારે એ વિદ્યા જોઇએ છે ?"

સૂર્યમિત્રની નજર આગળ આશાનું એક કિરણ નૃત્ય કરી રહ્યું. ખોવાયેલી વસ્તુને શોધી કાઢવાની વિદ્યા એક મામુલી વિદ્યા હોય અને મુનિજી એ શીખવવા ઉત્સુક હોય એમ એને લાગ્યું.

અત્યંત નમ્રતાપૂર્વક બે હાથ જોડીને સૂર્યમિત્રે કહ્યું: "ગુરુદેવ ! મને એની બહુ જ જરૂર છે, ઘણાના ઉપકાર કરી શકીશ. અને જીવનની છેલ્લી પળ લગી આપનો ઋણી રહીશ."

"કરજ કે અહેસાન જેવા શબ્દો અમારા માટે નકામા છે–અર્થરહિત છે. વિદ્યા તો શું, એ કરતાં અધિક મૂલ્યવાન વસ્તુ પણ આપી શકાતી હોત તો અમારો વાંધો નથી. સવાલ માત્ર એટલો જ છે કે તમે તે લઇ શકશો ?" શ્રમણે એક સમસ્યા ઊભી કરી.

"આપ કહો તે પ્રમાણે કરવા તૈયાર છું. ગમે તે ભોગે પણ મારે વિદ્યા તો મેળવવી જ છે." સૂર્યમિત્ર હવે વધુ દૃઢ અને નિશ્ચયાત્મક બન્યો.

"સાધુ બની શકશો ? લોકોપકારનું વ્રત લઇ શકશો ?" શ્રમણ મહારાજે ગંભીરભાવે પોતાની સરત મૂકી. જાણે કે "વિદ્યા તમારી જ છે–ગૃહસ્થ મટીને સાધુ બનો, સાધના શરૂ કરો એટલે એવી અસંખ્ય વિદ્યાઓ તમારા ચરણમાં રમી રહેશે" એમ કહેવા માગતા હોય એવો એ પ્રશ્નોનો ગૂઢાર્થ હતો. સૂર્યમિત્ર એ સમજ્યો પણ જવાબ આપવા જેટલી તૈયારી ન હોવાથી શ્રમણને નમી પોતાને ઘેર ગયો.

(૪)

ઘરમાં આવીને પ્રથમ તો એણે પોતાની સ્રીની જ સલાહ માગી. થોડા દિવસ સાધુનો વેષ ધારણ કરવાથી અણમોલી વિદ્યા મળી જતી હોય તો મફતમાં જ મોટું રાજ્ય મેળવ્યા જેટલો આહ્લાદ એણે પત્ની પાસે પ્રકટ કર્યો. પોતે મુનિરાજનો શિષ્ય થવા નથી માગતો–શિષ્ય બનવા જેટલું આકર્ષણ પણ નથી અનુભવતો એ વાત એણે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધી–વિદ્યાના

લોભની ખાતર જ પોતે સાધુ બનવા તૈયાર થયો છે–ખરી રીતે તો સાધુનો વેષ ભજવવાનો નિર્ણય કર્યો છે.

પ્રારંભમાં તો ઘરમાં–કુટુંબમાં અને બ્રાહ્મણ સમુદાયમાં થોડો ખળભળાટ થયો. સૂર્યમિત્ર જૈન સાધુ બનવાનો છે એ વાત જૂદા જૂદા રૂપે પ્રચાર પામી. થોડું વિકૃત સ્વરૂપ પણ એ વાતે લીધું છતાં સૂર્યમિત્રનો નિશ્ચય કાયમ જ રહ્યો.

સ્ત્રીને સમજાવવામાં થોડો વખત ગયો. એણે ફરીફરીને એક જ વાત કહી કે: "વિદ્યા મેળવ્યા પછી હું વગરવિલંબે ઘેર આવીશ, ત્યાં કાયમ રહેવા નથી જતો. પરદેશમાં વેપાર માટે કોઇ વૈશ્ય જાય અને થોડી મૂડી મેળવીને પાછો ઘેર આવે તેમ હું પણ વિદ્યા સિદ્ધ કર્યા પછી આવી જઇશ."

"બહુ બહુ તો કેટલો વખત લાગે ?" સ્ત્રીએ પૂછયું.

"મહિનો માંડ થાય. પણ એ કંઇ કહેવાય નહિ. ગૂઢ વિદ્યા છે એટલે થોડી વધુ વાર કદાચ લાગી જાય. પણ એટલું ચોક્કસ સમજી લે કે સાધુ તરીકેનો કેવળ પાઠ ભજવવા જ જઉં છું. તારે એટલા દિવસ શાંતિથી કાઢી નાખવા. અન્ન કે વસ્ત્ર માટે તારે કોઇની પાસે હાથ લંબાવવો પડે એમ તો નથી જ. તો પછી હું જઉં કે રહું એમાં બહુ ફેર નથી પડી જતો." આખરે સ્ત્રી સમજી–સમજવું પડયું અને સૂર્યમિત્ર જૈન શ્રમણોના સંઘમાં વિધિપૂર્વક દાખલ થયો.

(૫)

સૂર્યમિત્ર, શ્રમણોના સંઘમાં પ્રવેશ્યો ત્યારે તે માત્ર વેષ ભજવવા જ આવ્યો હતો, પણ થોડા દિવસની અંદર જ એને સાધુતાનો રંગ ચડવા લાગ્યો. એ પોતે પણ ન સમજે એવી રીતે ક્રિયાકાંડની અંદર રંગાવા લાગ્યો. પહેલવહેલા એ પોતાના ગુરુદેવ સુધર્માસ્વામીને અવકાશે પૂછતો કે: "ગુરુજી! પેલી વિદ્યા કયારે શીખવશો ?" અને ગુરુજી જવાબ આપતા કે "શી ઉતાવળ છે?

વિદ્યા તમારી જ છે." પણ પૂછી તો સૂર્યમિત્રને જાણે કે ફુરસદ જ નથી મળતી એવો સમય આવી પહોંચ્યો. રોજની ક્રિયાઓની અંદર તેમજવિહાર તથા આલોચનામાં દિવસ-રાત્રિ એટલી ઝડપથી પસાર થઇ જાય છે કે પેલી વિદ્યાની વાત યાદ જ નથી આવતી.

રોજ રોજ નવા પ્રદેશોમાં પોતાના પુનિત પગલાં માંડતા શ્રમણસંઘના ગૌરવનું અને ત્યાગી જીવનના આનંદનું ભાન હવે સૂર્યમિત્રને થવા માંડયું છે. બહારથી જોતાં જે શ્રમણ-જીવન શુષ્ક અને કષ્ટમય લાગતું તેમાં અનંત અને અમાપ આનંદનાં મોજાં ભર્યાં હોય અને મંત્રબળે એ જાણે કે સંતાઇ બેઠા હોય એવી એને પ્રતીતિ થવા લાગી. અંદર ડૂબકી નથી મારતો તે સંયમ કે ત્યાગના જીવનનું ખરૂં સૌંદર્ય માણી શકતો નથી એવી એવી સાંભળેલી હકીકતોનો અર્થ એને હવે પ્રત્યક્ષ થવા લાગ્યો છે. પાદવિહારની અને ગોચરીની કઠણાઇઓ જ પહેલાં તો સાંભળેલી અને ધ્રુજારી અનુભવેલી, પણ હવે પાદવિહારની અને મળે તેટલામાં સંતોષ માનવાની વૃત્તિએ એક નવા, ધરી ધરીને માણતાં ન ખૂટે એવા અલૌકિક રસ-ઉલ્લાસની અદૃશ્ય સમૃદ્ધિ ઉત્પન્ન કરી દીધી છે. આજે જો કોઇ એની સાથે ચર્ચા કરવા આવે કે શ્રમણનું જીવન તો કૃત્રિમ અને નીરસ હોય છે તો તેની સાથે લાંબો વિવાદ કરીને આખરે એમ જ સિદ્ધ કરે કે શ્રમણના જીવન જેવું રસભરપૂર અને નિશ્ચિત, ગૌરવવંતું અને પ્રવાહી જીવન બીજું એકે નથી. ખોવાયેલી વસ્તુને શોધી કાઢવાની વિદ્યા લાધે તે કરતાં પણ શ્રમણ જીવનએને હવે વધુ રસભર્યું લાગે છે.

સંસારની જનતા કેટકેટલાં દુ:ખદર્દોથી રીબાય છે તેનું હવે એ ભદ્રિક આત્માને ભાન થયું છે અને એક નિ:સ્પૃહી શ્રમણ, ચિકિત્સક કરતાં પણ વધુ સ્નેહ-મમતાથી દુ:ખીઓને કેવાં આશ્વાસન આપે છે—સત્તા અને કૌલિન્યના મદથી છક બનેલા મોટા ચમરબંધીઓને પણ કોમળ-મધુર વાકયોથી કેવા સરળ તેમજ નિરભિ-

માની બનાવે છે તે જોવાનું સૌભાગ્ય એને અહીં જ મળ્યું છે. શ્રમણ એટલે માત્ર ત્યાગી જ નહિ–અનેક વિદ્યાઓ કે કળાઓનો જ્ઞાતા એટલું જ નહિ પણ સંસાર–મહારથનો ખરો માર્ગદર્શક અને તારણહાર, એવી એને પાકી ખાત્રી થઈ છે. શ્રમણના વેશ અને જીવનમાં એને કોઇ અલૌકિકતા–દિવ્યતા દેખાવા લાગી છે.

આ રીતે કેટલાક દિવસ ગયા પછી સુધર્માસ્વામીએ જ સૂર્યમિત્રને પૂછ્યું: "કેમ પેલી વિદ્યા સાધવી છે ને?"

સૂર્યમિત્રે લજ્જિત બની જવાબ આપ્યો: "એ વિદ્યા તો હવે મને તુચ્છ લાગે છે. શ્રમણજીવન જીવવાની કળા સિધ્ધ થયા પછી બીજી કોઇ વસ્તુની કામના કરવી એ હીરો આપીને કાચનો કકડો લેવા જેવી મૂર્ખતા છે:"

હવે સૂર્યમિત્ર માત્ર ત્યાગી–તપસ્વી નથી રહ્યા. જ્ઞાનના ગંભીર અગાધ સાગરરૂપ બન્યા છે. સુધર્માસ્વામીની કૃપાથી એમને સ્પર્શમણી કરતાં પણ વધુ મૂલ્યવાન વસ્તુ મળી ગઇ છે. શ્રમણના વેશને પણ એમણે ગૌરવાંકિત કર્યો છે.

આનંદ પ્રેસ-ભાવનગર.